નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૯૧.૬૪ |
| પાઉન્ડ | ૧૨૩.૦૪ |
| યુરો | ૧૦૭.૫૫ |
| સઉદી રિયાલ | ૨૪.૪૪ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૧,૫૮,૭૪૫ |
| ચાંદી (૧ કિલો) | ૩,૩૦,૦૦૦ |

રઝાક એન્ડ સન્સ
કાકીવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ગુજરાત ટુરીઝમ પાસે, આશ્રમરોડ, અમદાવાદ.
M.9898099980, 9426579900
www.hajindia.com
Member of IATA
હજ્જ-૨૦૨૬
બુકિંગ ચાલુ છે.
મીના કેટેગરી-A VIP ઝોન-2,
(Limited Seats Available)
રમઝાન રવા.તા.૧૭/૦૨/૨૦૨૬ રિટર્ન.તા.૨૨/૦૩/૨૦૨૬
ઉમરાહ વિઝા દુબઈ વિઝા
ઉમરાહ રવા.તા.૦૧/૦૩/૨૦૨૬ રિટર્ન.તા.૨૧/૦૩/૨૦૨૬

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૧૭૪ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# સંભલ હિંસા : પોલીસ વિરૂદ્ધ કેસ ચલાવવાનો આદેશ આપનાર ન્યાયાધીશની બદલી અને તેઓને નીચેની પાયરી પર ઉતારી દેવાયા : ઉત્તરપ્રદેશમાં ન્યાયિક સ્વતંત્રતા અને પોલીસની જવાબદારી પર પ્રશ્નો

## સંભલ કોર્ટમાં ન્યાયાધીશની બદલી સામે વકીલોનો વિરોધ : જામા મસ્જિદના સર્વેનો આદેશ આપનાર જજને બઢતી આપવામાં આવી

(એજન્સી) તા.૨૧

સંભલ હિંસામાં વિવાદાસ્પદ પોલીસ અધિકારી અનુજ ચૌધરી અને અન્ય પોલીસકર્મીઓ વિરૂદ્ધ FIR દાખલ કરવાનો આદેશ આપનાર જજની બદલી કરવામાં આવી છે. તેમની જગ્યાએ હવે તે જ જજને નિયુક્ત કરવામાં આવ્યા છે જેમણે જામા મસ્જિદના સર્વેનો આદેશ આપ્યો હતો. તેમને બઢતી આપવામાં આવી છે.


અલહાબાદ હાઈકોર્ટે ૧૪ ન્યાયિક અધિકારીઓની બદલીના આદેશ જારી કર્યા છે. તેમાં ચંદૌસી ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (CJM) વિભાંશુ સુધીરનો પણ સમાવેશ થાય છે, જેમણે નવેમ્બર ૨૦૨૪માં સંભલ હિંસા દરમિયાન પોલીસ ગોળીબારમાં એક યુવકના મૃત્યુના સંદર્ભમાં તત્કાલીન સર્કલ ઓફિસર (CO) અનુજ ચૌધરી અને SHO વિરૂદ્ધ FIR નોંધવાનો આદેશ આપ્યો હતો. પોલીસ અધિકારીઓએ આ આદેશનો અનાદર કર્યો છે અને હજુ સુધી FIR નોંધી નથી અને હવે ન્યાયાધીશની પણ બદલી કરવામાં આવી છે.

આદિત્ય સિંહ ચંદૌસીના નવા CJM બનશે. સિવિલ જજ (સિનિયર ડિવિઝન) તરીકે ફરજ બજાવતી વખતે જામા મસ્જિદ સર્વેનો આદેશ આપનાર આદિત્ય સિંહને બઢતી આપવામાં આવી છે. સંભલ હિંસામાં સીઓ અનુજ ચૌધરી અને અન્ય ઘણા પોલીસકર્મીઓ સામે FIRનો આદેશ આપનાર CJM વિભાંશુ સુધીરને દૂર કરીને સુલતાનપુર ટ્રાન્સફર કરવામાં આવ્યા છે.

વિભાંશુ સુધીરને હવે સુલતાનપુરમાં સિવિલ જજ (સિનિયર ડિવિઝન)ના પદ પર ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. વિભાંશુ ચંદૌસીમાં CJM હતા. પરંતુ સુલતાનપુરમાં, તેઓ સિવિલ જજ રહેશે. સિવિલ જજ આદિત્ય સિંહને CJM ચંદૌસીમાં બઢતી આપવામાં આવી છે. સંભલ ચંદૌસી ન્યાયિક અધિકારક્ષેત્ર હેઠળ આવે છે.

**સંભલમાં વકીલોનો વિરોધ**

બુધવાર, ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ વકીલોએ કોર્ટ પરિસરમાં જજ વિભાંશુ સુધીરની બદલીનો વિરોધ કર્યો. તેઓએ ધરણા પણ કર્યા. વકીલો CJM વિભાંશુ સુધીરને પરત લાવવાની માંગ કરી રહ્યા હતા અને કહ્યું કે, જ્યારે પણ યોગી ડરે છે, ત્યારે તેઓ પોલીસનો ઉપયોગ કરે છે. CJM સાહેબને પાછા લાવો, સરમુખત્યારશાહી ચાલશે નહીં. આ ટ્રાન્સફર ઓર્ડર અલ્હાબાદ હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ દ્વારા જારી કરવામાં આવ્યો હતો. ટ્રાન્સફર લિસ્ટમાં સુલતાનપુર, સીતાપુર અને કન્નૌજ જેવા જિલ્લાઓના ઘણા અન્ય ન્યાયિક અધિકારીઓનો પણ સમાવેશ થાય છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે : અલંકૃત શક્તિ ત્રિપાઠી : હવે સુલતાનપુરમાં વધારાના મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટ. ઉરૂજ ફાતિમા : સીતાપુરમાં વધારાના મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટ. અંશુ શુક્લા,



ગૌરવ પ્રકાશ, રાજેન્દ્ર કુમાર સિંહ, શ્રદ્ધા ભારતીય અને જ્યોત્સના યાદવ સહિત અન્ય અધિકારીઓની વિવિધ હોદ્દા પર બદલી કરવામાં આવી છે. યાદી દર્શાવે છે કે, અલંકૃત શક્તિ ત્રિપાઠી સુલતાનપુરમાં ACJM રહેશે, વિભાંશુ સુધીર તેમના નીચે સિવિલ જજ તરીકે રહેશે. નવેમ્બર ૨૦૨૪માં સંભલમાં શાહી જામા મસ્જિદના સર્વે દરમિયાન હિંસા ફાટી નીકળી હતી, જેના પરિણામે પોલીસે ગોળીબાર કર્યો હતો. ૨૩ વર્ષીય બિસ્કિટ વેચનાર (ખગ્ગુ સરાયનો રહેવાસી આલમ)ને ગોળી વાગી હતી અને તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. બાદમાં તેનું મૃત્યુ થયું. ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ, વિભાંશુ સુધીરે સંભલ પોલીસને તત્કાલીન સીઓ અનુજ ચૌધરી (હવે ફિરોઝાબાદમાં એડિશનલ એસપી) તત્કાલિન એસએચઓ અનુજ કુમાર તોમર અને અન્ય પોલીસ અધિકારીઓ સામે એફઆઈઆર દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. સંભલ પોલીસે આ આદેશને 'ગેરકાયદેસર' ગણાવતા કહ્યું કે, તેઓ અલ્હાબાદ હાઈકોર્ટમાં અપીલ કરશે અને FIR દાખલ કરશે નહીં. ન્યાયાધીશ વિભાંશુ સુધીરની બદલી માટે કોઈ સત્તાવાર કારણ આપવામાં આવ્યું નથી. આ બદલીઓને નિયમિત ન્યાયિક બદલીઓ તરીકે રજૂ કરવામાં આવી રહી છે. જો કે, ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ)ના તાજેતરના આદેશ બાદ આ બદલીએ પ્રશ્નો ઉભા કર્યા છે. આ બદલી હવે જ કેમ ? આ ન્યાયતંત્રને સંદેશ મોકલવાનો પ્રયાસ પણ છે.

**સંભલમાં હિંસા કેવી રીતે ફાટી નીકળી હતી ?**

જામા મસ્જિદ વિવાદ વચ્ચે સંભલમાં હિંસા ફાટી નીકળી હતી, જેમાં હિન્દુ પક્ષે દાવો કર્યો હતો કે, આ સ્થળ મૂળ હરિહર મંદિર હતું, જેને બાબરે ૧૫૨૯માં મસ્જિદ બનાવવા માટે તોડી પાડ્યું હતું. આ દાવાના આધારે ૧૯ નવેમ્બર, ૨૦૨૪ના રોજ સંભલ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી. તે જ દિવસે સિવિલ જજ (વરિષ્ઠ વિભાગ) આદિત્ય સિંહે મસ્જિદ સંકુલના સર્વેક્ષણનો આદેશ આપ્યો હતો અને રમેશ સિંહ રાઘવને એડવોકેટ કમિશનર તરીકે નિયુક્ત કર્યા હતા. સંભલમાં હિંસા ૨૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ શરૂ થઈ હતી, જ્યારે કોર્ટ દ્વારા નિયુક્ત એડવોકેટ કમિશનર અને તેમની છ સભ્યોની ટીમ બીજા સર્વે માટે સવારે ૭ વાગ્યે મસ્જિદમાં પ્રવેશી હતી. કોર્ટ દ્વારા આદેશ આપવામાં આવેલ પહેલો સર્વે ૧૯ નવેમ્બરના રોજ કરવામાં આવ્યો હતો. ડિવિઝનલ કમિશનરે દાવો કર્યો હતો કે, 'કોર્ટના એડવોકેટ કમિશનર જિલ્લા મેજિસ્ટ્રેટ અને સુરક્ષા કર્મચારીઓની ટીમ સાથે સર્વે ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

લોકોનું એક જૂથ ટૂંક સમયમાં ઘટનાસ્થળે પહોંચ્યું અને સૂત્રોચ્ચાર અને પથ્થરમારો શરૂ કર્યો. જો કે, સ્થાનિક લોકોનું કહેવું છે કે, સર્વે ટીમ સાથે આવેલા લોકોએ 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા અને મસ્જિદમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો તો ભીડે પ્રતિકાર કર્યો, જેના કારણે પથ્થરમારો થયો. પોલીસે તરત જ ગોળીબાર શરૂ કર્યો. આ ઘટનામાં ચાર મુસ્લિમ યુવાનો માર્યા ગયા હતા, જેમાં ચોથો યુવક પાછળથી ઈજાઓથી મૃત્યુ પામ્યો હતો. પોલીસે માર્યા ગયેલા લોકોના પરિવારો સાથે સમાધાન કરવાનો પ્રયાસ કર્યો હતો અને જો તેઓ આમ ન કરે તો તેમને કેસોમાં ફસાવવાની ધમકી આપી હતી. પોલીસે રમખાણોના આરોપસર ત્રણ મહિલાઓ સહિત ૭૯ લોકોની ધરપકડ કરી હતી. સંભલ કોતવાલી અને નખાસા પોલીસ સ્ટેશનમાં કુલ ૧૨ FIR નોંધવામાં આવી હતી. સમાજવાદી પાર્ટીના સાંસદ ઝિયા-ઉર-રહેમાન બર્ક અને સપા ધારાસભ્ય ઈકબાલ મહમૂદના પુત્ર સુહેલ ઈકબાલ સહિત ૪૦ નામાંકિત આરોપીઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યા હતા. ૨,૭૫૦ અજાણ્યા વ્યક્તિઓ. ૧૮ જૂનના રોજ, સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)એ સાંસદ ઝિયા-ઉર-રહેમાન બર્ક સહિત ૨૩ લોકો સામે કોર્ટમાં ૧,૧૨૮ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી.

**અનુજ ચૌધરી વિવાદાસ્પદ કેમ છે ?**

તત્કાલીન સંભલ એસઓ, અનુજ ચૌધરીનો કાર્યકાળ વિવાદાસ્પદ રહ્યો છે. તેઓ ૨૦૨૫માં સંભલમાં હતા. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ ૬ માર્ચ, ૨૦૨૫ના રોજ, સાંપ્રદાયિક સૌહાર્દ જાળવવા માટે સંભલ પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આનું કારણ એ હતું કે, રમઝાન દરમિયાન હોળી અને શુક્રવારની નમાઝ તે વર્ષે ૧૪ માર્ચે એક સાથે આવતી હતી. આ બેઠક દરમિયાન ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (ડીએસપી) અનુજ ચૌધરીએ જણાવ્યું હતું કે, 'રંગોનો તહેવાર વર્ષમાં ફક્ત એક જ વાર આવે છે, જ્યારે શુક્રવાર વર્ષમાં ૫૨ વખત આવે છે.

**પોલીસ વિરૂદ્ધ FIR નોંધવાનો આદેશ આપતી વખતે ન્યાયાધીશે કહ્યું હતું કે :-** "હાલના કેસમાં, પીડિત આલમના સંબંધમાં દાખલ કરાયેલા તબીબી દસ્તાવેજોમાં નોંધવામાં આવી છે કે તેને 'ગોળીનો ઘા' લાગ્યો હતો અને 'હુલ્લડમાં પોલીસ ગોળીબાર'નો પણ ઉલ્લેખ છે, જે બાબતને શંકાસ્પદ બનાવે છે અને ઘટનામાંથી ઉદ્ભવતા ગુનાનો સંકેત આપે છે. મેડિકલ રેકોર્ડ સ્પષ્ટપણે દર્શાવે છે કે આલમને પીઠમાં બે ગોળી અને હાથમાં એક ગોળી વાગી હતી. તે ઉપરાંત તેના હાથમાં હાડકામાં ફ્રેક્ચર હોવાનું સૂચવે છે, સંબંધિત મેડિકલ પેપર્સ અને એક્સ-રે રિપોર્ટ રેકોર્ડ પર રાખવામાં આવ્યા છે.

કોર્ટે એ પણ નોંધ્યું છે કે પોલીસે રજૂ કરેલો રિપોર્ટ શંકા પેદા કરે છે. પોલીસે પોતે આલમના મેડિકલ દસ્તાવેજો રેકોર્ડ પર મૂક્યા છે અને સારવાર કરી રહેલા ડોકટરોના નિવેદનો નોંધ્યા છે. જો કે, આ નિવેદનો મેડિકલ રિપોર્ટ્સ અને ઘટનાના સંજોગો સાથે અસંગત લાગે છે, જેના કારણે પોલીસના સંસ્કરણ પર શંકા ઉભી થાય છે અને તે કોગ્નિઝેબલ ગુનાનો સંકેત આપે છે. કોર્ટે કહ્યું હતું કે, કેસના સાચા તથ્યો કોર્ટ સમક્ષ રજૂ કરવા જરૂરી છે. પ્રથમ દૃષ્ટિએ, રેકોર્ડ પરની સામગ્રી કોગ્નિઝેબલ ગુનાનો ખુલાસો કરે છે. તે મુજબ, કેસની સંબંધિત કાનૂની જોગવાઈઓ અને તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને, તપાસનો આદેશ આપવો જરૂરી અને વાજબી લાગે છે.

CELEBRATING EXCELLENCE 35 years GT

# ભાજપ RSS સત્તાનું કેન્દ્રીકરણ કરી રહ્યા છે અને લોકશાહીના પાયાના માળખાને ભસ્મ કરી રહ્યા છે : રાહુલ ગાંધી

**કોચી મહાપંચાયતમાં પ્રવચન કરતા લોકસભા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સત્તાના વિકેન્દ્રીકરણની હિમાયત કરી હતી અને મનરેગાને ચાલુ રાખવા પર ભાર મૂક્યો હતો અને કેરાલાના રાજકીય સંસ્કૃતિના માહોલને માટે સમર્થન વ્યક્ત કર્યું હતું**

(એજન્સી) કોચી, તા.૨૧

કોંગ્રેસના અગ્રણી અને લોકસભા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સત્તાનું એક જ સ્થળે કેન્દ્રીકરણ કરવામાં આગળ વધી રહ્યાનો ભાજપ તથા આરએસએસ પર આરોપ મૂક્યો હતો અને દર્શાવ્યું હતું કે મારી પોતાની પાર્ટી એટલે કે કોંગ્રેસ સત્તાની વહેંચણી કરવામાં એટલે કે વિકેન્દ્રીકરણની પ્રક્રિયાને સમર્થન આપે છે અને લોકશાહીના પાયાના માળખાને મજબૂત કરવા માગે છે.

તાજેતરમાં કોચીની સ્થાનિક ચૂંટણીઓમાં ચૂંટાયેલા કોંગ્રેસના પ્રતિનિધિઓની મહા પંચાયતને સંબોધન કરતા તેમણે એ યાદ કરાવ્યું હતું કે દેશમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ માળખાની સ્થાપના કરવા માટે જ અને તેને વેગ આપવા માટે જ કોંગ્રેસે ૭૩મો અને ૭૪મો બંધારણ સુધારા ખરડો સંસદમાં પસાર કરાયો હતો અને કાયદો બનાવ્યો હતો. તેમણે એવો દાવો પણ કર્યો હતો કે એનડીએ સરકાર મનરેગા યોજના ઉપર એટલે આક્રમણ કરી રહી છે કે આ યોજનાનો સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ થકી અમલ થઈ રહ્યો હતો. તેમણે દલીલ કરી હતી કે



બંધારણના રક્ષણનો બીજો એક અર્થ એવો પણ છે કે નીતિવિષયક નિર્ણયો લેવાની પ્રક્રિયા વિકેન્દ્રીકરણ કરીને ગ્રામ્ય કક્ષા સુધી અને વોર્ડ કક્ષા સુધી લઈ જવામાં આવે. આપણી લોકશાહી એ સિદ્ધાંત પર આધારિત છે જ્યાં મતો લોકોના અવાજનું પ્રતિબિંબ છે અને એટલે જ એમનો અવાજ આપણે સાંભળવો જ પડે અને તેને દબાવી ન શકાય. ઊંડું વિશ્લેષણ અને સરખામણી કરતા કોંગ્રેસ નેતાએ કહ્યું હતું કે ભાજપ અને આરએસએસ તો સત્તાના કેન્દ્રીકરણની જ હિમાયત કરે છે જ્યારે કોંગ્રેસ હંમેશાં વિકેન્દ્રીકરણ માટે જ હિમાયત કરતી આવી છે. એ લોકો એવું ઈચ્છે છે કે દેશની પ્રજા તેમના કહ્યા મુજબ કરે એને એમનું માનતી રહે પરંતુ એ લોકોને ભારતની પ્રજાનો અવાજ સાંભળવો નથી કે તેનું માનવું નથી. રાહુલ ગાંધીએ સખત પ્રહારો કરતાં કહ્યું હતું કે એ લોકો એ છે જ છે કે ભારતની પ્રજા ચુપ રહે. કશું બોલે નહીં. એ લોકો ભારત બોલે અને કશું અભિવ્યક્ત કરે એવું ઈચ્છતા જ નથી. એ લોકો દેશની સમગ્ર સંપત્તિ મુઠ્ઠીભર ધનવાન ગૃહોના હાથમાં આપી દેવા માંગે છે. જ્યારે દેશ આખાની સંપત્તિ થોડા મુઠ્ઠીભર હાથોમાં આપી દેવાની હોય ત્યારે તેની પહેલી પૂર્વ શરતે હોય છે કે નાગરિકોના અવાજને દબાવી દેવામાં આવે અને એમને મૌન કરી દેવામાં આવે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે કેરાલાની પ્રજા એવી છે કે જેનો અવાજ દબાવી શકાય તેમ નથી અને એ પ્રજા મતદાન મથકોમાં પોતાનો મત અને મંતવ્ય બંને આપી દેશે. કેરાલાની સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓમાં શાનદાર દેખાવ કરવા બદલ તેમને કોંગ્રેસના કાર્યકરો અને કોંગ્રેસની આગેવાની નીચેના મોરચા યુડીએફના કાર્યકરોને અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ અને દાબેલી મોરચા જોડાણ માટેનું હવે સૌથી મોટો પડકાર એ છે કે વિજય મળ્યા પછી હવે શાસન કઈ રીતે કરવું જોઈએ કેમ કે રાજ્યમાં બેરોજગારીનું પ્રમાણ ઘણું મોટું છે અને આપણે એ સમસ્યાના ઉકેલના જવાબ મેળવવાના રહે છે. કોઈપણ શાસન કે વહીવટી તંત્રને સફળ થવું હોય તો એ જરૂરી છે કે તેણે સામાન્ય નાગરિકોની વધુ નજીક રહેવું જોઈએ અને એમની સાથે તાલમેલ રાખીને તેમની સાથે સંમેલિત થવી જવું જોઈએ. પગ જમીન પર રહેવા જોઈએ અને વિનમ્ર રહેવું જોઈએ. તેમણે વર્તમાન સમય વૈચારિક અને રાજકીય સંઘર્ષનું ગણાવી કહ્યું હતું કે લોકસભામાં કેરાલાનું પ્રતિનિધિત્વ કરવું એ ગૌરવ અને સન્માનની વાત છે. મેં કેરાલાના ઈતિહાસ તથા તેની પરંપરાઓ તથા તેની ભાષા અને રાજકીય સુઘડ હવામાનમાંથી ઘણું શીખ્યું છે. સૌથી મોટી વાત સખત સ્પર્ધા અને હરીફાઈ વચ્ચે પણ સંગઠનને જાળવી રાખવું અને એક બની રહેવું એવી તેની ક્ષમતા એ મહત્વની વાત છે. પ્રિયંકા ગાંધીના કેરાલાના વાયનાડથી લોકસભાની ચૂંટણી લડવાના નિર્ણય અંગે રાહુલ ગાંધીએ કહ્યું હતું કે મેં પ્રિયંકાને કહ્યું હતું કે આ ખરેખર એક લાગણીશીલ પસંદગી છે કેમ કે મને લાગ્યું હતું કે પ્રિયંકાએ કેરાલાના સમાજ અને રાજકીય સંસ્કૃતિમાંથી કોઈ નવી વસ્તુ શીખી છે અને જાણી છે. રાહુલ ગાંધીએ કેરાલાના કુદરતી સૌંદર્ય, સાંસ્કૃતિક વૈવિધ્ય, રાજકીય સંસ્કૃતિ, ધાર્મિક સુમેળ, મજબૂત અને સગન લોકશાહી જીવન વ્યવસ્થાની પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે કેરાલા એક અદભુત રાજકીય સંસ્કૃતિ ધરાવે છે જેમાં પાયાના માળખામાંથી નેતાઓ ઊભા થાય છે.

# પશ્ચિમ બંગાળમાં SIR ચિંતાના કારણે વૃદ્ધ વ્યક્તિની આત્મહત્યાના આરોપમાં ECI વિરૂદ્ધ FIR નોંધાવામાં આવી

(એજન્સી) કોલકાતા, તા.૨૧

પશ્ચિમ બંગાળના પુરૂલિયા જિલ્લાના પારા પોલીસ સ્ટેશને ૮૨ વર્ષીય એક વ્યક્તિની આત્મહત્યાના કથિત સંદર્ભમાં ભારતીય ચૂંટણી પંચ વિરૂદ્ધ પ્રથમ માહિતી અહેવાલ (FIR) દાખલ કર્યો છે. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સુનાવણીના ડરથી આ આત્મહત્યા થઈ હોવાનું કહેવાય છે. પોલીસે જણાવ્યું હતું કે, મૃતક આદિવાસી વ્યક્તિના પુત્ર, કનઈ માઝી દ્વારા દાખલ કરવામાં આવેલી જનરલ ડાયરીના આધારે આ કેસ નોંધવામાં આવ્યો હતો. પુરૂલિયા જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પારા પોલીસ સ્ટેશને મંગળવારે ચૂંટણી પંચ વિરૂદ્ધ 'આત્મહત્યા

**પારા બ્લોકના ચૌટાલા ગામના આદિવાસી વ્યક્તિ દુર્જન માઝીએ ૨૯ ડિસેમ્બરના રોજ SIR સુનાવણી માટે હાજર થવાના કલાકો પહેલા કથિત રીતે આત્મહત્યા કરી હતી અને તેમનું મૃત્યુ થયું હતું**

માટે ઉશ્કેરણી અને ગુનાહિત કાવતરા' માટે કેસ દાખલ કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, FIRમાં 'ભારતીય ચૂંટણી પંચના અજાણ્યા અધિકારીઓ અને અધિકારીઓ'નો ઉલ્લેખ છે. ૨૯ ડિસેમ્બરના રોજ પારા બ્લોકના અનારા ગ્રામ પંચાયતના ચૌટાલા ગામના રહેવાસી દુર્જન માઝીએ તેમના પરિવારને કહ્યું કે, તેઓ ટોટો (બેટરીથી ચાલતી ઓટો-રિક્ષા) રિઝર્વ કરવા જઈ રહ્યા છે. ત્યારબાદ તેમણે તેમના ઘર પાસેના રેલવે ટ્રેક પર 'આત્મહત્યા' કરી. તે જ દિવસે પારા બ્લોક ઓફિસમાં તેમની SIR સુનાવણીનું આયોજન હતું. આ વૃદ્ધ વ્યક્તિએ SIR સુનાવણીના થોડા કલાકો પહેલા 'આત્મહત્યા' કરી હોવાથી તેમના પુત્ર દૈનિક વેતન મજૂર કનાઈ માઝીએ તે જ રાત્રે પારા પોલીસ સ્ટેશનમાં ચૂંટણી પંચ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી. જો કે, તે ફરિયાદના આધારે ફક્ત એક સામાન્ય ડાયરી નોંધવામાં આવી હતી. હવે ચૂંટણી પંચ વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. તૃણમૂલ કોંગ્રેસના રાજ્ય મહાસચિવ અને પારા વિધાનસભા મતવિસ્તારના સંયોજક સુજોય બેનર્જીએ જણાવ્યું હતું કે, 'વૃદ્ધ આદિવાસી વ્યક્તિનું મૃત્યુ ચૂંટણી પંચના કારણે થયું હતું. તેમનું મૃત્યુ SIR સુનાવણીના ડરથી થયું હતું. આ ઘટના માટે ચૂંટણી પંચ જવાબદાર છે. તેમાં ગુનાહિત કાવતરૂં સામેલ છે. મને આશા છે કે પોલીસ યોગ્ય તપાસ કરશે.' ચૂંટણી પંચ વિરૂદ્ધ કેસ દાખલ થવાથી જિલ્લાના રાજકીય વર્તુળોમાં વ્યાપક અટકળો ફેલાઈ છે. આ દરમિયાન માનબઝારના પથ્થરકાટા ગામમાં ૩૨ વર્ષીય આદિવાસી યુવક દેબરાજ ઓરંગે રવિવારે રાત્રે મતદારોની નોંધણી માહિતીમાં તાર્કિક વિસંગતતાને કારણે સુનાવણીની નોટિસ મળ્યા બાદ 'આત્મહત્યા' કરી હતી. પરિવારિક સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમનો પરિવાર ચૂંટણી પંચ વિરૂદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરણી કરવા બદલ ફરિયાદ પણ નોંધાવશે. પુરૂલિયા જિલ્લા તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ ઉપપ્રમુખ અને આદિવાસી નેતા ગુરૂપદ ટુડુએ જણાવ્યું હતું કે, ચૂંટણી પંચની ઉશ્કેરણીને કારણે આદિવાસી યુવકે આત્મહત્યા કરી હતી. તેમના પરિવારમાં શોકનું વાતાવરણ થોડું ઓછું થતાં જ પરિવાર માનબઝાર પોલીસ સ્ટેશનમાં કમિશન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવશે.

**ક્યા બાત હૈ ?!**

**માફ કરજો સ્વેટર જરા પહોળું ગુંથાઈ ગયું છે ! કસરત કરીને અને પૈષ્ટિક ખોરાક ખાઈને શરીરને સ્વેટરના માપનું કરી નાખો !**




# જો સનાતન ધર્મ અંગેની ટિપ્પણીઓ દ્વેષપૂર્ણ ભાષણ છે તો પછી મદ્રાસ હાઈકોર્ટ નફરતના અન્ય નિવેદનો અંગે શા માટે મૌન છે ?

(એજન્સી) તા.૨૧

મદ્રાસ હાઈકોર્ટે ૨૦૨૩માં તમિલનાડુના મંત્રી ઉદયનિધિ સ્ટાલિનની સનાતન ધર્મ પરની ટિપ્પણીઓને સ્પષ્ટપણે દ્વેષપૂર્ણ ભાષણ જાહેર કરી છે. કોર્ટે આ ટિપ્પણીઓને હિન્દુ ધર્મ પર "સ્પષ્ટ હુમલો" ગણાવ્યો છે અને કહ્યું છે કે તે ધાર્મિક જૂથના અસ્તિત્વનો ઈન્કાર છે, જે નરસંહાર અથવા સાંસ્કૃતિક હત્યા સમાન છે. મદુરાઈ બેન્ચ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો, જેમાં દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK) અને તેના પુરોગામી, દ્રવિડ કઝગમને ૧૦૦ વર્ષથી વધુ સમયથી હિન્દુ ધર્મ પર હુમલો કરવાની પરંપરા હોવાનું ટાંકવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનના પુત્ર ઉદયનિધિ, DMK મંત્રી તરીકે આ વૈચારિક વારસા સાથે સંકળાયેલા છે. ઉદયનિધિએ સપ્ટેમ્બર ૨૦૨૩ માં એક જાહેર કાર્યક્રમમાં કહ્યું હતું કે, "કેટલીક વસ્તુઓનો પ્રતિકાર કરી શકાતો નથી; તેમને નાબૂદ કરવા જ જોઈએ. આપણે ડેન્ગ્યુ, મચ્છર, મેલેરિયા અથવા કોવિડ-૧૯નો પ્રતિકાર કરી શકતા નથી; આપણે તેમને નાબૂદ કરવા જ પડશે. તેવી જ રીતે, આપણે તેનો વિરોધ કરવાને બદલે સનાતનનો ઉપચાર કરવો જોઈએ. તેમણે કહ્યું હતું કે સનાતન ધર્મ સામાજિક ન્યાય અને સમાનતાનો વિરોધ કરે છે, અને જાતિ અને ધાર્મિક વિભાજનને મજબૂત બનાવે છે.

ભાજપ અને આરએસએસના સભ્યોએ તેને સનાતન ધર્મના અનુયાયીઓ સામે નરસંહારનું આહ્વાન કહ્યું હતું. જોકે ઉદયનિધિએ તેનો ઈન્કાર કર્યો અને કહ્યું કે તેઓ તેમની ટિપ્પણીઓ પર અડગ છે પરંતુ હિંસાની હિમાયત કરી રહ્યા નથી. કોર્ટે "સનાતન ઓઝિપ્પુ" (સનાતન નાબૂદ) શબ્દને નરસંહાર અથવા ધાર્મિક હત્યા સમાન માન્યો છે, જે પર્યાવરણીય વિનાશ (ઈકોસાઈડ) અથવા તથ્યોના વિનાશ સમાન છે.

કોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી કે જે લોકો નફરતભર્યા ભાષણ કરે છે તેઓ ઘણીવાર સજાથી બચી જાય છે, જ્યારે જે લોકો પ્રતિક્રિયા આપે છે તેઓ કાનૂની કાર્યવાહીનો સામનો કરે છે. કોર્ટે કહ્યું, "અદાલતો પ્રતિક્રિયા આપનારાઓ પર સવાલ ઉઠાવી રહી છે, પરંતુ નફરતભર્યા ભાષણ શરૂ કરનારાઓ સામે કાયદાનો અમલ કરી રહી નથી. આ નિર્ણય બાદ, મંત્રીના ભાષણ પર સવાલ ઉઠાવતી અરજદારની સોશિયલ મીડિયા પોસ્ટને બિન-દ્વેષપૂર્ણ ભાષણ માનવામાં આવી છે. તમિલનાડુમાં ઉદયનિધિ સામે કોઈ કેસ દાખલ કરવામાં આવ્યો ન હતો, જોકે કેટલાક કેસ અન્ય રાજ્યોમાં શરૂ થયા હતા.



**મદ્રાસ હાઈકોર્ટે ઉદયનિધિ સ્ટાલિનના સનાતન ધર્મને "નાબૂદ" કરવાના આહ્વાનને નરસંહાર તરફ સંકેત આપતા દ્વેષપૂર્ણ ભાષણ જાહેર કર્યું છે, પ્રશ્ન એ છે કે ન્યાયતંત્ર અન્ય લોકોના દ્વેષપૂર્ણ ભાષણ પર કેમ ચૂપ છે ?**

અન્ય દ્વેષપૂર્ણ ભાષણો પર મૌન કેમ? ઘણા કેસ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા છે.

આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે દેશમાં દ્વેષપૂર્ણ ભાષણના કેસ વધી રહ્યા છે, પરંતુ કોર્ટ અસરકારક કાર્યવાહી કરવાને બદલે ફક્ત આદેશો પસાર કરી રહી છે. કેટલાક કેસ સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચ્યા છે. ઘણા કિસ્સાઓમાં, સુપ્રીમ કોર્ટે કડક ટિપ્પણીઓ કરી હતી પરંતુ એવા આદેશો જારી કર્યા ન હતા જેનાથી દ્વેષપૂર્ણ ભાષણના ગુનેગારોને પાઠ ભણાવવામાં આવ્યો હોય. કાનૂની નિષ્ણાતો અને માનવાધિકાર કાર્યકરો કહે છે કે અદાલતોની નિષ્ક્રિયતા માટે ઘણા કારણો છે. સૌથી મુખ્ય રાજકીય દબાણ છે, જેના કારણે પોલીસ અને અન્ય એજન્સીઓ કાર્યવાહી કરવાનું ટાળે છે.

ઉદાહરણ તરીકે, બીબીસીના એક અહેવાલમાં જણાવાયું છે કે રાજકીય દબાણને કારણે પોલીસ તેમની ફરજો બજાવવામાં નિષ્ફળ જાય છે અને ન્યાયતંત્ર અભિવ્યક્તિની સ્વતંત્રતાને પ્રતિબંધિત કરવામાં સાવચેત છે. આનો અર્થ એ છે કે દ્વેષપૂર્ણ ભાષણને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો લાભ આપવામાં આવે છે. ૨૦૨૨માં, સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે રાજ્યોએ દ્વેષપૂર્ણ ભાષણ સામે FIR દાખલ કરવા માટે પહેલ કરવી જોઈએ, ભલે કોઈ ફરિયાદ ન પણ હોય.

૨૧ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ, કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારોને મુસ્લિમો વિરૂદ્ધ દ્વેષપૂર્ણ ભાષણ સામે કડક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો. જોકે, ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ, સુપ્રીમ કોર્ટે મોટાભાગની દ્વેષપૂર્ણ ભાષણ અરજીઓ બંધ કરવાનો નિર્ણય લીધો, ફક્ત એક જ કેસ (નોઈડામાં મુસ્લિમ ધર્મગુરૂ પર હુમલો) ચાલુ રાખ્યો હતો.

## રાહુલ ગાંધીને રાયબરેલીમાં દાદા ફિરોઝ ગાંધીનું ખોવાયેલું ડ્રાઈવિંગ લાઈસન્સ મળ્યું

નવી દિલ્હીઃ લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે ઉત્તરપ્રદેશમાં તેમના સંસદીય મતવિસ્તારની મુલાકાત દરમિયાન તેમના દાદા ફિરોઝ ગાંધીનું લાંબા સમયથી ખોવાયેલું ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવ્યું. એક સ્થાનિક પરિવાર દ્વારા દાયકાઓથી સાચવી રાખેલ આ લાઈસન્સ, કોંગ્રેસ નેતાના તેમના લોકસભા મતવિસ્તારના પ્રવાસના બીજા દિવસે રાયબરેલી પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટની આયોજન સમિતિના સભ્ય વિકાસ સિંહ દ્વારા ગાંધીજીને સોંપવામાં આવ્યું. ઘણા વર્ષો પહેલા, રાયબરેલીમાં એક કાર્યક્રમ દરમિયાન, મારા સસરાને ડ્રાઈવિંગ લાઈસન્સ મળ્યું. તેમણે તેને સુરક્ષિત રીતે રાખ્યું અને તેમના મૃત્યુ પછી, મારા સાસુએ તેને સાચવવાનું ચાલુ રાખ્યું, સિંહે કહ્યું. જ્યારે અમને ખબર પડી કે રાહુલ ગાંધી રાયબરેલીની મુલાકાતે છે, ત્યારે અમને લાગ્યું કે તે તેમને સોંપવું અમારી જવાબદારી છે, એમ તેમણે ઉમેર્યું.

## મહારાષ્ટ્ર ભાષા વિવાદ : પાલઘરમાં ગુજરાતી ટ્રાફિક નોટિસથી રાજકીય વિવાદ શરૂ થયો

નવી દિલ્હી : પાલઘર જિલ્લાના કેટલાક ભાગોમાં ગુજરાતી ભાષામાં પ્રદર્શિત ટ્રાફિક સૂચનાએ મહારાષ્ટ્રમાં રાજકીય વિવાદ ઉભો કર્યો છે, જેમાં વિરોધ પક્ષોએ રાજ્યમાં ગુજરાતી લાદવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. જો કે, જિલ્લા અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે મૂળ આદેશ મરાઠીમાં જારી કરવામાં આવ્યો હતો અને ગુજરાતી સંસ્કરણ ફક્ત ગુજરાતથી પ્રવેશતા વાહનચાલકોની સુવિધા માટે હતું. ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) દ્વારા પ્રસ્તાવિત વઢવાણ બંદર પ્રોજેક્ટ સામે આયોજિત મોરચાને ધ્યાનમાં રાખીને ૧૯ અને ૨૦ જાન્યુઆરીના રોજ મુંબઈ-અમદાવાદ રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-૪૮)ના ભાગો પર ટ્રાફિક પ્રતિબંધો લાદવામાં આવ્યા બાદ વિવાદ ઊભો થયો હતો. પાલઘર જિલ્લા કલેક્ટરે મોરચાનું સુચારૂ સંચાલન સુનિશ્ચિત કરવા માટે સાવચેતીના પગલા તરીકે મરાઠીમાં પ્રતિબંધાત્મક આદેશ જારી કર્યો હતો. જિલ્લા વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, હાઈવેનો ઉપયોગ કરતા મોટી સંખ્યામાં વાહનચાલકો ગુજરાતથી મહારાષ્ટ્રમાં મુસાફરી કરે છે.

## ગોવામાં રશિયન કિલરના ફોનમાં ૧૦૦થી વધુ મહિલાઓના ફોટા હતા

નવી દિલ્હી : ગોવા પોલીસના વરિષ્ઠ સૂત્રોએ NDTVને જણાવ્યું હતું કે રશિયન નાગરિક અલેકસી લિયોનોવે ગોવામાં ઉછીના પૈસા અને ઉછીના લીધેલા રબર ક્રાઉન માટે તેની બે મહિલા મિત્રોની હત્યા કરી હોવાની શક્યતા છે. બે પીડિતો, જેમની ઓળખ એલેના વાનીવા અને એલેના કાસ્તાનોવા તરીકે થઈ છે, બંને રશિયન નાગરિક, આરોપીઓ સાથે મિત્રો હતા. તેમાંથી એક, એલેના કાસ્તાનોવા,જે ફાયર ડાન્સર હતી, તેણે આરોપી પાસેથી કેટલાક પૈસા અને ફાયર ક્રાઉન (નર્તકો દ્વારા તેમના માથા પર આગ રાખવા માટે ઉપયોગમાં લેવાતો રબર ક્રાઉન) ઉછીના લીધા હતા, જે એક કલાકાર હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે બીજી મહિલાએ પણ પૈસા ઉછીના લીધા હતા. જો કે, બંને પીડિતો અલેકસીને પૈસા અને ક્રાઉન પરત કરવામાં નિષ્ફળ ગઈ. આનાથી ઉશ્કેરાઈને, તેણે બે અલગ અલગ દિવસોમાં, ૧૪ અને ૧૫ જાન્યુઆરીએ તેમના રૂમમાં તેમના ગળા કાપી નાખ્યા, સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રો અનુસાર, હત્યાઓ પૂર્વ આયોજિત નહોતી હતી, પોલીસ તપાસ કરી રહી છે કે ગુના સમયે આરોપી ડ્રગ્સનો વધુ પડતો નશો કરતો હતો કે નહીં. જ્યારે એલેના વાનીવા, જે બબલ આર્ટિસ્ટ હતી, તે ૧૦ જાન્યુઆરીએ ગોવા આવી હતી, ત્યારે કસ્તાનાનોવા ગયા વર્ષે ૨૫ ડિસેમ્બરથી રાજ્યમાં હતી અને ધરપકડ કરાયેલા આરોપી સાથે રહેતી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે બંને દેશના ઘણા ભાગોમાં કામ કરતા હતા અને વારંવાર ગોવાની મુલાકાત લેતા હતા.

## અશ્લીલ વીડિયો વાયરલ કરવાના આરોપમાં કર્ણાટકના DGP રામચંદ્ર રાવને સસ્પેન્ડ કરવામાં આવ્યા

નવી દિલ્હી : કર્ણાટક સરકારે કર્ણાટકના DGP (નાગરિક અધિકાર અમલીકરણ) કે રામચંદ્રન રાવને તેમની ઓફિસમાં એક મહિલા સાથે અયોગ્ય વર્તન કરતા દર્શાવતા વાયરલ વીડિયોના પ્રસારને પગલે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે. કાર્મિક અને વહીવટી સુધારણા વિભાગ (DPAR) દ્વારા જારી કરાયેલા વિગતવાર સસ્પેન્શન આદેશમાં, સરકારે જાહેર સમાચાર ચેનલો અને મીડિયા પ્લેટફોર્મ પર વ્યાપકપણે પ્રસારિત થયેલા વીડિઓઝ અને સમાચાર અહેવાલોને કાર્યવાહીના આધાર તરીકે ટાંક્યા છે. આદેશમાં જણાવાયું છે કે ક્લિપ્સમાં દેખાતું રાવનું વર્તન અશ્લીલ સ્વભાવનું હતું, જે સરકારી કર્મચારીને શોભતું ન હતું અને રાજ્ય સરકારને શરમજનક લાગ્યું હતું. આ મામલાની તપાસ કર્યા પછી, રાજ્ય સરકારે કહ્યું કે તે પ્રથમ દૃષ્ટિએ સંતુષ્ટ છે કે રાવનું વર્તન ઓલ ઈન્ડિયા સર્વિસીસ (આચાર) નિયમો, ૧૯૬૮ના નિયમ ૩નું ઉલ્લંઘન છે. તે મુજબ, તેમને ઓલ ઈન્ડિયા સર્વિસ (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૬૯ના નિયમ ૩ (૧) હેઠળ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જે તપાસ બાકી છે.

## મહારાષ્ટ્ર : ગોવિંદ પાનસરે હત્યા કેસના મુખ્ય આરોપીનું સાંગલીમાં મોત

નવી દિલ્હીઃ અધિકારીઓએ જણાવ્યું હતું કે, રેશનલિસ્ટ અને લેખક ગોવિંદ પાનસરેની ૨૦૧૫માં થયેલી હત્યામાં સહ-ષડયંત્રકાર હોવાનો આરોપ ધરાવતા જમણેરી કાર્યકર સમીર ગાયકવાડનું મંગળવારે વહેલી સવારે મહારાષ્ટ્રના સાંગલી જિલ્લામાં તેમના નિવાસસ્થાને અવસાન થયું હતું. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ૪૩ વર્ષીય ગાયકવાડ, જેમની હત્યાના સંદર્ભમાં ૨૦૧૫માં ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં ૨૦૧૭માં જામીન મળ્યા હતા, તેમને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રથમ દૃષ્ટિએ, મૃત્યુનું કારણ હૃદયરોગનો હુમલો હોવાનું જણાય છે, જોકે પોસ્ટમોર્ટમ રિપોર્ટ પછી ચોક્કસ કારણની પુષ્ટિ થશે, અધિકારીએ ઉમેર્યું હતું કે અત્યારદસુધી કંઈ શંકાસ્પદ મળ્યું નથી. ગાયકવાડ કથિત રીતે સનાતન સંસ્થા સાથે સંકળાયેલા હતા. આ કેસની તપાસ માટે રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)એ સપ્ટેમ્બર ૨૦૧૫માં તેમની ધરપકડ કરી હતી અને તેની ચાર્જશીટમાં તેમને સહ-ષડયંત્રકારી તરીકે વર્ણવ્યા હતા, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેઓ અને અન્ય સનાતન સંસ્થાના કાર્યકરો પાનસરેની હત્યામાં સામેલ હતા.

## યુપીના બાગપતમાં સોશિયલ મીડિયા લાઈવ દરમિયાન યુવકે ઝેર પીધું, પોલીસ પર ત્રાસ ગુજારવાનો આરોપ; પોલીસે દાવાઓને ફગાવી દીધા

નવી દિલ્હી : ઉત્તરપ્રદેશના બાગપત જિલ્લામાં એક યુવકે સોશિયલ મીડિયા પર લાઈવ સ્ટ્રીમિંગ કરતી વખતે ઝેરી પદાર્થ ખાઈને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હોવાનો આરોપ લગાવ્યો હતો, જેમાં પોલીસ અધિકારીઓ દ્વારા હેરાનગતિ અને ભ્રષ્ટાચારનો આરોપ લગાવવામાં આવ્યો હતો. આ ઘટનાએ ભારે આક્રોશ ફેલાવ્યો છે, જોકે પોલીસે આરોપોને ફગાવી દીધા છે. આ ઘટનામાં બાગપતના મુઘલપુરા વિસ્તારના રહેવાસી ફિરોઝનો સમાવેશ થાય છે. સીમા નામની એક મહિલાએ ફરિયાદ કર્યા બાદ ૩૧ ઓક્ટોબરે તેના અને અન્ય લોકો સામે કેસ નોંધવામાં આવ્યો હતો, જેણે તેમના પર હુમલો અને પથ્થરમારો કરવાનો આરોપ લગાવ્યો હતો. સોમવારે રાત્રે, ફિરોઝે સોશિયલ મીડિયા પર લાઈવ થઈને ઝેરી પદાર્થ ખાઈ લીધો, જેમાં આરોપ લગાવ્યો કે એક સબ-ઈન્સ્પેક્ટરે કેસમાં રાહત આપવાના વચનના બદલામાં પૈસા લીધા હતા પરંતુ કોઈ મદદ કરવામાં નિષ્ફળ ગયા હતા. તેમણે વધુમાં દાવો કર્યો કે અધિકારીને પોલીસ લાઈનમાં મોકલવામાં આવ્યા પછી, બીજી મહિલા સબ-ઈન્સ્પેક્ટરે પણ પૈસાની માંગણી કરી હતી. ફિરોઝે જણાવ્યું હતું કે તેમણે પોલીસ અધિક્ષકને લગભગ ૨૦ દિવસ પહેલા પોલીસ દ્વારા માર મારવામાં આવ્યો હોવાની ફરિયાદ કરી હતી, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.

# મદ્રાસ હાઈકોર્ટ : લિવ-ઈનને પ્રેમ લગ્ન તરીકે જોવું જોઈએ, સ્ત્રીને પત્નીનો દરજ્જો મળવો જોઈએ

### કોર્ટે પુરૂષને આગોતરા જામીન આપવાનો ઈન્કાર કર્યો છે, ભારતીય ન્યાય સંહિતા હેઠળ લગ્નના ખોટા વચન પછી સેક્સ ગુનો ગણાવ્યો છે અને તેમાં ૧૦ વર્ષની જેલ અને દંડની જોગવાઈ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

લગ્નના વચન પર જાતીય સંભોગના આરોપી પુરૂષને આગોતરા જામીન આપવાનો ઇનકાર કરતાં મદ્રાસ હાઈકોર્ટે અવલોકન કર્યું કે, લિવ-ઈન સંબંધોને ગંધર્વ (પ્રેમ) લગ્ન તરીકે જોવું જોઈએ અને આવા સંબંધોમાં રહેલી મહિલાઓને પત્નીનો દરજ્જો મળવો જોઈએ અને પોલીસને ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૬૯ લાગુ કરવાનો નિર્દેશ આપ્યો હતો, જે એક જોગવાઈ છે જે છેતરપિંડી દ્વારા જાતીય સંભોગને ગુનાહિત બનાવે છે. જ્યારે સંબંધ તૂટે છે ત્યારે તેના કાનૂની પરિણામો શું આવે છે તે સમજ્યા વિના આમ કરીને, કોર્ટે કહ્યું કે લિવ-ઈન સંબંધો ભારતીય સમાજ માટે 'સાંસ્કૃતિક આંચકો' છે અને યુગલો ધારે છે કે તેઓ આવી વ્યવસ્થા પસંદ કરતી વખતે આધુનિક છે. કોર્ટે ઉમેર્યું કે, 'થોડા સમય પછી જ્યારે તેમને ખ્યાલ આવે છે કે લિવ-ઈન રિલેશનશિપ લગ્ન હેઠળ આપવામાં આવતી કોઈ સુરક્ષા આપતી નથી, ત્યારે વાસ્તવિકતા આગમાં સળગી જાય છે અને તેમને બાળી નાખવા લાગે છે' અને ચેતવણી આપતા કહ્યું કે લિવ-ઈન રિલેશનશિપ તૂટી ગયા પછી સ્ત્રીઓ ઘણીવાર કોઈ કાનૂની સુરક્ષા વિના રહે છે. મદ્રાસ હાઈકોર્ટના ન્યાયાધીશ એસ. શ્રીમતી ૨૦૨૪ની FIRના સંદર્ભમાં પ્રભાકરન નામના એક પુરૂષ દ્વારા આગોતરા જામીન મેળવવા માટે દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી રહ્યા હતા, જ્યાં ફરિયાદીએ લગ્નના વારંવાર ખાતરી આપ્યા પછી કપટપૂર્ણ રીતે જાતીય સંભોગનો આરોપ લગાવ્યો હતો. લગ્નના ખોટા બહાના જેવી કપટપૂર્ણ રીતે જાતીય સંભોગ, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૬૯ હેઠળ ગુનો છે, જે ૧૦ વર્ષ સુધીની કેદ અને દંડની સજાનો ઉલ્લેખ કરે છે. આ અરજીને ફગાવી દેતા, કોર્ટે ઠરાવ્યું કે જ્યાં કોઈ પુરૂષ લગ્નના ખાતરી પર સ્ત્રી સાથે જાતીય સંબંધ બનાવે છે અને પછી લગ્ન કરવાનો ઈન્કાર કરે છે, ત્યાં આ વર્તન પર BNSની કલમ ૬૯ પ્રત્યક્ષ રીતે લાગુ પડે છે. કોર્ટે કહ્યું કે આરોપીએ વારંવાર ખાતરી આપ્યા પછી અને ખાસ કરીને પોલીસ પૂછપરછ દરમિયાન સંબંધ કબૂલ્યા પછી લગ્નનો ઈન્કાર કર્યા પછી, જોગવાઈ હેઠળ કાર્યવાહી શરૂ કરવા સિવાય 'કોઈ વિકલ્પ બચ્યો નથી'. કેસ શું છે ? ફરિયાદીએ કહ્યું કે તે અને આરોપી શાળાના સમયથી એકબીજાને ઓળખતા હતા અને પછીથી સંબંધમાં જોડાયા. તેણે આરોપ લગાવ્યો કે લગ્નના વારંવાર ખાતરી આપ્યા પછી સંબંધ શારીરિક બન્યો હતો. ઓગસ્ટ ૨૦૨૪માં, બંને લગ્ન કરવા માટે તેમના ઘર છોડી ગયા હતા. મહિલાના પરિવાર દ્વારા ગુમ થયેલી વ્યક્તિની ફરિયાદ દાખલ કરવામાં આવ્યા બાદ, પોલીસ હસ્તક્ષેપ પછી તેઓ પાછા ફર્યા હતા. પોલીસ પૂછપરછ દરમિયાન, આરોપીએ સંબંધ સ્વીકાર્યો અને ફરીથી લગ્નનું વચન આપ્યું, જ્યારે તેણે રેલ્વે ભરતી પરીક્ષા પાસ કરી, જેની તૈયારી તે કરી રહ્યો હતો. બાદમાં સંબંધ તૂટી ગયો, અને મહિલાએ છેતરપિંડી અને ગુનાહિત ધાકધમકીનો આરોપ લગાવતી ફરિયાદ દાખલ કરી હતી. કોર્ટે નોંધ્યું કે BNSની કલમ ૬૯, જે કપટી જાતીય સંભોગને ગુનાહિત બનાવે છે, તેને FIRમાં શામેલ કરવામાં આવી નથી અને રાજ્યને આ કલમનો સમાવેશ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આરોપી દ્વારા આગોતરા જામીનની માંગ કરવામાં આવી હતી અને કહ્યું હતું કે સંબંધ સંમતિથી હતો અને મહિલાના ભૂતકાળના સંબંધો વિશે જાણ્યા પછી તેણે તેનો અંત લાવ્યો હતો. તેમણે લગ્ન ન કરવાના કારણો તરીકે બેરોજગારી અને નાણાકીય તણાવનો પણ ઉલ્લેખ કર્યો હતો.

**કોર્ટે જામીન અરજી કેમ ફગાવી :** જામીન અરજી ફગાવતા, કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે BNSની કલમ ૬૯ કપટપૂર્ણ માધ્યમો દ્વારા મેળવેલા જાતીય સંભોગ માટે એક અલગ ગુનો બનાવે છે, ભલે તે કૃત્ય બળાત્કાર ન હોય. ન્યાયાધીશ શ્રીમતીએ નોંધ્યું હતું કે અગાઉ આવા કેસોની તપાસ IPCની છેતરપિંડી અથવા બળાત્કારની જોગવાઈઓ હેઠળ કરવામાં આવી હતી. નવા ફોજદારી કાયદા હેઠળ, સંસદે લગ્નના ખોટા વચનો અને ત્યારબાદ જાતીય સંબંધો માટે ચોક્કસ ગુનો ઘડ્યો છે. કોર્ટેપ્રથમદર્શી સામગ્રી શોધી કાઢી કે આરોપીએ લગ્નના ખાતરી પર શારીરિક સંબંધ ચાલુ રાખ્યો હતો અને બાદમાં પીછેહઠ કરી હતી. આરોપીએ લગ્ન કરવાનો ઈન્કાર કર્યો હોવાથી, કોર્ટે કહ્યું કે કલમ ૬૯ હેઠળ કાર્યવાહી અનિવાર્ય હતી અને ગુનાની પ્રકૃતિ અને ગંભીરતાને કારણે કસ્ટડીમાં પૂછપરછ જરૂરી હતી.

**કોર્ટના વ્યાપક અવલોકનો :** કોર્ટે લિવ-ઈન રિલેશનશિપમાં મહિલાઓ માટે કાનૂની રક્ષણમાં અંતરને પણ ચિહ્નિત કર્યું. કોર્ટે નોંધ્યું હતું કે સગીરોને POCSO હેઠળ રક્ષણ મળે છે અને પરિણીત મહિલાઓ પાસે કાયદાકીય ઉપાયો છે, પરંતુ લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી મહિલાઓને આવા ચોક્કસ ઉપાયોની ઍક્સેસ નથી. કોર્ટે અવલોકન કર્યું કે, ''હવે મહિલાઓનો એક સંવેદનશીલ વર્ગ 'લિવ-ઈન રિલેશનશિપ'ના ખ્યાલથી માનસિક આઘાતનો સામનો કરી રહ્યો છે અને તેનો શિકાર બની રહ્યો છે. બિલકુલ કોઈ રક્ષણ નથી,''. કોર્ટે ઉમેર્યું કે યુગલો લિવ-ઈન રિલેશનશિપને ''આધુનિક'' તરીકે સ્વીકારે છે પરંતુ બાદમાં જ્યારે વિવાદો ઉભા થાય છે ત્યારે મહિલાના ચારિત્ર્ય પર હુમલો કરે છે. કોર્ટે એ પણ નોંધ્યું છે કે સમાધાન વાટાઘાટો દરમિયાન, ફરિયાદીએ વળતરનો ઈન્કાર કર્યો હતો, કારણ કે તેને ડર હતો કે તેને ''પૈસા માટે પથારી ગરમ કરતી સ્ત્રી'' તરીકે લેબલ કરવામાં આવશે, જે ચિંતા કોર્ટે કહી હતી કે સમસ્યાની ગંભીરતા પ્રતિબિંબિત કરે છે.

## ૨૭ વર્ષની સેવા, ૩ મિશન અને ૬૦૮ દિવસ અવકાશમાં રહ્યા બાદ સુનિતા વિલિયમ્સ નાસામાંથી નિવૃત્ત થયા

### મંગળવારે નાસા તેમની આ નિવૃત્તિ જાહેર કરવામાં આવી છે જે ૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ અમલમાં આવી છે, નાસા અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ ૨૭ વર્ષની સેવા પછી નિવૃત્ત થયા છે

(એજન્સી) તા.૨૧

આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર ત્રણ મિશનમાં નોંધપાત્ર કારકિર્દી સાથે, વિલિયમ્સે અનેક માનવ અવકાશ ઉડાન રેકોર્ડ બનાવ્યા છે, જેમાં ૬૦૮ દિવસ અવકાશમાં વિતાવવાનો સમાવેશ થાય છે, જે નાસા અવકાશયાત્રી દ્વારા બીજા ક્રમનો સૌથી વધુ સંચિત સમય છે. નાસાના એડમિનિસ્ટ્રેટર જેરેડ આઈઝેકમેને જણાવ્યું કે, સુનિતા વિલિયમ્સ માનવ અવકાશ ઉડાનમાં એક અગ્રણી રહી છે, અવકાશ મથક પર તેમના નેતૃત્વ દ્વારા સંશોધનના ભવિષ્યને આકાર આપવામાં આવ્યો છે. વિજ્ઞાન અને ટેકનોલોજીને આગળ ધપાવવાના તેમના કાર્યથી ચંદ્ર પર આર્ટેમિસ મિશન અને મંગળ તરફ આગળ વધવાનો પાયો નાખ્યો છે અને તેમની અસાધારણ સિદ્ધિઓ પેઢીઓને સપના જોવા અને શક્ય હોય તે સીમાઓને આગળ વધારવા માટે પ્રેરણા આપતી રહેશે. તમારી નિવૃત્તિ બદલ અભિનંદન અને નાસા અને આપણા રાષ્ટ્ર પ્રત્યેની તમારી સેવા બદલ આભાર. વિલિયમ્સે અવકાશમાં ૬૦૮ દિવસ વિતાવ્યા છે જે નાસા અવકાશયાત્રી દ્વારા અવકાશમાં સંચિત સમયની યાદીમાં બીજા ક્રમે છે. એક અમેરિકન દ્વારા સૌથી લાંબી સિંગલ સ્પેસફ્લાઈટની યાદીમાં તે છઠ્ઠા ક્રમે છે, નાસા અવકાશયાત્રી બુચ વિલ્મોર સાથે, બંનેએ નાસાના બોઈંગ સ્ટારલાઈનર અને સ્પેસએક્સ ક્રૂ-૯ મિશન દરમિયાન ૨૮૬ દિવસ વિતાવ્યા હતા. વિલિયમ્સે કુલ ૬૨ કલાક અને ૬ મિનિટના નવ સ્પેસવોક પણ પૂર્ણ કર્યા, જે એક મહિલા દ્વારા સૌથી વધુ સ્પેસવોક સમય અને ઓલ-ટાઈમ સંચિત સ્પેસવોક સમયગાળાની યાદીમાં ચોથા ક્રમે છે. તે અવકાશમાં મેરેથોન દોડનારી પ્રથમ વ્યક્તિ હતી. હ્યુસ્ટનમાં નાસાના જોહ્નસન સ્પેસ સેન્ટરના ડિરેક્ટર વેનેસા વાયચે જણાવ્યું કે, સુનીતાની પ્રભાવશાળી કારકિર્દી દરમિયાન, તે એક અગ્રણી નેતા રહી છે. અવકાશ સ્ટેશનમાં તેમના અવિસ્મરણીય યોગદાન અને સિદ્ધિઓથી લઈને બોઈંગ સ્ટારલાઈનર મિશન દરમિયાન તેમની ગ્રાઉન્ડબ્રેકિંગ ટેસ્ટ ફ્લાઈટ ભૂમિકા સુધી, મિશન પ્રત્યેનું તેમનું અસાધારણ સમર્પણ ભવિષ્યની પેઢીઓના સંશોધકોને પ્રેરણા આપશે. વિલિયમ્સે ડિસેમ્બર ૨૦૦૬માં STS-૧૧૬ સાથે સ્પેસ શટલ ડિસ્કવરીમાં પ્રથમ વખત પ્રક્ષેપણ કર્યું અને STS-૧૧૭ ક્રૂ સાથે સ્પેસ શટલ એટલાન્ટિસમાં પરત ફર્યા. તેણીએ એક્સપિડિશન ૧૪/૧૫ માટે ફ્લાઈટ એન્જિનિયર તરીકે સેવા આપી અને મિશન દરમિયાન તે સમયના રેકોર્ડ-બ્રેકિંગ ચાર સ્પેસવોક પૂર્ણ કર્યા. ૨૦૧૨માં, વિલિયમ્સે એક્સપિડિશન ૩૨/૩૩ના સભ્ય તરીકે ૧૨૭-દિવસના મિશન માટે કઝાકિસ્તાનના બાયકોનુર કોસ્મોડ્રોમથી પ્રક્ષેપણ કર્યું. તેણીએ એક્સપિડિશન ૩૩ માટે સ્પેસ સ્ટેશન કમાન્ડર તરીકે પણ સેવા આપી હતી. વિલિયમ્સે સ્ટેશન રેડિએટર પર લીકને સુધારવા અને સ્ટેશનના સોલાર એરેથી તેની સિસ્ટમમાં પાવર મેળવતા ઘટકને બદલવા માટે મિશન દરમિયાન ત્રણ સ્પેસવોક કર્યા હતા.

## કોકરાઝારમાં ભીડ દ્વારા હિંસા, ૨ લોકોનાં મોત, ૪ ઘાયલ; મોબાઈલ ઈન્ટરનેટ બંધ

**કોકરાઝારના કારીગાંવ-ગૌરીનગર વિસ્તારમાં સ્કોર્પિયો વાહન પર હુમલો થયા બાદ હિંસા ફાટી નીકળી હતી, જેમાં બે લોકોના મોત અને ચાર ગંભીર રીતે ઘાયલ થયા હતા. વિરોધ પ્રદર્શનોએ NH-27 બંધ કરી દીધું હતું, જ્યારે પોલીસ અને સુરક્ષા દળોએ આંશિક રીતે ગતિવિધિ ફરી શરૂ કરી હતી. આસામ સરકારે મોબાઈલ ઈન્ટરનેટ સ્થગિત કરી દીધી હતી અને સેના અને RAF તૈનાત કર્યા હતા. મુખ્યમંત્રી હિમંતા શર્માએ નેતાઓ અને નાગરિકોને શાંતિ જાળવવા વિનંતી કરી હતી**

(એજન્સી) ગુવાહાટી, તા.૨૧

આસામના કોકરાઝાર જિલ્લામાં બે અલગ અલગ ઘટનાઓમાં બે લોકોના મોત થયા હતા, ચાર અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા અને વ્યાપક આગચંપી થઈ હતી, જેના કારણે આસામ સરકારે મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવાની ફરજ પડી હતી અને હિંસા વધુ વકરી ન જાય તે માટે સેના અને રેપિડ એક્શન બટાલિયને ભારે સુરક્ષા વ્યવસ્થા ગોઠવી હતી.



સોમવાર સાંજે ૭ વાગ્યાની આસપાસ કારીગાંવ-ગૌરીનગર વિસ્તારમાં ફાટી નીકળેલી હિંસા, એક સ્કોર્પિયો વાહન પર કેન્દ્રિત હતી જેને સ્થાનિક રહેવાસીઓ દ્વારા પશુ ચોરી અથવા માર્ગ અકસ્માતની શંકામાં રોકવામાં આવી હતી. ત્યારબાદ અચાનક અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી- પથ્થરમારો, વાહનમાં સવાર લોકો પર જીવલેણ હુમલો અને કારને આગ ચાંપી દેવામાં આવી હતી. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, શીખના જવાહલાવ બિસ્મિથ બાસુમાતરી (૩૦), જેને રાજા તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનું સ્થળ પર જ માર મારવામાંને પગલે મોત થયું હતું. સ્કોર્પિયો વાહનની ટક્કરમાં ફસાયેલા અન્ય એક યુવક, સુનિલ મુર્મુ (૨૫)નું બાદમાં મોત નીપજ્યું. અન્ય ચાર-પ્રભાત બ્રહ્મા (૫૪), જાગીરાજ બ્રહ્મા (૧૫), મહેશ મુર્મુ અને જુગીરાજ બ્રહ્મા-ગંભીર રીતે ઘાયલ થયા હતા અને કોકરાઝાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

વિસ્તારમાં ગુસ્સો અને શોક ફેલાતાં, બીજા દિવસે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા. પીડિતોના વિસ્તારવાસીઓ અને સંબંધીઓએ કારીગાંવ પોલીસ ચોકીનો ઘેરાવ કર્યો અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૨૭ ને અવરોધિત કર્યો, ટાયર સળગાવ્યા અને જવાબદારોની તાત્કાલિક ધરપકડની માગણી કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા. સુરક્ષા દળોએ આંશિક ગતિવિધિ પુનઃસ્થાપિત કરતા પહેલા મહત્વપૂર્ણ ધોરીમાર્ગ પર ઘણા કલાકો સુધી ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. અશાંતિને કાબુમાં લેવા માટે, રાજ્ય સરકારે કોકરાઝાર જિલ્લામાં તાત્કાલિક અસરથી અને આગામી આદેશો સુધી મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવાનો આદેશ આપ્યો છે. અધિક મુખ્ય સચિવ (ગૃહ) અજય તિવારી દ્વારા જારી કરાયેલા આ આદેશમાં જાહેર શાંતિ અંગે ચિંતા અને ખોટી માહિતી વધુ હિંસાને વેગ આપવાની શક્યતા દર્શાવવામાં આવી છે. જો કે, વોઈસ કોલ અને ફિક્સ્ડ-લાઈન બ્રોડબેન્ડ સેવાઓ કાર્યરત રહેશે. સૂચનામાં ચેતવણી આપવામાં આવી છે કે, 'આદેશના કોઈપણ ઉલ્લંઘન બદલ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ અને ભારતીય ટેલિગ્રાફ અધિનિયમ, ૧૮૮૫ હેઠળ દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.'

વિશ્વ આર્થિક મંચની વાર્ષિક બેઠકમાં હાજરી આપવા માટે હાલમાં દાવોસમાં રહેલા મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ કહ્યું કે તેઓ જિલ્લા અને વરિષ્ઠ રાજ્ય અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, સરમાએ જણાવ્યું હતું કે CRPFનું રેપિડ એક્શન ફોર્સ (RAF) પહેલેથી જ તૈનાત કરવામાં આવ્યું છે, જો જરૂર પડે તો સૈન્ય સહાય માટે વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે રાજકીય નેતાઓ અને નાગરિક સમાજને શાંતિ પુનઃસ્થાપિત કરવામાં સહયોગ કરવા અપીલ કરી હતી.

## ટ્રમ્પ દ્વારા 'ભારત-પાકિસ્તાન' યુદ્ધમાં મધ્યસ્થીનો દાવો પુનરાવર્તિત કરવામાં આવતા કોંગ્રેસે મોદીની ટીકા કરી : પક્ષે કહ્યું કે, ટ્રમ્પે ૭૦ વખત આ દાવો કર્યો છે

(એજન્સી) તા.૨૧



યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ફરી એકવાર ગયા વર્ષે ભારત અને પાકિસ્તાન વચ્ચે દુશ્મનાવટનો અંત લાવવાનો શ્રેય દાવો કર્યો છે અને કોંગ્રેસે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરી હતી, અને કહ્યું હતું કે ટ્રમ્પ દ્વારા આ દાવો ૭૦ વખત કરવામાં આવ્યો છે. વોશિંગ્ટનમાં એક પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પની ટિપ્પણી બાદ વિપક્ષી પક્ષની પ્રતિક્રિયા આવી હતી, જ્યાં તેમણે ભારત

### એક પ્રેસ કોન્ફરન્સમાં, ટ્રમ્પે કહ્યું હતું કે ભારત અને પાકિસ્તાન 'ખરેખર જે કરી રહ્યા છે તે તેમના મતે, આ સંઘર્ષ પરમાણુ યુદ્ધમાં ફેરવાઈ શકે છે

અને પાકિસ્તાન વચ્ચેના 'યુદ્ધ'ને તેમના બીજા કાર્યકાળના પ્રથમ વર્ષની સિદ્ધિઓમાં સૂચિબદ્ધ કર્યું હતું. X પર એક પોસ્ટમાં, કોંગ્રેસના મહાસચિવ (સંચાર) જયરામ રમેશે જણાવ્યું હતું કે તાજેતરમાં સુધી આ સંખ્યા ૬૮ હતી, પરંતુ મંગળવારે ટ્રમ્પે બે વાર દાવો પુનરાવર્તિત કર્યા પછી તે વધીને ૭૦ થઈ ગઈ છે. રમેશે કહ્યું કે અનેક પ્રસંગોએ તેઓએ આ દાવો કર્યો છે અને વડા પ્રધાનના 'સારા મિત્ર'એ ૧૦ મે, ૨૦૨૫ના રોજ ઓપરેશન સિંદૂરના 'અચાનક અને અણધારી રીતે બંધ કરવા' માટે જવાબદારી સ્વીકારી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં, ટ્રમ્પે કહ્યું કે ભારત અને પાકિસ્તાન 'ખરેખર જે કરી રહ્યા હતા' તે તેમના મતે, આ સંઘર્ષ પરમાણુ વિનિમયમાં પરિણમી શક્યો હોત. તેમણે દાવો કર્યો કે તેમના હસ્તક્ષેપથી લાખો લોકોનો જીવ બચ્યો છે, અને તેમણે ૧૦ મહિનામાં 'આઠ યુદ્ધો'નો અંત કર્યો છે. નોબેલ શાંતિ પુરસ્કાર અંગેના પ્રશ્નના જવાબમાં, ટ્રમ્પે કહ્યું કે ફક્ત ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવને રોકવાથી ૧થી ૨ કરોડ લોકોનો જીવ બચી શક્યો છે. તેમણે વિશ્વભરના અન્ય સંઘર્ષોના સંદર્ભમાં સમાન દાવાઓને પુનરાવર્તિત કર્યા હતા. ટ્રમ્પ વારંવાર કહી ચૂક્યા છે કે અમેરિકાએ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરી હતી, ગયા વર્ષે ૧૦ મેના રોજ સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે વોશિંગ્ટન દ્વારા ગોઠવાયેલી વાટાઘાટો બાદ બંને દેશો તાત્કાલિક યુદ્ધવિરામ પર સંમત થયા છે. જોકે, ભારતે સતત કહ્યું છે કે પાકિસ્તાન સાથેના તેના સંબંધોમાં કોઈ તૃતીય પક્ષ મધ્યસ્થી નથી.

## રાજ્યપાલ આર.એન. રવિ સતત ચોથા વર્ષે તમિલનાડુ વિધાનસભામાંથી વોકઆઉટ કરી ગયા; આ અપમાન છે : સ્ટાલિન

(એજન્સી) ચેન્નાઈ, તા.૨૧

તમિલનાડુના રાજ્યપાલ આર.એન. રવિ અને રાજ્યની ડીએમકે (DMK) સરકાર વચ્ચેનો ગજગ્રાહ વધુ ઘેરો બન્યો છે. મંગળવારે વર્ષના પ્રથમ સત્રના પ્રારંભે રાજ્યપાલ પોતાનું રૂઢિગત સંબોધન આપ્યા વિના જ ગૃહમાંથી બહાર નીકળી ગયા હતા. છેલ્લા ચાર વર્ષથી સતત બની રહેલી આ ઘટનાએ તમિલનાડુના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. લોક ભવન (અગાઉનું રાજભવન) દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલા લખાણમાં અનેક 'ભૂલો' હતી. વધુમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે રાજ્યપાલનો માઈક વારંવાર બંધ કરી દેવામાં આવ્યો હતો અને તેમને બોલવાની તક આપવામાં આવી ન હતી. રાજ્યપાલના ગયા બાદ સ્પીકર એમ. અપ્પાવુએ રાજ્યપાલના ભાષણનું તમિલ સંસ્કરણ વાંચી સંભળાવ્યું હતું. મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને રાજ્યપાલના આ વલણની આકરી ટીકા કરતા જણાવ્યું હતું કે, નિયમો, પરંપરાઓ અને લોકશાહીના મૂલ્યોનું ઉલ્લંઘન કરીને ગૃહમાંથી બહાર નીકળી જવું એ તેમના ઉચ્ચ પદને શોભતું નથી અને તે ગૃહની ગરિમાનું અપમાન છે. ત્યારબાદ સ્ટાલિને ગૃહમાં એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે રાજ્યપાલના આ વ્યવહારને ગૃહ સ્વીકારતું નથી અને માત્ર સ્પીકર દ્વારા વંચાયેલું લખાણ જ રેકોર્ડ પર લેવામાં આવશે. સ્ટાલિને બંધારણીય જોગવાઈઓ સામે સવાલ ઉઠાવતા કહ્યું કે, દર વર્ષે સરકાર દ્વારા તૈયાર કરાયેલ નીતિ નિવેદન વાંચવાનો ઈન્કાર કરવો તે યોગ્ય નથી. તેમણે જાહેરાત કરી હતી કે ડીએમકે સમાન વિચારધારા ધરાવતા પક્ષો સાથે મળીને સંસદમાં બંધારણીય સુધારો લાવવા પ્રયાસ કરશે, જેથી વર્ષની શરૂઆતમાં રાજ્યપાલના સંબોધનની ફરજિયાત જોગવાઈને નાબૂદ કરી શકાય. આ દરમિયાન તેમણે અન્નાદુરાઈનું પ્રખ્યાત વિધાન પણ યાદ કર્યું હતું કે, 'બકરીને દાઢીની અને રાજ્યને રાજ્યપાલની જરૂર નથી.' ગૃહમાં સર્જાયેલા આ હંગામા વચ્ચે વિરોધ પક્ષ AIADMKના ધારાસભ્યોએ પણ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મુદ્દે સૂત્રોચ્ચાર કરીને વોકઆઉટ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૩માં રાજ્યપાલે પસંદગીના ફકરા વાંચ્યા હતા, ૨૦૨૪માં માત્ર પ્રથમ ફકરો વાંચ્યો હતો અને ૨૦૨૫માં પણ રાષ્ટ્રગીત અને બંધારણના અપમાનનું કારણ આપીને તેઓ સંબોધન અધૂરું મૂકીને નીકળી ગયા હતા.

## બિહારમાં ટોળાની હિંસાનો ભોગ બનતો મુસ્લિમ યુવાન, હિંસાની વધુ એક ઘટનાથી લઘુમતીઓમાં ભય અને દહેશતની લાગણી પ્રસરી

(એજન્સી) પટના, તા.૨૧

ભારતીય મુસ્લિમોમાં ફરી એકવાર ભારે ચિંતા અને ઉચાટનું વાતાવરણ ઊભું કરતી એક ઘટનામાં બિહારના સમસતીપુર જિલ્લામાં ચોરીની શંકા રાખીને મોહમ્મદ દાઉદ નામના એક મુસ્લિમ યુવાન ઉપર હિંસક ટોળાએ હુમલો કરીને તેને સખત માર્યો હતો. ફૂલહારા ગામમાં મધરાતે આ ઘટના બની હતી. પાડોશના દરભંગા જિલ્લાના ફૂલબરિયા ગામનો દાઉદ કાર લઈને ફૂલહારા ગામ આવ્યો હતો ત્યારે તેને ઈલેક્ટ્રિક થાંભલા સાથે બાંધી દઈને સખત રીતે બેફામ માર મારવામાં આવ્યો હતો જેના કારણે તેની સાથે રહેલા અન્ય સાથીદારો નાસી ગયા હતા. સ્થાનિક લોકોએ ઘટના અંગે પોલીસને જાણ કરી હતી. દાઉદ ઉપર ચોરી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. પરંતુ પોલીસને દાઉદ પાસેથી માત્ર એક મોબાઈલ અને તેની કારની ચાવી જ મળ્યા હતા. હુમલાને કારણે તેને ગંભીર ઈજાઓ થઈ હતી છતાં તેને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લઈ જવાયો હતો. એક પોલીસ અધિકારીએ કહ્યું હતું કે, અમે હકીકતોની ચકાસણી કરી રહ્યા છીએ અને ઈજાગ્રસ્ત વ્યક્તિની અત્યારે સારવાર ચાલી રહી છે અને પૂછપરછ પણ થઈ રહી છે. આ ઘટનાને માનવ અધિકાર સંગઠનો અને મુસ્લિમ સમાજના આગેવાનોએ વખોડી કાઢી છે અને કહ્યું છે કે, દાઉદ પાસેથી કોઈ ચોરાયેલી ચીજ મળી નથી છતાં તેને સજા કરવામાં આવી છે. માત્ર શંકા રાખીને આવી રીતે માર મારવામાં આવે એ ચલાવી લેવાય નહીં. છેલ્લા થોડા સમયથી દેશમાં આ પ્રકારનો પ્રવાહ જોવા



**રાજ્યના સમસ્તિપુર જિલ્લામાં હિંસક ટોળાએ એક મુસ્લિમ યુવાન ઉપર હુમલો કરીને બેફામ માર માર્યો**

મળી રહ્યો છે કે પાયા વગરની શંકા અને પાયા વિહીન આક્ષેપો કરીને મુસ્લિમોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ ઘટના પણ એ પ્રકારની જ છે. આવી રીતે વધતી જતી ટોળાશાહી અને કાયદો હાથમાં લેવાની વૃત્તિ સામે મુસ્લિમ સંગઠનો અને નાગરિક અધિકાર સંગઠનાએ લાલબત્તી ધરી છે અને કહ્યું છે કે, હિંસક ટોળું કાયદો હાથમાં લઈ રહ્યું છે તે ખૂબ જ ભયજનક અને ખતરનાક પ્રવાહ છે. આ અંગે નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને તાત્કાલિક ધરપકડો કરવી જોઈએ. માત્ર શંકાના આધારે તમે કોઈને આવી રીતે મારી ન શકો. આ ઘટનાએ ફરીથી એ હકીકત સામે લાવીને મૂકી છે કે સત્તાવાળા હોય અને ખાસ કરીને પોલીસે આવી રીતે હિંસાનો ભોગ બનતા લોકોનું અને સમુદાયોનું રક્ષણ કરવું જોઈએ અને કાયદાનું શાસન યથાવત્ રાખવાની કોશિશ કરવી જોઈએ.

## હરિયાણા સરકાર દ્વારા પરીક્ષાઓ દરમિયાન કડક માર્ગદર્શિકા અંતર્ગત મંગલસૂત્ર અને કિરપાણ પરીક્ષા હોલમાં લઈ જવાની છૂટ અપાઈ

(એજન્સી) ચંદીગઢ, તા.૨૧

હરિયાણા સરકારે વિવિધ એજન્સીઓ દ્વારા રાજ્યમાં ચાલી રહેલી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓને કિરપાણ અને મંગલસૂત્ર સાથે રાખીને જવાની અને પરીક્ષા હોલમાં પ્રવેશ કરવાની છૂટ આપી છે તેવું મંગળવારે રાજ્ય કરવામાં આવ્યા છે એ મુજબ એમની સાથેના કિરપાણની લંબાઈ નવ ઈંચથી વધુ હોવી ન જોઈએ અને પહોળાઈ છ ઈંચથી વધુ હોવી ન જોઈએ. પરીક્ષા શરૂ થવાના નિર્ધારિત સમયના લગભગ એક કલાક પહેલા પરીક્ષા કેન્દ્ર પર જાણ કરી દેવા માટે પણ ઉમેદવારોને સલાહ

### નિયમ નક્કી કરવામાં આવ્યો છે કે વિદ્યાર્થી પાસેનું કિરપાણ લંબાઈમાં નવ ઈંચથી વધુ લાંબુ હોવું ન જોઈએ અને તેની પહોળાઈ છ ઈંચથી વધુ ન હોવી જોઈએ

સરકારના સૂત્રોએ જાહેર કર્યું હતું. શીખ સમાજના વિદ્યાર્થીઓ કિરપાણ પોતાની સાથે રાખે છે. શીખ વિદ્યાર્થીઓને અવારનવાર પરીક્ષા વખતે સમસ્યા નડતી હોય છે અને પરિણીત એવી મહિલા ઉમેદવારોને પણ સમસ્યા નડતી હોય છે એટલે આ વારંવારની સમસ્યા ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે શાળા તથા કોલેજો અને યુનિવર્સિટીઓમાં અને ભરતી એજન્સીઓ દ્વારા લેવાતી પરીક્ષાઓ દરમિયાન વિગતવાર આદેશો બહાર પાડ્યા છે અને કડક ગાઈડલાઈન્સ બહાર પાડી છે. મુખ્ય સચિવની કચેરી દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે એ મુજબ શીખ વિદ્યાર્થીઓને એમની પરંપરા મુજબ પાઘડી પહેરીને જવાની અને કિરપાણ સાથે રાખવાની છૂટ આપવામાં આવી છે પણ એ માટે કેટલાક કડક નિયમો નક્કી આપવામાં આવી છે. જાહેરનામા અનુસાર મહિલા ઉમેદવારો જે પરણીત હોય એમને પણ પરીક્ષા દરમિયાન પરીક્ષા હોલમાં મંગલસૂત્ર પહેરીને જવા દેવામાં આવશે. એમણે પણ પરીક્ષાના નિર્ધારિત સમયના ૩૦ મિનિટ પહેલા પરીક્ષા કેન્દ્ર પર જાણ કરવાની રહેશે. દિલ્હી હાઈકોર્ટ તેમજ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના વિવિધ ચુકાદા સંદર્ભમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. અદાલતો એ આસાની તથા સરળતાથી પરીક્ષા કાર્ય થઈ શકે એ માટે ઉમેદવારોના ધાર્મિક અને સાંસ્કૃતિક અધિકારોનું રક્ષણ કરવા પર ભાર મૂક્યો હતો. સરકારના નિર્ણય વિશે પરીક્ષા કેન્દ્રના સ્ટાફ તથા નિરીક્ષક ટીમો અને સુરક્ષા કર્મીઓને પણ જાણ કરી દેવામાં આવે એવી સરકારે તાકીદ કરી છે.

# જમાત-એ-ઈસ્લામી હિંદ દ્વારા ભારતના વિકાસને વધુ રોજગાર-સઘન, સમાન અને માંગ-આધારિત બનાવવા માટે કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ માટે સૂચનો આપવામાં આવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

જમાત-એ-ઈસ્લામી હિંદ (JIH)એ ભારત સરકારના નાણા મંત્રાલયને એક વિગતવાર મેમોરેન્ડમ સુપરત કર્યું છે, જેમાં રોજગારની તીવ્રતા વધારવા, સંપત્તિ વિતરણમાં સુધારો કરવા અને માંગ અને વિકાસને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીને કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ માટે નીતિ સૂચનોની રૂપરેખા આપવામાં આવી છે. કેન્દ્રીય બજેટ પ્રક્રિયા સાથેના તેના વાર્ષિક જોડાણના ભાગ રૂપે, JIHએ ફરી એકવાર સરકાર સમક્ષ પુરાવા-આધારિત અને પરિણામલક્ષી ભલામણો રજૂ કરી છે જેનો હેતુ ભારતીય અર્થતંત્રમાં માળખાકીય અસંતુલનને દૂર કરવાનો છે. આ રજૂઆત ભારતના તાજેતરના આર્થિક પ્રદર્શનને વ્યાપક નીતિના સંદર્ભમાં છે. તેમાં નોંધ્યું છે કે જ્યારે દેશે સતત GDP વૃદ્ધિ, નાણાકીય બજારોના વિસ્તરણ અને વધતી કોર્પોરેટ નફાકારકતામાં સંપત્તિ નિર્માણ માટે ક્ષમતા દર્શાવી છે ત્યારે આ લાભો સમાન સંપત્તિ વિતરણ અથવા પર્યાપ્ત રોજગાર સર્જનમાં પ્રમાણસર વિતરિત થયા નથી. આવક અને સંપત્તિના કેન્દ્રીકરણના સૂચકાંકો, વૃદ્ધિની નબળી રોજગાર સ્થિતિસ્થાપકતા અને ઉચ્ચ યુવા બેરોજગારી સાથે, નાણાકીય સુધારાની જરૂરિયાત પર ભાર મૂકે છે. ખોરાક, આરોગ્યસંભાળ, રહેઠાણ અને શિક્ષણ જેવી આવશ્યક ચીજવસ્તુઓ પર વધતા જતાં ઘરગથ્થુ ખર્ચને કારણે વપરાશ અને સ્થાનિક માંગમાં વધુ ઘટાડો થયો છે. આ પૃષ્ઠભૂમિ સામે, સૂચનો નાણાકીય નીતિ નિર્માણમાં રોજગાર પરિણામોને સ્પષ્ટ રીતે સમાવિષ્ટ કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. તે મુખ્ય જાહેર ખર્ચ અને પ્રોત્સાહનોના શ્રમ પ્રભાવનું મૂલ્યાંકન કરવા માટે સંસ્થાકીય પદ્ધતિઓનો પ્રસ્તાવ મૂકે છે, સાથે સાથે આબોહવા-સ્થિતિસ્થાપક માળખા, શહેરી સેવાઓ અને સંભાળ કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરતી લક્ષિત શહેરી રોજગાર પહેલો પણ રજૂ કરે છે. ગ્રામીણ વિસ્તારો માટે, સબમિશન બિન-ખેતી રોજગાર માટે જિલ્લા-સ્તરીય, સ્થળ-આધારિત અભિગમની હિમાયત કરે છે, અને સ્થાનિક ભરતી સાથે જોડાયેલ




માળખાગત સુવિધાઓ, પ્રાપ્તિ અને રાહત નાણાકીય સહાય દ્વારા સમર્થિત છે. આ ભલામણોમાં રોજગાર પરિણામો સુધારવા માટે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો માટે જાહેર ધિરાણ સહાયને ફરીથી ડિઝાઈન કરવાની પણ વિનંતી કરવામાં આવી છે. ખાસ કરીને મહિલાઓ અને પ્રથમ વખત કામ કરતા કામદારો માટે રોજગાર સર્જન સાથે ક્રેડિટ પ્રોત્સાહનો આપવાની વાત કરવામાં આવી છે. કૃષિ ક્ષેત્રમાં આ મેમોરેન્ડમ નીતિને ફક્ત ઈનપુટ સપોર્ટથી આવક સ્થિરીકરણની વાત કરે છે, તે દરખાસ્તોમાં ભાવ-ખાધ ચૂકવણી, પાક વૈવિધ્યકરણ પ્રોત્સાહનો, વિસ્તૃત ઑફ-સીઝન ગ્રામીણ કાર્યો અને સંસ્થાકીય ધિરાણમાં આવક-સુગમ સાધનો તરફ સંક્રમણનો સમાવેશ થાય છે. ખર્ચ ઘટાડવા પગલાં લેવાનું પણ સૂચન છે. ઉચ્ચ સ્નાતક બેરોજગારીનો સામનો કરી રહેલા જિલ્લાઓ માટે પ્રાથમિકતા સાથે, પેઈડ એપ્રેન્ટિસશીપ અને કૌશલ્ય આધારિત સ્ટાઈપેન્ડ સહિત માળખાગત શિક્ષણ રોજગાર સંક્રમણ પદ્ધતિઓનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. વધુમાં, તે મુસ્લિમો માટે લક્ષિત સામાજિક-આર્થિક હસ્તક્ષેપોની જરૂરિયાતને દર્શાવે છે, જે શૈક્ષણિક, રોજગાર અને ક્રેડિટ ઍક્સેસ ગેરલાભોના પુરાવાઓ પર આધારિત છે. આ હસ્તક્ષેપો શિક્ષણ સહાય, એન્ટરપ્રાઈઝ ફાઈનાન્સ, કૌશલ્ય અને રોજગાર અને જાહેર ખરીદીમાં મુસ્લિમ માલિકીના MSMEની ભાગીદારી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મહેસૂલ અંગે આ મેમોરેન્ડમ ભારતના કર માળખાના મધ્યમ-ગાળાના પુનઃસંતુલનની ભલામણ કરે છે જેથી પરોક્ષ કર પર વધુ પડતી નિર્ભરતા ઓછી થાય અને પ્રગતિશીલ પ્રત્યક્ષ કરવેરા મજબૂત બને. JIHએ કહ્યું છે કે કેન્દ્રીય બજેટ માટે રચનાત્મક સૂચનો સબમિટ કરવા એ એક નિયમિત વાર્ષિક કવાયત રહી છે, જે સમાવિષ્ટ અને સામાજિક રીતે પ્રતિભાવશીલ આર્થિક નીતિનિર્માણ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આ સંદર્ભમાં, JIH અન્ય મુસ્લિમ સંગઠનો અને નાગરિક સમાજ સંસ્થાઓને પણ અપીલ કરે છે કે તેઓ તેમના વિચાર અને રચનાત્મક દરખાસ્તો નાણાં મંત્રાલયને મોકલે, જેથી વિવિધ સામાજિક-આર્થિક ચિંતાઓને રાષ્ટ્રીય બજેટ પ્રક્રિયામાં પ્રતિનિધિત્વ મળી શકે. આ મેમોરેન્ડમમાં કહ્યું છે કે, ભારતનો મુખ્ય આર્થિક પડકાર ફક્ત સંપત્તિ નિર્માણમાં નથી, પરંતુ વૃદ્ધિ રોજગાર, આવક સુરક્ષા અને સમાન સામાજિક પરિણામો મળે તેની ખાતરી કરવી જોઈએ.

# જમ્મુ અને કાશ્મીરની ૨૬ વર્ષીય સિમરન બાલા કોણ છે, જે CRPF યુનિટના બધા પુરૂષોના ગણતંત્ર દિવસની પરેડનું નેતૃત્વ કરનારી પ્રથમ મહિલા અધિકારી બનવા માટે તૈયાર છે?

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

ભારતના ૭૭મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે દિલ્હીના કર્તવ્ય પથ પર યોજાનારી પરેડમાં આ વર્ષે એક નવો ઈતિહાસ રચાવા જઈ રહ્યો છે. જમ્મુ-કાશ્મીરની ૨૬ વર્ષીય આસિસ્ટન્ટ કમાન્ડન્ટ સિમરન બાલા, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)ની ૧૪૦થી વધુ પુરૂષ જવાનોની ટુકડીનું નેતૃત્વ કરનાર પ્રથમ મહિલા અધિકારી બનશે. ૨૬ જાન્યુઆરીએ યોજાનારી આ ભવ્ય પરેડમાં સિમરન બાલાની આ સિદ્ધિ નારી શક્તિ અને સશક્તિકરણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડશે.

**રાજૌરી જિલ્લાનું ગૌરવ અને શૈક્ષણિક સફળતા :** મૂળ જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લાના સરહદી નગર નૌશેરાની વતની સિમરન બાલાએ દેશના સૌથી મોટા અર્ધલશ્કરી દળમાં અધિકારી તરીકે જોડાઈને પોતાના વિસ્તારનું નામ રોશન કર્યું છે. મે ૨૦૨૩માં જાહેર થયેલ UPSC સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF)ની પરીક્ષામાં તેણીએ પોતાના પ્રથમ પ્રયાસમાં જ સમગ્ર ભારતમાં ૮૨મો રેન્ક મેળવ્યો હતો. નોંધનીય છે કે, તે સમયે જમ્મુ-કાશ્મીરમાંથી આ પરીક્ષા પાસ કરનાર તે એકમાત્ર મહિલા ઉમેદવાર હતી.

**પરંપરા તોડી રચાશે નવો ઈતિહાસ :** અગાઉ પણ CRPFની મહિલા અધિકારીઓએ પ્રજાસત્તાક દિવસની પરેડમાં ટુકડીઓનું નેતૃત્વ કર્યું છે, પરંતુ આ પ્રથમ ઘટના હશે જેમાં કોઈ મહિલા અધિકારી સંપૂર્ણપણે પુરુષો ધરાવતી ટુકડી (ઓલ-મેલ કંટીન્જન્ટ)ની કમાન સંભાળશે.



અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૧૪૦થી વધુ પુરૂષ જવાનોની આ ટુકડી સિમરન બાલાના નેતૃત્વ હેઠળ કર્તવ્ય પથ પર માર્ચ કરશે, જે સુરક્ષા દળોમાં મહિલાઓની વધતી ભૂમિકાને દર્શાવે છે.

**વિશેષ ઉપસ્થિતિ :** આ વર્ષની પ્રજાસત્તાક દિવસની પરેડમાં યુરોપિયન કાઉન્સિલના પ્રેસિડેન્ટ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રેસિડેન્ટ ઉર્સુલા વોન ડેર લેયન મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેવાના છે. આ વૈશ્વિક નેતાઓની હાજરીમાં સિમરન બાલાનું આ નેતૃત્વ ભારતની બદલાતી અને પ્રગતિશીલ છબી રજૂ કરશે.

# ખ્રિસ્તીઓ પર ભાજપ શાસિત રાજ્યોમાં વધતા જતા હુમલાઓ અંગે દરમિયાનગીરી કરવા રાષ્ટ્રપતિને અનુરોધ કરતો પીપલ્સ ફ્રન્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

દેશમાં ખ્રિસ્તીઓ સામે વધતી જતી હિંસા અને ખાસ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં સૌથી વધુ બની રહેલી આવી ઘટનાઓ અંગે ધ્યાન દોરીને ઓલ ઈન્ડિયા પીપલ્સ ફ્રન્ટ સંગઠન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની દરમિયાનગીરીની માંગણી કરી છે અને દેશમાં ખ્રિસ્તીઓ સામેની હિંસામાં આવેલા જોરદાર ઉછાળા અંગે સંસ્થાએ રાષ્ટ્રપતિને દરમિયાનગીરી કરવા માટે અનુરોધ કર્યો છે. દેશભરમાંથી ખ્રિસ્તી સમાજના નાગરિકો અને ખ્રિસ્તી સમાજના પ્રતિનિધિઓ તરફથી એવી ફરિયાદો મળી હતી કે એમના પરના હુમલા વધી રહ્યા છે અને એમની હેરાનગતિ અને સતામણીની ઘટનાઓ વધી રહી હોવાથી ખ્રિસ્તી સમાજમાં અસુરક્ષાની ભાવના ઊભી થઈ છે અને વધતી જાય છે અને આવી ફરિયાદો મળ્યા બાદ ફ્રન્ટનું ડેલિગેશન રાષ્ટ્રપતિ સચિવાલય પહોંચી હોતું અને રાષ્ટ્રપતિ માટેનું આવેદનપત્ર સચિવાલયમાં સુપ્રત કરવામાં આવ્યું હતું. ફ્રન્ટના સ્થાપક સભ્ય અખિલેન્દ્ર પ્રતાપસિંહ અને રાષ્ટ્રીય પ્રમુખ આર આર રાજપૂતે પર આવેદનપત્ર પર હસ્તાક્ષર કર્યા હતા અને ફ્રન્ટના રાષ્ટ્રીય ખજાનચી દિનકર કપૂર તથા રાષ્ટ્રીય કારોબારી સમિતિના સભ્ય રાજેશ સચન દ્વારા વિધિસર આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ દ્વારા એકત્ર કરવામાં આવેલા ડેટાનો ઉલ્લેખ કરીને આવેદનપત્રમાં દર્શાવ્યું હતું કે છેલ્લા એક દાયકામાં જ ખ્રિસ્તીઓ સામેની હિંસાની ઘટનાઓમાં ૫૦૦%નો વધારો નોંધાયો છે. તેમાંના બહુમતી બનાવો ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક, મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડમાં બન્યા છે અને આમાંના મોટાભાગના રાજ્યોમાં ભાજપનું શાસન છે. ખ્રિસ્તીઓ વિરોધી હિંસાખોરીની સૌથી વધુ ઘટનાઓ ઉત્તર પ્રદેશમાં બની છે. આવેદનપત્રમાં ધ્યાન દોરવામાં આવ્યું હતું કે આવી ઘટનાઓમાં માત્ર સામાન્ય ખ્રિસ્તી નાગરિકો નહીં પરંતુ પાદરીઓ તથા સાધ્વીઓ એટલે કે નન પણ હિંસાનો ભોગ બની રહ્યાનો નોંધાયું છે. ચર્ચ અને પ્રાર્થના સભાઓ ઉપર હુમલા થાય છે અને સામાજિક તથા આર્થિક બહિષ્કાર કરવામાં આવી રહ્યો છે. ધર્મ પરિવર્તન વિરોધી કાયદાનો પણ દુરુપયોગ કરવામાં આવે છે અને તેને લઈને આડેધડ ધરપકડો કરવામાં આવે છે અને ખ્રિસ્તી સમાજના દફનવિધિના અધિકારોમાં પણ અવરોધો ઊભા કરવામાં આવી રહ્યા છે. ફ્રન્ટ દ્વારા એવો આક્ષેપ પણ કરવામાં




આવ્યો હતો કે પોલીસ અને વહીવટી તંત્ર જ્યાં આવી ઘટનાઓ બની હોય ત્યાં કાં તો બિલકુલ કામ કરતા નથી કે પગલાં લેતા નથી અથવા તો ભારે પક્ષપાત સાથે કામ કરે છે જેના કારણે ખ્રિસ્તી સમાજમાં ભય અને અસુરક્ષાની લાગણી વધુ બળવતર બની રહી છે. ફ્રન્ટ જણાવે છે કે આ પ્રકારની તમામ હિંસાખોરીને કારણે બંધારણની કલમ ૧૪, ૧૫, ૨૧, અને ૨૮ મુજબ જે બંધારણીય સુરક્ષાની ખાતરી મળી છે તેનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. ભારતે આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર નિયમોના જતન માટેની જે ખાતરી આપેલી છે તેનું પણ ઉલ્લંઘન થઈ રહ્યું છે. લઘુમતીઓની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવાનું સુનિશ્ચિત કરવા અને તટસ્થ તપાસ કરવા માટે તથા જે લોકો હિંસા માટે જવાબદાર હોય એ તમામ સામે કડક પગલાં લેવા માટે અને ધર્મ પરિવર્તન વિરોધી કાયદાના દુરુપયોગની સમીક્ષા કરવા માટે રાજ્યોને સલાહ આપવા ફ્રન્ટે રાષ્ટ્રપતિને આગ્રહભરીઓ અનુરોધ કર્યો હતો. લઘુમતીના અધિકારો રક્ષણ કરવા માટેની જેની જવાબદારી છે એવી તમામ લોકશાહી સંસ્થાઓને વધુ મજબૂત બનાવવા માટે સંગઠનને રાષ્ટ્રપતિની દરમિયાનગીરી યાચી છે.

# પશ્ચિમ બંગાળમાં SIR સુનાવણી કેન્દ્રોમાં તોડફોડ, રસ્તા રોકવાની ઘટનાઓ

(એજનસી) કોલકાતા, તા.૨૧

પશ્ચિમ બંગાળના વિવિધ જિલ્લાઓમાં મંગળવારે પણ મતદાર યાદીના ખાસ સઘન સુધારા (SIR) માટે સુનાવણી કેન્દ્રોમાં તોડફોડ અને રસ્તા રોકવાના બનાવો ચાલુ રહ્યા હતા. મંગળવારે દક્ષિણ ૨૪ પરગણા, હુગલી અને ઉત્તર ૨૪ પરગણા જેવા જિલ્લાઓમાં સબ-ડિવિઝનલ ઓફિસર (SDO) ઈમારતો સહિત વિવિધ સરકારી કચેરીઓમાં સુનાવણી કેન્દ્રો પર અથડામણો નોંધાઈ હતી, એક દિવસ પછી રાજ્યના ઘણા ભાગોમાં ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા હાથ ધરવામાં આવેલી સુનાવણી દરમિયાન આવી જ ઘટનાઓ બની હતી. સુપ્રીમ કોર્ટે સોમવારે રાષ્ટ્રીય ચૂંટણી પેનલ અને મમતા બેનરજી સરકારને રાજ્યમાં ચાલી રહેલી SIR પ્રક્રિયા સુચારુ રીતે હાથ ધરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે નિર્દેશો જારી કર્યા હતા. સુપ્રીમ કોર્ટની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે “દસ્તાવેજો પ્રાપ્ત કરનારા/ અસરગ્રસ્ત વ્યક્તિની સુનાવણી કરનારા અધિકારીઓ પણ દસ્તાવેજો/સુનાવણી પ્રાપ્ત થયાનું પ્રમાણિત કરશે. સુપ્રીમ કોર્ટની બેન્ચે રાજ્ય સરકારને સુનાવણી કેન્દ્રો પર તૈનાત કરવા માટે કેન્દ્ર અને રાજ્ય મતદાન પેનલોને પૂરતા પ્રમાણમાં માનવબળ સુનિશ્ચિત કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. મંગળવારે, સુંદરવનમાં કોલકાતાથી લગભગ ૭૮ કિમી દક્ષિણપૂર્વમાં, બસંતીના સોનાખલીમાં, કર્માતીર્થ સરકારી ઈમારતમાં સુનાવણી કેન્દ્રમાં તોડફોડ કરવામાં આવી હતી અને સુનાવણી પ્રક્રિયા ચાલુ હતી ત્યારે ટોળાએ ખુરશીઓ અને ટેબલ તોડી નાખ્યા હતા. ટોળાએ સુનાવણી ચલાવી રહેલા અધિકારીઓને પણ ભગાડી દીધા હતા. સ્થાનિક લોકોએ આરોપ લગાવ્યો કે મતદાન પેનલના અધિકારીઓએ સુનાવણી માટે બોલાવવામાં આવેલા મતદારો દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજો સામે રસીદો જારી કરી ન હતી. સોનાખલીના આંદોલનકારી રહેવાસીઓએ કથિત રીતે શાસક તૃણમૂલ કોંગ્રેસ દ્વારા સમર્થિત ટાયરો સળગાવીને મુખ્ય માર્ગ બ્લોક કરી દીધો હતો. મંગળવાર સવારથી કોલકાતાથી લગભગ ૫૫ કિમી ઉત્તરમાં હુગલીના પોલ્બા, દક્ષિણ ૨૪ પરગણાના ધોલાહાટ, કોલકાતાથી લગભગ ૭૦ કિમી દક્ષિણમાં અને કોલકાતા નજીક બારાસતમાં પણ આવા જ રસ્તા બ્લોક થયાના અહેવાલ છે. ધોલાહાટમાં, ધોલાહાટ-રામગંગા રોડ મંગળવાર સવારથી બ્લોક હતો. ગયા અઠવાડિયે, કોલકાતાથી લગભગ ૨૫૦ કિમી દૂર મુર્શિદાબાદના ફરક્કામાં એક બ્લોક ઓફિસ અને શહેરથી લગભગ ૨૨૧ કિમી પશ્ચિમમાં ઉત્તર દિનાજપુરના ચકુલિયામાં એક બ્લોક ઓફિસમાં તોડફોડ કરવામાં આવી હતી અને ફરજ પરના પોલીસ કર્મચારીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. ફરક્કામાં તોડફોડમાં તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય મનીરુલ ઈસ્લામનો સમાવેશ થતો હતો. સોમવારે, તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરોના એક જૂથે ભાજપના કાર્યકરો પાસેથી ફોર્મ ૭ કાગળો છીનવી લીધા હતા અને આગ લગાવી દીધી હતી. પોલીસ કથિત રીતે મૂકપ્રેક્ષક બની રહી હતી. તૃણમૂલ કોંગ્રેસે આરોપોને નકારી કાઢ્યા હતા. બીજી એક ઘટનામાં, ઉત્તર ૨૪ જિલ્લાના બોંગાવ ઉત્તરના ભાજપના ધારાસભ્ય અશોક કિર્તાનિયાએ પણ આરોપ લગાવ્યો હતો કે તૃણમૂલના લોકોએ બોંગાવ સબ-ડિવિઝન અધિકારીની ઓફિસમાં ભાજપના કાર્યકરો પાસેથી ફોર્મ ૭ કાગળો લૂંટી લીધા હતા. હુગલીમાં, ચિનસુરાહ મતવિસ્તારના તૃણમૂલ કોંગ્રેસના



**મંગળવારે દક્ષિણ ૨૪ પરગણા, હુગલી અને ઉત્તર ૨૪ પરગણા જેવા જિલ્લાઓમાં વિવિધ સરકારી કચેરીઓમાં સુનાવણી કેન્દ્રોમાં અથડામણના અહેવાલો મળ્યા હતા**

ધારાસભ્ય અસિત મજુમદારે એક જૂથનું નેતૃત્વ કર્યું હતું જેણે કથિત રીતે ભાજપ સમર્થકો પાસેથી ફોર્મ ૭ કાગળો લૂંટી લીધા હતા અને પોલીસ અને એસડીઓ ઓફિસના સ્ટાફની સામે તેના ટુકડા કરી દીધા હતા. પૂર્વ સાંસદ અને પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અધીરરંજન ચૌધરીએ આરોપ લગાવ્યો હતો કે તૃણમૂલ અને ભાજપ રાજ્યમાં મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તૃણમૂલ ઈચ્છે છે કે ફક્ત તેના મતદારોને જ યાદીમાં સામેલ કરવામાં આવે. ભાજપ પણ ઈચ્છે છે કે ફક્ત તેના મતદારો જ મતદાર યાદીમાં રહે. બંગાળના લોકો આ બે દળો વચ્ચે ફસાયેલા છે. તેમણે કહ્યું કે મુર્શિદાબાદના જંગીપુરમાં ત્રણ કોંગ્રેસ સમર્થકો પર SIR પ્રક્રિયા પર મેમોરેન્ડમ સબમિટ કરવા જતા હુમલો કરવામાં આવ્યો હતો.

# ‘સમાજ મૃત થઈ રહ્યો છે’ : રાહુલ ગાંધીએ ‘લોભના રોગચાળા’ વિશે ચેતવણી આપતા, લોકોને સરકાર પાસેથી જવાબદારીની માંગ કરવા વિનંતી કરી

**નોઈડામાં એક સોફ્ટવેર એન્જિનિયરના મૃત્યુના થોડા દિવસો પછી ગાંધીએ મંગળવારે જવાબદારીના અભાવ અંગે કહ્યું હતું કે, આ ઘટના ભારતમાં લોભ અને અન્ય જીવો પ્રત્યે અનાદરની સંસ્કૃતિનું સીધું પરિણામ છે**

(એજન્સી) તા.૨૧

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બુધવારે કહ્યું હતું કે, "લોભનો રોગચાળો" દેશભરમાં ફેલાય રહ્યો છે, જેમાં શહેરી માનસિકતા તેની સૌથી ભયાનક અભિવ્યક્તિ તરીકે ઉભરી રહી છે અને તેમણે લોકોને સત્તામાં રહેલા લોકો પાસેથી જવાબદારી માંગવા વિનંતી કરી હતી. લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ X પર એક પોસ્ટમાં આ ટિપ્પણી કરી હતી, જેમાં દિલ્હીના મુબારકપુર ડબાસમાં શર્મા એન્ક્લેવથી કથિત રીતે એક પત્રકારના અહેવાલનો વીડિયો શેર કરવામાં આવ્યો હતો. ફૂટેજમાં વિસ્તારમાં ગટરના પાણીના ઓવરફ્લોને કારણે શેરીઓમાં પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. તેમણે લખ્યું કે, “આજે દરેક સામાન્ય ભારતીયનું જીવન આ રીતે જ નરકની યાતનામાં ફેરવાઈ ગયું છે. સિસ્ટમ સત્તામાં બેઠેલા લોકોને વેચાઈ ગઈ છે. દરેક વ્યક્તિ એકબીજાની પીઠ થપથપાવે છે અને



પછી સાથે મળીને તેઓ જનતાને કચડી નાખે છે. રાહુલ ગાંધીએ આ પરિસ્થિતિને ઊંડા સામાજિક સંકટ તરીકે વર્ણવતા કહ્યું કે, “દેશભરમાં લોભનો રોગચાળો ફેલાયો છે, શહેરી સડો તેનો સૌથી ભયાનક ચહેરો છે. આજે આપણો સમાજ મરી રહ્યો છે કારણ કે, આપણે તેને ‘ન્યુ નોર્મલ’ તરીકે સ્વીકારી લીધો છે - મૌન, ઉદાસીનતા છે. જવાબદારીની માંગ કરો નહીં તો આ સડો દરેક ઘરઆંગણે પહોંચશે. તેમની ટિપ્પણીઓ મુખ્ય શહેરોમાં નાગરિક માળખાગત નિષ્ફળતાઓ પર વિપક્ષની ટીકા વચ્ચે આવી છે, જેમાં શહેરી શાસન અને જાહેર જવાબદારી મુખ્ય રાજકીય મુદ્દાઓ રહ્યા છે. નોઈડામાં એક સોફ્ટવેર એન્જિનિયરના મૃત્યુના થોડા દિવસો પછી કોંગ્રેસના નેતાએ મંગળવારે જવાબદારીના અભાવ અંગે કહ્યું હતું કે, આ ઘટના ભારતમાં ફેલાયેલી લોભ અને અન્ય જીવો પ્રત્યે અનાદરની સંસ્કૃતિનું સીધું પરિણામ છે. ગુરૂગ્રામમાં કામ કરતા યુવરાજ મહેતા (૨૭) ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ૧૬ જાન્યુઆરીની રાત્રે તેમની કાર એક બાંધકામ સ્થળ નજીક પાણીથી ભરેલા ખાડામાં પડી ગઈ. લગભગ બે કલાક સુધી મદદ માટે વિનંતી કર્યા પછી તેમના બચાવ માટે કોઈ ન આવતા તેમનું મૃત્યુ થયું હતું.

# ૧૩ વર્ષની ઉંમરે IIT, ૨૪ વર્ષની ઉંમરે પીએચડી, બિહારના ખેડૂતનો પુત્ર હવે અમેરિકામાં AI સંશોધક તરીકે કાર્યરત છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

બિહારના એક નાના ગામથી અમેરિકામાં AI સંશોધન પ્રયોગશાળા સુધીની સફર કરનાર સત્યમ કુમારની વાર્તા કોઈ ફિલ્મની પટકથાથી ઓછી નથી. ૧૨ વર્ષની ઉંમરે પહેલી વાર IIT પ્રવેશ પરીક્ષા પાસ કરીને દુનિયાને ચકિત કરનાર સત્યમે સાબિત કર્યું કે પ્રતિભા ઉંમરથી આગળ છે. આજે, જ્યારે આખી દુનિયા AIનો પીછો કરી રહી છે, ત્યારે સત્યમે અમેરિકામાં AI સંશોધક તરીકે પોતાને સ્થાપિત કર્યો છે. ૧૩ વર્ષની ઉંમરે IIT કાનપુરમાં પ્રવેશ મેળવનાર સત્યમ કુમારે સૌથી નાની ઉંમરના IITian બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું. તેણે ક્યારેય પાછળ વળીને જોયું નહીં. માત્ર ૨૪ વર્ષની ઉંમરે, સત્યમ કુમારે ટેક્સાસ યુનિવર્સિટીમાંથી પીએચડી પૂર્ણ કર્યું, જે પોતે જ એક વિશ્વ રેકોર્ડ છે. હાલમાં, તે સિલિકોન વેલીની ટેક્નોલોજીકલ દુનિયામાં AIના ભવિષ્યને આકાર આપી રહ્યો છે. બિહારના ખેડૂતના પુત્ર સત્યમ કુમારની AI પ્રતિભા બનવાની સંપૂર્ણ વાર્તા વાંચો. તેમની સફળતાની વાર્તા કોઈપણને પ્રેરણા આપી શકે છે. સત્યમ કુમારનો જન્મ બિહારના બક્સર



જિલ્લાના બાખોરાપુર ગામમાં થયો હતો. તે ખેડૂત પરિવારનો છે. સત્યમની તીક્ષ્ણ બુદ્ધિ નાની ઉંમરે પણ તેની અસાધારણ ક્ષમતા દર્શાવે છે. ૨૦૧૨માં, માત્ર ૧૩ વર્ષની ઉંમરે, સત્યમ કુમારે ૬૭૦મો અખિલ ભારતીય ક્રમાંક મેળવ્યો અને IIT કાનપુરમાં B.Tech-M.Tech ડ્યુઅલ ડિગ્રી કોર્સમાં પ્રવેશ મેળવ્યો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેણે ૨૦૧૧માં JEE પણ પાસ કર્યું હતું, પરંતુ તેના ઉચ્ચ રેન્કને કારણે, તેણે ૨૦૧૨માં ફરીથી પરીક્ષા આપી. IIT કાનપુરમાં સૌથી નાના વિદ્યાર્થી હોવાને કારણે તેણે ભારે દબાણનો સામનો કરવો પડ્યો. પરંતુ તેણે પોતાના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ૨૦૧૮માં બી.ટેક અને એમ.ટેક ડિગ્રી પૂર્ણ કર્યા પછી તે ઉચ્ચ શિક્ષણ માટે યુનાઈટેડ સ્ટેટ્સ ગયો. તેણે ઓસ્ટિન ખાતે યુનિવર્સિટી ઓફ ટેક્સાસમાંથી ઈલેક્ટ્રિકલ અને કમ્પ્યુટર એન્જિનિયરિંગમાં પીએચડીની પદવી મેળવી. રસપ્રદ વાત એ છે કે, સત્યમે ૨૪ વર્ષની ઉંમરે ડોક્ટરેટની પદવી મેળવી, તે સમયે જ્યારે ઘણા લોકો સામાન્ય રીતે પોતાની કારકિર્દી શરૂ કરે છે. સત્યમ કુમાર હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં એક અગ્રણી ટેક કંપનીમાં AI સંશોધક તરીકે કામ કરે છે. તેમનું પ્રાથમિક ધ્યાન મશીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે જટિલ અલ્ગોરિધમ્સનું સંશોધન કરવાનું છે. તે AIને વધુ સુરક્ષિત અને વધુ કાર્યક્ષમ બનાવવા માટે કામ કરી રહ્યા છે. સત્યમ માને છે કે ભવિષ્ય સંપૂર્ણપણે AIનું છે અને ભારતે આ ક્ષેત્રમાં અગ્રણી બનવા માટે તેની પ્રતિભાઓને કાર્યરત કરવાની જરૂર છે. સત્યમ કુમારની સફળતાનું રહસ્ય તેની સખત મહેનત છે. તે માને છે કે ઉંમર ફક્ત એક સંખ્યા છે; યોગ્ય માર્ગદર્શન અને મજબૂત ઈચ્છાશક્તિ સાથે, તમે વિશ્વમાં કંઈપણ પ્રાપ્ત કરી શકો છો.

# માટીનું વાંસનું ઘર, માતાએ તેને શિક્ષિત કરવા માટે ખેતમજૂર તરીકે કામ કર્યું અને ગામનો પહેલો ૧૨મું પાસ મનજય શિક્ષક બન્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

આજકાલ, દરભંગા જિલ્લાના પરમાર ગામનો મુસાહરી ટોલા ઘણો ચર્ચામાં છે. તેનું કારણ મનજય લાલ સદા છે, જેમણે ગરીબી અને અસંખ્ય પડકારો છતાં, BPSC શિક્ષક પાત્રતા પરીક્ષા (TRE) પાસ કરી. મનજય તેના ગામનો પ્રથમ વ્યક્તિ બન્યો છે જેણે ઈન્ટરમીડિયેટ પરીક્ષા પાસ કરી અને સરકારી નોકરી મેળવી. તેની સફળતાએ ફક્ત તેના પરિવારને જ નહીં પરંતુ આખા ગામને ગર્વથી ભરી દીધું છે. મનજયનો પરિવાર દલિત સમુદાયમાંથી આવે છે અને અત્યંત ગરીબીમાં જીવે છે. તેના પિતા, પરમેશ્વર સદા, પંજાબમાં મજૂરી કરે છે, જ્યારે તેની માતા, ભુખની દેવી, ગામમાં અન્ય લોકોના ખેતરોમાં કામ કરે છે. મનજય પાંચ ભાઈ-બહેનોમાં એકમાત્ર છે જેમણે પોતાનું શિક્ષણ પૂર્ણ કર્યું. બાકીના બધાને આર્થિક મુશ્કેલીઓને કારણે અભ્યાસ છોડી દેવાની ફરજ પડી હતી. માટી અને વાંસના ઘરમાં રહેતા, મનજયે જૂની સાયકલ પર શાળાએ જવાનું શરૂ કર્યું. આ સાયકલ તેના સંઘર્ષમાં તેના સાથી તરીકે કામ કરતી હતી. મંજયે આઠમા ધોરણ સુધી ગામની મિડલ સ્કૂલ, પરમારમાં અભ્યાસ કર્યો. ત્યારબાદ તેણે



દરભંગાની આનંદપુર સ્કૂલમાંથી ઈન્ટરમીડિયેટ ડિગ્રી પાસ કરી. પોતાના નજીવા ખર્ચાઓને પહોંચી વળવા માટે, તે બાળકોને ટ્યુશન આપતો હતો. મુશ્કેલીઓ છતાં પોતાનો અભ્યાસ ચાલુ રાખતા, તેણે પહેલા જ પ્રયાસમાં BPSC પરીક્ષા પાસ કરી, પરંતુ એક જ ગુણથી પસંદગી ચૂકી ગયો. તેણે બીજી વાર સખત મહેનત કરી, TRE પરીક્ષા પાસ કરી અને સરકારી શિક્ષક બનવાનું પોતાનું સ્વપ્ન પૂર્ણ કર્યું. મનજયની માતા, ભુકણી દેવીએ કહ્યું, ગરીબી અને ભૂખમરા સામે લડવા છતાં, મેં મારા દીકરાને શિક્ષણ આપ્યું. આજે, તે માસ્ટર બની ગયો છે. આનાથી મોટો આનંદ શું હોઈ શકે, મનજયની માતાએ કહ્યું, ગામમાં બધા સાથે રહેતા હતા, પરંતુ થોડા વધારાના પૈસા કમાવવા માટે, તેનો પતિ મજૂરી કરવા પંજાબ ગયો. ઘરકામ પૂરું કર્યા પછી, તે ગામમાં બીજા લોકોના ખેતરોમાં કામ કરીને સો કે બેસો રૂપિયા કમાય છે. આ પૈસાથી, તે ખાલી પેટે રહેતી હતી અને તેના દીકરાને ભણવામાં મદદ કરતી હતી. હવે જ્યારે તેનો દીકરો શિક્ષક બની ગયો છે, ત્યારે તે ખૂબ ખુશ છે. મનજયના કાકા, રામ જ્ઞાન સદા, ભાવનાત્મક રીતે કહ્યું, મનજયે અમારા પરિવારમાં ગૌરવ લાવ્યું છે. હવે, ગામના લોકો પણ તેમના બાળકોને શિક્ષિત કરવા માટે પ્રેરિત થઈ રહ્યા છે. BPSCના પરિણામો જોયા પછી, મનજય અને તેની માતા બંને ખૂબ જ ભાવુક થઈ ગયા અને રડી પડ્યા. મધ્ય વિદ્યાલય પરમારના આચાર્ય હર્ષ નારાયણ ઝાએ કહ્યું, મનજય શરૂઆતથી જ એક તેજસ્વી વિદ્યાર્થી રહ્યો છે. તેની સફળતાએ ગામમાં શૈક્ષણિક વાતાવરણ બદલી નાખ્યું છે. હવે, ગામલોકો તેમના બાળકોને શાળાએ મોકલવા માટે વધુ જાગૃત થઈ રહ્યા છે. મનજયે કહ્યું, મેં ગરીબીને ખૂબ નજીકથી જોઈ છે. મારું સ્વપ્ન ગામના બાળકોને અભ્યાસમાં મદદ કરવાનું છે. ભલે મારે એક ભોજન ઓછું ખાવું પડે, હું તેમને અભ્યાસ માટે પ્રેરિત કરીશ.

# જૂનાગઢ અને કેશોદના સોની વેપારીને નકલી સોનું ધાબડી છેતરપિંડી કરનાર બંટી-બબલી ઝડપાયા

## ૧૫ રાજ્યના ૫૬ શહેરના સોનીઓને નકલી સોનું પધરાવ્યું હોવાનું બહાર આવ્યું : જૂનાગઢ પોલીસે વડોદરામાંથી ઝડપી લઈ તપાસ હાથ ધરી

જૂનાગઢ, તા.૨૧

જૂનાગઢ તેમજ કેશોદનાં સોની વેપારીને નકલી સોનુ ધાબડી દઈ અને છેતરપિંડી કરવામાં આવી હોવાનો બનાવ તાજેતરમાં જ બનવા પામેલ આ સાથે જ સોની વેપારીને છેતરવા માટેની એક ગેંગ સક્રિય થઈ હોવાનું ઉચ્ચ કક્ષાએ રજૂઆત થતાં જૂનાગઢ પોલીસે પણ આ બનાવને ગંભીરતાથી લઈ તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસ તપાસના અંતે ચોકકસ બાતમીના આધારે જૂનાગઢ પોલીસે તપાસ હાથ ધરી અને નકલી સોનું પધરાવી સોની વેપારીઓને છેતરતા બંગાળી દંપતીને વડોદરા પાસેથી ઝડપી પાડ્યું છે. આ આરોપી દંપતી વેપારી પાસેથી અસલી સોનાના દાગીના લઈને બાદમાં તેમને સોનાનું વરખ ચડાવેલા પંચધાતુના દાગીના પધરાવી દેતું હતું. આરોપી દંપતી સામે ૧૫ રાજ્યોના ૫૬ શહેરોમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. આ અંગે વધુમાં મળતી વિગત અનુસાર કેશોદના સોની નરેન્દ્ર પાલાએ પોતાની સાથે થયેલ છેતરપીંડી અંગે જણાવ્યું હતું કે, ગત તા.૧૦ના રોજ સાંજે ૬ વાગ્યે તેમની દુકાને એક દંપતિ આવ્યું હતું. દેખાવમાં બંગાળી લાગતા આ દંપતીએ દાગીના પસંદ કરી પોતાની પાસે રહેલો એક હાર વેપારીને આપી વિશ્વાસમાં લીધા હતા કે, ‘આ હાર તમે અત્યારે રાખો, પણ તેને ભાંગતા નહીં, અમે ૨ દિવસમાં બાકીના પૈસા ટ્રાન્સફર કરી અમારો હાર લઈ જઈશું તેમ જણાવ્યું હતું અને ચાલાકીપૂર્વક વેપારી પાસેથી રૂા.૨,૬૨,૦૦૦ની કિંમતના બે સોનાના ચેઈન અને ઉપરથી રૂા.૨૨,૦૦૦ રોકડા મેળવી લીધા હતા. કુલ રૂા.૨,૮૫,૦૦૦નો ચૂનો લગાડી તેઓ પલાયન થઈ ગયા હતા. વેપારીને શંકા જતા તેમણે હારની તપાસ કરી તો તે નકલી માલૂમ પડ્યો હતો. આરોપીઓએ આપેલા મોબાઈલ નંબર સ્વીચ ઓફ આવતા વેપારીએ તુરંત પોલીસનો સંપર્ક કર્યો. સીસીટીવી ફૂટેજમાં આ દંપતિ કેદ થઈ ગયું હતું, જેના આધારે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. જૂનાગઢ જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરાએ જણાવ્યું હતું કે, આ ગેંગની મોડસ ઓપરેન્ડી અત્યંત વ્યવસ્થિત હતી. તેઓ ૩૦ ગ્રામનો એવો હાર બનાવતા હતા જેમાં ૨૦ ગ્રામ પંચધાતુ હોય અને તેના પર પોટાશ કેમિકલનો ઉપયોગ કરી ૧૦ ગ્રામ સોનાનું વરખ ચડાવવામાં આવતું હતું. આ રીતે તેઓ વેપારીઓને છેતરીને તેમની પાસેથી શુદ્ધ સોનાના દાગીના પડાવી લેતા હતા. દરમ્યાન વેપારીઓની વ્યાપક રજૂઆતો બાદ આ કેસની તપાસ જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. પી.આઈ. કુણાલ પટેલ અને તેમની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને આરોપીઓનું પગેરૂ દબાવ્યું હતું. પોલીસને માહિતી મળી હતી કે, આ કપલ વડોદરા આસપાસ છે, જેના આધારે ટીમે તાત્કાલિક ત્યાં પહોંચી દંપતીને ઝડપી પાડ્યું હતું. આ ઓપરેશન દ્વારા ગુજરાતમાં સક્રિય એક મોટી ગેંગનો પર્દાફાશ થયો છે. પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં સામે આવ્યું છે કે, આ આખું કૌભાંડ બિહારના પટનામાં બેઠેલા રવિ સોની અને બનારસના એક વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવતું હતું. આ માસ્ટરમાઈન્ડ દ્વારા દંપતિને તૈયાર નકલી દાગીના આપવામાં આવતા હતા. અને આ દંપતિને દરેક સફળ છેતરપિંડીના બદલામાં રૂા.૭,૦૦૦નું કમિશન મળતું હતું. તેઓ અત્યંત સાવચેતી રાખતા અને એક શહેરમાં માત્ર એક જ વેપારીને નિશાન બનાવી તરત જ બીજું શહેર પકડી લેતા હતા જેથી સ્થાનિક પોલીસ તેમને પકડી ન શકે તેવી વ્યુહરચના અપનાવતા હતા. દરમ્યાન પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આ દંપતિ માત્ર ગુજરાત જ નહીં, પરંતુ દેશના ૧૫ અલગ-અલગ રાજ્યોના ૫૬ શહેરોમાં આ પ્રકારે છેતરપિંડી આચરી છે. દરમ્યાન પકડાયેલા બંને આરોપીઓને વધુ કાર્યવાહી માટે કેશોદ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે. પોલીસ દ્વારા મુદ્દામાલ રિકવર કરવાની પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે.

# જામનગર : સોલાર પેનલ લગાવવાના બહાને ૧૦૦થી વધુ લોકોને છેતરનાર ટોળકીના પાંચ ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૨૧

જામનગર શહેર જિલ્લા સહિતના ૧૦૦થી વધુ લોકોને સોશિયલ મીડિયાના માધ્યમથી સોલાર પેનલ કંપનીના નામે આકર્ષક જાહેરાત આપી નાણા પડાવી લઈ સોલાર પેનલ ફીટ નહીં કરી આપનાર એક ટોળકીના પાંચ સભ્યોને જામનગર સાઈબર સેલની ટુકડીએ ઝડપી લીધા બાદ રિમાન્ડ પર લીધા હતા, જે રિમાન્ડ દરમિયાન તેઓએ સૌરાષ્ટ્રભરમાં ૧૦૦ નાગરિકો પાસેથી અંદાજે દોઢ કરોડથી વધુ રૂપિયા ખંખેરી લીધા હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે પાંચેયના રિમાન્ડ પુરા થતાં જેલ હવાલે કરાયા છે. જામનગરની સાયબર ક્રાઈમ પોલીસની ટીમેં સોલાર પેનલના નામે લોકોના નાણાં પડાવી લેવા અંગેના પ્રકરણમાં તપાસમાં ઝુકાવ્યું હતું. જેમાં જાણવા મળ્યું હતું, કે એક સોલાર કંપનીની જાહેરાત આપનાર પાર્ટી કે જેઓ દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોને સસ્તા ભાવે સોલાર પેનલ લગાવી આપવાનું



પ્રલોભન આપી તેના માટે બેંકમાંથી લોન કરાવી દીધા બાદ નાણા પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી નાખતા હતા અને સોલાર પેનલ ફીટ નહીં કરી આપી, છેતરપિંડી કરી હતી. જે પ્રકરણની ઊંડાણપૂર્વકની તપાસ બાદ પોલીસની ટીમે એક ટોળકીના પાંચ સભ્યોને ઝડપી લીધા છે. જે ટોળકીએ ઈન્ફીટી સોલાર પ્રાઈવેટ લિમિટેડ કંપનીની સોલાર પેનલની ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત આપી કંપનીના નામે લોકો સાથે સાયબર ઠગાઈ કરતા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. વધુ તપાસ દરમ્યાન ખુલ્યું છે કે આરોપીઓએ આ રીતે ૧૦૦ કરતાં વધુ લોકો સાથે સાયબર ફ્રોડ આચરી, સોલાર પેનલ ખરીદવાના બહાને લોન અપાવી, તે રકમ પોતાના અંગત બેંક ખાતામાં મેળવી હતી. ત્યારબાદ સોલાર પેનલ સ્થાપિત ન કરી, છેતરપિંડીથી મેળવેલ નાણાં પોતાના અંગત લાભ માટે વાપર્યા હતા. આ બાબતે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધવામાં આવ્યો હતો. તે ગુન્હામાં (૧) હિરેનભાઈ નાથાલાલ લાઠીયા (ઉં.વ.૩૭) રહે. તીરૂપતી પાર્ક જામનગર, (૨) ચેતનભાઈ અશોકભાઈ પાણખાણીયા (ઉં.વ.૩૬), રહે.નિલકમલ સોસાયટી જામનગર, (૩) રાહુલભાઈ રાજેન્દ્રપ્રશાદ ભટ્ટ (ઉં.વ.૫૨) (રહે. મકવાણા સોસાયટી, શાંતિનગર પાછળ જામનગર (૪) અભયભાઈ જીતેન્દ્રભાઈ પરમાર (ઉં.વ.૨૮) રહે. ખોડીયાર કોલોની જામનગર અને (૫) રામજી કમોદસિંઘ લોધી (ઉં.વ.૨૫) નોકરી રહે જકાતનાકા પાસે પાર્થ એપાર્ટમેન્ટ જામનગર)ની અટકાયત કરી લીધી હતી, જેઓને અદાલત સમક્ષ રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડ પર લેવાયા હતા. પોલીસની પૂછપરછ દરમિયાન તેઓએ જામનગર શહેર અને જિલ્લા ઉપરાંત રાજકોટ, મોરબી, જુનાગઢ, પોરબંદર, દેવભૂમિ- દ્વારકા સહિતના સ્થળોએ અંદાજે ૧૦૦થી વધુ નાગરિકોને સોલાર પેનલ ફીટ કરવાના બહાને શિશામાં ઉતાર્યા હતા અને બેંક લોન કરાવી આપવાના બહાને તેઓની અંદાજે દોઢ કરોડની રકમ તમામ આરોપીઓએ પડાવી લીધી હોવાનું ધ્યાનમાં આવ્યું છે. આ પ્રકરણના મુખ્ય સૂત્રાધાર જામનગરના વતની અને સોલાર પેનલની પેઢીના માલિક કાનાભાઈ બૈડીયાવદરાની પોલીસ દ્વારા શોધખોળ ચલાવવામાં આવી રહી છે અને પાંચેય આરોપીઓના રિમાન્ડ પુરા થતાં તેઓને જેલ હવાલે કરી દેવાયા છે.

# હાઈ પ્રોફાઈલ કેસમાં પૂછપરછ માટે ભાવનગર SIT સમક્ષ જયરાજ આહીર હાજર થયા

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૧

બહુચર્ચિત અને હાઈ પ્રોફાઈલ બનેલા બગદાણા હુમલા પ્રકરણમાં એસઆઈટી દ્વારા તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે. ધીમી છતા મક્કમ ગતીએ પોલીસ તપાસ ચાલી રહી હોય તેવો નિર્દેશ મળી રહ્યો છે. જેમાં કથીત આરોપી જયરાજ આહીરને પૂછતાછ માટે આજે બોલાવ્યા હોય તે આઈજી કચેરી ખાતે હાજર થયા હતા.

આ સમગ્ર ગુજરાતમાં ચકચારી બનેલા બગદાણા હુમલા પ્રકરણમાં રાજકારણ ગરમાયા બાદ તપાસનો દૌર એસઆઈટીના હાથમાં છે. રેન્જ આઈજીના સીધા માર્ગદર્શન તળે એસઆઈટીની ટીમ તપાસ ચલાવી રહી છે દરમિયાનમાં અત્યાર સુધીમાં ૧૧ આરોપીની અટકાયત થઈ છે અને આ કેસમાં નવી કલમનો પણ ઉમેરો પણ થયો છે. પીડિત નવનીત બાલધીયાના આક્ષેપ મુજબ મુખ્ય આરોપી તરીકે હજુ સુધી લોક સાહિત્યકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીરનું નામ સત્તાવાર રીતે ખૂલ્યું નથી પરંતુ આજે જયરાજ આહીરને આઈજી કચેરીએ પૂછતાછ માટે બોલાવાયો હતો.

### કોંગ્રેસ અગ્રણી નાયકની મુખ્યમંત્રીને રજૂઆત

# તડકેશ્વરમાં ધરાશાયી થયેલ પાણીની ટાંકી મામલે તપાસ કરવા માગણી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૧

સુરત જિલ્લાના માંડવી તાલુકામાં તડકેશ્વર ગામમાં પાણીની યોજનાની ટાંકી ધરાશાયી થવાના અકસ્માત અંગે તપાસ કરી જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવા અને ઈજાગ્રસ્ત મજૂરોને વળતર આપવા બાબતે પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી દર્શનકુમાર નાયકે મુખ્યમંત્રીને રજૂઆત કરી છે. તેમાં જણાવ્યું છે કે,

સ્થાનિક આગેવાનો દ્વારા કરવામાં આવેલ રજૂઆત મુજબ તડકેશ્વર ગામમાં પાણીની યોજનાની ટાંકી ધરાશાયી થતાં ગંભીર અકસ્માતની ઘટના બનેલ છે. આ અકસ્માત પાણીની યોજનાના ભ્રષ્ટાચાર અને નબળી બાંધકામી કાર્યવાહીનું પરિણામ છે, જેના કારણે ત્રણ મજૂરો ઈજાગ્રસ્ત થયા છે અને ગામમાં પૂર જેવી કટોકટીની સ્થિતિ સર્જાઈ છે. જેથી આ બાબતે તાત્કાલિક પગલાં લેવા માગણી કરી છે.

તડકેશ્વર ગામમાં પાણીની યોજના હેઠળ ૨૧ કરોડ રૂપિયાના ખર્ચે ૧૧ લાખ લિટરની ક્ષમતા ધરાવતી એક વિશાળ ટાંકીનું નિર્માણ કરવામાં આવ્યું હતું. મળેલ માહિતી મુજબ ટેસ્ટિંગ સમયે, જ્યારે ટાંકીમાં ૯ લાખ લિટર પાણી ભરવામાં આવ્યું, ત્યારે તે અચાનક ધરાશાયી થઈ ગઈ. જેના કારણે ગામમાં પૂર જેવી વિનાશક સ્થિતિ સર્જાઈ હતી અને ત્રણ મજૂરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. રજૂઆતમાં એવો આક્ષેપ કરાયો છે કે, આ ઘટના એકદમ સ્પષ્ટ રીતે ભ્રષ્ટાચાર અને નબળી ગુણવત્તાવાળા બાંધકામનું પરિણામ છે. ૨૧ કરોડ રૂપિયાના જાહેર ખર્ચ પર આવી મોટી રકમની યોજના હેઠળ એક સામાન્ય ટેસ્ટિંગમાં જ નિષ્ફળ જવી, તે સરકારી અંદાજપત્ર અને તપાસીય કાર્યવાહીની ગંભીર ઉણપને દર્શાવે છે. આના કારણે ગામના લોકોને જોખમ થયું છે અને જનતાનો ભરોસો તૂટ્યો છે. આ બાબતે માગણી કરી છે.

આ અકસ્માતની વ્યાપક અને સ્વતંત્ર તપાસ કરવામાં આવે તેમજ જવાબદાર અધિકારીઓ, કોન્ટ્રાક્ટરો અને અન્ય સંબંધિત વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. તો અકસ્માતમાં ઈજાગ્રસ્ત ત્રણ મજૂરોને તાત્કાલિક તબીબી સારવારની વ્યવસ્થા કરવામાં આવે અને તેમને ૫ લાખ રૂપિયા સુધીનું વળતર આપવામાં આવે.

કોન્ટ્રાક્ટરને સરકાર દ્વારા જેટલા પણ કામો માટે ટેન્ડર આપવામાં આવેલ હોય તે તમામ ટેન્ડરો રદ કરવામાં આવે. લોકહિતમાં તાત્કાલિક પગલાં લેવા આદેશ આપશો. તેવી માંગ દર્શનકુમાર નાયકે કરી છે.

# ભાલપરાની સરકારી માધ્યમિક શાળા શિક્ષણ સાથે રમતગમતમાં મોખરે

વેરાવળ તા.૨૧

સરકારી શાળા શ્રેષ્ઠ શાળાનું ઉત્તમ ઉદાહરણ ભાલપરાની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા બની છે. આ શાળા વર્ષ ૨૦૨૦માં કોરોના કાળ દરમિયાન ભાલપરા ગામમાં પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન, જિલ્લા પંચાયતના સદસ્ય, પૂર્વ સરપંચ વિક્રમભાઈ પટાટના પ્રયત્નથી ચાલુ કરવામાં આવેલ ત્યારે ફક્ત ૧૦૦થી પણ ઓછી સંખ્યા અને કોઈપણ કર્મચારી ન હતા. ત્યારબાદ વર્ષ ૨૦૨૨માં તેમાં કાયમી શિક્ષકો કુલ-૦૩ અને આચાર્ય ભગવતીબેન ડી. રામની ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ની ભરતી, કરવામાં આવેલ હતી. શાળા પ્રાથમિક શાળાના ઓરડાઓમાં ચાલતી ત્યારબાદ શાળામાં આચાર્ય ભગવતીબેન અને કર્મચારી સાજીદભાઇ મુલતાની, નીતાબેન સોલંકી, કુલદીપભાઈ છગ દ્વારા અથાગ પ્રયત્નો કરવામાં આવેલ પંથકના વિધાર્થીઓને આ સરકારી શાળામાં પ્રવેશ અપાવવા માટે આચાર્યના માર્ગદર્શન હેઠળ પ્રયત્નો થતાં શાળામાં આજે એ સંખ્યા ૩૬૧ સુધી પહોંચેલી છે. ત્યારબાદ શાળામાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સપનાને સાકાર, કરવા વોકેશનલ એજ્યુકેશન શરૂ કરવામાં આવેલો તેમાં બ્યુટી અને વેલનેસ તેમજ ઈલેક્ટોનિક એન્ડ હાર્ડવેર ટ્રેડના અભ્યાસો ચાલુ કરવામાં આવેલા તેમજ તેમની અધ્યતન લેબોનું નિર્માણ કરવામાં આવેલ ત્યારબાદ શાળામાં કોમ્પ્યુટર લેબ વિજ્ઞાન લેબની પણ વિક્રમભાઈના હસ્તે ચાલ કરવામાં આવેલું શાળા આજે સિદ્ધિ અને પ્રગતિમાં ખૂબ જ આગળ વધી રહી છે. માધ્યમિક શાળા થી શરૂ થયેલી શાળામાં ઉચ્ચતર માધ્યમિક શાળા આર્ટસ અને કોમર્સ તેમજ ધોરણ નવના ત્રણ વર્ગો ધોરણ-૧૦ના બે વર્ગો શાળામાં કાર્યરત છે શાળાના સર્વે સ્ટાફના પ્રયત્નથી શાળા પ્રગતિ કરી રહી છે. શાળામાં આજે ૧૭થી પણ વધારે કાયમી કર્મચારીઓ કામ કરી રહ્યા છે. તેમજ આવનારા ભવિષ્યમાં શાળામાં સાયન્સ ફેકલ્ટી ચાલુ કરવાનો પણ આચાર્ય અને વિક્રમભાઈનું સપનું છે. શાળા રમતગમતમાં પણ રાજ્ય કક્ષાએ મેડલ મેળવી રહી છે.

### ૭૦ હજારનો દંડ વસૂલાતા બજારમાં ફફડાટ

# રાજપીપળામાં પ્રતિબંધિત પ્લાસ્ટિક વેચનારા વેપારીઓ પર તવાઈ

(સંવાદદાતા દ્વારા) રાજપીપળા, તા.૨૧

રાજપીપળા શહેરમાં પર્યાવરણને નુકસાન કરતા સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશ અને વેચાણ સામે નગરપાલિકા તંત્ર દ્વારા કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત આજે પાલિકાની ટીમે શહેરના પ્લાસ્ટિકના વેપારીઓને ત્યાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન મોટી માત્રામાં પ્રતિબંધિત પ્લાસ્ટિક મળી આવતા તંત્રએ આકરો દંડ વસૂલ કર્યો હતો.

રાજપીપળા નગરપાલિકાની ટીમે આજે સવારથી જ શહેરના વિવિધ વિસ્તારોમાં પ્લાસ્ટિકનો વેપાર કરતા એકમો પર ચેકિંગ હાથ ધર્યું હતું. આ તપાસ દરમિયાન વેપારીઓ પાસેથી આશરે ૩૫૦ કિલો જેટલો સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો મળી આવ્યો હતો. પાલિકાની ટીમે આ જથ્થો જપ્ત કરી લીધો હતો.

નિયમ ભંગ કરનાર વેપારીઓ પાસેથી કુલ ૭૦,૦૦૦ રૂપિયાનો મસમોટો દંડ વસૂલવામાં આવ્યો છે. પાલિકાની આ કાર્યવાહીને પગલે શહેરના અન્ય વેપારીઓમાં પણ ફફડાટ ફેલાઈ ગયો હતો. શહેરને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે નગરપાલિકા દ્વારા આ અભિયાન તેજ કરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા અગાઉ પણ સૂચનાઓ આપવામાં આવી હોવા છતાં કેટલાક વેપારીઓ હજુ પણ પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરતા હોવાથી આ કાર્યવાહી કરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ પાલિકાની ટીમ દ્વારા શહેરના વિવિધ બજારો અને દુકાનોમાં સઘન ચેકિંગ કરવામાં આવશે તેવી શક્યતા છે.

# વિરમગામમાં મતદાર યાદી સુધારણા દરમિયાન ગેરરીતિનો આરોપ : કોંગ્રેસ દ્વારા નાયબ કલેક્ટરને રજૂઆત

(સંવાદદાતા દ્વારા)

વિરમગામ, તા.૨૧

વિરમગામ શહેરમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા દરમિયાન કથિત ગેરરીતિ અને હેરાનગતિ સામે કોંગ્રેસ પાર્ટી દ્વારા નાયબ કલેક્ટરને મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતમાં વિરમગામ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ ભરવાડ, કોંગ્રેસના હોદ્દેદારો, કાર્યકરો તથા સ્થાનિક મુસ્લિમ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે ચૂંટણી પંચ દ્વારા ચાલી રહેલી એસઆઈઆર (SIR) પ્રક્રિયામાં કેટલાક અસત્તાધિકૃત તત્વો દ્વારા ખોટી રીતે ફોર્મ નંબર ૭ ભરાઈને નિર્દોષ મતદારોના નામ રદ કરાવવા માટે વાંધા દાખલ કરવામાં આવી રહ્યા છે. વાંધો ઉઠાવનારાઓ દ્વારા એવું દર્શાવવામાં આવે છે કે અમુક મતદારો સ્થળાંતર કરી ગયા છે, પરંતુ હકીકતમાં તે તમામ મતદારો આજે પણ પોતાના સરનામે વસવાટ કરે છે અને વાંધા પાછળ કોઈ પણ પ્રકારના નક્કર પુરાવા રજૂ કરવામાં આવતા નથી. આ પ્રક્રિયાના કારણે અનેક નિર્દોષ નાગરિકો બિનજરૂરી રીતે હેરાન થવા મજબૂર બન્યા છે અને તેમના બંધારણીય મતાધિકાર ખોવાઈ જવાનો ભય ઊભો થયો છે. ખોટી ફરિયાદોના કારણે સરકારી



અધિકારીઓનો કિંમતી સમય પણ બગડી રહ્યો હોવાનું કોંગ્રેસે જણાવ્યું છે. પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ ભરવાડ તથા કોંગ્રેસના આગેવાનો અને મુસ્લિમ અગ્રણીઓએ તંત્ર પાસે માંગ કરી છે કે ખોટી રીતે વાંધા અરજી કરનારા લોકોની તપાસ કરીને તેમના વિરૂદ્ધ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેમજ કોઈ પણ નિર્દોષ મતદારનું નામ મતદાર યાદીમાંથી દૂર ન થાય તેની પૂરતી તકેદારી રાખવામાં આવે.

# ચોરવાડમાં યુવકે ઝેર પીધું, વધાવીમાં યુવતીનો ગળાફાંસો

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૨૧

ચોરવાડમાં કોઈ કારણોસર યુવકે ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજ્યાંનું તથા વધાવી ગામે યુવતીએ ગળોફાંસો ખાધાનો બનાવ નોંધાયો છે. આ અંગે થતી વિગતો અનુસાર ચોરવાડ પોલીસ મથકે ભુપતભાઈ નાજાભાઈ કરમટાએ જાહેર કરેલ કે પોતાના મૃતક પુત્ર ભાવેશભાઈ (ઉં.વ.૨૮)એ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લીધી હતી. જેનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

જૂનાગઢના વધાવી ગામે યુવતીએ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાની જૂનાગઢ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે ભરતભાઈ માધાભાઈ ચોરવાડાએ જાહેર કરેલ કે પોતાની મૃતક પુત્રી પુષ્પાબેન (ઉં.વ.૧૯)એ અગમ્ય કારણોસર પોતાની મેળે દુપટ્ટા ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# ભાવનગરમાં વેપારીના બંધ ફલેટમાંથી બે બુરખાધારી મહિલાઓએ રૂા.૯.૫૦ લાખની ચોરી કરતા ચકચાર

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૧

ભાવનગરમાં ફ્લેટમાં રહેતા વેપારીના બંધ મકાનમાં બે કાળા બુરખાધારી અને નકાબ બાંધેલી મહિલાઓએ ટેરેસ મારફત પ્રવેશી ઘરમાંથી રોકડ અને સોનાના દાગીના મળી રૂા.૯.૫૦ લાખની ચોરી કરી પલાયન થયાની ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

બનાવ અંગે પોલીસ મથકેથી જાણવા મળતી વિગતો મુજબ શહેરના માણેકવાડી સર્કલમાં આવેલ ઈનાયા બિલ્ડિંગના ૬૦૨ નંબરના ફ્લેટમાં રહેતા અને વીઆઈપી પાર્ક, મોતીતળાવમાં વેપાર કરતા મહંમદ આસિફ અબ્દુલગની ફતાણીએ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવેલ કે ગત તા.૮ જાન્યુઆરીના રોજ તેઓ પરિવાર સાથે વડોદરા ખાતે લગ્ન પ્રસંગે ઘરને લોક કરીને ગયા હતા અને તા.૧૦ના રોજ રાત્રીના પરત આવ્યા હતા અને ૧૨ તારીખે તેઓને તેમના ઘરમાં ચોરી થયાનું જાણવા મળતા બેડરૂમના કબાટમાં તપાસ કરતા કબાટમાંથી રોકડા રૂા.૫,૫૦ લાખ તથા રૂ.૪ લાખના સોનાના દાગીના મળી કુલ રૂા.૯.૫૦ લાખની ચોરી થયાનું જાણવા મળેલ. આથી તેમણે ફ્લેટના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતા તા.૯ના રોજ રાત્રીના બે અજાણી કાળા બુરખા પહેરેલી અને મોં પર નકાબ બાંધેલી મહિલાઓ ફ્લેટમાં આવી અને લિફ્ટમાં સાતમાં માળે ગયેલ અને ત્યાંથી આઠમા માળે દાદરો ચડીને ગયેલ ત્યાંથી તેના ટેરેસમાં ઉતરી જૂલાનાં સહારે અંદર પ્રવેશી કબાટમાંથી રોકડ અને દાગીના ચોરી કરી બહાર નીકળેલ તેવા ફૂટેજ મળી આવેલ.ઘોઘારોડ પોલીસ મથકમાં મહંમદ આસિફ અબ્દુલગની ફતાણીએ ફરિયાદ નોંધાવતા ઘોઘારોડ પોલીસ દ્વારા બંને બુરખાધારી અને નકાબ બાંધેલી અજાણી મહિલાઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### અવસાન નોંધ

**ભાવનગર**

પઠાણ રસુલખાન કરીમખાન ઘંટીવાળા (ઉ.વ. ૬૫, રિટાયર્ડ એસ.ટી. કર્મચારી રહે. જમાદારવાળો ખાંચો, ભાવનગર) આજે તા.૨૧/૧/૨૬ને બુધવારના રોજ ઈન્તેકાલ થયેલ છે. મર્હૂમની ઝિયારત મર્દો માટે તા.૨૨/૧/૨૬ને ગુરૂવારના રોજ સવારે ૮:૩૦ કલાકે અહેમદરઝા મસ્જિદ, સાંઢિયાવાડ તથા ઔરતો માટેની ઝિયારત સવારે ૧૦ કલાકે મહેફીલ-એ-મહોબ્બત સીપાઈ જમાત સાંઢિયાવાડ, ભાવનગર ખાતે રાખેલ છે.

# સુરત : કતારગામ વાડીમાંથી નેપાળી યુવક ૧.૬૯ લાખના હેરોઈન સાથે ઝબ્બે

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૧

સુરત શહેરમાં અન્ય રાજ્યોમાંથી ચોરી છુપેથી નાર્કોટીક્સ ડ્રગ્સ લાવી સુરત શહેરમાં ઘૂસાડી યુવાધનને નશાના અંધકારમાં ધકેલવાની પ્રવૃતી કરતા ઈસમો ઉપર વોચ રાખી આવી પ્રવૃતીઓ અટકાવવા કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે.

કતારગામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. બી.કે.ચૌધરી તથા પો.ઈન્સ.એસ.આર. પટેલઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઈ. એન.એસ. સાકરીયા દ્વારા સર્વેલન્સ સ્ટાફના માણસોની અલગ અલગ ટીમો બનાવી પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સર્વેલન્સ સ્ટાફના અ.પો.કો. ગોવિંદભાઈ માધાભાઈને મળેલ બાતમીને આધારે કતારગામ નંદુડોશીની વાડી સીતારામ કોમ્પલેક્ષની પાસેથી પ્રતિબંધીત હેરોઈનનો જથ્થો પકડી પાડી NDPSનો કેસ શોધી કાઢ્યો હતો.

કતારગામ પોલીસે બિરેન્દ્ર મહેન્દ્ર ગુરૂંગ ઉં.વ.૨૮ રહે- ૧૦૫ મારૂતી એપાર્ટમેન્ટ વિભાગ-૦૧ પહેલો માળ અક્ષરનગર સોસાયટી કતારગામ સુરત મુળ- જાનકી ગાંવ વોર્ડનં ૦૯ થાના- અમરાવતી, જી- કૈલાલી (નેપાળ)ને રૂા.૧.૬૯ લાખ રૂપિયાના હેરોઈન સાથે ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી એક્ટિવા, રોકડ અને મોબાઈલ મળી કુલ ૧.૯૪ લાખની મતી કબજે કરવામાં આવી હતી.

## જામનગરના હવાઈ ચોકમાં ચાલુ એક્ટિવા ભડભડ સળગ્યું !

જામનગર, તા.૨૧

જામનગરમાં હવાઈ ચોક વિસ્તારમાંથી બપોરે ચાર વાગ્યાના અરસામાં પસાર થઈ રહેલા જીજે ૧૦ ઈ.એ. ૬૧૭૨ નંબરના એક્ટિવા સ્કૂટરના ચાલક હિતેશ મહેતા કે જેઓના સ્કૂટરમાં વાયરીંગમાં સૉર્ટસર્કિટ થવાના કારણે એકાએક આગ લાગી હતી, તેથી તેણે પોતાનું સ્કૂટર સ્થળ પર જ મૂકી દીધું હતું અને છલાંગ લગાવીને નીચે ઉતરી ગયો હતો. જોતજોતામાં એકટીવા ભડકે બળ્યું હતું. ફાયર શાખાની ટુકડી તાબડતો ઘટના સ્થળે પહોંચી ગઈ હતી, અને પાણીનો મારો ચલાવી આગને બૂજાવી હતી. પરંતુ તે પહેલા એક્ટિવામાં ભારે નુકસાન થયું છે.

# જામનગર જિલ્લાના ૧.૩૯ લાખ ખેડૂતોને રૂા.૩,૪૭૫ કરોડની સહાય ચૂકવાઈ

### ૧૪૧૭ ખેડૂતોને સહાય ચૂકવવા માટેની પ્રક્રિયા અંતિમ તબક્કામાં

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૨૧

જામનગર જિલ્લામાં ખેડૂતોની માવઠા એ કમર તોડી હતી. વરસાદ અને પવનના કારણે મગફળી, કપાસ, શાકભાજી, સોયાબીન, અળદ સહિતના પાકોને નુકશાની પહોંચી હતી. ઊભા પાકને થયેલી નુકસાની બદલ સરકાર દ્વારા ખેડૂતોને રાહત આપવા માટે ૧૦ હજાર કરોડ રૂપિયાનું સહાય પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. જેના અનુસનધાને જામનગર જિલ્લામાં ૧.૯૦ લાખ ખેડૂતોને ૩,૪૭૫ કરોડની સહાય ચુકવીને અંદાજે ૯૦ ટકા કામગીરી પુર્ણ કરી છે. જિલ્લામાં હવે માત્ર ૧,૪૧૭ ખેડૂતો સહાયથી વંચિત છે. જામનગર જિલ્લામાં છેલ્લા બે માસથી ખેડૂતોને સહાયની રકમ ચુકવવાની પ્રક્રિયા ચાલી રહી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧.૩૦,૭૦૩ ખેડૂતોના ખાતામાં સીધી સહાય જમા કરાવવામાં આવી છે. આ તમામ ખેડૂતોને કુલ રૂા.૪૭૫,૩૨,૭૩,૪૭૯ની સહાય ચુકવાઈ હોવાનું જિલ્લા તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે. ખેડૂતોની સહાયની રકમ ડાયરેક્ટ બેંક ટ્રાન્સફર (ડી.આર.ટી.) મારફતે ખેડૂતોના ખાતામાં જમા કરાતા ખેડૂતીમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે.

# SIRની કામગીરીમાં આવેલી ૯૦ હજાર વાંધા અરજીઓથી વિવાદ : ખોટી અરજીઓ થયાના આક્ષેપ

## સરકારે ૩૦મી જાન્યુઆરી સુધી વાંધા-દાવાની અરજી માટેનો સમય વધાર્યો; સૌથી વધુ ભરૂચ વિધાનસભામાં ૨૮ હજાર, સૌથી ઓછી ઝઘડિયામાં ૨૨૬ વાંધા અરજી આવી

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૨૧

હાલમાં ચાલી રહેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ની કામગીરી વચ્ચે પહેલાં સરકારે ૧૮મી જાન્યુઆરી સુધીમાં નામ કમી કરવા સહિતની અરજીઓ કરવાની હતી. જોકે, ફોર્મ જમા થયાં બાદ રાજયભરમાં ભારે વાંધા અરજીઓને લઈને ભારે વિવાદ સર્જાયો છે. ભરૂચમાં પણ ૯૦ હજારથી વધુ લોકોના નામ કમી કરવા માટેની અરજીઓ થઈ છે. ત્યારે ચોક્કસ વિસ્તાર અને સમુદાયના લોકોને ટાર્ગેટ કરી નામો રદ કરવાની અરજીઓ થઈ હોવાના આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહ્યાં છે.

ચૂંટણી પહેલાં થઈ રહેલી એસઆઈઆરની કામગીરીને લઈને પણ અનેક વાદવિવાદ થઈ ગયાં છે. દરમિયાન એસઆઈઆરની કામગીરીમાં વાંધા-દાવાની અરજી કરવા માટેની અંતિમ તારીખ સરકાર દ્વારા જાહેર કરવામાં આવી હતી. ત્યારે ૧૮મી તારીખ સુધીમાં ભરૂચ જિલ્લામાં અધધ... ૯૦ હજારથી વધુ વાંધા અરજીઓ આવી છે. જેમાં સૌથી વધુ ભરૂચ વિધાનસભામાં ૨૮ હજાર જવારે સૌથી ઓછી ઝઘડિયામાં ૨૨૬ અરજીઓ આવી છે. જવારે અન્ય વિધાનસભાના આંકડા જોઈએ તો જંબુસરમાં ૨૬ હજાર, વાગરામાં ૨૩ હજાર અને અંકલેશ્વરમાં ૧૨ હજારથી વધુ વાંધા અરજીઓ આવી છે. નોંધનિય છે કે, સરકાર દ્વારા વાંધા-દાવાની અરજી કરવાની અંતિમ તારીબ ૩૦મી જાન્યુઆરી સુધી વધારી છે.

ભરૂચ જિલ્લા સહિત રાજયભરમાં કોંગ્રેસ દ્વારા અત્યાર સુધીના વાંધા અરજીઓને લઈને વિરોધ કરવામાં આવ્યો છે. ભરૂચ જિલ્લાની ૯૦ હજાર અરજીઓને લઈને પણ કોંગ્રેસ દ્વારા સંલગ્ન અધિકારીઓને રજૂઆત કરવા સાથે આક્ષેપ કર્યા છે. અંતિમ દિવસોમાં મોટી સંખ્યામાં સામટી અરજીઓ આવી છે. જેમાં ચોક્કસ સમુદાયના લોકો સહિત આદિવાસી-દલીત વિસ્તારો સહિતના કોંગ્રેસથી પ્રરિત વિસ્તારના લોકોના નામોને લઈને ખોટી અરજીઓ થઈ હોવાનું તેમણે ઉમેર્યું હતું. આગામી દિવસોમાં વોર્ડ-વાઈઝ વિગતો મંગાવીને તેમાં કેવા પ્રકારની અરજી થઈ છે. કોણે કરી છે. મતદારનું નામ ઈરાદાપુર્વક કમી કરવા અરજી કરાઈ છે કે કેમ તે સહિતની વિગતો મેળવવામાં આવશે. આગામી દિવસોમાં કોંગ્રેસ દ્વારા કલેક્ટર કચેરી સામે આંદોલન કરવામાં આવે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

### એક જ પેટર્નથી અરજીઓ થઈ છે : કોંગ્રેસ

ભરૂચ જિલ્લામાં કુલ ૯૦ હજારથી વધુ મતદારોના નામ કમી કરવા માટેની અરજીઓ થઈ છે. ત્યારે કોંગ્રેસે આક્ષેપ કર્યા છે કે, મતદાર યાદી સુધારણા પક્રિયા અંતર્ગત ફોર્મ ૭ દ્વારા જે વાંધા અરજીઓ કરવામાં આવી છે તે શંકાસ્પદ છે. ભરૂચ જિલ્લા સહિત રાજયભરમાં છેલ્લા દિવસોમાં એકસામટા ફોર્મ ભરાયાં છે. તેમજ તે ફોર્મમાં એક જ પેટર્નનો ઉપયોગ કરાયો છે. ત્યારે આવા અરજદારોની વિગતો જાહેર કરવાની માંગ તેમણે કરી હતી.

### બોગસ અરજી કરનારને એક વર્ષની સજા થઈ શકે છે

એસઆઈઆરના ફોર્મ-૩માં સ્પષ્ટ લખેલું હોય છે કે, ખોટી માહિતી આપનારને લોકપતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦૪૧૯૫૦નો ૪૩)ની કલમ ૩૧ હેઠળ સજાપાત્ર છે. જેમાં કોર્મમાં ભરેલી વિગતો ખોટી અથવા તો ઈરાદાપુર્વક કરવામાં આવી હોવાનું સ્પષ્ટ થાય તો તેવા અરજદાર સામે કાર્યવાહી થઈ શકે છે. જેમાં તેમને એક વર્ષની કેદ, ઈંડ અથવા બન્ને સજા સાથે થઈ શકે છે.

# મોડાસા ખાતે ૫૦થી વધુ પાકા દબાણો તંત્ર દ્વારા દૂર કરાયા

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૨૧

અરવલ્લી : મોડાસા નગરપાલિકા દ્વારા ઠેર-ઠેર દબાણોનો રાફડો ફાટ્યો હોવા છતાં ગરીબ અને મજૂર વિસ્તારના દબાણો જ ફક્ત દેખાય છે અને એ રીતે મોડાસાના કોલેજ છાપરા વિસ્તારના આશરે ૭૦ જેટલા મકાનો અને આશરે ૩૦૦થી વધારે લોકોની વસ્તી ધરાવતી ઝૂંપડપટ્ટીને દબાણના નામે નોટિસો આપી ડરનો માહોલ ઉભો કર્યો છે. મોડાસામાં ચાર રસ્તાથી કોલેજ સુધી નજરે દેખાય તેવા દબાણો હોવા છતાં તેને દૂર કરાતા નથી અને લગભગ અને પૈસાના જોરે રાજકીય દબાણ વશ આ દબાણો દૂર કરાતા નથી? આજે સીપીએમના પ્રતિનિધિ મંડળે આ વિસ્તારની મુલાકાત લઈ રહીશોને આશ્વાસન આપી મોડાસા નગરપાલિકાની ચેતવણી આપી હતી કે દબાણના નામે આ લોકોના ઘર તોડવામાં આવશે તો આગામી સમયમાં તબક્કાવાર આંદોલન કરી ગરીબ માણસોને નગરપાલિકા સામે ઘેરોઓ કરવાની ફરજ પડશે.

મોડાસા કોલેજ રોડ પાસે આવેલા કોલેજ છાપરામાં મુસ્લિમ સમાજના ગરીબ લોકોએ ઘણા વર્ષો પહેલા કાચા ઝૂંપડા બનાવી વસવાટ કર્યો હતો, કેટલાક લોકોએ અને મોટા લોકો દ્વારા દબાણના વિરોધની અરજીઓ કરવામાં આવી હતી, આ અંગે તંત્ર દ્વારા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવનાર હતી, તે પહેલા કોલેજ છાપરાના ઝૂંપડા વાસીઓએ સ્વેચ્છાએ પોતાના ઝૂંપડા હટાવવાની કામગીરી હાથ ધરી હતી.



(તસવીર : યુસુફ જમાદાર, મોડાસા)

કોલેજ ચોકી પાસે વાહનોની અવરજવર તેમજ કોલેજમાં આવતા વિદ્યાર્થીઓ માટે મુખ્ય માર્ગ છે સામે આવેલી ખાણીપીણીની લારીઓ ઉપર નાસ્તો કરવા રોડ ઉપર લોકો વાહનો ઉભા કરી દે છે જેના કારણે અકસ્માતનો ભય રહે છે, કોઈની શરમ રાખ્યા વગર ખાણીપીણી લારીઓ દૂર કરવામાં આવે તેવી લોકોની માંગ છે.

કોલેજથી પહાડપુર રોડ પર થયેલા દબાણ દૂર કરવા માટે વહીવટી તંત્રને અગાઉથી વારંવાર અરજી અને રજૂઆત કરવામાં આવી હતી, જેના આધારે આજે મોડાસાના પહાડપુર રોડ પર રિનોવેશન તથા દબાણ હટાવવાની કાર્યવાહી કરવામાં આવી હતી. રસ્તો પહોળો હોવા છતાં દબાણના કારણે આવન-જાવનમાં અડચણ ઊભી થતી હતી. આગળ ગરીબ વિસ્તાર આવેલો હોવાથી તંત્રએ રહેવાસીઓને સહકાર આપવાની ખાતરી આપી હતી અને રહેવાસીઓએ પણ ઠંડીનો સમય તથા નબળી આર્થિક સ્થિતિ હોવા છતાં જવાબદારીપૂર્વક જાતે જ આગળનો ભાગ તોડી નાખ્યો હતો.

# વડોદરાના પાણીગેટ પોલીસ લોકઅપમાં આરોપીનો ફાંસો ખાઈ આપઘાત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

વડોદરા શહેરના પાણીગેટ પોલીસ સ્ટેશનના લોકઅપમાં રાખવામાં આવેલા એક આરોપીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી ગઈ છે. આ બનાવને કસ્ટોડિયલ ડેથ તરીકે લઈ પોલીસે BNS કલમ ૧૭૬ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા જીવનનગર વુડાના મકાનમાં રહેતા રમેશભાઈ છગનભાઈ વસાવા પત્ની સાથે વારંવાર ઝઘડો કરતા હોવાની ફરિયાદના આધારે મંગળવાર સાંજના સમયે પોલીસે તેમને અટકાયત કરી લોકઅપમાં રાખ્યા હતા. ઠંડીના કારણે રમેશ વસાવાએ સ્વેટર પહેરેલું હતું. રાત્રિના સમયે પોલીસ સ્ટાફનું ધ્યાન ન રહેતા તેમણે સ્વેટરમાંથી દોરી કાઢી લોકઅપમાં જ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ પોલીસ બેડામાં તેમજ વિસ્તારમાં ખળભળાટ મચી ગયો હતો. કસ્ટોડિયલ ડેથની જાણ થતાં અભિષેક ગુપ્તા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તથા એસડીએમ તાત્કાલિક પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે એસએસજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. સમગ્ર પ્રક્રિયા વીડિયો રેકોર્ડિંગ સાથે પેનલ ડોક્ટરો દ્વારા કરવામાં આવશે. પાણીગેટ પોલીસ સ્ટેશનના પી.આઈ. બી. પટેલે જણાવ્યું કે, મૃતક સામે ઘરેલુ હિંસાની અરજી તેમની પત્નીએ આપી હતી, રમેશ વસાવાને દારૂ પીવાની લત હતી, પત્ની અને પુત્રી સાથે મારઝુડના આક્ષેપો હતા, આરોપી સાથે કોઈપણ પ્રકારની મારઝુડ કરવામાં આવી નથી. આ સમગ્ર ઘટનાની FSL તપાસ પણ કરાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, વડોદરા શહેરના વિવિધ પોલીસ લોકઅપોમાં અગાઉ પણ આરોપીઓ દ્વારા આપઘાતના બનાવો સામે આવી ચૂક્યા છે. ફરી એકવાર લોકઅપની સુરક્ષા અને દેખરેખ અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

# ભિલોડા - ઈડર રોડ પર ઘઉંની બોરી ભરેલ ટ્રક નદીમાં ખાબકી, ચાલકનું મોત

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૨૧

અરવલ્લી જિલ્લાના ભિલોડા– ઈડર રોડ પર ઘાંટી ગામ નજીક ઈન્દ્રાસી નદી ઉપર આવેલા બ્રિજ પર મોડી રાત્રે ગંભીર અકસ્માત સર્જાયો હતો. ઘઉંની બોરીઓ ભરેલી એક ટ્રક અચાનક બ્રિજની રેલિંગ તોડી નદીમાં ખાબકી જતા ટ્રક ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતક ટ્રક ચાલકની ઓળખ શાંતિલાલ ઠાકોર તરીકે કરવામાં આવી છે. અકસ્માતની જાણ થતાં જ ભિલોડા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. સ્થાનિક ગ્રામજનોની મદદથી ભારે જહેમત બાદ ટ્રક ચાલકનો મૃતદેહ નદીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે હાલ ભિલોડા થી ઈડર રોડનું કામ ચાલી રહ્યું છે અને અનેક સ્થળે ડાઈવર્ઝન આપવામાં આવ્યા છે. કેટલાક સ્થળે ડાઈવર્ઝનની યોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે આ અકસ્માત થયો હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી ભિલોડા પોલીસે અકસ્માતની તપાસ શરૂ કરી છે.

# હિંમતનગરના મોતીપુરા હાઈવેનો સર્વિસ રોડ સાંકડો : નિત્ય ટ્રાફિક

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૧

હિંમતનગરના મોતીપુરાથી પસાર થતાં નેશનલ હાઈવે અને તેની બંને બાજુના સર્વિસ રોડ પર મહત્તમ અવરજવર અને રોડ સાઈડ દબાણોને કારણે પીક અવર્સ દરમિયાન સર્વિસ રોડ પર અવારનવાર ટ્રાફિકજામના દશ્યો સર્જાય છે. આ સમસ્યાના નિરાકરણ માટે બંને બાજુના સર્વિસ રોડને ૧૦ મીટર જેટલો પહોળો કરવો જરૂરી બની રહ્યો છે. શહેરના મોતીપુરાથી પસાર થતાં નેશનલ હાઈવેના ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ અપાવવા ઓવરબ્રિજ બન્યા બાદ પણ મોતીપુરાથી સહકારી જીન બંને બાજુના સર્વિસ રોડ પર પીક અવર્સ દરમિયાન ટ્રાફિકની ભયંકર સમસ્યાનો અનુભવ થાય છે. બંને બાજુના અંદાજે છ મીટરના સર્વિસ રોડની પહોળાઈ હવે ઓછી પડી રહી છે અને સર્વિસ રોડ પહોળા કરવા પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા પણ સહકારી જીનથી મોતીપુરા જીઆઈડીસી સુધીના સર્વિસ રોડને ૧૦ મીટર જેટલો પહોળો કરવા તજવીજ હાથ ધરાઈ છે. તેની સામેના મોતીપુરા જીઆઈડીસી તરફથી સહકારી જીન સુધીના સર્વિસ રોડને પણ રોડ પહોળો કરવા સહિત રોડ સાઈડ દબાણો હટાવી ખૂલ્લા કરવામાં આવે તેવી માંગ થઈ રહી છે. સાંસદ શોભનાબેન બારૈયાએ જણાવ્યું કે સર્વિસ રોડને ૧૦ મીટરનો કરવા ચારેક માસથી કામગીરી થઈ રહી છે. પરંતુ વિજળીના થાંભલા પીવાના પાણીની લાઈનો ગટર લાઈનો કેબલ વગેરે જેવી યુટિલિટી માર્ગના વિસ્તરણમાં નડતરરૂપ બની રહી હતી. નડતરરૂપ યુટિલિટીઓ સ્થળાંતરિત થતી જાય છે તેમ તેમ સર્વિસ રોડનું કામ આગળ વધી રહ્યું છે.

# વડોદરા પાલિકાના લાઈવ કોન્સર્ટમાં કૌભાંડનો AAPનો આરોપ, પોલીસે કાર્યકરોની ટીંગાટોળી કરી

## એક લાઈવ ઈવેન્ટનું બિલ ૬૨ લાખ મૂક્યું હોવાનો આપનો આરોપ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની વડી કચેરીમાં લાઈવ કોન્સર્ટ ઈવેન્ટના કથિત કૌભાંડના આક્ષેપ સાથે રજૂઆત કરવા આવેલા આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓએ હોબાળો મચાવ્યો હતો. નવાપુરા પોલીસે પાર્ટીના પ્રમુખ સહિત ૯ કાર્યકરોની જાહેરનામા ભંગના ગુનામાં ધરપકડ કરી હતી.

વિરોધ કરનારા આપ આદમી પાર્ટીના શહેર પ્રમુખ પોલીસને હાથમાં કાગળની ફાઈલ રાખીને કહેતા જોવા મળ્યા હતા કે, ‘પાલિકાએ ફ્રોડ કર્યું છે તેના પૂરાવા છે મારી પાસે, મારી ફરિયાદ પહેલા લેજો’, જો કે પોલીસે આપ કાર્યકરોની વાત અવગણી હતી જે બાદ ઉહાપોહ થતાં કાર્યકરોની ટીંગાટોળી કરી પોલીસ વાનમાં બેસાડવામાં આવ્યા હતા. જાહેરનામા ભંગ અને સિક્યુરિટી સ્ટાફની ફરજમાં અડચણ આરોપસર ૯ જેટલા આપ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી.

ગઈકાલે ૨૦ જાન્યુઆરીના રોજ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન (VMC)ની સામાન્ય સભા મળી હતી જેમાં પણ કોર્પોરેટર આશિષ જોષીએ દિવાળી દરમિયાન થયેલી લાઈવ ઈવેન્ટમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાના ગંભીર આરોપો મૂક્યા હતા, તેમણે દાવો કરતાં કહ્યું કે ‘ઈવેન્ટ મેનેજમેન્ટ સર્વિસ માટે ૯ લાખ, જનરેટર ભાડું ૬ લાખ, ખુરશી-સોફા ૧.૭૬ લાખ, રેડ કાર્પેટ ૮૮ હજાર, સ્ટેજ-લાઈટિંગ ૨૬ લાખ અને પરચૂરણ ખર્ચ ૫ લાખ ૩૪ હજારનો બતાવવામાં આવ્યા છે. કુલ ૬૨ લાખનું બિલ મૂકવામાં આવ્યું છે.’

જો કે બિલમાં ગડબડ જણાતા ઓડિટ વિભાગે હજી સુધી બિલ મંજૂર કર્યું નથી. પણ એક રાત (ચાર-પાંચ કલાક)ની લાઈવ કોન્સર્ટ પાછળ આટલો જંગી ખર્ચ કેવી થાય તે સવાલનો જવાબ આપવામાં અધિકારીઓ અને નેતાઓનો પરસેવો છૂટી રહ્યો છે. તો બીજી તરફ વડોદરાના મેયર પિંકીબેન સોનીએ ગોળગોળ જવાબ આપતા કહ્યું કે, અમારા દ્વારા સૂચના આપવામાં આવી છે કે આ અંગે કમિશનર અને જવાબદાર અધિકારીઓ યોગ્ય તપાસ કરે.

# ધોળકા ખાતે SIRની કામગીરીમાં ફોર્મ નંબર-૭માં વાંધા બાબતે કોંગ્રેસ દ્વારા નાયબ કલેક્ટરને આવેદનપત્ર

(સંવાદદાતા દ્વારા)

ધોળકા, તા.૨૧

ધોળકા તાલુકા સેવા સદન ખાતે આજે બપોરે ધોળકા વિધાન સભાના મુખ્ય નિર્વાચન અધિકારીને અમદાવાદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ ગોહિલની આગેવાનીમાં એક આવેદન પત્ર પાઠવવામાં આવેલ તેમા ધોળકા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેન્દ્રભાઈ મકવાણા, ધોળકા શહેર કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ મકવાણા, ધોળકા નગર પાલિકા વિપક્ષ નેતા નુરજહાંબેન સૈયદ તેમજ તાલુકા/શહેર કોંગ્રેસના તમામ આગેવાન પદાધિકારીઓ હાજર રહ્યા હતા.



કોંગ્રેસના આગેવાનોએ રજૂઆત કરી હતી કે બીએલઓ પાસેથી સૌથી પહેલાં સંપૂર્ણ માહિતી મેળવવામાં આવે અને તા.૧૫થી ૧૮ જાન્યુઆરી દરમિયાન કેટલા ફોર્મ નં.૭ ભરવામાં આવ્યા છે ? એની સંપૂર્ણ વિગતો જાહેર થવી જોઈએ. જે લોકોએ ફોર્મ નં.૭ ભર્યા હોય છે તેમની જવાબદારી હોય છે કે એમણે તે અંગેના પુરાવા આપવાના હોય છે. ત્યારે અમારી માંગણીએ છે કે, વાંધો મૂકનાર વ્યક્તિ પુરાવા કે અન્ય કોઈ આધારના આપે ત્યાં સુધી બીએલઓ મારફત ફોર્મ નં. ૭ મતદાર સુધી પહોંચાડવામાં ના આવે. આધાર-પુરાવા સાથે ફરિયાદ કરી હોય કે ફોર્મ નં.૭ ભર્યું હોય એમના નામ કમી થાય એની સામે કોંગ્રેસ પક્ષને વાંધો નથી પરંતુ ખોટી રીતે, પૂર્વગ્રહ રાખી મતદારનું નામ કમી કરવું જોઈએ નહીં. અમારી માંગણી છે કે, તમામ ફોર્મ નં.૭ની ચકાસણી ઈઆરઓ લેવલે થવી જોઈએ અને ફોર્મ નં.૭ ભરનારને રૂબરૂ બોલાવી આધાર-પુરાવા સહિત નિષ્પક્ષ રીતે તેની ચકાસણી થવી જોઈએ અને ત્યારબાદ જ નામ કમી કરવા અંગેની આગળની કાર્યવાહી થવી જોઈએ. હાલ જે બીએલઓ દ્વારા મતદારોને ફોર્મ નં.૭ અંગેની નોટિસ આપવામાં આવી છે તે તમામ પરત ખેંચવી જોઈએ.

# વિસનગર ખાતે ક્લાસ ૧-૨ના અધિકારીઓનો સન્માન સમારોહ યોજાયો

(સંવાદદાતા દ્વારા)

વિસનગર, તા.૨૧

વિસનગર ખાતે આવેલ એક પાર્ટી પ્લોટમાં તાજેતરમાં વિસનગર વડનગર ખેરાલુ અનુસૂચિત જાતિ સામાજિક અને શૈક્ષણિક સેવા ટ્રસ્ટ દ્વારા હાલમાં સરકારી ક્ષેત્રે ફરજ બજાવતા ક્લાસ ૧ અને ૨ના અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં વિસનગર, વડનગર તેમજ ખેરાલુ તાલુકાના ૮૦ જેટલા સરકારી ક્ષેત્રે વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.



(તસવીર : જી.એ. મન્સુરી, વિસનગર)

આ કાર્યક્રમમાં જોધલપીર વંશજ લાલદાસ બાપુ, સામાજિક આગેવાન ચૌધરી જીતેન્દ્રભાઈ નારાયણભાઈ અને બાવીસી વણકર સમાજના પ્રમુખ વિજયભાઈ પરીખના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો.

આ કાર્યક્રમનું સુચારૂ આયોજન મહેશભાઈ પી. રાઠોડ(પાલડી) તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ડૉ. બાબા સાહેબ આંબેડકરની છબીને ફૂલહાર તેમજ દીપ જયોત પ્રગટાવીને કરવામાં આવી હતી.

આ કાયક્રમ થકી અનુસૂચિત જાતિ સમાજના લોકો જાગૃત બને સંગઠિત બને અને શિક્ષણ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઊભી કરે તેમજ સરકારી ક્ષેત્રે વિવિધ વિભાગમાં સમાજના અધિકારીઓએ જે શ્રમ અને નિષ્ઠાથી ફરજ બજાવી રહ્યા છે એમને પૂરતું સન્માન મળે એ હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

લાલદાસ બાપુ દ્વારા સમગ્ર ટીમ તેમજ ઉપસ્થિત અધિકારીઓને તેમજ મહેમાનોને આશીર્વચન આપ્યા હતા.

સન્માન પ્રસંગે સ્ટેજ પર બિરાજમાન અધિકારીઓનું ફૂલહાર, મોમેન્ટો, તેમજ સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું જેથી સન્માન પામનાર અધિકારીઓએ હર્ષની લાગણી અનુભવી હતી, તો દાતાઓનું પણ સન્માનમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરકારી ક્ષેત્રે ફરજ બજાવતા અધિકારીઓ, સામાજિક આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સમાજના ભાઈઓ તેમજ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# જોધપુરના ગમખ્વાર અકસ્માતમાં ઈજાગ્રસ્ત ૧૪ શ્રદ્ધાળુઓને મોડાસાની ખાનગી હોસ્પિટલમાં લાવતા પરિવારજનો ઊમટ્યા





ગામની ટ્રાવેલ્સમાં શ્રદ્ધાળુઓ રાજસ્થાનના પ્રવાસે ગયા હતા મંગળવારે રામદેવરા બીજના દર્શન કરી પરત ફરતા જોધપુર-જેસલમેર નજીક રોન્ગ સાઈડમાં ધસી આવેલ ટ્રક ટ્રેલરે લકઝરી બસને ટક્કર મારતા અકસ્માતમાં ચાર લોકોના મોત નીપજ્યા હતા. ૨૧ લોકો ઈજાગ્રસ્ત થતા જિલ્લામાં શોકનું મોજું ફરી વળ્યું હતું. સ્થાનિક હોસ્પિટલમાં સારવાર બાદ ૧૪ ઈજાગ્રસ્ત શ્રદ્ધાળુઓને મોડાસાની હજીરા વિસ્તારમાં આવેલ ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા સમગ્ર જિલ્લામાં હાહાકાર મચી ગયો હતો મૃતકો અને ઈજાગ્રસ્ત શ્રદ્ધાળુઓના પરિવારજનો જોધપુર દોડી ગયા હતા જેમાંથી ૧૪ ઈજાગ્રસ્તને મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ખાસેડાયા હતા. ૭ ઈજાગ્રસ્તને સામાન્ય ઈજાઓ પહોંચતા સારવાર કરી હતી. મોડાસા શહેરના હજીરા વિસ્તારમાં આવેલ ખાનગી હોસ્પિટલમાં ૧૪ ઈજાગ્રસ્ત શ્રદ્ધાળુઓની તબીબે સઘન સારવાર હાથ ધરી હતી હોસ્પિટલમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

**ધાર્મિક કાર્યક્રમ**

# આણંદ ખાતે તા.૨૫મીએ ગ્યારવી અને છઠ્ઠીની ઉજવણી

આણંદ શહેરમાં ખાનકાહ શરીફ યોગી સ્વામી સોસાયટીના ઉપક્રમે તેમજ પીરે તરીકત હઝરત શબ્બીરહુશેન કાદરી સરવરી દરીયાઈ અશરફી દ્વારા આગામી તા.૨૫/૧/૨૫ને રવિવારના રોજ સવારે ૯થી ૧૨ દરમિયાન મસ્જિદે સરવરી બગદાદ નગર આણંદ ખાતે જશ્નએ ગ્યારવી શરીફ અને ખ્વાજા ગરીબ નવાઝની છઠ્ઠી તેમજ શાહ મોહમ્મદ નજીર (રહે.) કેમ્પ સદરનો ઉર્સ મુબારક મનાવવામાં આવશે. આ પ્રસંગે શૈખુલકુર્રા પીરે તરીકત શબ્બીરહુશૈન કાદરી બાવાસાહેબ હલ્કએ જિક્ર તેમજ મિલાદ અને તકરીર ફરમાવશે, ફાતેહાખ્વાની તેમજ શીજરાશરીફ પઢવામાં આવશે તેમ હઝરત કારી બાપુએ જણાવ્યું છે.

# વડોદરાના કોટંબી સ્ટેડિયમ ખાતે WPLની મેચોની ધમાકેદાર શરૂઆત

## WPLમાં RCB અપરાજિત, ૧૦ પોઈન્ટ સાથે ટોચ પર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

મહિલા પ્રીમિયર લીગ (WPL)માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ (આરસીબી)એ શાનદાર પ્રદર્શન કરતાં રમેલી તમામ પાંચે મેચોમાં વિજય મેળવી ૧૦ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. બીજી તરફ મુંબઈ ઈન્ડિયન્સ, યુપી વોરિયર્સ, દિલ્હી કેપિટલ્સ અને ગુજરાત જાયન્ટ્સની ટીમો ૪-૪ પોઈન્ટ સાથે મધ્યમ સ્થાને છે.

મુંબઈ ઈન્ડિયન્સની ટીમે અત્યાર સુધીમાં છ મેચો રમી છે, જેમાંથી ચાર મેચોમાં હારનો સામનો કર્યો છે. આરસીબી સામે પહેલી મેચ હાર્યા બાદ મુંબઈએ દિલ્હી અને ગુજરાત સામે સતત બે જીત મેળવી હતી, પરંતુ ત્યારબાદ યુપી અને દિલ્હી સામે રમાયેલી ત્રણ મેચોમાં પરાજય ભોગવવો પડ્યો હતો.

યુપી વોરિયર્સની ટીમે શરૂઆતની ત્રણ મેચોમાં આરસીબી, ગુજરાત અને દિલ્હી સામે હાર સહન કરી હતી. જોકે ત્યારબાદ મુંબઈ સામેની બે મેચોમાં વિજય મેળવી ટીમે કમબેક કર્યું છે. દિલ્હી કેપિટલ્સે મુંબઈ અને ગુજરાત સામે પ્રથમ બે મેચો હારી હતી, પછી યુપી સામે જીત મેળવી હતી. ત્યારબાદ આરસીબી સામે હાર બાદ ફરી મુંબઈ સામે વિજય નોંધાવ્યો હતો.

ગુજરાત જાયન્ટ્સની ટીમે શરૂઆતની બે મેચોમાં યુપી અને દિલ્હી સામે વિજય મેળવી સારો આરંભ કર્યો હતો, પરંતુ ત્યારબાદ મુંબઈ અને આરસીબી સામે સતત ત્રણ મેચોમાં પરાજય ભોગવ્યો છે.

મહિલા પ્રીમિયર લીગની પ્રથમ ૧૧ મેચો મુંબઈના ડીવાય પાટીલ સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી. ત્યારબાદની ૧૧ મેચો વડોદરાના કોટંબી સ્ટેડિયમ ખાતે રમાવાની છે. ઉપરાંત, તા.૩ ફેબ્રુઆરીએ એલિમિનેટર અને તા.૫ ફેબ્રુઆરીએ ફાઈનલ મેચ પણ વડોદરામાં યોજાવાનું આયોજન છે. હવે આવતીકાલે તા.૨૨ જાન્યુઆરીએ ગુજરાત જાયન્ટ્સ અને યુપી વોરિયર્સ વચ્ચે મહત્વપૂર્ણ મુકાબલો રમાવાનો છે.

# ભરૂચ જન શિક્ષણ સંસ્થાન ખાતે ‘PM વિશ્વકર્મા જાગૃતિ કાર્યક્રમ’ સંપન્ન

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૨૧

ભારત સરકારનાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (MSME) દ્વારા ભરૂચની જન શિક્ષણ સંસ્થાન (JSS) ખાતે ‘PM વિશ્વકર્મા જાગૃતિ કાર્યક્રમ’નું વિશેષ આયોજન યુગ શક્તિ સંસથાના માધ્યમથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના નિયામક ઝયનુલ સૈયદ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં પરંપરાગત કારીગરોને સરકારની કલ્યાણકારી યોજનાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની રૂપરેખા અને મહાનુભાવોનું ઉદબોધન કાર્યક્રમનાં પ્રારંભમાં યુગ શક્તિ સંસ્થા દ્વારા તમામ મહેમાનો અને લાભાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે સ્થાનિક કલાકારો અને કારીગરોને કૌશલ્ય વર્ધન દ્વારા આત્મનિર્ભર બનાવવા પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમમાં MSME-DFO અમદાવાદના આસિસ્ટન્ટ ડાયરેક્ટર બ્રિજેશ કુમાર સ્વર્ણકાર, CED ગાંધીનગરના સુરત



રિજિયનના STO અવનિશ હિરપરા અને LDM ભરૂચના ચીફ મેનેજર અનૂપ કુમાર જ્યોતિષી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. CED ગાંધીનગરના સુરત રિજિયનના STO અવનિશ હિરપરાએ લાભાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા અંગે ઉદ્યમ રજિસ્ટ્રેશન તેમજ માલના વેચાણ ડિઝાઈન લેબલિંગ વગેરેની વિસ્તૃત છણાવટ કરી હતી. અનૂપ કુમાર જ્યોતિષીએ PM વિશ્વકર્મા યોજના હેઠળ મળવાપાત્ર લોન, તેની મંજૂરીની પ્રક્રિયા અને જરૂરી દસ્તાવેજો અંગેની મુંઝવણો દૂર કરી હતી. PM વિશ્વકર્મા યોજના દ્વારા સુથાર, લુહાર, કુંભાર અને દરજી જેવા ૧૮ પ્રકારનાં પરંપરાગત વ્યવસાયો સાથે જોડાયેલા શ્રમિકોને તાલીમ, સાધન સહાય અને સસ્તી લોન આપીને તેમના જીવનધોરણને ઊંચું લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જન શિક્ષણ સંસ્થાન ભરૂચ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓએ હાજર રહીને સરકારની યોજનાઓનો લાભ લેવા ઉત્સાહ દાખવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા યુગ શક્તિ અને JSS ભરૂચની ટીમ દ્વારા સુચારુ રીતે કરવામાં આવી હતી.

કોમનવેલ્થ ગેમ્સને લઈ સરકારની માલિકીની ૫૦૦ કરોડની જમીન પર બનેલા આસારામ આશ્રમ પર ટાર્ગેટ!

# અમદાવાદના વિવાદાસ્પદ આસારામ આશ્રમ પર બુલડોઝર ફરશે : તંત્ર દ્વારા નોટિસ ઈશ્યુ

## આશ્રમની ઈમ્પેક્ટ ફીની અરજી AMC દ્વારા નામંજૂર : એપેલેટ ઓથોરિટી સમક્ષ કેસ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

આગામી કોમનવેલ્થને લઈને વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ આસપાસ ડેવલપમેન્ટ કરવામાં આવનાર છે, ત્યારે મોદી સ્ટેડિયમની બાજુમાં અમદાવાદના સાબરમતી વિસ્તારમાં આવેલો આસારામ આશ્રમ રાજ્ય સરકારની માલિકીની જગ્યામાં હોવાને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નોટિસ આપવામાં આવી છે. ૫૦૦ કરોડની જમીન પર બનેલા આસારામ આશ્રમમાં ૩૨ જેટલા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલા છે જેને દૂર કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નોટિસ આપવામાં આવી છે.



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આપવામાં આવેલી નોટિસને લઈને આશ્રમ દ્વારા ઈમ્પેક્ટ ફીમાં મંજૂરીમાં મૂકવામાં આવી હતી. જેને મ્યુનિસિપલ કોર્પોરેશને નામંજૂર કરી છે. જેને લઈને કોર્ટની એપેલેટ ઓથોરિટી સમક્ષ આ કેસ મૂકવામાં આવ્યો છે. જેમાં આજે મળેલી લીગલ કમિટીમાં મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી વકીલની નિમણૂક કરી તાત્કાલિક આ કેસનો નિકાલ લાવવા માટેની સૂચના આપવામાં આવી છે. વર્ષોથી વિવાદમાં રહેલા આ આશ્રમના દબાણો દૂર કરવા માટે વહીવટી તંત્ર દ્વારા લેવાયેલા આ નિર્ણયને પગલે હવે ગમે ત્યારે ડિમોલિશનની કામગીરી શરૂ થવાની શક્યતા સેવાઈ રહી છે. લીગલ કમિટીના ચેરમેન આ અંગે જણાવ્યું હતું કે, સાબરમતી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે સ્પોર્ટસ સંકુલ ડેવલોપમેન્ટ ફેઝ ટુની કામગીરી કરવામાં આવનાર છે. જેના ડેવલોપમેન્ટ માટે ગેરકાયદેસર બાંધકામો તોડવા પશ્ચિમ ઝોન દ્વારા નોટિસો આપવામાં આવેલી છે. વધુમાં તેમણે કહ્યું કે, ગુડામાં એપેલેટ ઓથોરિટી સમક્ષ અરજી કરવામાં આવી છે જે હાલમાં પેન્ડિંગ છે. જેથી કમિટી દ્વારા વકીલની ઝડપથી નિમણૂક કરી અને કેસનો નિકાલ લાવવા માટેની સૂચના આપવામાં આવેલી છે.

રાજ્ય સરકારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પાસે ઓલિમ્પિક વિલેજ બનાવવાની તૈયારીના ભાગ રૂપે કરાવેલા સર્વેમાં આસારામ આશ્રમ ઉપરાંત ભારતીય સેવા સમાજ અને સદાશિવ આશ્રમે કરોડો રૂપિયાની જમીન કબજે કરી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. સરકારે આ ત્રણ આશ્રમ ઉપરાંત દોઢસો જેટલાં રહેણાક મકાનોને પણ નોટિસ ફટકારી છે.

સિટી મામલતદાર દ્વારા ફટકારવામાં આવેલી નોટિસમાં જણાવ્યું છે કે, આસારામ આશ્રમે સર્વે નંબર ૨૮૨- અ પૈકી ૬,૪૮૯, ગામ તળની ૩,૧૮૫ અને સાબરમતી નદીની ૬,૧૦૪ ચોરસ મીટર મળી કુલ ૧૫,૭૭૮ ચોરસ મીટર જગ્યા પર ગેરકાયદે કબજો કર્યો છે. જાણકારોનું કહેવું છે કે ચારેક દાયકા પહેલાં સરકારે આસારામ આશ્રમ માટે મોટેરામાં અંદાજે ૩૩,૯૮૦ ચોરસ મીટર જગ્યા ફાળવી હતી. ગત વર્ષના અંતમાં જ્યારે સરકારે ફરી સર્વે કરાવ્યો ત્યારે આસારામ આશ્રમની કુલ જગ્યા ૪૯,૭૫૮ ચોરસમીટર સામે આવી હતી, જેથી ગેરકાયદે કબજા અંગે જે-તે સમયે શરતોને આધીન અપાયેલી જગ્યામાં શરતભંગની નોટિસ આપવામાં આવી છે.

ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની મોટી કાર્યવાહી

# ૨૮ રાજ્યોમાં ૧૨૦૦થી વધુ સાયબર ફ્રોડ કરનારી ગેંગ ઝડપાઈ : ૮૨૬ કરોડની છેતરપિંડી કરી

## ● ડિજિટલ અરેસ્ટથી લઈ પાર્ટ-ટાઈમ જોબ ફ્રોડ ● ગેંગના માસ્ટમાઈન્ડ સહિત આઠ આરોપીઓ ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા સાયબર માફિયાઓ સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ ઓપરેશનમાં દેશવ્યાપી સાયબર ફ્રોડ કરતા એક મોટી ગેંગનો પર્દાફાશ કર્યો છે. જેમાં ગેંગના માસ્ટરમાઈન્ડ સહિત કુલ ૮ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ ગેંગ દ્વારા ભારતના ૨૮ રાજ્યોમાં કુલ ૧,૨૨૯થી વધુ સાયબર ફ્રોડ કરવામાં આવ્યા હતા. જેમાં ૮૨૬ કરોડથી વધુની છેતરપિંડી થયાનું સામે આવ્યું છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીઓએ ઠગાઈ માટે ૯ નકલી પેઢીઓ ઊભી કરી હતી અને તેના નામે કુલ ૮૨ બેંક ખાતાઓ ખોલાવ્યા હતા. જેમાં ૨૮ કરંટ એકાઉન્ટ અને ૪૫ સેવિંગ એકાઉન્ટનો સમાવેશ થાય છે. આ ખાતાઓનો ઉપયોગ કરોડો રૂપિયાનું ગેરકાયદેસર ટ્રાન્જેક્શન કરવા માટે કરવામાં આવતું હતું.



ઝડપાયેલા તમામ આરોપીઓ સુરતના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. ગેંગની મોડસઓપરેન્ડી અત્યંત વ્યવસ્થિત હતી. આરોપીઓ લોકોને કમિશનની લાલચ આપી તેમના નામે ખાતાઓ મેળવતા હતા. ત્યારબાદ SMS, વોટ્સએપ અને ટેલિગ્રામ જેવા માધ્યમથી ડિજિટલ અરેસ્ટ, ઈન્વેસ્ટમેન્ટ સ્કેમ, UPI ફ્રોડ, ડિપોઝિટ, લોન તથા પાર્ટ-ટાઈમ જોબ ફ્રોડ જેવા ગુનાઓ આચરતા હતા. આરોપીઓ દ્વારા ઠગાઈથી મેળવેલી રકમ હવાલા મારફતે સાયબર માફિયાઓ સુધી પહોંચાડવામાં આવતી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે, ગેંગ દ્વારા અંદાજે ૫૦૦ કરોડથી વધુના નાણાકીય હવાલા ટ્રાન્સફ કરવામાં આવ્યા છે. આ કેસમાં મુંબઈ અને રાજસ્થાન કનેક્શન પણ સામે આવ્યું છે. તેમજ વિદેશી કનેક્શન હોવાની શક્યતાઓ પણ સેવાઈ રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનર

# ઓલિમ્પિક ગેમ્સ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્પોર્ટ્સ ફેસિલિટીના ઉપયોગમાં ઓસ્ટ્રેલિયાના જ્ઞાનનો લાભ લેવાશે

## રિન્યુએબલ એનર્જી ટ્રાન્ઝિશનમાં ઓસ્ટ્રેલિયા એક્સપર્ટિઝના સહયોગ આપવા ઉત્સુક

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઓલિમ્પિક ગેમ્સ માટેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આવાસો અને અન્ય સ્પોર્ટ્સ ફેસિલિટીઝનો લાંબા ગાળા માટે સસ્ટેનેબલ ઉપયોગ કરવાના ઓસ્ટ્રેલિયાના અનુભવ જ્ઞાનનો લાભ લેવા ગુજરાતની તત્પરતા વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રી સાથે ભારત ખાતેના ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનર ફિલીપ ગ્રીન OAMએ ગાંધીનગરમાં કરેલી સૌજન્ય મુલાકાત બેઠકની ચર્ચા દરમિયાન તેમણે આ તત્પરતા દર્શાવી હતી. આગામી ૨૦૩૨માં ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં જે ઓલિમ્પિક ગેમ્સનું આયોજન થવાનું છે તે સંદર્ભમાં ઓસ્ટ્રેલિયાએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આવાસ અને અન્ય સુવિધા તૈયાર કરવાની પોતાની જે કવાયત હાથ ધરી છે તે અંગે આ બેઠકમાં વિસ્તૃત વિચાર-વિમર્શ થયા હતા. તેમણે આવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો રમતો પૂર્ણ થયા પછી સામાન્ય લોકોના આવાસ, સ્ટુડન્ટ્સ હોસ્ટેલ અને મેદાનોનો અન્ય ઈવેન્ટ માટે ઉપયોગ કરવાના આયોજનની વિગતો આપી હતી. ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનરે બ્રિસ્બેનમાં થઈ રહેલી આ તૈયારીઓના નિરીક્ષણ માટે ગુજરાતના ઉચ્ચસ્તરીય ડેલીગેશનને આમંત્રણ પાઠવ્યું હતું. તેમણે ગુજરાતમાં ખાસ કરીને સ્વિમિંગ, પેરા એથલીટ્સ અને હાઈ પર્ફોમન્સ સેન્ટરના ક્ષેત્રોમાં ઉચ્ચ પ્રશિક્ષણ માટે ઓસ્ટ્રેલિયા સહભાગી થવા ઈચ્છુક છે તેની ભૂમિકા આપી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓના કૌશલ્યની પ્રશંસા કરતા તેનો ઉચ્ચ પ્રશિક્ષણ લાભ ગુજરાતના ખેલાડીઓને પણ મળે અને ૨૦૩૬ ઓલમ્પિકમાં ઉજ્જવળ દેખાવ કરી શકે તે માટે સહિયારા પ્રયાસોથી આગળ વધવાની અપેક્ષા દર્શાવી હતી. ગિફ્ટ સિટીમાં કાર્યરત ડિકન યુનિવર્સિટીમાં સ્પોર્ટ્સ સાયન્સ, સ્પોર્ટ્સ બિઝનેસ અને સ્પોર્ટ્સ રિસર્ચના અભ્યાસ માટે સેન્ટર ઓફ એક્સલન્સ શરૂ કરીને એક આખી અલાયદી ઈકોસિસ્ટમ ઊભી કરવાની વિગતો પણ ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનરે મુખ્યમંત્રીને આપી હતી. મુખ્યમંત્રીને તેમણે ડિકન યુનિવર્સિટીના માર્ચ-૨૦૨૬માં થનારા પ્રથમ પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું હતું. મુખ્યમંત્રીએ પણ બે રાષ્ટ્રો વચ્ચેના મૈત્રીપૂર્ણ સંબંધોથી વાઈબ્રન્ટ સમિટમાં ઓસ્ટ્રેલિયાની પાર્ટનરશીપથી રાજ્યના જેમ્સ એન્ડ જ્વેલરી, ટેક્સટાઈલ, એપેરલ એન્ડ ક્લોથિંગ, લાઈફ સાયન્સીસ, ફાર્માસ્યુટિકલ જેવા ક્ષેત્રોને લાભ થયો છે તેમ જણાવ્યું હતું. ઓસ્ટ્રેલિયન હાઈ કમિશનર ગુજરાતે રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં જે લીડ લીધી છે તેનાથી પ્રભાવિત થયા હતા. તેમણે રિન્યૂએબલ એનર્જી ટ્રાન્ઝિશનમાં ઓસ્ટ્રેલિયાની એક્સપર્ટિઝનો સહયોગ ગુજરાતને આપવા તત્પરતા દર્શાવી હતી.

# કૌટુંબિક ભાઈને ફસાવવા તેની ગાડીમાં ડ્રગ્સ મુકાવીને શખ્સે પોલીસને માહિતી આપી

## લાઈવ ડિટેક્ટર ટેસ્ટ કરતા ભાંડો ફૂટ્યો : માહિતી આપનારે જ કાવતરૂં ઘડ્યું હોવાનો ખુલાસો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

શહેરના વાડજ વિસ્તારમાં ગત વર્ષે એક ગાડીમાંથી ડ્રગ્સ મળી આવ્યું હતું. આ અંગે પોલીસે તપાસ કરતા ડ્રગ્સ હોવાની માહિતી આપનાર વ્યક્તિએ જ ગાડીમાં ડ્રગ્સ પ્લાન્ટ કરાવી પોતાના કૌટુંબિક ભાઈને ફસાવવાનું કાવતરૂં ઘડ્યું હોવાનો ખુલાસો થયો છે. પોલીસે આ કેસમાં લાઈવ ડિટેક્ટર ટેસ્ટ પણ કર્યો હતો. હકીકત સામે આવતા પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે. વાડજ વિસ્તારમાં રહેતા પ્રદ્યુમન લુહારે ગત વર્ષે એપ્રિલ મહિનામાં પોલીસને જાણ કરી એક ઈકો કારમાં શંકાસ્પદ પડીકી છે. જેથી વાડજ પીઆઈ સહિતનો કાફલો બાતમી વાળી જગ્યાએ પહોંચી જ્યાં ઈકો કાર હતી. પોલીસે કારમાં તપાસ કરતા તેમાંથી કંઈ મળી આવ્યું નહોતું. જેથી બાતમી આપનાર પ્રદ્યુમને જ જાતે તપાસ કરીને કારમાંથી ૧૦ અલગ અલગ પડીકી કાઢીને પોલીસને આપી હતી. પોલીસે તપાસ કરી તો ઈકો કારનો માલિક ગોપાલ લુહાર હતો. પોલીસે આ અંગે તપાસ કરી અને બંનેને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. પોલીસ તપાસમાં આ પડીકીઓ ડ્રગ્સની હોવાનું જાણવા મળ્યું હતું. જો કે બાતમી આપનાર પ્રદ્યુમનની કામગીરી શંકાશીલ લાગી હતી. પોલીસે કારના માલિકની પૂછપરછ કરતા જાણવા મળ્યું કે, તેમની કારમાં સવારથી ૩ લોકો બેઠા હતા. પોલીસે કારમાં બેસેલા લોકોની તપાસ કરતા સંજય લુહાર પણ શંકાસ્પદ લાગ્યો હતો. પોલીસે સમગ્ર મામલે જાણવા જોગ નોંધ લઈને તપાસ શરૂ કરી હતી. પોલીસ તપાસમાં સંજયે કબૂલાત કરી હતી કે, તેણે જ કારમાં પ્રદ્યુમનના કહેવાથી પડીકીઓ મુકી હતી. જોકે કોઈ પુરાવા ન હોવાથી પોલીસે બંનેને લાઈવ ડિટેક્ટર ટેસ્ટ કરવા જણાવ્યું હતું. જેમાં સંજય તૈયાર થયો હતો પરંતુ પ્રદ્યુમન તૈયાર ન થતા પોલીસે સંજયનો ટેસ્ટ કરાવ્યો હતો. જેમાં સંજયે હકીકત જણાવી હતી. જે FSLમાં મોકલતા સંજયે જણાવેલી વિગત સાચી હોવાનું સામે આવ્યું હતું. ઘટનાની ૮ મહિના લાંબી પ્રક્રિયા બાદ પોલીસે ગુનો નોંધી આરોપી પ્રદ્યુમન અને સંજયની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, પ્રદ્યુમન અને કાર માલિક ગોપાલ બંને કૌટુંબિક ભાઈઓ છે. પ્રદ્યુમનના નાનાભાઈની પત્ની પિયર જતી રહી હતી. જેના ગોપાલે અન્ય વ્યક્તિ સાથે લગ્ન કરાવ્યા હતા. ત્યારથી પ્રદ્યુમન અને ગોપાલ વચ્ચે આંતરિક વિખવાદ ચાલી રહ્યો હતો. બંને વચ્ચે અનેક વખત બોલાચાલી પણ થઈ હતી. આ બાબતની અદાવત રાખીને ગોપાલને ખોટા NDPS કેસમાં ફસાવવા સંજય લુહારની મદદથી કારમાં પડીકી મુકાવી હતી. સંજય લુહારને પડીકીમાં ડ્રગ્સ હતું તેની જાણ હતી કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે. સંજય લુહાર પર ચેક રિટર્ન કેસ ચાલી રહ્યો હતો. જે લડવા પૈસા નહોતા જેથી સંજયે પ્રદ્યુમનને જાણ કરી હતી. જેથી પ્રદ્યુમને સંજયને મદદ કરવાની બાહેંધરી આપી હતી.



પ્રસ્તુત તસવીર ભારતીય જનતા પક્ષમાં જ શક્ય બને તેમ જણાવતાં ગુજરાત સરકારના પૂર્વમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, સૌથી જુનિયર એક નાના કાર્યકરને મોટી જવાબદારી આપી મોટી ખુરશી ઉપર બેસાડી, ચાર-ચાર પૂર્વ પ્રમુખો ખુદ પ્રધાનમંત્રી અને સંગઠનમાં મહત્ત્વનું પદ ધરાવતા મહામંત્રી ઊભા રહીને નવા અધ્યક્ષને માન સન્માન આપી રહ્યા છે. નવી પેઢીને આગળ લાવવાનો ચહેરા ઉપર સંતોષ અનુભવી રહ્યા છે. ભૂપેન્દ્રસિંહે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

# ગુજરાત કોંગ્રેસના નેતાઓ, કાર્યકરો દ્વારા શાહેઆલમ દરગાહ પર ચાદર પેશ કરાઈ



અમદાવાદના શાહેઆલમ વિસ્તારમાં આવેલ હઝરત સૈયદ સિરાજુદ્દીન શાહેઆલમ બુખારી (ર.અ.)ની દરગાહ ઉપર ચાદર ચઢાવવાનો કાર્યક્રમ મ્યુનિસિપલ કાઉન્સિલર અને ઈદે મિલાદુન્નબી સેન્ટ્રલ કમિટીના ચેરમેન તસનીમઆલમ બાવાસાહબ તિરમીઝી દ્વારા રાખવામા આવ્યો આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડા, અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રમુખ સોનલબેન પટેલ, ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા, પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી ઈકબાલ શેખ, શાહનવાઝ શેખ, પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડો.અમિત નાયક, મ્યુનિસિપલ કાઉન્સિલર ઈકબાલ શેખ, કમળાબેન ચાવડા, ઝુલ્ફીખાન પઠાણ, કામિની બેન, ઈમ્તિયાઝ શેખ, ઝાહીદ કાદરી બાપુ, રફીક કાદરી બાપુ, સહિત પ્રદેશ કોંગ્રેસના આગેવાનો અને સ્થાનિક આગેવાનો બહેરામપુરા વોર્ડ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ઝફર અજમેરી, સમીર શેખ, પપ્પુભાઈ શેખ, ઝફર શેખ, ફિરોઝ માસ્ટર, મોહંમદ ભાઈ, ઝુબેર પટેલ, હનીફ અરબ, રફીક શેખ વગેરેએ ખાસ હાજર રહી તેઓ દ્વારા દરગાહ ઉપર ચાદર પેશ કરવામા આવી હતી. તેમજ દેશમા અમન, શાંતિ અને ભાઈચારો રહે તેમજ દેશ ખુબજ પ્રગતિ કરે તેવી દુઆ કરવામા આવી હતી.

# વીમા પોલિસીને લગતા પુરાવા સાબિત કરવાની જવાબદારી વીમા કંપનીની હોય, ભોગ બનનારના પરિવારની નહીં : હાઈકોર્ટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ગુજરાત હાઈકોર્ટે વાહન અકસ્માતના એક કેસમાં વીમા કંપનીની આકરી ઝાટકણી કાઢતા સ્પષ્ટ કર્યું છે કે વીમા પોલિસીનો રેકોર્ડ કે તેના પુરાવા રજૂ કરવાની જવાબદારી વીમા કંપનીની છે, મૃતકના આશ્રિતોની નહીં. જસ્ટિસ મૂળચંદ ત્યાગીએ આ કેસમાં વીમા કંપની દ્વારા જવાબદારીમાંથી છટકવા માટે અપનાવવામાં આવતા બહાનાઓ સામે લાલ આંખ કરી હતી. અગાઉ મોટર વાહન અકસ્માત ટ્રિબ્યુનલે આ કેસમાં જે ક્ષતિઓ કરી હતી તેને સુધારીને હાઈકોર્ટે મૃતકના પરિવારને મળતા વળતરમાં મોટો વધારો કર્યો છે. આ કેસ સાબરકાંઠા જિલ્લાના ચિત્રોડા પાસે સર્જાયેલા અકસ્માતનો છે, જેમાં કમલેશ જશુભાઈ પટેલ નામના યુવકનું મોત થયું હતું. ટ્રિબ્યુનલે અગાઉ મૃતકની ૨૦ ટકા બેદરકારી ગણાવી માત્ર રૂા.૩.૫૬ લાખનું વળતર મંજૂર કર્યું હતું. જો કે, હાઈકોર્ટે ટ્રિબ્યુનલના આ તર્કને ફગાવતા ઠરાવ્યું હતું કે અકસ્માત માટે સંપૂર્ણપણે જીપ ચાલક જ જવાબદાર હતો. અદાલતે એ બાબતની પણ ગંભીર નોંધ લીધી હતી કે ટ્રિબ્યુનલે મૃતકની સેલેરી સ્લીપ અને સુપરવાઈઝરી આવકના પુરાવાઓને અવગણીને વળતર નક્કી કરવામાં મોટી ભૂલ કરી હતી. દાવેદારો વતી એડવોકેટએ દલીલ કરી હતી કે વીમા કંપનીએ વળતર ટાળવા માટે જાણીજોઈને રેકોર્ડ છુપાવ્યો હતો અને પુરાવાની જવાબદારી આશ્રિતો પર નાખી હતી. હાઈકોર્ટે આ દલીલો ગ્રાહ્ય રાખીને ટ્રિબ્યુનલના વળતરના હુકમમાં સુધારો કર્યો છે અને હવે મૃતકના આશ્રિતોને કુલ રૂા.૩૮.૧૮ લાખથી વધુનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ કોર્ટે યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપનીને આ રકમ છ સપ્તાહની અંદર ટ્રિબ્યુનલ સમક્ષ જમા કરાવી દેવા કડક સૂચના આપી છે.

# અમદાવાદના બે યુવા ઉર્દૂ શાયર લિખિત 'પહેલો ઈશ્ક' પુસ્તકનું વિમોચન



અમદાવાદ, તા.૨૧

ખૂદરંગ ફાઉન્ડેશનના તત્ત્વાવધાન હેઠળ તથા ગુજરાત ઉર્દૂ સાહિત્ય અકાદમીના સહયોગથી આજે અમદાવાદના સરદાર પટેલ હોલ, લાલ દરવાજા ખાતે એક ભવ્ય અને અર્થસભર સાહિત્યિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ ઉર્દૂ ભાષા અને સાહિત્યના પ્રચાર-પ્રસાર સાથે યુવા પ્રતિભાઓને પ્રોત્સાહન આપવાનો હતો. આ પ્રસંગે અમદાવાદના બે યુવા અને પ્રતિભાશાળી ઉર્દૂ શાયર યુનુસ અમદાવાદી અને સુફિયાન સુફીનો સંયુક્ત પુસ્તક "પહેલો ઈશ્ક"નું ઔપચારિક વિમોચન કરવામાં આવ્યું. કિતાબનું વિમોચન જાણીતા સામાજિક કાર્યકર તથા ઉર્દૂ ભાષાના મજબૂત સમર્થક ઝૈનુલ આબેદીન અન્સારી અને વરિષ્ઠ સાહિત્યકાર સય્યદાત ઈસરત અમરોહીના હસ્તે કરવામાં આવ્યું. આ અવસરે મંચ પર ઉપસ્થિત તમામ મહેમાનો અને સાહિત્યપ્રેમીઓએ બંને યુવા શાયરોને શુભેચ્છાઓ પાઠવી. કાર્યક્રમ દરમિયાન પોતાના ઉદ્બોધનમાં ઝૈનુલ આબેદીન અન્સારીએ જણાવ્યું હતું કે, "ઉર્દૂ કોઈ એક મઝહબની ભાષા નથી, પરંતુ તે ઈન્સાનિયત, પ્રેમ અને ભાઈચારાની ભાષા છે." તેમણે ઉમેર્યું કે ઉર્દૂ ભાષા સમાજને જોડવાનું કાર્ય કરે છે અને આજની યુવા પેઢી ઉર્દૂ સાથે જોડાશે તો ભાષાનું ભવિષ્ય વધુ ઉજ્જવળ બનશે. તેમણે તમામ યુવાનોને ઉર્દૂ ભાષા અને સાહિત્ય સાથે જોડાવા માટે પ્રેરણા આપી. કાર્યક્રમમાં કિતાબના અંશો પર ચર્ચા કરવામાં આવી અને કાવ્યપાઠ દ્વારા એક ભાવસભર અને સાહિત્યિક માહોલ સર્જાયો. ઉપસ્થિત સાહિત્યકારોએ "પહેલો ઈશ્ક" કિતાબને યુવા સંવેદનાઓ, પ્રેમ અને સામાજિક લાગણીઓની સુંદર અભિવ્યક્તિ ગણાવી. કાર્યક્રમના અંતે આયોજકો દ્વારા તમામ મહેમાનો, કવિઓ અને સાહિત્યપ્રેમીઓનો આભાર માનવામાં આવ્યો અને ખૂદરંગ ફાઉન્ડેશન તથા ગુજરાત ઉર્દૂ સાહિત્ય અકાદમી દ્વારા ભવિષ્યમાં પણ આવા સાહિત્યિક કાર્યક્રમો આયોજિત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી.

BGMI ગેમ બાબતે

# ગાયકવાડ હવેલી વિસ્તારમાં બે મિત્રોએ કરી મિત્રની હત્યા

## પોલીસે એકની કરી ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૧

અમદાવાદ શહેરના જમાલપુર ગાયકવાડ હવેલી વિસ્તારમાં હત્યાની સનીસનીખેજ ઘટના બની હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના મોબાઈલ ગેમ જેવી નજીવી બાબતે થયેલી તકરારમાં બની છે. આ મામલે ગાયકવાડ હવેલી પોલીસે હત્યાનો ગુનો નોંધી બે આરોપીઓ પૈકી એકની ધરપકડ કરી છે. જયારે અન્યની શોધખોળ શરૂ છે. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના જમાલપુર ગાયકવાડ હવેલી વિસ્તારમાં મિત્રો વચ્ચે BGMI ગેમ બાબતે તકરાર થઈ હતી. ત્યારે બે મિત્રોએ અન્ય મિત્ર પર હુમલો કર્યો હતો. હુમલામાં યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. દરમ્યાન મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયા હતા. અને હાજર લોકોએ ઈજાગ્રસ્ત યુવકને ૧૦૮ મારફતે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડયો હતો. જયાં ફરજ પરના તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધી એક આરોપીની ધરપકડ કરી છે. આરોપી અને મૃતક જમાલપુરના જ રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.



# મુંબઈમાં મેમન સમાજે આપી હિન્દુ-મુસ્લિમ એકતાની મિસાલ ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકરની મુલાકાતે મેમન સમાજના અગ્રણીઓ



મુંબઈ, તા.૨૧

ઓલ ઈન્ડિયા મેમન જમાત ફેડરેશનની ડેલિગેશન ટીમે આજે ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મુંબઈમાં આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના સ્થાપક ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકર સાથે મુલાકાત કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ મુલાકાત દરમિયાન, માનવતાની સેવા માટેના તેમના અવિરત પ્રયત્નો, વિશ્વ શાંતિ માટેનું યોગદાન અને સામ્પ્રદાયિક સૌહાર્દ મજબૂત બનાવવા માટે કરેલા કાર્યને માન્યતા આપતા, ઓલ ઈન્ડિયા મેમન જમાત ફેડરેશન પ્રમુખ ઈકબાલ મેમન ઓફિસર, સેક્રેટરી અબ્દુલ અઝીઝભાઈ મચ્છીવાલા, યુથ વિંગ ચેરમેન ઈમરાન ફ્રુટવાલા, જોઈંટ સેક્રેટરી યુસુફ ભાઈ મલકાની, ડોક્ટર સના મેમન, અમીન મેમન, અનવર પિશોરી, નુર મોહમ્મદ પટેલ, અબ્દુલ લતીફ બાટલીવાલા, વગેરે આગેવાનો હાજર રહ્યા હતા અને ઓલ ઈન્ડિયા મેમન જમાત ફેડરેશન તરફથી ૧૫ લાખ મેમન સમાજ તથા ૫૦૦ મેમન જમાતોની તરફથી ગુરૂદેવ શ્રી રવિશંકરને શોલ પહેરાવી "ફખ્ર-એ-ઈન્સાનિયત" એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકર માનવ કલ્યાણ માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહ્યા છે અને સમાજમાં શાંતિ, પ્રેમ અને એકતાનો સંદેશ ફેલાવી રહ્યા છે. તેમ મેમણ સમાજની એક અખબારી યાદી દ્વારા જણાવ્યું છે.

# જેરૂસલેમના ચર્ચો ખ્રિસ્તી યહૂદીવાદને શ્રદ્ધાનો વિશ્વાસઘાત ગણાવે છે

(એજન્સી) તા.૨૧

આ મહિનાની શરૂઆતમાં ઈઝરાયેલ તરફી ખ્રિસ્તી સમૂહ અને ઈઝરાયેલમાં અમેરિકન રાજદૂત વચ્ચે થયેલી બેઠક બાદ, જેરૂસલેમના વરિષ્ઠ ચર્ચ નેતાઓએ બાહ્ય હસ્તક્ષેપ સામે ચેતવણી આપી છે, અને જણાવ્યું છે કે તે પવિત્ર ભૂમિ અને સમગ્ર મધ્ય પૂર્વમાં ખ્રિસ્તી હાજરીને ખતરો બનાવે છે. શનિવારે જારી કરાયેલા એક નિવેદનમાં, જેરૂસલેમના પેટ્રિઆર્ક અને ચર્ચના પ્રમુખોએ ચેતવણી આપી છે કે 'ખ્રિસ્તી ઝાયોનિઝમ જેવી હાનિકારક વિચારધારાઓ'ને પ્રોત્સાહન આપતી વ્યક્તિઓ ખ્રિસ્તી એકતાને નબળી પાડવાનું અને ઈરાદાપૂર્વક જનતાને ગેરમાર્ગે દોરવાનું જોખમ ધરાવે છે. નિવેદનમાં ચેતવણીને ઉશ્કેરતી ઘટનાનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, ફક્ત 'તાજેતરની પ્રવૃત્તિઓ'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જોકે, સૂત્રોએ જણાવ્યું કે આ ટિપ્પણીઓ ૯ જાન્યુઆરીએ જેરૂસલેમમાં યુએસ દૂતાવાસમાં યોજાયેલી બેઠકના સંદર્ભમાં હતી, જેમાં અમેરિકન રાજદૂત માઈક હુકાબીએ હાજરી આપી હતી. અહેવાલો અનુસાર, આ બેઠકનું આયોજન ઈઝરાયેલી આર્મીના નિવૃત્ત કર્નલ ઈહાબ શાલ્યામ દ્વારા કરવામાં આવ્યું હતું, જે ઈઝરાયેલી આર્મીના પૂર્વીય રૂઢિચુસ્ત ખ્રિસ્તી નાગરિક હતા જેમણે ઈઝરાયેલી આર્મીમાં ખ્રિસ્તી ભરતી માટે ફોરમની સ્થાપના કરી અને ઈઝરાયેલી ક્રિશ્ચિયન વોઈસ વિરોધી સમૂહનું નેતૃત્વ કરે છે. જેરૂસલેમના આર્મેનિયન ક્વાર્ટરના રક્ષણ માટે ઝુંબેશ ચલાવતી ચળવળ, સેવ ધ એઆરક્યુના કેઘમ બાલીયમએ ચર્ચના નિવેદનને 'અભૂતપૂર્વ' ગણાવ્યું અને જણાવ્યું કે ચર્ચના નેતાઓ સમુદાય માટેના જોખમોને સંબોધવામાં 'આટલા સીધા' હોય તે અસામાન્ય છે. તેમણે સૂચવ્યું કે આ ચેતવણી કેટલાક ખ્રિસ્તી સમૂહના સભ્યો દ્વારા ઝાયોનિસ્ટ રાજકીય એજન્ડાને આગળ વધારવાના પ્રયાસોનો પ્રતિભાવ હતો. તેના મિશન સ્ટેટમેન્ટ મુજબ, ઈઝરાયેલી ક્રિશ્ચિયન વોઈસ ઈઝરાયેલ, સીરિયા અને કબજાવાળા વેસ્ટ બેંકમા ખ્રિસ્તી સમુદાયની ઔપચારિક માન્યતાની હિમાયત કરે છે, જેને તે 'જુડિયા અને સમરિયા' તરીકે ઓળખે છે, જ્યારે આગ્રહ રાખે છે કે



ખ્રિસ્તીઓને 'અરબોથી અલગ' તરીકે માન્યતા આપવી જોઈએ. રાજકીય વિશ્લેષક અને અગોરા ઈનિશિયેટિવના સહ-સ્થાપક ખલીલ સયેઘે ધ ન્યૂ અરબને જણાવ્યું કે જૂથના અરબી ભાષાના સંદેશાઓ ખ્રિસ્તીઓને પવિત્ર ભૂમિમાં દલિત લઘુમતી તરીકે દર્શાવે છે. સયેઘે જણાવ્યું કે, 'ઈઝરાયેલ અને વેસ્ટ બેંકમાં ખ્રિસ્તીઓનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરતા, તેમનો સંદેશ એ છે કે ખ્રિસ્તીઓને વધુ શક્તિની જરૂર છે અને સત્તા મેળવવાનો માર્ગ ઈઝરાયલી પક્ષમાં રહેવાનો છે. જેરૂસલેમ ચર્ચોના નિવેદનમાં 'હાનિકારક વિચારધારાઓને પ્રોત્સાહન આપનારા સ્થાનિક વ્યક્તિઓ' અને જેમને 'સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે સત્તાવાર રીતે આવકારવામાં આવ્યા છે'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ટીકાકારો દલીલ કરે છે કે પેલેસ્ટીન અને ઈઝરાયેલમાં ખ્રિસ્તીઓના પ્રતિનિધિ તરીકે પોતાને રજૂ કરતા ઝાયોનિસ્ટ સંગઠનો લશ્કરી કબજાને ન્યાયી ઠેરવવા માટે ખ્રિસ્તી માન્યતાઓનો દુરૂપયોગ કરી રહ્યા છે, પેલેસ્ટીની ખ્રિસ્તીઓને હાંસિયામાં ધકેલી રહ્યા છે. સયેઘે કહ્યું કે રાજદૂત હુકાબી સાથેની મુલાકાત ખાસ કરીને ચિંતાજનક હતી કારણ કે તેમનો માન્યતા પ્રાપ્ત ચર્ચ નેતાઓ અથવા સત્તાવાર ધાર્મિક અધિકારીઓ સાથે કોઈ સંપર્ક નહોતો. તેના બદલે, તેમણે જણાવ્યું કે, હુકાબી એવા વ્યક્તિઓ સાથે મળ્યા જેમને ઈઝરાયેલી ક્રિશ્ચિયન વોઈસે 'ખ્રિસ્તી નેતૃત્વમાં અગ્રણી વ્યક્તિઓ' તરીકે વર્ણવ્યા હતા, જેમની પાસે, સયેઘના મતે, કાયદેસર સત્તાનો અભાવ હતો.

# ઈઝરાયેલે પૂર્વ જેરૂસલેમમાં સંયુક્ત રાષ્ટ્ર એજન્સીના મુખ્યાલયની અંદરના માળખા તોડી પાડ્યા

(એજન્સી) તા.૨૧

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, મંગળવારે, ઈઝરાયેલી સેના અને દક્ષિણપંથી રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી બેન-ગ્વિરે પૂર્વ જેરૂસલેમમાં સંયુક્ત રાષ્ટ્ર પેલેસ્ટીની શરણાર્થી એજન્સી (UNRWA)ના બંધ મુખ્યાલય પર હુમલો કર્યો અને તેની ઈમારતો તોડી પાડી. એક બુલડોઝરથી સજ્જ ઈઝરાયેલી ટીમો શેખ જારાહ વિસ્તારમાં સ્થિત કમ્પાઉન્ડમાં પ્રવેશી હતી અને જંગમ અને કાયમી બંને ઈમારતો તોડી પાડી. પ્રત્યક્ષદર્શીઓએ અહેવાલ આપ્યો છે કે ઈઝરાયેલી સેનાએ કમ્પાઉન્ડ પર સંયુક્ત રાષ્ટ્ર ધ્વજને ઈઝરાયેલી ધ્વજથી બદલી નાખ્યો હતો. અમેરિકન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં, જેરુસલેમના ઈઝરાયેલી ડેપ્યુટી મેયર આર્યેહ કિંગે UNRWAને 'નાઝી' ગણાવ્યું અને જણાવ્યું કે વિરોધ અને દબાણને પગલે, તેને



જેરૂસલેમમાંથી દૂર કરવાની પ્રક્રિયા હવે ચાલી રહી છે.

# ગાઝાના વિસ્થાપિતોને વધુ પડતું ભાડું, મકાનમાલિકોનો ત્રાસ, દુ:ખ અને ભયનો સામનો કરવો પડે છે

**કોઈપણ દસ્તાવેજો વિના, મર્યાદિત રહેવા યોગ્ય જમીન અને વધતી જતી કિંમતો સાથે વિસ્થાપિત પેલેસ્ટીનીઓ રહેવા માટે સલામત સ્થળ શોધવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, જે તેમના દુ:ખમાં વધારો કરે છે**

(એજન્સી) તા.૨૧

ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધથી વિસ્થાપિત થયેલા હજારો પેલેસ્ટીનીઓ વધતા જતાં ભાડા, દુર્લભ રહેઠાણ, ઉગ્ર સ્પર્ધા અને મકાનમાલિકો દ્વારા લાદવામાં આવેલ પ્રતિબંધ વચ્ચે તેમના જીવનને ફરીથી બનાવવા અને આશ્રય મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. ઓક્ટોબરમાં યુદ્ધવિરામ અમલમાં આવ્યો ત્યારથી, પેલેસ્ટીનીઓ, જેમાંથી ઓછામાં ઓછા ૯૦ ટકા વિસ્થાપિત થયા છે, જેમાંથી ઘણા વારંવાર, સ્થિરતાની ભાવના પુન:સ્થાપિત કરવાનો પ્રયાસ કરતી વખતે રહેવા માટે સ્થળ શોધવાના લગભગ અશક્ય કાર્યનો સામનો કરી રહ્યા છે. ઈઝરાયેલી સહાય પ્રવેશ પરના પ્રતિબંધો, લાખો ટન કાટમાળ સાફ કરવા માટે જરૂરી ભારે મશીનરીના અભાવે કટોકટી વધુ તીવ્ર બની છે. માત્ર ખોરાક અને મૂળભૂત જરૂરિયાતો માટે જ નહીં, પણ રહેઠાણ માટે પણ ભાવવધારો થયો છે, ઘણા પરિવારો આંશિક રીતે નાશ પામેલા એપાર્ટમેન્ટ અથવા બોમ્બથી નાશ પામેલા જમીનના પ્લોટ ભાડે આપવા માટે મોટી રકમ ચૂકવે છે જ્યાં તેઓ તંબુ બાંધે છે. ગાઝા શહેરના પાંચ બાળકોના પિતા, ૪૨ વર્ષીય વિસ્થાપિત મોહમ્મદ અદવાન, જે હવે દેઈર અલ-બલાહમાં રહે છે, તેમણે ધ ન્યૂ અરબને જણાવ્યું હતું કે યુદ્ધ પહેલા, તેઓ તેમના એપાર્ટમેન્ટ માટે દર મહિને લગભગ ૭૦૦ શેકેલ (લગભગ $220) ચૂકવતા હતા. આજે, તેઓ વીજળી, પાણી અથવા બાથરૂમ વિના ખાલી જમીનના નાના ટુકડા માટે ૨૫૦ શેકેલ ($63) ચૂકવે છે. કોઈ કરાર, કાનૂની રક્ષણ નથી. ફક્ત મૌખિક કરાર છે. તેમણે કહ્યું કે, જો કાલે કોઈ બીજું આવે અને દાવો કરે કે જમીન તેમની છે, તો કોઈ રક્ષણ નથી. માલિક ફક્ત એટલું જ કહે છે કે યુદ્ધ પહેલાં આ તેમની જમીન હતી અને અમને તે માનવા માટે મજબૂર કરવામાં આવે છે કારણ કે ત્યાં કોઈનો અધિકાર નથી. કોઈ શાસન કે સત્તા ન હોવાથી, અસુરક્ષિત જમીન, અતિશય ભીડ અને રહેઠાણની તીવ્ર અછત, મકાનમાલિકોએ તીવ્ર માંગનો લાભ લઈને ભાવમાં વધુ વધારો કર્યો છે. સત્તાવાર દસ્તાવેજોના અભાવે, અદવાને કહ્યું કે સમાજને ફક્ત વિશ્વાસ પર આધાર રાખવાની ફરજ પડી છે. જે કોઈ જમીન પર નિયંત્રણ રાખે છે તે વાસ્તવિકતાને નિયંત્રિત કરે છે, અમને ચૂકવણી કરવાની ફરજ પડી છે કારણ કે વિકલ્પ અમારા બાળકો સાથે શેરીમાં સૂવાનો છે. જીવન ખરાબ અને અત્યંત ખરાબ વચ્ચે પસંદગી બની ગયું છે. ઘણા પેલેસ્ટીનીઓ કહે છે કે તેઓ આવક અને આશ્રય શોધવાની જરૂરિયાતથી થાકી ગયા છે. ગાઝામાં રહેવા યોગ્ય જમીનનો માત્ર એક સાંકડો પટ્ટો બાકી છે, જેમાં મોટા વિસ્તારોને ઈઝરાયેલી લશ્કરી ક્ષેત્ર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જે નાગરિકો પર માનસિક અસર વધારે છે. અહેવાલો અનુસાર, એક નાના એક રૂમના એપાર્ટમેન્ટમાં રસોડું અને બાથરૂમ હોય છે પરંતુ વીજળી કે પાણી ન હોય તો તેનો ખર્ચ દર મહિને લગભગ $૧,૦૦૦ થઈ શકે છે, જ્યારે મોટા એપાર્ટમેન્ટ $૩,૦૦૦ સુધી પહોંચી શકે છે. યુદ્ધ પહેલાં, ભાડા ઘણીવાર $૧૦૦થી શરૂ થતા હતા. મકાનમાલિકોના માંગના મૂલ્યાંકનના આધારે કિંમતોમાં વધઘટ થતી રહે છે, જેના કારણે વિસ્થાપિત પરિવારો માટે સલામતીની ભાવના મુશ્કેલ બની જાય છે. યુદ્ધવિરામ છતાં પણ ચાલુ રહેલા ઈઝરાયેલી હુમલાઓ, માળખાગત સુવિધાઓના વિનાશની સાથે પુન:નિર્માણના પ્રયાસોમાં વધુ અવરોધ ઊભો થયો છે. શિયાળાની સ્થિતિએ કટોકટીને વધુ ખરાબ કરી છે, પરિવારો કામચલાઉ આશ્રયસ્થાનોમાં રહે છે અને ભારે વરસાદ અને જોરદાર પવનનો સામનો કરી રહ્યા છે. ઈઝરાયેલ તંબુ, તાડપત્રી અને પ્રિફેબ્રિકેટેડ આવાસ જેવા આવશ્યક પુરવઠાના પ્રવેશને અવરોધિત કરે છે. તંબુ બાંધવો અથવા ભંગારમાંથી આશ્રયસ્થાન બનાવવું પણ ખૂબ ખર્ચાળ હોઈ શકે છે. પરિવારોને સામાનનું પરિવહન કરવા સેંકડો ડોલર ખર્ચ કરવો પડે છે, જ્યારે ઉપલબ્ધ જમીન શોધવાનું વધુ મુશ્કેલ બની રહ્યું છે. નાના માટે તંબુ માટે લગભગ $૩૦૦ ખર્ચ થઈ શકે છે. અલ-શબાકાના ગાઝા સ્થિત નીતિ વિશ્લેષક તલાલ અબુ રોકબેહે ધ ન્યૂ અરબને જણાવ્યું હતું કે વિસ્થાપન ઈઝરાયલનું પ્રાથમિક લક્ષ્ય હતું અને તેનાથી વસ્તી, સામાજિક



સંબંધો અને લોકો પર અસર પડી છે. આ ધમકીઓએ તમામ પૃષ્ઠભૂમિના લોકોને અસર કરી છે. હાલમાં બે પ્રકારના લોકો છે - જેમના ઘર આંશિક રીતે નાશ પામ્યા છે અને જે શેરીઓમાં છે. લોકો વધુ વિભાજીત થયા છે, ખાસ કરીને એવા સમયે જ્યારે લોકો વિભાજિત અને સંવેદનશીલ હોય છે. જમીનમાલિકો ગેરરીતિભર્યા ભાવોને વાજબી ઠેરવી રહ્યા છે કારણ કે માલના ભાવ ઊંચા છે, અને તેમને પણ તેના માટે ચૂકવણી કરવી પડે છે. આ બધા પરિબળોએ ભેગા થઈને લોકો વચ્ચેનું અંતર વધાર્યું છે અને વ્યક્તિઓ પર ભારે માનસિક અસર કરી છે. રફાહથી ખાન યુનિસમાં વિસ્થાપિત થયેલા ત્રણ બાળકોના પિતા ૩૫ વર્ષીય હાદી અબ્દુલ સલામે જણાવ્યું હતું કે આજે ભાડું, સ્થાન, સેવાઓની નિકટતા અને પહેલાથી કેટલા તંબુ છે તેના દ્વારા પણ નક્કી થાય છે. હું હવે ૪૦ ચોરસ મીટરથી મોટી જગ્યા માટે દર મહિને ૩૦૦ શેકેલ ચૂકવું છું. જો કોઈ જમીનની માલિકીનો દાવો કરે છે, તો વિવાદોનું સમાધાન બળજબરીથી અથવા સ્થાનિક રિવાજો દ્વારા કરવામાં આવે છે. કોઈ કાયદો નથી. યુદ્ધ પહેલા, અબ્દુલ સલામ રફાહમાં બે બેડરૂમવાળા એપાર્ટમેન્ટમાં રહેતા હતા, જે દર મહિને ૬૦૦ શેકેલ ચૂકવતા હતા. હવે તેઓ આંશિક રીતે નાશ પામેલા રૂમમાં રહેવાનો ખર્ચ ઉઠાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. વારંવાર સ્થળાંતર કર્યા પછી, ઘણા નાગરિકોએ સત્તાવાર કાગળો ગુમાવ્યા, છતાં મકાનમાલિકો ઘણીવાર તેમના વિના ભાડાની જગ્યા આપવાનો ઈન્કાર કરે છે, કારણ કે ભાડૂતો ઈઝરાયેલી નિશાન બનાવી શકે છે. રહેવાસીઓ કહે છે કે કેટલાક મકાનમાલિકો એવી શરતો લાદે છે કે સંબંધીઓ અને મુલાકાતીઓ સહિત પુરુષોને ભાડાની જગ્યાઓમાં રહેવાથી રોકે છે, કારણ કે પુરુષો ઈઝરાયેલી હુમલાઓ દ્વારા નિશાન બનાવવામાં આવે છે. પત્રકારો, વીડિયોગ્રાફરો અને તબીબી કર્મચારીઓને પણ ઈઝરાયેલી હુમલાઓ સાથે જોડાયેલા ભયને કારણે જગ્યા નકારવામાં આવે છે. રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ અનુસાર, ઈઝરાયલે ૨૦૨૫માં અન્ય કોઈપણ દેશ કરતાં વધુ પત્રકારોની હત્યા કરી છે. ગોપનીયતા, હૂંફ અથવા સુરક્ષા વિના પરિવારો શેરીઓમાં સૂવા માટે મજબૂર છે. મહિલાઓ અને બાળકો કહે છે કે તેઓ વધુને વધુ અસુરક્ષિત અનુભવે છે, UNRWA સહિતની સહાય એજન્સીઓ પર ઈઝરાયેલના પ્રતિબંધોને કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ છે. ઉત્તર ગાઝાથી વિસ્થાપિત થયેલા ૩૮ વર્ષીય વિધવા અને ચાર બાળકોની માતા ઉમ અહમદે જણાવ્યું હતું કે યુદ્ધ પહેલા પરિવારનું પોતાનું ઘર હતું અને તેને ભાડાની ક્યારેય ચિંતા નહોતી. હવે, કોઈ આવક અને સંભાળ રાખવા માટે બાળકો ન હોવાથી, તે સતત ભયમાં રહે છે. અમે એક જગ્યાએથી બીજી જગ્યાએ ગયા ત્યાં અમે તંબુમાં રહ્યા. કારણ કે મારી પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો. હું નાશ પામેલી જમીન પર તંબુ રાખવા માટે દર મહિને ૨૦૦ શેકેલ ચૂકવું છું. આ એટલું બધું દુ:ખ છે કે હું શોક કરી શકતી નથી. મારા પતિ અને મારું ઘર ગુમાવ્યા પછી પણ, મને જીવનમાં ટકી રહેવા માટે સતત મહેનત કરવી પડે છે.

# YPG/SDF સાથે યુદ્ધવિરામ પહેલા સીરિયન સેનાએ સુલેમાન શાહ મકબરા વિસ્તાર પર નિયંત્રણ મેળવ્યું

(એજન્સી) તા.૨૧

YPG/SDF આતંકવાદી સંગઠન સાથે યુદ્ધવિરામ અમલમાં આવ્યાના એક કલાક પહેલા, સીરિયન સેનાએ મંગળવારે કારાકોઝાક વિસ્તાર પર ફરીથી કબજો મેળવ્યો, જ્યાં સુલેમાન શાહનો મકબરો સ્થિત છે. અગાઉ, અલેપ્પો રાજ્યના આઈન અલ-અરબ જિલ્લાના દક્ષિણ ભાગોમાં આતંકવાદી તત્વો સાથે ભીષણ અથડામણો બાદ, સેના અલેપ્પોના ઉત્તરપૂર્વમાં સરીન શહેર તરફ આગળ વધી. યુફ્રેટીસ નદીની પશ્ચિમમાં સ્થિત સેનાના એકમો વિરૂદ્ધ કાંઠે ટેકરીઓમાં છુપાયેલા આતંકવાદીઓ દ્વારા ભારે ગોળીબારને કારણે પુલ પાર કરી શક્યા ન હતા, ત્યારબાદ સેનાએ સિરીન મોરચા પર તેની પ્રગતિ તીવ્ર બનાવી. સરીનથી ઉત્તરમાં આઈન અલ-અરબ જિલ્લા તરફ આગળ વધતા, સેનાએ કારાકોઝાક ગામ સ્થિત વિસ્તારને ઘેરી લીધો. આતંકવાદી સંગઠન દ્વારા પુલની આસપાસ અને સુલેમાન શાહના મકબરાના મેદાનમાં વ્યાપક લેન્ડમાઈન બિછાવેલા હોવાથી



સુરક્ષા દળો હજુ સુધી સ્થળ પર પ્રવેશ કરી શક્યા નથી. લેન્ડમાઈન અને વિસ્ફોટક ઉપકરણો દૂર કર્યા પછી આ વિસ્તારને સુરક્ષિત કરવામાં આવશે.


આશા હોસ્પિટલ 9426173332 8849019737
જમાલપુર રોડ, વૈશ્યસભા ચાર રસ્તા, અમદાવાદ
● પ્રસૂતિ/કસુવાવડ ● સંતાન પ્રાપ્તિ
● ગર્ભપાતથી બચવાના ઉપાય
● ગર્ભાશય ઓપરેશન (ટાંકા વગર)
● કાયા સંકોચન (ડિલિવરી પછી ઢીલું શરીર ટાંકા દ્વારા અથવા દવાથી)
● સ્તન ગાંઠ/કેન્સર નિદાન અને સારવાર
● સોનોગ્રાફી સિઝેરિયન ઓપરેશન
● ગર્ભાશયની ગાંઠ/કેન્સર નિદાન
સ્ત્રી અને પુરૂષ બંનેમાં ગુપ્ત તકલીફની સમસ્યા અલ્પશુક્રાણુ AZOOSPERMIA ગુપ્ત રોગોના કારણે માનસિક તણાવ
સોનોગ્રાફી રાહત દરે (૫૦% ડિસ્કાઉન્ટ)
HYMENOPLASTY (કૌમાર્ય પાછું મેળવો)
ખત્ના કોઈ પણ ઉંમરે દુખાવા વગર
જોઈએ છે લેડી ડો. BAMS-BHMS-DHMS સ્ટાફ/સફાઈ કામદાર


# સઉદી સમર્થિત યમનની સરકારે યુએઈ પર ગુપ્ત જેલ ચલાવવાનો આરોપ લગાવ્યો, અબુધાબીએ દાવાને નકારી કાઢ્યો

(એજન્સી) તા.૨૧

સઉદી સમર્થિત યમનની સરકારે સોમવારે સંયુક્ત રબ અમીરાત પર દક્ષિણ યમનના બંદર શહેર મુકલ્લા નજીક એક એરપોર્ટ પર ગુપ્ત જેલ ચલાવવાનો આરોપ મૂક્યો, જે દાવાને અબુ ધાબીએ નકારી કાઢ્યો છે. આ આરોપથી બે ગલ્ફ તેલ ઉત્પાદક દેશો, સઉદી અરેબિયા અને સંયુક્ત અરબ અમીરાત વચ્ચે વધતા વિવાદમાં તણાવ વધુ વધ્યો. આ આરોપો પૂર્વીય યમનના રાજ્ય હદ્રામૌતના ગવર્નર સલેમ અલ-ખાનબાશી દ્વારા સઉદી સરકાર દ્વારા આયોજિત એક દુર્લભ મીડિયા ટ્રીપ દરમિયાન કરવામાં આવ્યા હતા, જેમાં રોઈટર્સ ટીમ સહિત આંતરરાષ્ટ્રીય પત્રકારોને રિયાધથી યમનના શહેર મુકલ્લા નજીક રિયાન એરપોર્ટ લઈ જવામાં આવ્યા હતા. અલ-ખાનબાશીએ એક ટેલિવિઝન પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે યુએઈ અને યમનના મુખ્ય અલગતાવાદી સમૂહ, એસટીસીના પ્રમુખ, જેમને યમનમાં સઉદીની આગેવાની હેઠળના ગઠબંધનનો આરોપ છે કે યુએઈ દ્વારા ગુપ્ત રીતે યમનમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા, તેમના વિરૂદ્ધ જરૂરી પગલાં લેવામાં આવશે. 'પીડિતો અને તેમના પરિવારોને ન્યાય અપાવવા અને ઉલ્લંઘનો માટે જવાબદાર લોકોને જવાબદાર ઠેરવવા માટે તમામ પગલાં લેવામાં આવશે, પછી ભલે તે ઐદરૌસ અલ-ઝુબૈદી હોય કે યુએઈ - તેના તત્વો, અધિકારીઓ અથવા તેમના માટે કામ કરતા લોકો.' સંયુક્ત અરબ અમીરાતે મંગળવારે એક નિવેદનમાં ગવર્નરના નિવેદનને



નકારી કાઢ્યું, તેને 'ઈરાદાપૂર્વકની બનાવટ અને ખોટી માહિતી સિવાય બીજું કંઈ નથી' ગણાવ્યું. અમીરાત મંત્રાલયે જણાવ્યું કે, 'જે સુવિધાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ફક્ત લશ્કરી રહેઠાણ, ઓપરેશન રૂમ અને કિલ્લેબંધીવાળા આશ્રયસ્થાનો છે, જેમાંથી કેટલાક ભૂગર્ભમાં સ્થિત છે- વિશ્વભરના એરપોર્ટ અને લશ્કરી સ્થાપનોની એક સામાન્ય અને જાણીતી વિશેષતા અને સામાન્ય લશ્કરી સંદર્ભથી આગળ કોઈ અસર નથી.

# ટ્રમ્પના 'બોર્ડ ઓફ પીસ'માં જોડાવા માટે કેનેડાએ ૧૦૦ કરોડ ડોલર ચૂકવવાની શક્યતા રદ કરી

(એજન્સી) તા.૨૧

કેનેડાના નાણામંત્રીએ મંગળવારે જણાવ્યું કે કેનેડા અમેરિકન 'બોર્ડ ઓફ પીસ'માં જોડાવા માટે ૧ બિલિયન ડોલર ચૂકવશે નહીં. ફ્રાંકોઈસ-ફિલિપ શેમ્પેને જણાવ્યું કે બોર્ડનું માળખું હજુ પૂર્ણ થયું નથી, છતાં કેનેડાએ ફી માફ કરી દીધી છે. 'હજુ પણ ઘણી વિગતો પર કામ કરવાનું બાકી છે, પરંતુ એક વાત સ્પષ્ટ છે : જો આપણે બોર્ડ ઓફ પીસમાં જોડાઈશું તો કેનેડા ચૂકવણી કરશે નહીં,' શેમ્પેને સ્વિટ્ઝલૅન્ડના દાવોસમાં પત્રકારોને જણાવ્યું હતું, જ્યાં તેઓ વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં હાજરી આપી રહ્યા છે. આ કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નેએ સોમવારે બોર્ડમાં જોડાવા માટેના ડ્રાફ્ટ આમંત્રણને સ્વીકાર્યું



તેની વિરૂદ્ધ છે. જો કે, જો ફી માફ કરવામાં આવે તો કેનેડા ટ્રમ્પ વહીવટીતંત્રના પીસ બોર્ડમાં જોડાઈ શકે છે. શેમ્પેને જણાવ્યું કે, 'તે બોર્ડના આદેશની શરતો શું હશે અને તે કેવી રીતે કાર્ય કરશે તે નક્કી કરવાની પ્રક્રિયા હજુ પણ પ્રારંભિક છે.' 'બધી હકીકતો જાણી લીધા પછી અને બધી વિગતોની વિગતવાર ચર્ચા થયા પછી જ વડાપ્રધાન આ અંગે અંતિમ નિર્ણય લેશે કે શું આ કેનેડાના શ્રેષ્ઠ હિતમાં છે.' કાર્નેએ જણાવ્યું કે ગાઝા પટ્ટીમાં કટોકટીમાં ફસાયેલા લોકો માટે ભંડોળની જરૂર છે. તેમણે જણાવ્યું કે, 'કેનેડા ઈચ્છે છે કે ભંડોળનો મહત્તમ પ્રભાવ પડે. ગાઝાના લોકોને માનવતાવાદી સહાયનો વ્યાપક, અવિરત પ્રવાહ હજુ પણ શક્ય નથી. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૬૦ વિશ્વ નેતાઓને બોર્ડમાં જોડાવા આમંત્રણ આપ્યું છે. કેટલાક નેતાઓને ભય છે કે શાંતિ બોર્ડ વધુ વૈશ્વિક સંઘર્ષોનું સમાધાન કરશે અને સંભવત : સંયુક્ત રાષ્ટ્રનું સ્થાન લઈ શકે છે.

# ટ્રમ્પે જણાવ્યું કે સીરિયાએ અમેરિકાના સમન્વયથી YPG/SDF આતંકવાદી સમૂહ દ્વારા મુક્ત કરાયેલા તમામ દાએશ કેદીઓને ફરીથી કબજે કર્યા

(એજન્સી) તા.૨૧

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે જણાવ્યું કે સીરિયન સરકારે YPG/SDF આતંકવાદી સમૂહ દ્વારા કસ્ટડીમાંથી મુક્ત થયા પછી ભાગી ગયેલા તમામ ISIS (Daesh) કેદીઓને પાછા કબજે કરી લીધા છે અને તેમણે દમાસ્કસ સાથે વોશિંગ્ટનના સહયોગનો શ્રેય આપ્યો હતો. તેમણે જણાવ્યું કે, 'સીરિયન સરકાર અને સીરિયાના નવા નેતા સાથે મળીને, તેમણે બધા કેદીઓને પકડી લીધા અને તેમને પાછા જેલમાં ધકેલી દીધા. તેમણે આ કેદીઓને વૈશ્વિક સ્તરે સૌથી ખતરનાક લોકોમાંના એક તરીકે વર્ણવ્યા. ટ્રમ્પે જણાવ્યું કે, 'અમે સીરિયામાં સારું કામ કર્યું... યુરોપિયન કેદીઓ ભાગી રહ્યા હતા અને મેં તેને અટકાવ્યું.' રાષ્ટ્રપતિએ ફ્રાન્સના



રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને નાટો સેક્રેટરી જનરલ માર્ક રુટ સાથેની ગુપ્ત વાતચીત શેર કરવાનો બચાવ કરતા જણાવ્યું કે તેમણે આતંકવાદી સમુહ દ્વારા આયોજિત ઘટનાને રોકવામાં તેમના કાર્યની પ્રશંસા કરી. નાટોના પ્રમુખે અમેરિકન નેતાને જણાવ્યું કે, 'તમે આજે સીરિયામાં જે પ્રાપ્ત કર્યું છે તે અવિશ્વસનીય છે,' જ્યારે મેક્રોને લખ્યું 'અમે સીરિયા મુદ્દા પર સંપૂર્ણપણે સંમત છીએ.' સીરિયન ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, YPG/SDF આતંકવાદી સમૂહે ઉત્તરપૂર્વીય હસાકાહ પ્રાંતની અલ-શદ્દાદી જેલમાંથી દાએશ કેદીઓને મુક્ત કર્યા હતા અને મંત્રાલયે આ મુક્તિ માટે આતંકવાદી સંગઠનને દોષી ઠેરવ્યું હતું. મંત્રાલયે અગાઉ જણાવ્યું કે ટ્રમ્પ દ્વારા સંપૂર્ણ સ્વસ્થતાની જાહેરાત કરવામાં આવે તે પહેલાં ૧૨૦ ભાગી ગયેલા કેદીઓમાંથી ૮૧ કેદીઓને ફરીથી પકડવામાં આવ્યા હતા. સીરિયન રાષ્ટ્રપતિ અહેમદ અલ-શારાએ રવિવારે યુદ્ધવિરામ અને રાજ્ય સંસ્થાઓમાં YPG/SDF આતંકવાદી સમૂહના સંપૂર્ણ એકીકરણ માટે કરારની જાહેરાત કરી હતી.

# ઈઝરાયેલના વસાહતી આંદોલને વિજયનો દોર લીધો કારણ કે, એક છૂટીછવાઈ ચોકી એક મહિનાની અંદર વસાહત બની ગઈ

(એજન્સી) તા.૨૧

વેકેશન બેંકની ખીણમાં આવેલા પેલેસ્ટીન નગરમાં લાઉડસ્પીકરમાંથી નીકળતું ઉજવણીનું સંગીત, બાંધકામના કામના અવાજો સાથે લગભગ મસ્જિદમાંથી નમાઝ માટેની અઝાન બંધ કરી રહ્યું હતું. રૂઢિચુસ્ત યહૂદી મહિલાઓ રંગબેરંગી હેડસ્કાર્ફ પહેરેલી બાળકોને હાથમાં પકડીને તાજા શાકભાજીની પ્લેટો વહેંચી રહી હતી, જ્યારે સૈનિકો ટેકરીની ટોચ પર ચોકી કરી રહ્યા હતા. સોમવારના દૃશ્યે ઈઝરાયેલી વસાહતીઓ દ્વારા પેલેસ્ટીન શહેર બેટ સહૌરની સામે સ્થિત આ સ્થળને વસાહતમાં ફેરવવા માટે લાંબા અભિયાનની પરાકાષ્ઠા દર્શાવી હતી. વર્ષોથી તેઓ જમીન પર પેલેસ્ટીન બાળકો માટે હોસ્પિટલ બનાવવાની યોજનાઓનો પ્રતિકાર કરતા હતા, હંમેશા એવી આશા રાખતા હતા કે એક દિવસ તે તેમનું થશે. તેઓ કહે છે કે, તે ક્ષણ હવે આવી ગઈ છે. બે દાયકાના પ્રયાસો પછી "યાત્ઝીવ" નામની તેમની નવી વસાહત થોડા મોબાઈલ ઘરોની અનધિકૃત ચોકીથી સંપૂર્ણ માન્યતા પ્રાપ્ત વસાહતમાં વિકસવામાં માત્ર એક મહિનાનો સમય લાગ્યો. આકસ્મિક રીતે નવી વસાહતના નામનો અર્થ હિબ્રુમાં "જમીન" થાય છે. સોમવારના ઉદ્‌ઘાટન સમારોહમાં નાણામંત્રી અને વસાહત નેતા બેઝાલેલ સ્મોટ્રિચે એસોસિએટેડ પ્રેસને જણાવ્યું કે,



"અમે ઈઝરાયેલમાં મજબૂત રીતે ઊભા છીએ. અમે હંમેશા અહીં રહીશું. અમે અહીં ક્યારેય પેલેસ્ટીન રાજ્ય સ્થાપિત કરીશું નહીં." સ્મોટ્રિચ જેવા નેતાઓ ઈઝરાયેલી સરકારમાં મુખ્ય હોદ્દા પર હોવાથી અને ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે ગાઢ સંબંધો સ્થાપિત કરીને વસાહતીઓને નોંધપાત્ર સમર્થન મળ્યું છે. છેલ્લા ત્રણ વર્ષથી ઈઝરાયેલી વસાહત નીતિના પ્રભારી સ્મોટ્રિચે કબજાવાળા વેસ્ટ બેંકમા પેલેસ્ટીની રાજ્ય સ્થાપિત કરવાની બાકી રહેલી કોઈપણ આશાને દૂર કરવાના હેતુથી આક્રમક બાંધકામ અને વિસ્તરણ ઝુંબેશનું નેતૃત્ત્વ કર્યું છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# બેરોજગારી વધી રહી છે ત્યારે વિકસિત ભારત કઈ રીતે બનશે ?

રૂપકડાં સૂત્રો પ્રચાર માટે સારા લાગે છે પરંતુ માત્ર જોડકણા પ્રકારના સૂત્રો વહેતા કરવાથી ભાવિ લક્ષ્યાંકો પ્રાપ્ત થઈ શકતા નથી એના માટે ભારે મહેનત કરવી જોઈએ અને સાચી દિશામાં અથાક પરિશ્રમ કરો તો નિર્ધારિત લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકાય અને એમાં જ્યારે ભારત જેવા વિશાળ દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું લક્ષ્ય ૨૦૪૭ માટે રાખ્યું હોય ત્યારે અત્યારથી જ એ દિશામાં આગળ વધી રહ્યા હોઈએ એવું દેખાવું જોઈએ પણ હાલમાં જે વાસ્તવિકતા સામે આવી રહી છે તેનાથી તો એવું લાગી રહ્યું નથી કે ભારત વિકસિત રાષ્ટ્રના માર્ગ પર દોડી રહ્યું હોય... ઉલ્ટાનું વર્તમાન વાસ્તવિકતાને જોતાં તો એવું લાગે છે કે ભારત પોતાના હાલના વિકાસશીલ દેશના દરજ્જાને પણ કેટલી હદ સુધી જાળવી શકશે તે અંગે પણ શંકાઓ ઊભી થઈ રહી છે. એમાંયે પાછું ભવિષ્યમાં AI જેવી ટેકનોલોજીને કારણે વર્તમાન વિકસિત દેશોમાં પણ ભારે ચિંતાની લહેર છે કે એમનો વિકસિત દેશનો દરજ્જો જળવાઈ રહેશે કે કેમ ? ત્યારે ભારતે તો હજી વિકસિત રાષ્ટ્ર બનવાનું બાકી છે ત્યારે તેના માટે આ લક્ષ્ય કેટલું મુશ્કેલ હશે તેની કલ્પના કરી શકાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી દેશમાં બેરોજગારી એક ગંભીર મુદ્દો રહ્યો છે. આના કારણે યુવા શ્રમબળનો મોટા પાયે ઓછો ઉપયોગ થઈ રહ્યો છે અને દેશના સર્વાંગી વિકાસમાં અવરોધ ઊભો થઈ રહ્યો છે. અર્થતંત્ર ત્યારે જ સંતુલિત માનવામાં આવે છે જ્યારે તે આર્થિક વિકાસની સાથે સાથે નવી રોજગારીની તકોનું સર્જન કરે છે. ભારત કુલ કાર્યબળ અને વસ્તીની દૃષ્ટિએ ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં વિશ્વનો સૌથી મોટો દેશ છે, વળી અહીં યુવા વસ્તી અન્ય દેશો કરતા વધારે છે. જોકે, આ કાર્યબળને રાષ્ટ્રનિર્માણમાં ભાગ લેવા માટે સમાન તકો મળી રહી નથી. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા હાલમાં જ બહાર પાડવામાં આવેલા એક અહેવાલ પરથી આનો અંદાજ લગાવી શકાય છે. તેમાં જણાવાયું છે કે દેશમાં ૧૫ વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોમાં બેરોજગારીનો દર ગયા વર્ષે ડિસેમ્બરમાં વધીને ૪.૮ ટકા થયો હતો, જે નવેમ્બરમાં ૪.૭ ટકા હતો. શહેરી વિસ્તારોમાં બેરોજગારીનો દર ખાસ કરીને વધુ હતો, જ્યાં નવેમ્બરમાં દર ૬.૫ ટકાથી વધીને ૬.૭ ટકા થયો હતો. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે સરકારી અને ખાનગી, સંગઠિત અને બિનસંગઠિત ક્ષેત્રો બંનેમાં રોજગારીની તકો ઘટી રહી છે જે બહુ ગંભીર વાત છે. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે "આત્મનિર્ભર ભારત" અને "સ્કિલ ઈન્ડિયા" જેવી યોજનાઓ શરૂ કરી છે, પરંતુ તેમની અસર વિવિધ ક્ષેત્રોમાં બદલાઈ છે. ઘણા યુવાનો અને કામદાર વર્ગો તેમના કૌશલ્ય વિકસાવવા માટે તાલીમ મેળવી રહ્યા છે, છતાં તેઓ હજુ પણ પૂરતી રોજગારની તકો શોધી શકતા નથી.

કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) અને ડિજિટલાઈઝેશન પણ રોજગારમાં ઘટાડાનું નિમિત્ત બની રહ્યા અને ભવિષ્યમાં પણ બનશે. જ્યારે ડિજિટલ ક્ષેત્રમાં નવી રોજગારીની તકો ઊભી થઈ છે, ત્યારે આ માટે વિશિષ્ટ કૌશલ્યોની જરૂર પડે છે જે દરેક પાસે નથી. એમાં કોઈ શંકા નથી કે સરકારી નોકરીઓની સંખ્યા પણ રોજગારની માંગના પ્રમાણમાં વધી રહી નથી. વધુમાં, સરકારી ભરતી પ્રક્રિયાઓમાં વિલંબ અને પરીક્ષા પ્રણાલી સાથેના મુદ્દાઓ પણ સમાન રોજગાર તકોને અસર કરે છે. જો કે, આંકડાકીય રીતે, શહેરી વિસ્તારોની તુલનામાં, ગયા વર્ષે નવેમ્બર અને ડિસેમ્બર વચ્ચે બેરોજગારી દર ૩.૯ ટકા પર સ્થિર રહ્યો. હકીકતમાં, કોઈપણ દેશમાં સંપૂર્ણ આર્થિક વિકાસ ત્યારે જ શક્ય બને કે જ્યારે કુલ સ્થાનિક ઉત્પાદનમાં વૃદ્ધિ, માથાદીઠ આવકમાં વધારો, ગરીબી, ભૂખમરો અને સામાજિક અસમાનતામાં ઘટાડો, અને રોજગારની ઉપલબ્ધતા અને માથાદીઠ સમૃદ્ધિ હોય. વિકાસ મોડેલ રોજગારીની તકો, ગરીબોના ઉત્થાન અને ખેડૂતોની સમૃદ્ધિ સુનિશ્ચિત કરે, સાથે સાથે ફુગાવાનો દર ઓછો રાખે. પ્રશ્ન એ છે કે શું વર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર સરકારનું ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય નિર્ધારિત સમયમાં પ્રાપ્ત કરી શકાશે? એ વાત સાચી છે કે બેરોજગારી દરમાં વધઘટ દેશના વિકાસ પર દૂરગામી પરિણામો લાવે છે.

આવી સ્થિતિમાં, સરકારે બેરોજગારી દર ઘટાડવા અને સરકારી અને ખાનગી ક્ષેત્રોમાં રોજગારની નવી તકો ઊભી કરવા માટે શિક્ષણને કૌશલ્ય વિકાસ સાથે જોડવાને પ્રાથમિકતા આપવી જોઈએ. ત્યારે જ ભારત ખરેખર વિકસિત રાષ્ટ્ર બનવા તરફ આગળ વધી શકશે.

# ગાઝા યુદ્ધવિરામ : શાંતિ સમિતિઓની રચના ખરેખર આ નરસંહારને રોકી શકી નથી

કહેવાતા ગાઝા યુદ્ધવિરામને ત્રણ મહિનાથી વધુ સમય વીતી ગયો છે, છતાં પટ્ટી પર બોમ્બમારો, ડ્રોન ફ્લાઈટ્સ અને ગોળીબાર બંધ થયા નથી; તેના બદલે, તે રોજિંદા દિનચર્યાનો ભાગ બની ગયા છે. શાળાઓને ઈરાદાપૂર્વક નિશાન બનાવવામાં આવી રહી છે. ગયા અઠવાડિયે, જબાલિયા, મધ્ય ગાઝા સિટી, દેઈર અલ-બલાહ, અલ-બુરેજ અને અલ-નુસેરાતમાં કામચલાઉ શાળાઓ અને તંબુ વસાહતો પર ગોળીબાર થયો હતો, જેમાં પાંચ લોકો માર્યા ગયા હતા અને પ્રથમ ધોરણની એક છોકરી ગંભીર રીતે ઘાયલ થઈ હતી. જો પ્રાથમિક શાળાના બાળકો પણ સુરક્ષિત નથી, તો ''યુદ્ધવિરામ'' શબ્દનો અર્થ નથી. પ્રશ્ન એ નથી કે યુદ્ધ ક્યારે સમાપ્ત થશે; વાસ્તવિક પ્રશ્ન એ છે કે શું યુદ્ધ ખરેખર ક્યારેય બંધ થયું હતું. જ્યારે વાસ્તવિકતાઓ આગ અને લોહીથી લખાઈ રહી છે, ત્યારે રાજકીય નિવેદનો અને રાજદ્વારી ઘોષણાઓ ખાલી શબ્દોથી વધુ કંઈ નથી.

ભૂખમરો, બોમ્બમારો અને ગોળીબારની સાથે, કઠોર શિયાળાએ આ કટોકટીને વધુ ઘેરી બનાવી છે. ચાલુ નાકાબંધીને કારણે, ગરમ કપડાં, ધાબળા, આશ્રય કન્ટેનર અને દવાઓની પહોંચ અત્યંત મર્યાદિત છે. ૧૨ જાન્યુઆરીએ દેઈર અલ-બલાહમાં, સાત દિવસના મહમૂદ અલ-અકરાનું શરીર તેની માતાના હાથમાં થીજી ગયું હતું. તે જ દિવસે, બે મહિનાના મુહમ્મદ અબુ હરબીદનું અલ-રંતિસી હોસ્પિટલમાં મૃત્યુ થયું. તીવ્ર ઠંડી અને તંબુઓના અભાવને કારણે, ઘણા લોકોએ બોમ્બથી ક્ષતિગ્રસ્ત ઈમારતોમાં આશરો લીધો છે. ગાઝા શહેરમાં, ભારે વરસાદ અને ભારે પવનમાં આવું જ એક જર્જરિત ઘર તૂટી પડ્યું, જેમાં ૧૫ વર્ષની છોકરી કાટમાળ નીચે જીવતી દટાઈ ગઈ.

ફક્ત શાળાઓ જ લક્ષ્ય નથી; હોસ્પિટલો અને ક્લિનિક્સ પર પણ હુમલો થઈ રહ્યો છે. ખાન યુનિસમાં, એક ડ્રોન એમ્બ્યુલન્સ પર હુમલો કર્યો, અને ઘાયલ વ્યક્તિને હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહેલા વ્યક્તિને જીવતો બાળી નાખ્યો હતો.

અઠવાડિયે, જબાલિયા, મધ્ય ગાઝા સિટી, દેઈર અલ-બલાહ, અલ-બુરેજ અને અલ-નુસેરાતમાં કામચલાઉ શાળાઓ અને તંબુ વસાહતો પર ગોળીબાર થયો હતો, જેમાં પાંચ લોકો માર્યા ગયા હતા અને પ્રથમ ધોરણની એક છોકરી ગંભીર રીતે ઘાયલ થઈ હતી. જો પ્રાથમિક શાળાના બાળકો પણ સુરક્ષિત નથી, તો ''યુદ્ધવિરામ'' શબ્દનો અર્થ નથી. પ્રશ્ન એ નથી કે યુદ્ધ ક્યારે સમાપ્ત થશે; વાસ્તવિક પ્રશ્ન એ છે કે શું યુદ્ધ ખરેખર ક્યારેય બંધ થયું હતું. જ્યારે વાસ્તવિકતાઓ આગ અને લોહીથી લખાઈ રહી છે, ત્યારે રાજકીય નિવેદનો અને રાજદ્વારી ઘોષણાઓ ખાલી શબ્દોથી વધુ કંઈ નથી.

ભૂખમરો, બોમ્બમારો અને ગોળીબારની સાથે, કઠોર શિયાળાએ આ કટોકટીને વધુ ઘેરી બનાવી છે. ચાલુ નાકાબંધીને કારણે, ગરમ કપડાં, ધાબળા, આશ્રય કન્ટેનર અને દવાઓની પહોંચ અત્યંત મર્યાદિત છે. ૧૨ જાન્યુઆરીએ દેઈર અલ-બલાહમાં, સાત દિવસના મહમૂદ અલ-અકરાનું શરીર તેની માતાના હાથમાં થીજી ગયું હતું. તે જ દિવસે, બે મહિનાના મુહમ્મદ અબુ હરબીદનું અલ-રંતિસી હોસ્પિટલમાં મૃત્યુ થયું. તીવ્ર ઠંડી અને તંબુઓના અભાવને કારણે, ઘણા લોકોએ બોમ્બથી




ક્ષતિગ્રસ્ત, ક્ષતિગ્રસ્ત ઈમારતોમાં આશરો લીધો છે. ગાઝા શહેરમાં, ભારે વરસાદ અને ભારે પવનમાં આવું જ એક જર્જરિત ઘર તૂટી પડ્યું, જેમાં ૧૫ વર્ષની છોકરી કાટમાળ નીચે જીવતી દટાઈ ગઈ.

ફક્ત શાળાઓ જ લક્ષ્ય નથી; હોસ્પિટલો અને ક્લિનિક્સ પર પણ હુમલો થઈ રહ્યો છે. ખાન યુનિસમાં, એક ડ્રોન એમ્બ્યુલન્સ પર હુમલો કર્યો, અને ઘાયલ વ્યક્તિને હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહેલા વ્યક્તિને જીવતો બાળી નાખ્યો હતો.

**ટ્રમ્પ શાંતિ યોજના - આશા કે નવી કટોકટી?**

બીજી તરફ, રાષ્ટ્રપતિ ટ્રમ્પની ૨૨-મુદ્દાની શાંતિ યોજના પર કામ ચાલુ છે. ગાઝા વહીવટ માટે રાષ્ટ્રીય સમિતિ (NCAG)ની પ્રથમ બેઠક ૧૬ જાન્યુઆરીએ કૈરોમાં યોજાઈ હતી. ગાઝાના વચગાળાના વહીવટ માટે પેલેસ્ટીની નિષ્ણાતો (ટેકનોક્રેટ્સ)થી બનેલી આ ૧૫ સભ્યોની સમિતિનું નેતૃત્વ પેલેસ્ટીન ઓથોરિટીના પૂર્વ નાયબ પ્રધાન અલી શાથ કરશે. શાંતિ બોર્ડ દ્વારા બલ્ગેરિયન રાજદ્વારી નિકોલાઈ મ્લાદેનોવને સમિતિના સુપરવાઈઝર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

સમિતિ અને શાંતિ બોર્ડની રચના પર એક નજર કરીએ તો આ યોજનામાં રહેલી ખામીઓને છતી કરે છે. ડોનાલ્ડ ટ્રમ્પ - જેને વ્યાપકપણે યુએસ ઈતિહાસમાં સૌથી ઉત્સાહી ઈઝરાયેલ તરફી રાષ્ટ્રપતિ માનવામાં આવે છે, જેમણે એક સમયે ગાઝા પર ''નરકના દરવાજા ખોલવાની'' ધમકી આપી હતી - તે પોતે શાંતિ બોર્ડના વડા છે. ગાઝાને વૈભવી દરિયાકાંઠાના રિસોર્ટમાં રૂપાંતરિત કરવાની તેમની ઈચ્છા કોઈ રહસ્ય નથી. નિકોલાઈ મ્લાદેનોવની નિમણૂક એ બાબતને વધુ ખરાબ કરે છે. શું ખરેખર એવા આરબ કે મુસ્લિમ રાજદ્વારીને પસંદ કરવું અશક્ય હતું જે પ્રદેશની ભાષા, વાસ્તવિકતા અને વેદનાને સમજે? કે પછી નિર્ણય લેવાની જવાબદારી ફરી એકવાર એ જ હાથોમાં સોંપવામાં આવી રહી છે જેઓ પોતે આ કટોકટીનો ભાગ હતા?

**સમિતિઓ અને બોર્ડનો ખેલ**

સમિતિની સ્થાપના પછી, સ્થાપક એક્ઝિક્યુટિવ બોર્ડ (FEB) અને ગાઝા એક્ઝિક્યુટિવ બોર્ડ (GEB) પણ બનાવવામાં આવ્યા છે. માર્બલ મહેલોમાંથી જારી કરાયેલા એક નિવેદન મુજબ, FEB રાજદ્વારી, ગાઝાના નાશ પામેલા માળખાના પુનર્નિર્માણ અને આર્થિક પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરશે. તેના સભ્યોમાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો, ટ્રમ્પના ખાસ દૂત સ્ટીવ વિટકોફ, જમાઈ જેરેડ કુશનર અને પૂર્વ બ્રિટિશ વડાપ્રધાન ટોની બ્લેરનો સમાવેશ થાય છે.

ગાઝા એક્ઝિક્યુટિવ બોર્ડ પારદર્શક શાસન સુનિશ્ચિત કરવા પર કામ કરશે. તેના મુખ્ય સભ્યોમાં સ્ટીવ વિટકોફ, જેરેડ કુશનર, ટોની બ્લેર, તુર્કીના વિદેશ પ્રધાન, કતારી રાજદ્વારી અલી તૌહિદી, ઈજિપ્તના ગુપ્તચર વડા હસન રશાદ અને યુએઈના પ્રધાન રીમ અલ હાશિમીનો સમાવેશ થાય છે. જાહેરાતો સૂચવે છે કે નિકોલે મ્લાડેનોવ અસરકારક રીતે આ બધી સમિતિઓ પાછળ પ્રેરક બળ બનશે.

અહેવાલો એ પણ સૂચવે છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન અને ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સીસીને શાંતિ બોર્ડમાં જોડાવા માટે આમંત્રણ આપ્યું છે. જોકે, ઈઝરાયેલ ગાઝામાં તુર્કી અને કતારની કોઈપણ ભૂમિકાનો વિરોધ કરે છે, અને ઈઝરાયેલી યુદ્ધ મંત્રીમંડળની તાત્કાલિક બેઠકમાં તેમના સંભવિત સમાવેશ પર ભારે નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી.

એવી જાહેરાત કરવામાં આવી છે કે યુએસ સેન્ટ્રલ કમાન્ડ ઓપરેશન્સ કમાન્ડર મેજર જનરલ જેસ્પર જેફર્સ ઈન્ટરનેશનલ સ્ટેબિલાઈઝેશન ફોર્સ (ISF)નું નેતૃત્વ કરશે. બ્રીફિંગમાં, એવું કહેવામાં આવ્યું હતું કે ISFની પ્રાથમિક જવાબદારી કાયદો અને વ્યવસ્થા જાળવવાની અને માનવતાવાદી પ્રવૃત્તિઓનું આયોજન કરવાની રહેશે. નોંધપાત્ર રીતે, પ્રતિકાર દળોને નિઃશસ્ત્ર કરવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો ન હતો.

બોર્ડ ઓફ પીસ ચાર્ટર પર ૨૨ જાન્યુઆરીએ દાવોસમાં હસ્તાક્ષર થવાના છે, જેના માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પે વૈશ્વિક નેતાઓને આમંત્રણ આપ્યું છે. રાજદ્વારી ચેસબોર્ડ અંગે, ઈઝરાયેલી મીડિયાએ જાહેર કર્યું છે કે બોર્ડ ઓફ પીસ ત્રણ વર્ષ સુધી કાર્યરત રહેશે અને દરેક સભ્ય દેશે એક અબજ ડોલરની સભ્યપદ ફી ચૂકવવી પડશે. તે સ્પષ્ટ નથી કે આ ભંડોળ ગાઝાના પુનર્નિર્માણ પર ખર્ચવામાં આવશે કે બોર્ડના વહીવટી ખર્ચ દ્વારા ઉપયોગમાં લેવામાં આવશે. ઈઝરાયેલ, યુનાઈટેડ સ્ટેટ્સ અને યુરોપિયન યુનિયન દ્વારા ગાઝાને કાટમાળમાં ફેરવી દેવામાં આવ્યું છે, છતાં તેના પુનર્નિર્માણની કિંમત આરબ અને ઈસ્લામિક વિશ્વમાંથી લેવામાં આવશે.

વેસ્ટ બેન્કમાં પણ તણાવ ચાલુ છે. ઘર તોડી પાડવા, ધરપકડો અને હિંસાની સાથે, શરણાર્થી શિબિરોમાં મનોરંજનના સ્થળોનો પણ નાશ કરવામાં આવી રહ્યો છે. બેથલેહેમ નજીક આઈડા શરણાર્થી શિબિરમાં, વિસ્તારના એકમાત્ર ફૂટબોલ મેદાનને તોડી પાડવાના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ ફક્ત રમતગમતનું મેદાન નથી; ભીડભાડવાળા શિબિરમાં, તે એકમાત્ર જગ્યા છે જ્યાં પેલેસ્ટીની બાળકો શ્વાસ લઈ શકે છે, દોડી શકે છે અને સ્મિત કરી શકે છે. તેનું વિશેષ મહત્વ છે કારણ કે છોકરીઓ ત્યાં ફૂટબોલ રમે છે. શું બાળકોનું હાસ્ય અને રમત હવે ખતરો બની ગઈ છે?

આ અત્યાચારો છતાં, પેલેસ્ટીની લોકો શરણાગતિ સ્વીકારવાનો ઈન્કાર કરે છે. પૂર્વ જેરુસલેમમાં, ઈઝરાયેલી દળોએ ફખરી અબુ ધાબનું ઘર તોડી પાડ્યું, છતાં તેણે જવાને બદલે, કાટમાળ પર તંબુ મૂક્યો. પત્રકારો સાથે વાત કરતા, તેની પત્નીએ કહ્યું કેઃ અમારું ઘર તોડી પાડવામાં આવ્યું હોય તો શું? અમે કાટમાળ પર રહીશું, પણ અમે અમારું વતન છોડીશું નહીં.''

પેલેસ્ટીનીઓ સાથે એકતાના સકારાત્મક પરિણામો પણ બહાર આવી રહ્યા છે. ગયા અઠવાડિયે, બ્રિટિશ સરકારે ઈઝરાયેલી શસ્ત્ર ઉત્પાદક સાથેનો કરાર રદ કર્યો. બ્રિટને એલ્બિટ સિસ્ટમ્સ યુકે સાથે બે મિલિયન પાઉન્ડનો કરાર કર્યો હતો, જેની સામે પેલેસ્ટીન એક્શન કાર્યકરોએ ભૂખ હડતાળ શરૂ કરી હતી. મૃત્યુની અણી પર પહોંચ્યા છતાં, હિબા મુરાત્સી, કામરાન અહેમદ અને ઉમર ખાલિદે તેમની ભૂખ હડતાળ ચાલુ રાખી. આખરે, સરકારે કરાર રદ કરવાનો નિર્ણય લીધો, જેના પછી કાર્યકરોએ તેમનો વિરોધ સમાપ્ત કર્યો. આ ઘટના એ વિચારને મજબૂત બનાવે છે કે શાંતિપૂર્ણ અવાજો, જો સુસંગત, સંગઠિત અને નૈતિકતા પર આધારિત હોય, તો હિંસાની ગર્જના વચ્ચે પણ સત્તાના કાન સુધી પહોંચી શકે છે.

અમેરિકન રાજકારણમાં કાનૂની અને શાંતિપૂર્ણ જાહેર દબાણની અસરનું બીજું ઉદાહરણ સામે આવ્યું છે. કેલિફોર્નિયાના કોંગ્રેસના ઉમેદવાર સ્કોટ વિનરે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તેમણે નિષ્કર્ષ કાઢ્યો છે કે ઈઝરાયેલ ગાઝામાં નરસંહાર કરી રહ્યું છે. ગયા વર્ષ સુધી, તેમને ઈઝરાયેલના ઉત્સાહી સમર્થક માનવામાં આવતા હતા. ઓક્ટોબર ૨૦૨૩ની ઘટનાઓની બીજી વર્ષગાંઠ પર, તેમણે ટ્વીટ કર્યું હતું કે ઈઝરાયેલ ટીકાથી પર છે અને ઈઝરાયેલ વિરોધી અવાજો યહૂદી અસ્તિત્વ માટે ખતરો છે. આ ''હૃદય પરિવર્તન'' ફક્ત વ્યક્તિગત બૌદ્ધિક ઉત્ક્રાંતિ નથી; સોશિયલ મીડિયાએ વૈશ્વિક સ્તરે વાસ્તવિકતાઓને ઉજાગર કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે, જેના કારણે જાહેર અભિપ્રાય પર તેની અસરને અવગણવી મુશ્કેલ બની ગઈ છે.

**આરબ વિશ્વમાં ગૂંગળામણ અને મૌન**

આ દરમિયાન, સમગ્ર આરબ વિશ્વમાં દમન ચાલુ છે. બહેરીનની એક કોર્ટે રાજકીય અને માનવાધિકાર કાર્યકર્તા અને નેશનલ ડેમોક્રેટિક એક્શન સોસાયટી (વાદ)ના પૂર્વ સેક્રેટરી-જનરલ, ઈબ્રાહિમ શરીફને ઈઝરાયેલ સાથેના સામાન્યીકરણની ટીકા કરવા બદલ છ મહિનાની જેલ અને ૨૦૦ બહેરીની દિનાર (આશરે ૫૩૦ યુએસ ડોલર)નો દંડ ફટકાર્યો છે.

જ્યારે, જમીન પર, જ્વાળાઓ બુઝાવવાને બદલે ભડકાવવામાં આવી રહી હોય, ત્યારે કોઈપણ સભાઓ, સમિતિઓ અને યોજનાઓમાંથી ચમત્કારોની અપેક્ષા રાખી શકતું નથી. શાંતિ માટેની પ્રથમ અને સૌથી મૂળભૂત શરત સંપૂર્ણ યુદ્ધવિરામ અને ઘેરાબંધીનો અંત છે. તેના વિના, દરેક નવી સમિતિની રચના માત્ર આશા છે. આ બધાની વચ્ચે, ગાઝામાં એક યુવાન છોકરી દ્વારા ''અમે હજુ પણ અહીં છીએ'' લખેલું પ્લેકાર્ડ કદાચ સૌથી સરળ અને સાચું પ્રમાણ હોઈ શકે છેઃ અહીં ભયાનક વિનાશ છતાં, લોકો ટકી રહ્યા છે અને આ ટકી રહેવાનો આ આગ્રહ પોતે જ પ્રતિકારનું સૌથી સાચું સ્વરૂપ છે.

**- મસુદ અબદાલી**
(સૌ. : ઈન્ડિયા ટુમોરો)

# શેરી કૂતરાઓને ખવડાવનારાઓ વિરૂદ્ધ 'FIR દાખલ કરવા માટે લોકોને ઉશ્કેરવા' બદલ ભાજપના નેતા વિજય ગોયલને કાનૂની નોટિસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા વિજય ગોયલ વિવાદમાં સપડાયા છે. રખડતા શ્વાન (Stray Dogs)ને ખવડાવતા લોકો વિરૂદ્ધ કથિત રીતે ખોટી માહિતી ફેલાવવા બદલ એનિમલ વેલફેર સંસ્થા 'પાલ (PAL) વેલફેર ફાઉન્ડેશન' દ્વારા તેમને કાનૂની નોટિસ ફટકારવામાં આવી છે. ગોયલ પર આરોપ છે કે, તેમણે સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું ખોટું અર્થઘટન કરીને લોકોને શ્વાન પ્રેમીઓ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરવા પ્રોત્સાહિત કર્યા છે. સમગ્ર વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે વિજય ગોયલે ગત ગુરૂવારે સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો. આ વીડિયોમાં તેમણે લોકોને અપીલ કરી હતી કે જે વ્યક્તિઓ રસ્તા પર રખડતા કૂતરાઓને ખવડાવતા જોવા મળે તેમની સામે FIR દાખલ કરો. ગોયલે વીડિયોમાં એવો દાવો કર્યો હતો કે, સુપ્રીમ કોર્ટે સુનાવણી બાદ એવો નિર્ણય લીધો છે કે જો રખડતો કૂતરો કોઈને કરડે, તો માત્ર સરકાર જ નહીં પરંતુ તે કૂતરાને ખવડાવનાર વ્યક્તિ પણ જવાબદાર ગણાશે. જો કે, પાલ વેલફેર ફાઉન્ડેશને આ દાવાઓને સદંતર ફગાવી દીધા છે અને સ્પષ્ટતા જારી કરી છે. સંસ્થાના એડવોકેટ મંજુલા વિશ્વાસે મંગળવારે જણાવ્યું હતું કે, આ મામલો હજુ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે અને તેની આગામી સુનાવણી ૨૦ જાન્યુઆરીએ નિર્ધારિત છે. કોર્ટ દ્વારા અત્યાર સુધી આવો કોઈ આદેશ આપવામાં આવ્યો નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, એનિમલ બર્થ કંટ્રોલ (ABC)ના નિયમો હાલમાં પણ અમલમાં છે અને ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી સુપ્રીમ કોર્ટે શ્વાનને ખવડાવનારાઓ વિરૂદ્ધ કોઈ નવા નિર્દેશ આપ્યા નથી. એડવોકેટ વિશ્વાસે વધુમાં ઉમેર્યું હતું કે, સોશિયલ મીડિયા પર ૧૫ કે ૧૬ જાન્યુઆરીએ ફીડર્સ વિરૂદ્ધ FIR નોંધવામાં આવી હોવાની જે અફવાઓ ફેલાઈ રહી છે તે સંપૂર્ણપણે ખોટી છે. પાલ ફાઉન્ડેશનના જણાવ્યા અનુસાર, વિજય ગોયલ અગાઉ પણ આવી કથિત ખોટી માહિતી શેર કરી ચૂક્યા છે, જેને પગલે તેમને અગાઉ ૩ સપ્ટેમ્બર અને ૨૪ સપ્ટેમ્બરના રોજ નોટિસ મોકલવામાં આવી હતી. હવે તેમની તાજેતરની સોશિયલ મીડિયા પોસ્ટ બદલ ૧૯ જાન્યુઆરીએ ફરીથી નવી કાનૂની નોટિસ જારી કરવામાં આવી છે.

# નોઈડામાં પાણી ભરેલા ખાડામા ટેકીના ડૂબી જવાથી મોતના મામલે બિલ્ડરની ધરપકડ

(એજન્સી) નોઈડા, તા.૨૧

નોઈડાના સેક્ટર ૧૫૦માં એક નિર્માણાધીન સાઈટ પર પાણીથી ભરેલા ખાડામાં SUV ખાબકવાને કારણે ૨૭ વર્ષીય સોફ્ટવેર એન્જિનિયર યુવરાજ મહેતાના મોતના મામલે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. નોઈડા પોલીસે મંગળવારે 'વિશટાઉન પ્લાનર્સ પ્રાઈવેટ લિમિટેડ'ના માલિકો પૈકીના એક, અભય કુમારની ધરપકડ કરી છે. આ ઘટના બાદ પોલીસ હવે અન્ય માલિક મનીષ કુમારની શોધખોળ કરી રહી છે. ઘટનાની વિગતો મુજબ, શનિવારે વહેલી સવારે ગાઢ ધુમ્મસના કારણે યુવરાજ મહેતાની ગ્રાન્ડ વિટારા કાર રસ્તા પરથી લપસી ગઈ હતી અને ૨૦ ફૂટ ઊંડા પાણીથી ભરેલા ખાડામાં પડી હતી. આ ખાડો વર્ષ ૨૦૨૧માં મોલના બેઝમેન્ટ માટે ખોદવામાં આવ્યો હતો, જેમાં ૨૦૨૨થી પાણી ભરાયેલું હતું. મૃતકના પિતાની ફરિયાદના આધારે 'વિશટાઉન પ્લાનર્સ' અને 'લોટસ ગ્રીન્સ' સામે FIR નોંધવામાં આવી હતી. જો કે, લોટસ ગ્રીન્સે દાવો કર્યો છે કે, તેમણે આ પ્રોજેક્ટ ૨૦૧૯-૨૦૨૦માં જ નોઈડા ઓથોરિટીની મંજૂરી સાથે અન્ય ગ્રુપને વેચી દીધો હતો. આ મામલે ઉત્તર પ્રદેશ સરકાર પણ એક્શનમાં આવી છે. સોમવારે સરકારે નોઈડા ઓથોરિટીના CEO અને ૨૦૦૫ બેચના IAS અધિકારી લોકેશ એમ.ને તેમના પદ પરથી હટાવી દીધા છે. આ સાથે જ સમગ્ર ઘટનાની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરવાનો આદેશ આપ્યો છે. અગાઉ લોકેશ એમ.એ એક જુનિયર એન્જિનિયરને બરતરફ કર્યા હતા અને સેક્ટર ૧૫૦ના રોડ તેમજ ટ્રાફિક વ્યવસ્થા માટે જવાબદાર અન્ય અધિકારીઓને કારણદર્શક નોટિસ ફટકારી હતી. અત્યંત હૃદયદ્રાવક બાબત એ છે કે, અકસ્માત બાદ યુવરાજ મહેતા લગભગ ૯૦ મિનિટ સુધી જીવિત હતો. તેણે ફોન કરીને તેના પિતાને જાણ કરી હતી, જેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પોલીસ ફાયરબ્રિગેડ અને SDRFની ટીમો પણ ત્યાં પહોંચી હતી, પરંતુ ગાઢ ધુમ્મસને કારણે કારનું ચોક્કસ લોકેશન મળી શક્યું નહીં અને તરતા ન આવડતું હોવાથી અંતે યુવરાજ ડૂબી ગયો. સ્થાનિક સુરક્ષા વ્યવસ્થા પર સવાલો ઉઠાવતા એક ટ્રક ડ્રાઈવર ગુરવિંદર સિંહે જણાવ્યું કે, આ જ મહિનાની શરૂઆતમાં તેની ટ્રક પણ અહીં અકસ્માતનો ભોગ બની હતી અને માંડ બચી હતી. તેણે કહ્યું કે, રસ્તા પર કોઈ સાઈનબોર્ડ કે મજબૂત બેરિકેડ નથી, જેના કારણે વાહનચાલકોને ખાડાનો ખ્યાલ આવતો નથી. હાલમાં પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

# ઝાકીર ખાને ખુલાસો કર્યો કે, તે એક વર્ષથી બીમાર છે; 'નિદ્રાધીન રાતો, વહેલી સવારની ફ્લાઈટ્સ અને ભોજનના અનિયમિત સમય'ને ગણાવ્યા જવાબદાર

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૧

લોકપ્રિય સ્ટેન્ડ-અપ કોમેડિયન ઝાકિર ખાને તેના હૈદરાબાદના લાઈવ શો દરમિયાન કોમેડીની દુનિયામાંથી લાંબો બ્રેક લેવાની જાહેરાત કરીને ચાહકોને ચોંકાવી દીધા છે. હાલમાં પોતાના સ્પેશિયલ શો 'પાપા યાર' (Papa Yaar) માટે ભારતભરમાં પ્રવાસ કરી રહેલા ઝાકિરે જણાવ્યું કે, તે પોતાના સ્વાસ્થ્ય પર ધ્યાન આપવા માટે વર્ષ ૨૦૨૮-૩૦ સુધી સ્ટેજથી દૂર રહી શકે છે. આ જાહેરાતનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. લાઈવ ઓડિયન્સને સંબોધતા ઝાકિરે ભાવૂક થઈને કહ્યું, "હું એક ખૂબ જ લાંબો બ્રેક લઈ રહ્યો છું. કદાચ વર્ષ ૨૦૨૮-૨૯ અથવા ૨૦૩૦ સુધી. આ ત્રણ, ચાર કે પાંચ વર્ષનો બ્રેક મારા સ્વાસ્થ્યની સંભાળ લેવા અને અન્ય કેટલીક બાબતોને વ્યવસ્થિત કરવા માટે હશે." તેણે વધુમાં તેના ચાહકોનો આભાર માનતા કહ્યું કે, જે લોકો અત્યારે અહીં હાજર છે તેઓ મારા હૃદયની ખૂબ નજીક છે અને તેમના પ્રેમ માટે તે હંમેશા આભારી રહેશે. ઝાકિર ખાનના સ્વાસ્થ્ય અંગેની સમસ્યાઓ નવી નથી. અગાઉ સપ્ટેમ્બર ૨૦૨૫માં પણ તેણે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને ટૂંકા બ્રેકની જાહેરાત કરી હતી. તે સમયે તેણે ખુલાસો કર્યો હતો કે, સતત કામના કલાકો, દિવસમાં બે થી ત્રણ શો



કરવા, ઊંઘનો અભાવ અને જમવાના અનિયમિત સમયને કારણે તેની તબિયત લથડી રહી છે. તેણે જણાવ્યું હતું કે, તે છેલ્લા દસ વર્ષથી સતત પ્રવાસ કરી રહ્યો છે, જે સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થયું છે. તેણે પોતાની મુશ્કેલીઓ વર્ણવતા લખ્યું હતું કે, "હું છેલ્લા એક વર્ષથી અસ્વસ્થ છું, પરંતુ તે સમયે કામ કરવું મહત્ત્વનું લાગતું હોવાથી મેં કામ ચાલુ રાખ્યું હતું. વહેલી સવારની ફ્લાઈટ્સ અને ખાવા-પીવાના કોઈ નક્કી સમય વગર કામ કરવું ખૂબ જ મુશ્કેલ છે." ઝાકિર ખાનની આ જાહેરાત બાદ તેના લાખો ચાહકો સોશિયલ મીડિયા પર તેના ઝડપી સ્વાસ્થ્ય સુધારા માટે પ્રાર્થના કરી રહ્યા છે.

**હદીસ બોધ**

જે તમારી સાથે નેકી કરે તેની સાથે નેકી અને અહેસાન કરો. - હદીસ બોધ

**બોધ વચન**

જે માણસો સવારથી જ સત્કાર્યો શરૂ કરે છે એમને દિવસનો દરેક કલાક મજા આપે છે; અને તેમની આસપાસની દરેક વસ્તુમાંથી તેમને માટે શાંતિ અને ઉલ્લાસ જન્મે છે. -ગેસનર

**આજની આરસી**

૨૨ જાન્યુઆરી ગુરૂવાર ૨૦૨૬
૨ શાબાન હિજરી ૧૪૪૭
મહા સુદ ચોથ સંવત ૨૦૮૨

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૫૯ |
| ખત્મે ઝવાલ | ૧૨-૫૧ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૭-૨૨ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૨૦ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

# અભિષેક શર્માના આક્રમક તોફાનમાં ન્યૂઝીલેન્ડ તણાયું, નાગપુર T20I જીતીને ભારતે ૧-૦થી લીડ મેળવી



નાગપુર, તા.૨૧

બુધવાર, ૨૧ જાન્યુઆરીના રોજ નાગપુરના વીસીએ (VCA) સ્ટેડિયમ ખાતે રમાયેલી પ્રથમ T20I મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને ૪૮ રને હરાવીને પાંચ મેચોની શ્રેણીમાં ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે. ૪૦૦થી વધુ રન ધરાવતી આ હાઈ-સ્કોરિંગ મેચમાં અભિષેક શર્માની વિસ્ફોટક બેટિંગ નિર્ણાયક સાબિત થઈ હતી, જેના કારણે ભારતે કિવી ટીમ સામે પોતાનો સર્વોચ્ચ સ્કોર નોંધાવ્યો હતો. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત નબળી રહી હતી. સંજુ સેમસન (૧૦) અને લાંબા સમય પછી વાપસી કરી રહેલા ઈશાન કિશન (૮) સસ્તામાં આઉટ થઈ જતાં ભારતનો સ્કોર ૨૭ રને ૨ વિકેટ થઈ ગયો હતો. જોકે, ત્યારબાદ અભિષેક શર્મા અને સુકાની સૂર્યકુમાર યાદવે મોરચો સંભાળ્યો હતો. અભિષેકે માત્ર ૨૨ બોલમાં ફિફ્ટી ફટકારી ન્યૂઝીલેન્ડ સામે ભારત તરફથી સૌથી ઝડપી અડધી સદીનો રેકોર્ડ બનાવ્યો હતો. તેણે ૩૫ બોલમાં ૮૪ રનની તોફાની ઈનિંગ રમી હતી, જેમાં ૮ ગગનચુંબી છગ્ગા અને ૫ ચોગ્ગા સામેલ હતા. સૂર્યકુમારે પણ ૩૨ રનનું યોગદાન આપ્યું હતું. આ બંને વચ્ચે ત્રીજી વિકેટ માટે ૯૯ રનની ભાગીદારી થઈ હતી, જેના સહારે ભારતે ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૨૩૮ રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. અંતિમ ઓવરોમાં રિંકુ સિંહે ફરી એકવાર સાબિત કર્યું કે તે શ્રેષ્ઠ ફિનિશર છે. તેણે માત્ર ૨૦ બોલમાં અણનમ ૪૪ રન ફટકારી ભારતને મજબૂત સ્થિતિમાં પહોંચાડ્યું હતું. હાર્દિક પંડ્યાએ પણ ૧૬ બોલમાં ૨૫ રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું. ૨૩૯ રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમની શરૂઆત ખરાબ રહી હતી. અર્શદીપ સિંહ અને હાર્દિક પંડ્યાએ શરૂઆતની ઓવરોમાં જ ઓપનરોને પેવેલિયન ભેગા કરી દીધા હતા. ન્યૂઝીલેન્ડ તરફથી ગ્લેન ફિલિપ્સે ૪૦ બોલમાં ૭૮ રન બનાવીને લડત આપી હતી, પરંતુ બીજા છેડેથી તેને પૂરતો સાથ મળ્યો ન હતો. અક્ષર પટેલે ફિલિપ્સની વિકેટ ઝડપીને ન્યૂઝીલેન્ડની આશા પર પાણી ફેરવી દીધું હતું. અંતે કિવી ટીમ નિર્ધારિત ઓવરોમાં લક્ષ્યાંક સુધી પહોંચી શકી ન હતી. ભારત તરફથી વરુણ ચક્રવર્તી અને શિવમ દુબેએ ૨-૨ વિકેટ ઝડપી હતી. આ જીત સાથે ભારતે શ્રેણીમાં મજબૂત પકડ બનાવી લીધી છે અને હવે બીજી મેચ ૨૩ જાન્યુઆરીએ રાયપુરમાં રમાશે.

# SIR : મોહમ્મદ શમી કોલકાતામાં ચૂંટણી અધિકારીઓ સમક્ષ હાજર થયા; મતદાર યાદી સુધારણા અભિયાનને આપ્યું સમર્થન

કોલકાતા, તા.૨૧

ભારતીય સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમી મંગળવારે (૨૦ જાન્યુઆરી, ૨૦૨૬) પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા મતદાર યાદીના ખાસ સઘન સુધારણા (Special Intensive Revision-SIR) કાર્યક્રમ હેઠળ સુનાવણી માટે ચૂંટણી અધિકારીઓ સમક્ષ હાજર થયા હતા. વર્ષ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પહેલા મતદાર યાદીને સચોટ અને ક્ષતિરહિત બનાવવાના હેતુથી હાથ ધરવામાં આવેલી આ પ્રક્રિયા દરમિયાન શમીના ફોર્મમાં કેટલીક નાની ભૂલો જણાતા તેમને સમન્સ પાઠવવામાં આવ્યું હતું. દક્ષિણ કોલકાતાના બિક્રમગઢ વિસ્તારની એક શાળામાં આયોજિત આ સુનાવણીમાં શમી પાસપોર્ટ સહિતના જરૂરી દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહ્યા હતા. ચૂંટણી અધિકારીઓએ ખૂબ જ કાર્યક્ષમતા પૂર્વક માત્ર ૧૫ મિનિટમાં આ પ્રક્રિયા પૂર્ણ કરી હતી અને જરૂરી સુધારા કર્યા હતા. શમી અગાઉ વિજય હજારે ટ્રોફીમાં બંગાળ તરફથી રમવા માટે રાજકોટમાં હોવાથી અગાઉની તારીખે હાજર રહી શક્યા નહોતા, જેના કારણે આ સુનાવણી ફરીથી શેડ્યૂલ કરવામાં આવી હતી. સુનાવણી બાદ પત્રકારો સાથે



વાતચીત કરતા મોહમ્મદ શમીએ નાગરિક જવાબદારી પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "SIRએ દરેક નાગરિકનો અધિકાર છે અને આપણે સૌએ આ પ્રક્રિયામાં ભાગ લેવો જોઈએ. આ આપણી જવાબદારી છે અને તેનાથી કોઈને નુકસાન થતું નથી." શમીએ વધુમાં ઉમેર્યું હતું કે, "મને કોઈ મુશ્કેલી પડી નથી અને અધિકારીઓએ આ બાબતને સારી રીતે સંભાળી છે. હું છેલ્લા ૨૫ વર્ષથી અહીં રહું છું. જો તેઓ મને ફરીથી બોલાવશે, તો હું ચોક્કસ આવીશ." મૂળ ઉત્તર પ્રદેશના વતની મોહમ્મદ શમી તેમના કોચની સલાહ પર નાની ઉંમરે કોલકાતા આવ્યા હતા. બંગાળની અંડર-૨૨ ટીમથી શરૂઆત કરીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સુધીની સફર ખેડનાર શમી છેલ્લા બે દાયકાથી વધુ સમયથી કોલકાતામાં રહે છે. તેઓ કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર ૯૩ અને રાશબિહારી વિધાનસભા મતવિસ્તાર હેઠળના નોંધાયેલા મતદાર છે. નોંધનીય છે કે, તેમના ભાઈ મોહમ્મદ કૈફને પણ ચૂંટણી પંચ દ્વારા આવી જ નોટિસ આપવામાં આવી છે.

ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી આ કવાયત્નો મુખ્ય ઉદ્દેશ્ય મતદાર યાદીમાં રહેલી વિસંગતતાઓને દૂર કરવાનો અને જૂની યાદીઓ સાથેના જોડાણને સ્પષ્ટ કરવાનો છે. મોહમ્મદ શમી જેવા લોકપ્રિય ક્રિકેટરે આ પ્રક્રિયામાં સહકાર આપીને અન્ય નાગરિકો માટે લોકશાહી પ્રક્રિયામાં સામેલ થવાનું એક ઉમદા ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

# T20 વર્લ્ડ કપ : જો બાંગ્લાદેશ ભારતમાં રમવાની ના પાડશે તો ICC તેને ટુર્નામેન્ટમાંથી બહાર કરી દેશે

નવી દિલ્હી, તા.૨૧

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)ને કડક ચેતવણી આપી છે કે, જો તેમની ટીમ ૨૦૨૬ના T20 વર્લ્ડ કપ માટે ભારત પ્રવાસ કરવાનો ઈન્કાર ચાલુ રાખશે તો તેમને ટૂર્નામેન્ટમાંથી બહાર કરી દેવામાં આવશે અને તેમના સ્થાને અન્ય ટીમને સામેલ કરવામાં આવશે. ICC બોર્ડની બેઠકમાં બાંગ્લાદેશની મેચો ભારતની બહાર ખસેડવાની વિનંતીને ૧૪-૨ના મતે ફગાવી દેવામાં આવી છે.

**સુરક્ષાના કારણોસર વિવાદ :** ૭ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા T20 વર્લ્ડ કપમાં બાંગ્લાદેશની ત્રણ મેચો કોલકાતામાં અને એક મેચ મુંબઈમાં રમાવાની છે. જો કે, બાંગ્લાદેશ સરકારે સુરક્ષાના કારણો ટાંકીને ટીમને ભારત મોકલવાનો ઈન્કાર કર્યો છે. BCBએ પ્રસ્તાવ મૂક્યો હતો કે તેમની મેચો શ્રીલંકા ખસેડવામાં આવે અથવા તેમના ગ્રુપમાં ફેરફાર કરવામાં આવે જેથી તેઓ તમામ મેચો શ્રીલંકામાં રમી શકે. પરંતુ ICCએ આ દરખાસ્ત સ્વીકારવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો છે.

**સ્કોટલેન્ડને મળી શકે છે તક :** ICCએ BCBને અંતિમ અલ્ટીમેટમ આપતા જણાવ્યું છે કે જો બાંગ્લાદેશ ભારત પ્રવાસ માટે તૈયાર નહીં થાય, તો તેમને ટૂર્નામેન્ટમાંથી હટાવી દેવામાં આવશે અને 'સ્કોટલેન્ડ'ને તેમના સ્થાને ગ્રુપ Cમાં સ્થાન આપવામાં આવશે. સ્કોટલેન્ડ અગાઉ ક્વોલિફાય કરવામાં નિષ્ફળ રહ્યું હતું પરંતુ હવે તેમને વર્લ્ડ કપમાં વાપસીની આશા જાગી છે. BCBને સરકાર સાથે ચર્ચા કરીને આ અંગે અંતિમ નિર્ણય જણાવવા માટે માત્ર એક દિવસનો સમય આપવામાં આવ્યો છે.

**રાજકીય તણાવ અને IPL વિવાદ :** રિપોર્ટ અનુસાર આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે BCCIએ IPL ૨૦૨૬ની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સને તેમના ખેલાડી મુસ્તફિઝુર રહેમાનને ટીમમાંથી દૂર કરવા જણાવ્યું હતું. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના વણસતા રાજકીય સંબંધોને કારણે આ નિર્ણય લેવાયો હોવાનું મનાય છે, જેના જવાબમાં બાંગ્લાદેશ સરકારે રાષ્ટ્રીય ટીમને વર્લ્ડ કપ માટે ભારત ન મોકલવાનો નિર્ણય લીધો છે.

**બાંગ્લાદેશ ક્રિકેટમાં અશાંતિ :** આ વિવાદને કારણે બાંગ્લાદેશના સ્થાનિક ક્રિકેટમાં પણ હલચલ મચી ગઈ છે. બાંગ્લાદેશ પ્રીમિયર લીગ (BPL) દરમિયાન ખેલાડીઓએ બહિષ્કાર કર્યો હોવાના અહેવાલો પણ સામે આવ્યા છે. હવે જોવાનું એ રહેશે કે આવતીકાલની અંતિમ ડેડલાઈન સુધીમાં બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ નમતું જોખે છે કે પછી વર્લ્ડ કપ ગુમાવવાની તૈયારી રાખે છે.

# ઓડિશામાં પાદરીની સખત ધોલાઈ કરી ગાયનું છાણ ખાવાની ફરજ પાડવામાં આવી, જય શ્રી રામ બોલાવવાનો પણ પ્રયાસ

**રાજ્યના ધેન કાનેલ વિસ્તારમાં એક ખ્રિસ્તી પાદરી બીપીન બિહારી નાઈકને એક હિંસક ટોળાએ હુમલો કરીને માર માર્યો હતો અને ગાયનું છાણ ખાવા માટે તેને ફરજ પાડવામાં આવી હતી અને જય શ્રી રામના સૂત્રો પોકારવાની પણ ફરજ પાડવામાં આવી હતી, પાદરી ઉપર આ પ્રકારનો હુમલો શું કામ કરવામાં આવ્યો ?**

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૧

ઓડિશાના ધેન કાનેલ જિલ્લામાં એક પાદરી ઉપર તોફાની ટોળાએ ભારે હુમલો કર્યો હતો. હિન્દુત્વ હોવાથી જૂથના એક ટોળાએ બીપીન બિહારી નાઈક ઉપર હુમલો કરીને તેને સખત મારમારી ગાયનું છાણ ખાવા માટેની તેને ફરજ પાડી હતી અને બુટ ચંપલોની માળા તેને પહેરાવવામાં આવી હતી. પાદરી પાસે જય શ્રી રામના સૂત્રો બોલાવવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા હતા. આ ઘટના થોડા દિવસ પહેલાની હતી પરંતુ હવે બહાર આવી છે અને અહેવાલ એવો છે કે બે અઠવાડિયા જેવો સમય થઈ ગયા છતાં પોલીસે કોઈની ધરપકડ કરી નથી. પોલીસની કામગીરી અંગે પણ સવાલો ઊઠી રહ્યા છે. પોતાની સાથે આવું વર્તન થયા છતાં અને આટલું અપમાન અને પીડા સહન કર્યા છતાં પાદરી નાઈક માફ કરી દેવા માંગે છે. કેથોલિક કનેક્ટ સાથે વાતચીત કરતા બુધવારે પાદરીએ કહ્યું હતું કે મેં મારા ઉપર હુમલો કરનારા અને મને અપમાનિત કરનારા લોકોને માફ કરી દીધા છે. રાજ્યના ધ્યેન કાનેલ જિલ્લાન પર જંગ ગામમાં આ ઘટના બની હોવાનું જાહેર થયું છે જ્યારે પાદરી એમની પત્ની અને અન્ય કેટલાક લોકો સાથે તેમના ઘરમાં પ્રાર્થના સભા કરી રહ્યા હતા ત્યારે તેમના પરિવારના સાત સભ્યો પણ સાથે હતા. અચાનક ૩૦થી ૪૦ લોકોની ભીડ ઘરની બહાર એકત્ર થઈ હતી અને બળજબરીથી ઘરમાં ઘૂસી ગયા હતા અને ઘરમાં રહેલા બધાને માર મારવાનું શરૂ કરી દીધું હતું. મકતુબ મીડિયાનો રિપોર્ટ જણાવે છે કે પાદરીના પત્ની વંદનાએ કહ્યું હતું કે મારા બાળકો અને હું માંડ માંડ કોઈ રીતે ઘરની બહાર નીકળીને એક સાંકળી ગલીમાં છુપાયા હતા અને રોતા રોતા પોલીસ સ્ટેશન તરફ દોડ્યા હત. મેં મદદ માટે અપીલ કરી હોવા છતાં પોલીસે કોઈ મદદ કરી નહોતી અને તાત્કાલિક મારા ઘરે આવી નહોતી. બજરંગ દળ ના સભ્યોએ પાદરી બીપીનને ઘરની બહાર ખેંચીને લાકડીઓથી અને ધોકા માર મારવાનું શરૂ કર્યું હતું અને એમના ચહેરા ઉપર લાલ સિંદૂર લગાડી દીધું હતું અને બુટ ચપ્પલની માળા પહેરાવવામાં આવી હતી. એ પછી અમને આખા ગામમાં સરઘરની જેમ ફેરવવામાં આવ્યા હતા અને ગામના હનુમાન મંદિરમાં લઈ જઈને એક થાંભલા સાથે એમના બંને હાથ બાંધી દીધા હતા. કે પછી એમને ગાયનું છાણ ખાવાની ફરજ પાડવામાં આવી હતી. પાદરી લોહી લુહાણ થઈ ગયા હતા પરંતુ એમને ટોળામાંથી લોકો આવી આવીને ફડાકા મારી રહ્યા હતા અને જય શ્રી રામ બોલવા માટે કહી રહ્યા હતા. વંદના કહે છે કે મારા પતિને ગંભીર ઈજાઓ થઈ હતી પરંતુ લોકો એમને મારતા રહ્યા હતા અને એમના મોઢામાં ગાયનું છાણ બળજબરીથી નાખતા રહ્યા હતા અને પોલીસ આવી એ પછી પણ ત્યાંથી તોફાની ટોળું વિખેરાયું નહોતું અને થોડીવાર આજ સ્થિતિ રહી પછી એમને પોલીસ સ્ટેશન બચાવીને લઈ ગયા હતા. પર જંગ ગામમાં મોટાભાગની વસ્તી હિન્દુઓની છે અને અહીં માત્ર સાત ખ્રિસ્તી પરિવારો રહે છે. ટોળાએ એવો આક્ષેપ કર્યો હતો કે પાદરી બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવે છે. પોલીસે ટોળાની સામે એફઆઈઆર દાખલ કરી છે અને પાદરી સામે પણ એફઆઈઆર દાખલ કરી છે અને બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવી રહ્યા ન આરોપ મુકવામાં આવ્યો છે. પાદરીના મોટાભાઈ ૪૫ ખ્રિસ્તી ભાઈઓને લઈને ડીએસપીને પણ મળ્યા હતા પરંતુ તાત્કાલિક કોઈ કાર્યવાહી પોલીસે કરી નહોતી.

# દલિત મજૂરો પર હુમલાને વખોડી કાઢવામાં આવ્યો

(એજન્સી) વિજયવાડા, તા.૨૧

ગઠબંધન સરકાર હેઠળ રાજ્યભરમાં બર્બર અને અરાજક ઘટનાઓ બની રહી હોવાનો આરોપ લગાવતા સીપીએમના રાજ્ય સચિવ વી શ્રીનિવાસ રાવે દલિતો અને નબળા વર્ગના સભ્યો પર હુમલો કરનારા જુગાર આયોજકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. આવી ઘટનાઓ કાયદો અને વ્યવસ્થાના ભંગાણને પ્રતિબિંબિત કરતી હોવાનું તેમણે જણાવ્યું હતું. કૃષ્ણા જિલ્લાના કાંકીપાડુ મંડળના ઉપ્પુલુરૂ ગામમાં એક કોકફાઈટિંગ કેમ્પમાં દલિતો અને નબળા વર્ગના લોકો પર થયેલા હુમલામાં સામેલ લોકો માટે કડક સજાની માગણી અને એસસી/એસટી (અત્યાચાર નિવારણ) કાયદા હેઠળ કેસ નોંધવાની માગણી કરતા સીપીએમે બેસંટ રોડ પર વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું. સીપીએમના નેતાઓ અને કાર્યકરોએ રાજ્યમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને દલિતો પરના હુમલાઓ સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. સભાને સંબોધતા શ્રીનિવાસ રાવે જણાવ્યું હતું કે, થોટલાવલ્લુરૂના દલિત અને નબળા વર્ગના મજૂરોને ઉપ્પુલુરૂમાં એક કોકફાઈટિંગ કેમ્પમાં કામ પર લઈ જવામાં આવ્યા હતા. પૈસાના વિવાદને પગલે, આયોજકોએ તેમને કથિત રીતે બાંધી રાખ્યા, આખી રાત તેમના પર ક્રૂર હુમલો કર્યો અને રેલવે ટ્રેક પર ફેંકી દેવાની ધમકી આપી હતી. તેમણે રાજ્યની રાજધાનીની નજીક આવી ગંભીર ઘટના બની હોવા છતાં અધિકારીઓ, જનપ્રતિનિધિઓ, ધારાસભ્યો કે મંત્રીઓ દ્વારા કોઈ ગંભીર કાર્યવાહી કરવામાં આવી નથી તેનો આઘાત વ્યક્ત કર્યો,. તેમણે આરોપ લગાવ્યો કે, આરોપીઓને બચાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે પોલીસની માત્ર એક પ્રતીકાત્મક કેસ નોંધવા બદલ ટીકા કરી અને માંગ કરી કે SC/ST (અત્યાચાર નિવારણ) અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવે. તેમણે કહ્યું કે, પીડિતોને ખોટી રીતે ચોર ગણાવવામાં આવી રહ્યા છે, જેના કારણે તેઓ અપમાનિત અને ભયભીત થઈ રહ્યા છે અને જુગારના આયોજકોએ તેમને કોઈની સાથે વાત ન કરવાની ચેતવણી પણ આપી હતી. સોશિયલ મીડિયા પર હુમલાના વીડિયો ફરતા થયા હોવા છતાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી નથી, જેને તેમણે ગેરકાયદેસર અને અલોકતાંત્રિક ગણાવી હતી. શ્રીનિવાસ રાવે વધુમાં આરોપ લગાવ્યો કે, જ્યારે સરકાર ગેરકાયદેસર જુગાર, દારૂ અને કૂકડાની લડાઈમાં સામેલ લોકો પ્રત્યે નરમ વલણ અપનાવી રહી છે, ત્યારે તે જાહેર મુદ્દાઓ માટે લડનારાઓ સામે પીડી એક્ટ લાગુ કરી રહી છે. તેમણે ચેતવણી આપી હતી કે અગાઉના YSRCP શાસનનો વિરોધ કરીને સત્તામાં આવેલી ગઠબંધન સરકાર વધુ દમનકારી વર્તન કરી રહી છે અને જો આવી પ્રથાઓ ચાલુ રહી તો તેનું પણ એ જ પરિણામ આવશે. તેમણે પીડિતો માટે પોલીસ સુરક્ષા અને ગુનેગારોને કડક સજાની માંગ કરી. સીપીએમ સેન્ટ્રલ કમિટીના સભ્ય ડી રામાદેવીએ આરોપ લગાવ્યો હતો કે, સરકારે સંક્રાંતિના નામે કોકફાઈટ, દારૂ અને જુગારને મંજૂરી આપીને નૈતિક સત્તા ગુમાવી દીધી છે. તેમણે શ્રમ મંત્રી વાસમશેટ્ટી સુભાષની રેકોર્ડિંગ નૃત્યોમાં ભાગ લેવા બદલ ટીકા કરી હતી અને બાપટલા જિલ્લામાં જાતિ આધારિત હિંસાની ઘટનાઓ પર સરકારના મૌન પર પ્રશ્ન ઉઠાવ્યો હતો. સીપીએમ રાજ્ય સચિવાલયના સભ્ય વાય વેંકટેશ્વર રાવ, કેવીપીએસ રાજ્ય સચિવ આંદ્રા માલ્યાદ્રી, સીપીએમ કોર્પોરેટર બોયી સત્યબાબુ, સીપીએમ નેતાઓ બી તુલસીદાસુ, એવી નાગેશ્વર રાવ, રમણા, દુર્ગારાવ, સીતારામુલુ, મુરલી, સોમેશ્વર રાવ અને અન્ય લોકો હાજર હતા.

# મેંગ્લુરૂમાં કોસ્ટ ગાર્ડ એકેડેમી પ્રોજેક્ટમાં દલિત વસાહતનો એકમાત્ર પ્રવેશ માર્ગ બંધ થઈ જવાથી વિવાદ

**એકેડેમી સ્થળની નજીક સ્થિત એક નાના રહેઠાણ મુદુબાલિકેના રહેવાસીઓનો દાવો છે કે, તેમની વસાહતને પહોંચતો એકમાત્ર કાચો રસ્તો લગભગ બે મહિના પહેલા બંધ કરવામાં આવ્યો હતો**

(એજન્સી) મેંગ્લુરૂ, તા.૨૧

મેંગલુરૂની બહારના કેંજર ખાતે ભારતની પ્રથમ કોસ્ટ ગાર્ડ એકેડેમી (CGA)નું બાંધકામ વિવાદમાં સપડાયું છે, આસપાસ રહેતા દલિત પરિવારોએ આરોપ લગાવ્યો છે કે, પ્રોજેક્ટ માટે બનાવવામાં આવી રહેલી કમ્પાઉન્ડ વોલ તેમની વસાહતને પહોંચતો એકમાત્ર પ્રવેશ માર્ગ કાપી નાખ્યો છે, જેના કારણે તેમના રોજિંદા જીવન પર અસર પડી છે. કર્ણાટક ઔદ્યોગિક ક્ષેત્ર વિકાસ બોર્ડ (KIADB) દ્વારા CGAને ૧૫૯ એકર જમીન ફાળવવામાં આવી છે અને હાલમાં કમ્પાઉન્ડ વોલ માટે પાયો નાખવાનું કામ ચાલી રહ્યું છે. જો કે, એકેડેમી સ્થળની નજીક સ્થિત એક નાના રહેઠાણ મુદુબાલિકેના રહેવાસીઓનો દાવો છે કે, તેમની વસાહતને પહોંચતો એકમાત્ર પ્રવેશ માર્ગ લગભગ બે મહિના પહેલા બંધ કરવામાં આવ્યો હતો. દલિત સંઘર્ષ સમિતિ (DSS)ના જિલ્લા કન્વીનર સદાશિવ પાદુબિદ્રીએ જણાવ્યું હતું કે, લગભગ ૧૦ દલિત પરિવારો આ વિસ્તારમાં લગભગ ૭૦ વર્ષથી રહે છે અને ૧૯૯૪માં સરકારની આશ્રય આવાસ યોજના હેઠળ તેમને માલિકી હક આપવામાં આવ્યા હતા. તેમના ઘરોની કાયદેસર માલિકી હોવા છતાં રસ્તાની ઍક્સેસ ગુમાવવાને કારણે પરિવારો હવે સંપર્કરહિત બની ગયા હોવાનું અનુભવી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. પાદુબિદ્રીએ સમજાવ્યું કે, વસાહત ત્રણ બાજુ ખાનગી મિલકતોથી ઘેરાયેલી છે, જેમાં સર્વે નંબર ૧૧૬/૭ને અડીને આવેલ ફક્ત એક કાદવનો રસ્તો એકમાત્ર પ્રવેશ માર્ગ તરીકે રહે છે. તેમણે કહ્યું કે, "આ રસ્તો કાર્યસ્થળો, શાળાઓ, બજારો અને હોસ્પિટલોની મુસાફરી સહિતની તમામ દૈનિક જરૂરિયાતો માટે મહત્ત્વપૂર્ણ રહ્યો છે," તેમણે ઉમેર્યું હતું કે, ચોમાસા દરમિયાન જ્યારે આખો વિસ્તાર પાણીથી ભરાઈ જાય છે ત્યારે સમસ્યા વધુ તીવ્ર બનશે. DSS નેતાઓના જણાવ્યા મુજબ, સંસદ સભ્ય કેપ્ટન બ્રિજેશ ચોવટા, ધારાસભ્ય ઉમાનાથ કોટિયાલ, ડેપ્યુટી કમિશનર, કોસ્ટ ગાર્ડ અધિકારીઓ અને તહસીલદારને વારંવાર અપીલ કરવા છતાં કોઈ નક્કર પ્રતિભાવ મળ્યો નથી. DSSના અન્ય નેતા રઘુ કે. યેક્કરે જણાવ્યું કે, "સાંસદે લાચારી વ્યક્ત કરી અને અમારા મેમોરેન્ડમનો સ્વીકાર પણ ન કર્યો. બાદમાં તેમણે તહસીલદારને સ્થળ નિરીક્ષણ કરવા કહ્યું, પરંતુ સ્થાનિક રહેવાસીઓને જાણ કર્યા વિના નિરીક્ષણ કરવામાં આવ્યું,". તેમણે ઉમેર્યું કે, કોસ્ટ ગાર્ડના અધિકારીઓએ અગાઉ રહેવાસીઓને મૌખિક રીતે ખાતરી આપી હતી કે રસ્તો અવરોધિત કરવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે, "અમારી પાસે કોઈ વૈકલ્પિક પ્રવેશ નથી કારણ કે, બાકીની ત્રણ બાજુઓ ખાનગી જમીન છે અને માલિકો પસાર થવાની મંજૂરી આપશે નહીં. હાલના કોંક્રિટ રોડથી અમારા ઘરો માંડ ૫૦ મીટર દૂર છે. જો કોસ્ટ ગાર્ડ માત્ર થોડા સેન્ટ જમીન છોડી દે, તો અમારા રહેઠાણ માટે યોગ્ય પ્રવેશ માર્ગ પૂરો પાડી શકાય છે,". DSSએ કમ્પાઉન્ડ વોલ બાંધકામ તાત્કાલિક બંધ કરવાની માંગ કરી છે અને સાંસદ અને ડેપ્યુટી કમિશનરને હસ્તક્ષેપ કરવા અને વૈકલ્પિક પ્રવેશ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે. રસ્તાની ઍક્સેસએ મૂળભૂત અધિકાર હોવાનું જણાવીને, સંગઠને ચેતવણી આપી હતી કે જો અનુસૂચિત જાતિના પરિવારો સાથેના કથિત અન્યાયને દૂર કરવામાં નહીં આવે, તો તેમને વિરોધ પ્રદર્શનો કરવાની ફરજ પાડવામાં આવશે. દરમિયાન, કોસ્ટ ગાર્ડના એક અધિકારીએ નામ ન આપવાની શરતે આરોપોને નકારી કાઢ્યા અને કહ્યું કે, કોઈપણ રસ્તો બ્લોક કરવાનો કોઈ પ્રશ્ન જ નથી, કારણ કે, પંચાયતના રેકોર્ડમાં તે સ્થાન પર કોઈ રસ્તો દર્શાવવામાં આવ્યો નથી.

# હિમાચલમાં જાતિવાદ : ઠાકુર યુવતીએ દલિત પુરૂષ સાથે લગ્ન કર્યા, પોતાના જ પરિવાર તરફથી બહિષ્કારનો સામનો કરવો પડ્યો; વાંચો હૃદયદ્રાવક સત્ય ઘટના

(એજન્સી)

હિમાચલ, તા.૨૧

સમાજમાં જાતિવાદ હજુ પણ કેટલો ઊંડો છે તેનું જીવંત ઉદાહરણ પ્રકાશમાં આવ્યું છે. એક સામાન્ય વર્ગ (ઠાકુર) પરિવારની એક યુવતીએ અનુસૂચિત જાતિ (SC) સમુદાયના પુરૂષ સાથે લગ્ન કર્યા અને તે તેના જ સંબંધીઓ અને સમાજ તરફથી ટોણા અને ભેદભાવનો ભોગ બની. મહિલાએ સોશિયલ મીડિયા પર પોતાનું દુઃખ શેર કર્યું, જેમાં જણાવ્યું કે, તેના માતાપિતાએ તેને કેવી રીતે સંપૂર્ણ ટેકો આપ્યો, પરંતુ તેમના મૃત્યુ પછી ભેદભાવની બધી મર્યાદાઓ ઓળંગી ગઈ. આ વાર્તા માનવતા કરતાં જાતિને પ્રાથમિકતા આપનારા સમાજના બેવડા ધોરણોને ઉજાગર કરે છે.

**બંધારણને સાક્ષી તરીકે રાખીને કોર્ટ મેરેજ કર્યા**

પોતાની પોસ્ટમાં મહિલાએ જણાવ્યું હતું કે, તેણે અને તેના પતિએ ભારતીય બંધારણને સાક્ષી બનાવીને કોર્ટ મેરેજ કર્યા હતા. આ આંતરજાતિય લગ્ન છે. મહિલા સામાન્ય વર્ગના ઠાકુર પરિવારની છે, જ્યારે તેનો પતિ SC સમુદાયનો છે. લગ્ન પછી કેટલાક સંબંધીઓ અને ગ્રામજનોએ વિરોધ કર્યો. તેઓએ મહિલાના માતાપિતાને ઉશ્કેરવાનો પ્રયાસ કર્યો, એમ કહીને કે તેમની પુત્રીએ પરિવાર માટે શરમજનક સ્થિતિ લાવી છે. જો કે, મહિલાના માતા-પિતા, ભાઈ અને ભાભીએ આ ટિપ્પણીઓને અવગણી અને તેમની પુત્રીના નિર્ણયને મક્કમ ટેકો આપ્યો હતો.

**વાસ્તવિક સંઘર્ષ માતાપિતાના મૃત્યુ પછી શરૂ થયો**

પીડિતાએ કહ્યું કે, જ્યાં સુધી તેના માતા-પિતા જીવતા હતા ત્યાં સુધી કોઈ તેમની સામે કંઈ કહેવાની હિંમત કરતું નહોતું. તેના માતા-પિતાએ કહ્યું કે, તેમની પુત્રીને તેની પસંદગીનો જીવનસાથી મળે તેનાથી મોટી કોઈ ખુશી નથી. પરંતુ તેના માતા-પિતાના મૃત્યુ પછી સંબંધીઓ અને પરિચિતોનું વલણ સંપૂર્ણપણે બદલાઈ ગયુ. જે લોકો પહેલા આદરપૂર્વક બોલતા હતા તેઓ હવે અસ્પૃશ્યતા અને ભેદભાવનું પાલન કરવા લાગ્યા. મહિલાએ કહ્યું કે, આ વર્તનથી કંટાળીને, તે તેના સંબંધીઓથી દૂર થઈ ગઈ છે.

**બાળપણના મિત્રો અને મકાનમાલિકો પણ તેની સાથે ભેદભાવ કરતા હતા**

જાતિવાદનું ઝેર ફક્ત અભણ લોકોમાં જ નહીં પરંતુ શિક્ષિત લોકોમાં પણ ફેલાય છે. મહિલાએ એક ચોંકાવનારી ઘટના શેર કરી. તેની બાળપણની મિત્ર, જે તેની સાથે મોટી થઈ હતી, તેણે પણ તેના બાળકો પ્રત્યે અસ્પૃશ્યતાનું પાલન કરવાનું શરૂ કર્યું. વધુમાં, જ્યારે તે રામપુર અને શિમલામાં ભાડાના મકાનની શોધમાં હતી ત્યારે તેને તેની જાતિ વિશે પૂછવામાં આવ્યું હતું. એક મકાનમાલિકે બાળકોને દિવાલો પર ચાર્ટ લગાવતા અટકાવ્યા અને તેમની સાથે ભેદભાવ કર્યો. આ ઘટના બતાવે છે કે શહેરોમાં પણ જાતિ આધારિત માનસિકતા કેટલી ઊંડે સુધી મૂળ ધરાવે છે.

**ટ્રોલ્સને કડક જવાબ**

સોશિયલ મીડિયા પર પોતાની વાર્તા શેર કર્યા પછી સિરમૌરની એક મહિલા (રેખા શર્મા)એ યુવતીને ટ્રોલ કરવાનો પ્રયાસ કર્યો. ટ્રોલે આરોપ લગાવ્યો કે, તે કોલેજમાંથી ભાગી ગઈ હતી અને તેના પિતાનું અપમાન કર્યું હતું. યુવતીએ કડક જવાબ આપતા કહ્યું કે, તેણે કાયદેસર રીતે લગ્ન કર્યા છે, ભાગી ગઈ નથી. તેણે સ્પષ્ટતા કરી કે તેણે ક્યારેય તેના પરિવારના સન્માનને કલંકિત કર્યું નથી. તે તેના પતિથી ખૂબ ખુશ છે, જે તેનું અને તેના બાળકોનું ધ્યાન રાખે છે. યુવતીએ સ્પષ્ટતા કરી કે તેની લડાઈ સામાન્ય વર્ગ સામે નથી, પરંતુ સમાજમાં નફરત ફેલાવતી 'મનુવાદી' વિચારધારા સામે છે.

# મનરેગા વિરોધ : મોદી સરકાર ચાહે છે કે ગરીબો ભૂખે મરી જાય, રાહુલ ગાંધી

**કોંગ્રેસે મનરેગા બચાવનો ૪૫ દિવસનો સંઘર્ષ અને આંદોલન વધુ સઘન અને ઉગ્ર બનાવ્યા છે અને દેશભરના તમામ રાજ્યોમાં જિલ્લા કક્ષાએ મીડિયા સાથે વાતચીત કરીને આંદોલનની વિગતો આપવામાં આવી રહી છે અને મનરેગા બંધ કરવાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

લોકસભાના વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના અગ્રણી રાહુલ ગાંધીએ મનરેગા યોજનાને નબળી પાડી દીધી હોવાનું મોદી સરકાર ઉપર આરોપ મૂક્યો હતો. તેમણે એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે મનરેગા યોજનાની જગ્યાએ વીબી જી રામજી યોજના લાવવા પાછળનો ઈરાદો ગરીબોને ભૂખે મારી દેવાનો છે અને એ રીતે જ આ યોજના નવી તૈયાર કરવામાં આવી છે. મોદી સરકારે મનરેગા યોજનાની જગ્યાએ વિકસિત ભારત ૨૦૪૭ વિઝન અંતર્ગત નવો વીબી જી રામજી કાયદો લાવીને મનરેગા યોજનાને બદલે નવી યોજના શરૂ કરી દીધી છે જેમાં રોજગારના દિવસોની સંખ્યા તો વધારવામાં આવી છે પરંતુ સાથે સાથે તેના માટે ફંડ આપવાની જવાબદારી રાજ્ય ઉપર નાખી દેવામાં આવી છે અને રોજગારીને સ્થાયી પાયાના માળખાના સર્જન સાથે જોડવામાં આવી છે.કોંગ્રેસના દેશવ્યાપી મનરેગા બચાવ આંદોલ ન અંતર્ગત પોતાના મતવિસ્તાર રાયબરેલીમાં મનરેગા અંતર્ગત ચૌપાલને સંબોધન કરતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આડે હાથ લીધા હતા અને કહ્યું હતું કે રોજગારી બાહેધરી કાર્યક્રમના મૂળમાં જ સરકારે ફટકો મારી દીધો છે. મનરેગા એ માત્ર કોઈ એક યોજના નથી પરંતુ ગરીબ શ્રમિકોનું ગૌરવ છે અને એમને કામ કરવાનું કાનૂની અધિકાર આપે છે. અમે કોઈપણ ભોગે મનરેગા યોજનાને




નષ્ટ થવા દેશું નહીં. રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે દેશની તમામ સંપત્તિ ગૌતમ અદાણી અને મુકેશ અંબાણી જેવા ઉદ્યોગપતિઓના હાથમાં જ રહે એવું વડાપ્રધાન ઈચ્છે છે. એક તરફ અમે લોકોનું રક્ષણ કરી રહ્યા છીએ તો બીજી તરફ નરેન્દ્ર મોદી દેશની સમગ્ર સંપત્તિ મુઠ્ઠીભર હાથોમાં આપી રહ્યા છે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે પંચાયતોને વધુ સત્તા આપતી આ યોજના છે અને રોજગારી નિર્માણને કાયદેસરની ખાતરી અને બાહેધરીના રૂપમાં મનરેગાનું નિર્માણ કરવામાં આવ્યું છે પરંતુ મોદી સરકાર મનરેગાને ખતમ કરવા માટે આદુ ખાઈને પાછળ પડી છે અને પાયાની સંસ્થાઓને નબળી પાડી રહી છે.

# ભાજપના નેતાની જમ્મુને અલગ રાજ્ય બનાવવાની માંગ, કહ્યું કે કાશ્મીરીઓ દેશ પ્રત્યે વફાદાર નથી

**ભાજપના વરિષ્ઠ નેતા શ્યામલાલ શર્માએ જમ્મુને કાશ્મીરથી અલગ કરવાની માંગ કરી છે અને કહ્યું છે કે જો જમ્મુને કાશ્મીરથી અલગ કરવામાં આવે તો આ પ્રદેશ આર્થિક, સામાજિક અને વહીવટી રીતે સમૃદ્ધ થશે. રાજ્યના રાજકીય પક્ષોએ આ નિવેદનની આકરી ટીકા કરી છે અને ભાજપે શર્માના નિવેદનથી પોતાને દૂર રાખ્યું છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મંત્રી અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના વરિષ્ઠ નેતા શ્યામ લાલ શર્માએ જમ્મુને કાશ્મીરથી અલગ કરવાના પક્ષમાં નિવેદન આપ્યું છે, જેની રાજ્યના રાજકીય પક્ષો દ્વારા આકરી ટીકા કરવામાં આવી છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે કાશ્મીરના લોકો દેશ પ્રત્યે વફાદાર નથી. મીડિયા અનુસાર, શ્યામ લાલ શર્માએ કહ્યું હતું કે કાશ્મીર ખીણમાં ચાલી રહેલી અશાંતિએ વારંવાર જમ્મુના 'કુદરતી રીતે શાંતિપૂર્ણ' વાતાવરણને વિક્ષેપિત કર્યું છે. ભાજપના વર્તમાન ધારાસભ્ય શર્માએ જમ્મુ માટે અલગ રાજ્યની રચનાને ટેકો આપ્યો હતો, અને કહ્યું હતું કે જો જમ્મુને કાશ્મીરથી અલગ કરવામાં આવે તો આ પ્રદેશ આર્થિક, સામાજિક અને વહીવટી રીતે સમૃદ્ધ થશે. તેમણે દાવો કર્યો હતો કે જમ્મુનો કુદરતી અને આર્થિક સંસાધનોનો હિસ્સો કાશ્મીર કરતા ઘણો વધારે છે, અને કેન્દ્રશાસિત પ્રદેશમાં ઉત્પન્ન થતી વીજળીનો આશરે ૮૦% ભાગ જમ્મુથી આવે છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે જમ્મુ અને કાશ્મીર બેંકમાં ૮૦% થાપણો જમ્મુથી આવે છે. વધુમાં, શર્માએ જણાવ્યું હતું કે જમ્મુએ દાયકાઓથી ભેદભાવનો સામનો કરવો પડ્યો છે. જ્યારે શર્માએ તેમના નિવેદનને તેમનો વ્યક્તિગત અભિપ્રાય ગણાવ્યો હતો, ત્યારે ભાજપ નેતૃત્વએ તેનાથી દૂર રાખતા કહ્યું હતું કે



તેમના નિવેદનો પક્ષના સત્તાવાર વલણનું પ્રતિનિધિત્વ કરતા નથી. જો કે, શર્માની ટિપ્પણીએ કેન્દ્રશાસિત પ્રદેશમાં રાજકારણ ગરમાવ્યું છે. રાજ્યના રાજકીય પક્ષોએ તેમના નિવેદનની આકરી ટીકા કરી છે. શાસક નેશનલ કોન્ફરન્સ (NC)ના પ્રમુખ અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાએ જમ્મુને અલગ કરવાના વિચારને 'વાહિયાત' ગણાવ્યો હતો અને કહ્યું હતું કે જમ્મુ અને કાશ્મીર ઐતિહાસિક અને સાંસ્કૃતિક રીતે અવિભાજ્ય છે. દરમિયાન, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ભાજપ પર લદ્દાખના વિભાજન પછી 'બરબાદ' કરવાનો આરોપ લગાવ્યો હતો અને ચેતવણી આપી હતી કે જમ્મુનું વિભાજન એ જ ભૂલોનું પુનરાવર્તન કરશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે શર્માના પ્રસ્તાવથી સાંપ્રદાયિક વિભાજન વધુ ગાઢ બનવાનું જોખમ છે. પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીએ પણ શર્માના પ્રસ્તાવની ટીકા કરતા કહ્યું કે તે જમ્મુના હિન્દુ બહુમતી પાત્ર સાથે સંકળાયેલી ધાર્મિક લાગણીઓને અપીલ કરે છે. તેમણે ચેતવણી પણ આપી હતી કે આ પ્રદેશને સાંપ્રદાયિક રેખાઓ પર વિભાજીત કરવાથી તે ધર્મનિરપેક્ષ પાયાને નુકસાન થશે જેના પર ૧૯૪૭માં મુહમ્મદ અલી ઝીણાના બે રાષ્ટ્ર સિદ્ધાંતને નકારી કાઢ્યા પછી જમ્મુ અને કાશ્મીર ભારતમાં જોડાયું હતું. મુફતીએ કહ્યું કે આવા પગલાથી એ વિચારને કાયદેસરતા મળશે કે હિન્દુઓ અને મુસ્લિમો એક જ રાજકીય અસ્તિત્વમાં સાથે રહી શકતા નથી. પૂર્વ મુખ્યમંત્રીએ ભાજપ, આરએસએસ અને બજરંગ દળ પર જમ્મુ અને કાશ્મીરનો ઉપયોગ વિભાજનકારી પ્રયોગો માટે 'પ્રયોગશાળા' તરીકે કરવાનો પણ આરોપ લગાવ્યો, જે પછીથી દેશના અન્ય ભાગોમાં પણ નકલ કરી શકાય છે.

# ભયથી વિશ્વાસ સુધીની સફર : એક હિન્દુ શિક્ષિકાને મુસ્લિમ બહુમતીવાળા કિશનગંજમાં વધુ સુરક્ષા અને માન સન્માનની અનોખી અનુભૂતિ થઈ

**કેવી રીતે ડરનું સ્થાન વિશ્વાસ અને શ્રદ્ધાએ લઈ લીધું તેની વિગતો અને રોમાંચક અનુભવ શિક્ષિકાના શબ્દોમાં જ જાણીએ**

(એજન્સી) પટના, તા.૨૧

બિહારના મુસ્લિમ બહુમતીવાળા કિશનગંજ જિલ્લામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવવા ગયેલા એક હિન્દુ શિક્ષિકાને કેવો અનુભવ થયો તેના વિશે એમણે અંગત રીતે રોમાંચક અને સુંદર વર્ણન કર્યું છે. એમનું વ્યક્તિગત કથન અને અનુભવ આ વિસ્તાર સાથે સાંકળી દેવાયેલા ભય અને ડરના વાતાવરણ અને એવા દૃષ્ટિકોણના હવામાનમાં એક નવું ચિત્ર ઉપસ્થિત કરે છે. આ હિન્દુ શિક્ષિકાને મુસ્લિમો જે સ્થાનિક રીતે ત્યાં રહે છે એમના તરફથી કેટલી ઉષ્મા મળી અને કેવું માન સન્માન મળ્યું અને કેટલી સુરક્ષાનો તેવો અનુભવ કરે છે એવું હિન્દુ શિક્ષિકાએ તેમના અંગત અનુભવમાં દર્શાવ્યું છે. એટલે એમણે આ જિલ્લા વિશે જે નકારાત્મક વાતો ફેલાવવામાં આવી છે તેનો છેદ ઉડાડી દીધો છે. હિન્દુ શિક્ષિકા કહે છે કે મને શરૂઆતમાં ખૂબ ડર લાગ્યો હતો. મને અવારનવાર એવું કહેવામાં આવતું હતું કે, કિશનગંજ તો "મિની પાકિસ્તાન"છે અને એ શબ્દોથી મારી અંદર ભારે ઊંડો ભય પેદા થયો હતો અને માનસિક રીતે હું ખૂબ જ વ્યથિત થઈ ગઈ હતી. તેઓ ઉમેરે છે કે મને એવી અપેક્ષા હતી કે મારા ધર્મને કારણે મારે મુશ્કેલીનો સામનો કરવો પડશે અને મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારમાં એક હિન્દુ શિક્ષિકા કઈ રીતે સુરક્ષિત કામ કરશે એ વિશે પણ મને કોઈ ખાતરી નહોતી. પરંતુ જ્યારે મેં શિક્ષિકા તરીકે તાલીમ આપવાનું શરૂ કર્યું ત્યારે મારા અનુભવમાં ધરમૂળથી ફેરફાર થઈ ગયા. પહેલા જ સપ્તાહમાં વિદ્યાર્થીઓએ મને જે માન સન્માન આપ્યું તેનાથી મને નવો અનુભવ થયો. વિદ્યાર્થીઓના વાલીઓએ પણ આવીને ખૂબ



જ સન્માન અને માન સાથે મારી સાથે વાતચીત કરી અને હું કંઈક અલગ છું એવો જરા પણ મને અહેસાસ થવા દીધો નહીં. સ્થાનિક જે મારા મુસ્લિમ સાથીદારો હતા એમણે પણ ખૂબ જ ધીરજ અને કાળજી સાથે મને માર્ગદર્શન આપ્યું અને શાળાના જીવનમાં તથા પાડોશમાં સારી રીતે સ્થાયી થવા માટે મને ખૂબ જ મદદ કરી. તેમણે કહ્યું કે, શાળાના વર્ગની બહાર પણ મને અદ્‌ભુત સમર્થન મળ્યું અને મારા રોજિંદા જીવનમાં લોકો અને પાડોશી મારી પડખે ઊભા રહેતા. માંદગી વખતે અથવા તો કોઈ પણ અંગત સમસ્યા હોય ત્યારે પાડોશી આવી જતા અને મને પૂછીને મને મદદ કરતા એટલે મેં કદી મારી જાતને અસુરક્ષિત અહીં માની નથી અને કદી એવું લાગ્યું નથી કે મારી અહીં જરૂર નથી. જ્યારે એમની બદલી થઈ અને હિન્દુ શિક્ષિકા અને વિદાયમાન આપવામાં આવી રહ્યું હતું ત્યારે તેઓ ખૂબ જ ભાવુક થઈ ગયા હતા. તેમણે કહ્યું કે, જે પ્રેમ અને સહાનુભૂતિ અને નિષ્ઠા સાથે મને અહીં સ્વીકારવામાં આવી એ પછી મારા મનમાં રહેલા તમામ ખોટા વિચારો અને તમામ પ્રકારનો ડર અલોપ થઈ ગયા. તેમણે પોતાના વિદાયમાન પ્રવચનમાં સાથીદારો અને વિદ્યાર્થીઓને કહ્યું કે, અહીંથી એટલે કે કિશનગંજથી જઈ રહી છું તે મારા માટે ખૂબ જ પીડાદાયક છે. હું મારા ખુદના મારા અંગત લોકોને મૂકીને જઈ રહી છું એટલે હું રડવા લાગી. આ રીતે એમના એકે એક શબ્દ સોશિયલ મીડિયા ઉપર પણ ઓનલાઇન થયા અને વાયરલ થયા અને તેનાથી સાબિત થયું કે મુસ્લિમ બહુમતી વિસ્તારો વિશે જે ખોટી વાતો કરવામાં આવે છે અને જે ચિત્ર બિહામણી રીતે રજૂ કરવામાં આવે છે એ અત્યંત ખોટું હોય છે એ આ હિન્દુ શિક્ષિકાના અનુભવથી પુરવાર થયું. એક વિદ્યાર્થીના વાલીએ કહ્યું કે, અમે અમારા સંતાનોને શિક્ષકોને માન આપવાની તાલીમ આપીએ છીએ. શિક્ષક એ કોઈપણ ધર્મનો હોય તેને સન્માન આપવા માટે અમે અમારા બાળકોને તાલીમ આપતા રહીએ છીએ કેમ કે, આ જ અમારી સંસ્કૃતિ છે પરંતુ બહારના લોકો અહીંની સ્થિતિ વિશે ભય ફેલાવતા રહે છે પરંતુ અમારા દૈનિક જીવનને તમે જુઓ તો તેમાં તમને માન સન્માન પરસ્પર એકબીજાને માન અને શાંતિનું હવામાન જોવા મળશે. બીજી તરફ શિક્ષિકાએ પણ કહ્યું કે, કિશનગંજના મારા અનુભવથી મને એક મોટો પદાર્થ પાઠ શીખવા મળ્યો છે કે અહીં ધર્મનો કોઈ મુદ્દો જ નથી કે ધર્મ અહીં કોઈ સમસ્યા નથી. અહીં જે વાત છે એ માનવતાની છે અને મને અહીં આવીને ખરેખર આ સાચા ભારતનો અનુભવ થયો. દેશમાં ભારતીય મુસ્લિમો વિશે અને એમની બહુમતીવાળા વિસ્તારો વિશે જે લોકો શંકા અને ડરનું હવામાન ઊભું કરી રહ્યા છે એવા તમામ લોકોના ગાલ ઉપર હિન્દુ શિક્ષિકાનો અનુભવ એક જોરદાર તમાચો છે.

# રાજ્ય પોલીસ કેન્દ્ર સરકારના કર્મચારીઓ સામે પીસી એક્ટ હેઠળ ભ્રષ્ટાચારના કેસની તપાસ કરી શકે : સુપ્રીમ કોર્ટ

**રાજસ્થાન હાઈકોર્ટના આદેશને સમર્થન આપતા સુપ્રીમ કોર્ટનો આદેશ આવ્યો, જેમાં કેન્દ્ર સરકારના કર્મચારી સામે ભ્રષ્ટાચારનો કેસ રદ કરવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો**

(એજન્સી) તા.૨૧

સુપ્રીમ કોર્ટેચુકાદો આપ્યો છે કે રાજ્ય પોલીસ સત્તાવાળાઓ ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ લાંચ અને ભ્રષ્ટાચારના ગુનાઓની તપાસ કરી શકે છે અને કેન્દ્ર સરકારના કર્મચારીઓ સામે ચાર્જશીટ દાખલ કરી શકે છે. ન્યાયાધીશ જે.બી. પારડીવાલા અને ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્માની બેન્ચે એક આદેશમાં જણાવ્યું હતું કે, "પીસી એક્ટ ખાસ કરીને તપાસ કરવા માટે અલગ પ્રક્રિયાની કલ્પના કરતો નથી. પીસી એક્ટ હેઠળના ગુનાઓની તપાસ રાજ્ય એજન્સી અથવા કેન્દ્રીય એજન્સી દ્વારા અથવા કોઈપણ પોલીસ એજન્સી દ્વારા કરી શકાય છે...". અધિનિયમની કલમ ૧૭નું અર્થઘટન કરતા, બેન્ચે પોલીસ અધિકારી ચોક્કસ હોદ્દાનો હોવો જોઈએ તે લાયકાત સાથે કહ્યું, 'કલમ ૧૭ રાજ્ય પોલીસ અથવા રાજ્યની વિશેષ એજન્સીને કેન્દ્ર સરકારના કર્મચારીઓ સામે લાંચ, ભ્રષ્ટાચાર અને ગેરવર્તણૂક સંબંધિત ગુનો નોંધવા અથવા કેસોની તપાસ કરવાથી બાકાત રાખતી નથી અથવા અટકાવતી નથી". કેન્દ્ર સરકારના કર્મચારી નવલ કિશોર મીણા દ્વારા દાખલ કરાયેલી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી, જેમાં રાજસ્થાન હાઈકોર્ટે રાજ્ય પોલીસને તેની તપાસ કરવાની કાનૂની સત્તાને સમર્થન આપતા નિર્ણયને પડકાર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું, 'હાઈકોર્ટ દ્વારા પસાર કરાયેલા વિવાદિત ચુકાદા અને આદેશમાં અમને કોઈ ભૂલ દેખાતી નથી, કાયદાની કોઈ ભૂલ તો દૂરની વાત છે.' તેમાં કહેવામાં આવ્યું છે કે રાજ્ય પોલીસ અથવા તેમની ભ્રષ્ટાચાર વિરોધી શાખા (ACB) સીબીઆઈની પૂર્વ મંજૂરી/સંમતિ વિના કેન્દ્ર સરકારના કર્મચારી સામે તપાસ આગળ વધારી શકે છે. બેન્ચે કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા ભ્રષ્ટાચારના કેસોની તપાસ સીબીઆઈ દ્વારા



કરવામાં આવે છે-જે દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ હેઠળ બનાવવામાં આવે છે-અને રાજ્ય સરકારના કર્મચારીઓ દ્વારા લાંચ અને ભ્રષ્ટાચારના કેસોની તપાસ રાજ્ય પોલીસ દ્વારા કરવામાં આવે છે. ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC)એ કેસોની તપાસ, તપાસ અને ટ્રાયલ માટેનો મૂળ કાયદો છે તે નોંધતા, બેન્ચે કહ્યું કે જ્યાં સુધી અન્ય કાયદામાં અનુસરવાની અલગ પ્રક્રિયા સૂચવવા માટે ચોક્કસ જોગવાઈ ન હોય ત્યાં સુધી CrPCની જોગવાઈઓને બદલી શકાતી નથી. બેન્ચે કહ્યું કે, 'બીજા શબ્દોમાં કહીએ તો, ખાસ કાયદાના અસ્તિત્વને CrPCના સંચાલનને બાકાત રાખી શકાય નહીં સિવાય કે ખાસ કાયદો સ્પષ્ટ અથવા ગર્ભિત રીતે તપાસ માટે અલગ જોગવાઈ પૂરી પાડે. CrPCની કલમ ૧૫૬ હેઠળની સામાન્ય જોગવાઈ (જે પોલીસને દખલપાત્ર ગુનાઓની તપાસ કરવાની સત્તા આપે છે) સર્વોપરી રહેશે'. સર્વોચ્ચ અદાલતે ભારપૂર્વક જણાવ્યું હતું કે 'CrPCની કલમ ૧૫૬ પોલીસ સ્ટેશનના ચાર્જમાં રહેલા કોઈપણ પોલીસ અધિકારીને મેજિસ્ટ્રેટના આદેશ વિના દખલપાત્ર ગુનાની તપાસ કરવા માટે અધિકૃત કરે છે. 'પોલીસ સ્ટેશન' શબ્દને કોડની કલમ ૨ના કલમ (ઓ)માં વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે જેનો અર્થ 'રાજ્ય સરકાર દ્વારા સામાન્ય રીતે અથવા ખાસ કરીને પોલીસ સ્ટેશન તરીકે જાહેર કરાયેલ કોઈપણ પોસ્ટ અથવા સ્થળ, અને આ વતી રાજ્ય સરકાર દ્વારા નિર્દિષ્ટ કોઈપણ સ્થાનિક વિસ્તારનો સમાવેશ થાય છે'. વિજિલન્સ અને ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો (VACB) પણ રાજ્ય પોલીસની એક પાંખ છે.' તેણે નોંધ્યું કે, 'જોકે કાયદો અને વ્યવસ્થા, જેમાં વિવિધ ફોજદારી કેસોની તપાસનો સમાવેશ થાય છે, તે રાજ્યનો વિષય છે અને સામાન્ય રીતે આવા કેસોની તપાસ રાજ્ય દ્વારા કરવામાં આવે છે, તેમ છતાં રાજ્ય પોલીસ અને સીબીઆઈ વચ્ચેનો સંબંધ એકબીજાના પૂરક છે અને સીબીઆઈ બંધારણ અને સીબીઆઈ અને રાજ્ય પોલીસ વચ્ચેની આંતર વ્યવસ્થા મુજબ, ઘણા ક્ષેત્રો એવા છે જ્યાં સીબીઆઈ અને પોલીસને આંતર-સહકાર અને સમર્થનની જરૂર હોય છે'.

# ટ્રાફિક પોલીસ લોકોને સ્થળ પર જ દંડ ભરવા દબાણ કરી શકે નહીં : તેલંગાણા હાઈકોર્ટ

**હાઈકોર્ટે નોંધ્યું છે કે નાગરિકો તેમની પસંદગી મુજબ ચલણ ભરી શકે છે અને પોલીસ દ્વારા કરવામાં આવતી કોઈપણ કાર્યવાહી કોર્ટ નોટિસ મોકલવા જેવી યોગ્ય પ્રક્રિયાનું પાલન કરીને થવી જોઈએ**

(એજન્સી) તા.૨૧

હાઈકોર્ટ : મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ ટ્રાફિક દંડ આપમેળે ભંગ કરનારાઓના બેંક ખાતામાંથી ડેબિટ થવાનું સૂચન કર્યાના થોડા દિવસો બાદ, મંગળવાર, ૨૦ જાન્યુઆરીના રોજ તેલંગાણા હાઈકોર્ટે કહ્યું કે પોલીસ નાગરિકોને રસ્તા પર રોકી શકે નહીં અને તેમને ટ્રાફિક દંડ ભરવા દબાણ કરી શકે નહીં. હાઈકોર્ટ ટ્રાફિક પોલીસ દ્વારા નિયમો લાગુ કરવા માટે ઉપયોગમાં લેવાતી પદ્ધતિઓને પડકારતી સિકંદરાબાદના રહેવાસી વી રાઘવેન્દ્ર ચારી દ્વારા દાખલ કરાયેલી બે રિટ અરજીઓની સુનાવણી કરતા, ન્યાયાધીશ એન.વી. શ્રવણ કુમારની સિંગલ જજ બેન્ચે જણાવ્યું હતું કે પોલીસે વાહનચાલકોને રોકવા જોઈએ નહીં અથવા લોકોને સ્થળ પર જ બાકી રહેલા ટ્રાફિક દંડ ચૂકવવા માટે દબાણ કરવા માટે વાહનની ચાવીઓ છીનવી લેવા જેવી કડક યુક્તિઓનો આશરો લેવો જોઈએ નહીં. હાઈકોર્ટે નોંધ્યું છે કે નાગરિકો તેમની પસંદગી મુજબ દંડ ભરી શકે છે અને પોલીસ દ્વારા કરવામાં આવતી કોઈપણ કાર્યવાહી કાનૂની યોગ્ય પ્રક્રિયાઓનું પાલન કરીને થવી જોઈએ, જેમ કે સત્તાવાર કોર્ટ નોટિસ જારી કરવી. અરજદારે ગયા વર્ષે નવેમ્બરમાં હાઈકોર્ટમાં અરજી કરી હતી, જેમાં ટ્રિપલ સવારી માટે તેમને ફટકારવામાં આવેલા ૧,૨૩૫ રૂપિયાના દંડ (૧,૨૦૦ રૂપિયા દંડ અને ૩૫ રૂપિયા વપરાશકર્તા ચાર્જ)ને પડકારવામાં આવ્યો હતો. તેમના વકીલે દલીલ કરી હતી કે ચલણ કાયદેસર રીતે અમાન્ય છે કારણ કે તેમાં ઉલ્લંઘન કરાયેલ કાનૂની જોગવાઈનો ઉલ્લેખ નથી, જે સેન્ટ્રલ મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમો ૧૬૭ અને ૧૬૭-A હેઠળ ફરજિયાત છે. તેમણે જણાવ્યું હતું કે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૧૨૮, કલમ ૧૭૭ સાથે વાંચવામાં આવે છે, ટ્રિપલ સવારી માટે નિર્ધારિત દંડ ૧૦૦થી ૩૦૦ રૂપિયાની વચ્ચે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે અધિકારીઓ કાયદાના ૨૦૧૯ના સુધારા પર આધાર રાખી શકે નહીં, કારણ કે તે તેલંગાણા દ્વારા અપનાવવામાં આવ્યો નથી. જવાબમાં, સરકારી વકીલે દલીલ કરી હતી કે મોટર વાહન અધિનિયમ હેઠળના ગુનાઓ સમાધાનક્ષમ છે અને રાજ્ય પાસે દંડની રકમ સ્પષ્ટ કરવાની સત્તા છે. સરકારે સરકારી આદેશ (GO) નં. ૫૪ (૨૦૦૬) અને ગો નં. ૧૦૮ (૨૦૧૧) માર્ગસલામતીના હિતમાં જારી કરવામાં આવ્યા હતા અને જણાવ્યું



હતું કે હાલનો કેસ ખતરનાક વાહન ચલાવવાની શ્રેણીમાં આવે છે, જેમાં કલમ ૧૮૪ હેઠળ રૂા.૧,૦૦૦નો દંડ ફટકારવામાં આવે છે. હાઈકોર્ટે નવેમ્બરમાં સુનાવણી દરમિયાન પોલીસને નિર્દેશ આપ્યો હતો કે નાગરિકોને દંડ કરતી વખતે તેમણે કયા કાયદાનું ઉલ્લંઘન કર્યું છે તેની જાણ કરવામાં આવે. તેણે ઈ-ચલણ પોર્ટલને અપગ્રેડ કરવા પણ કહ્યું હતું જેથી નાગરિકો કઈ કાનૂની જોગવાઈઓ હેઠળ તેમને દંડ કરવામાં આવે છે તે જોઈ શકે. હાલની સુનાવણીમાં, અરજદારે ઉલ્લેખ કર્યો છે કે ટ્રાફિક પોલીસે લીધેલા તેમના વાહનના ફોટોગ્રાફસના આધારે તેમને ત્રણ ટ્રાફિક ચલણ આપવામાં આવ્યા હતા. તેમણે દલીલ કરી હતી કે દંડ લાદવા માટે ફક્ત સરકાર દ્વારા માન્ય અને પ્રમાણિત સર્વેલન્સ કેમેરાનો ઉપયોગ થવો જોઈએ, પોલીસ તેમના વ્યક્તિગત મોબાઈલ ફોન, હેન્ડ કેમેરા અને અન્ય બિન-પ્રમાણિત ઉપકરણોનો ઉપયોગ ન કરે. અરજદારે ગો નં. ૧૦૮ની કાયદેસરતાને પણ પડકારી છે, જે પોલીસને વાહનો રોકવા અને દંડ વસૂલવાની મંજૂરી આપે છે, અને કહ્યું છે કે તે પોલીસને ન્યાયતંત્ર પાસે રહેલી સત્તાઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે.

૧૨ જાન્યુઆરીના રોજ, તેલંગાણાના મુખ્યમંત્રીએ ટ્રાફિક પોલીસને વાહનોની નોંધણી સમયે વાહનોને માલિકોના બેંક ખાતાઓ સાથે લિંક કરવા કહ્યું, જેથી જ્યારે પણ ચલણ જારી કરવામાં આવે ત્યારે બેંક ખાતાઓમાંથી પૈસા કાપી શકાય. તેમણે કહ્યું કે ઓટો-ડેબિટ સિસ્ટમ વર્તમાન દંડના મેન્યુઅલ સંગ્રહને બદલે હોવી જોઈએ.

# ૯ કરોડ રૂપિયામાં ચંદ્ર પર હોટેલ રોકાણ રિઝર્વ કરો, સંપૂર્ણ પ્રવાસનો ખર્ચ ૯૦ કરોડ રૂપિયાથી વધુ

**GRU Space ચંદ્ર પર હોટેલ રોકાણ માટે રિઝર્વેશન ખોલી રહ્યું છે, જેની કિંમત ૨.૨ કરોડ રૂપિયાથી ૯.૦૯ કરોડ રૂપિયા છે**

(એજન્સી) તા.૨૧

એક યુએસ-સ્થિત સ્ટાર્ટઅપ ચંદ્ર પર હોટેલ રોકાણ માટે રિઝર્વેશન સ્વીકારી રહ્યું છે, જેની કિંમત પ્રતિ મહેમાન રૂા.૨.૨ કરોડ ($૨૫૦,૦૦૦)થી રૂા.૯ કરોડ ($૧ મિલિયન) સુધી છે. ચંદ્ર પર વસાહતીકરણ હજુ પણ એક વૈજ્ઞાનિક સ્વપ્ન લાગે છે, ગેલેક્ટિક રિસોર્સ યુટિલાઈઝેશન સ્પેસ, જેને GRU સ્પેસ તરીકે પણ ઓળખવામાં આવે છે, ૨૦૩૨ સુધીમાં ચંદ્રની સપાટી પર માનવ ચોકી બનાવવાનું લક્ષ્ય રાખે છે. કંપની તેની રિઝર્વેશન વેબસાઈટ પર જણાવે છે કે, 'આ અવકાશ પ્રવાસન નથી જેમ આપણે જાણીએ છીએ. ફક્ત બાર માણસો ચંદ્ર પર ચાલ્યા છે અને આ પ્રારંભિક તબક્કામાં ભાગ લઈને, તમે અમારી સાથે જોડાઓ કારણ કે અમે પૃથ્વીની બહાર જીવનનો પાયો નાખીએ છીએ'. ગયા વર્ષે ૨૨ વર્ષીય સ્કાયલર ચાન દ્વારા સ્થાપિત, સિલિકોન વેલી સ્ટાર્ટઅપ આ પ્રોજેક્ટને પૃથ્વીની બહાર માનવતાના ભવિષ્ય તરફ એક પગલું તરીકે રજૂ કરી રહ્યું છે, જે માનવ સભ્યતા માટે ઈન્ટરસ્ટેલર સરનામું મેળવવાની ઈચ્છા રાખતા ટેક અબજોપતિઓના તાજેતરના વલણને પ્રતિબિંબિત કરે છે. મીડિયા દ્વારા સ્કાયલરને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે, 'આપણે ખરેખર ચંદ્ર તરફ નજર દોડાવવાની જરૂર છે,' તેમણે ઉમેર્યું હતું કે ચંદ્ર પર્યટન એ 'ચંદ્ર અર્થતંત્રને આગળ વધારવા માટેનો પ્રથમ રસ્તો' છે.

**કિંમત રૂા.૯૦ કરોડથી વધુ**

કંપનીના જણાવ્યા મુજબ, ટ્રિપ માટે અંતિમ કિંમત જાહેર



કરવામાં આવી નથી, પરંતુ તે રૂા.૯૦ કરોડ ($૧૦ મિલિયન)થી વધુ થવાની સંભાવના છે. આશ્ચર્યજનક રિઝર્વેશન રકમ ઉપરાંત, ચંદ્ર પર મુસાફરી કરવા માંગતા લોકોએ $૧,૦૦૦ નોન-રિફંડેબલ ફી ચૂકવવી પડશે અને કડક પૃષ્ઠભૂમિ તપાસમાંથી પસાર થવું પડશે. GRU સ્પેસે જણાવ્યું હતું કે, 'અમે તમને મુસાફરી કરવાની અને તમારા સ્થાનને જાળવવાની ક્ષમતા ચકાસવા માટે વધારાની વ્યક્તિગત, તબીબી અને નાણાકીય માહિતી અને દસ્તાવેજો પ્રદાન કરવાની જરૂર પડી શકે છે. અમે તમને પ્રક્રિયામાં માર્ગદર્શન આપીશું. અરજી કરવા માટે $૧,૦૦૦ નોન-રિફંડેબલ એપ્લિકેશન ફી છે'. મિશન સમયરેખા મુજબ, GRUનું પહેલું બાંધકામ પેલોડ ૨૦૨૯માં ચંદ્ર પર ઉતરવાની અપેક્ષા છે, જે આગામી તબક્કા માટે તૈયારીની પુષ્ટિ કરશે. કંપની ચંદ્રની ધૂળને ઈંટોમાં ફેરવવાની પદ્ધતિનું પરીક્ષણ કરવાની પણ યોજના ધરાવે છે, જેનો ઉપયોગ પાછળથી હોટેલને કિરણોત્સર્ગ અને અતિશય તાપમાનથી બચાવવા માટે કરવામાં આવશે.

# અમરેલી : લાઠી રોડ ઉપર ઓવરબ્રિજની કામગીરી વહેલી પૂર્ણ કરી ટ્રેનો શરૂ કરવાની માંગ

## અમરેલી મિશન બ્રોડગ્રેજ સમિતિ તેમજ અમરેલી જિલ્લા વિકાસ સમિતિ દ્વારા સાંસદને આવેદન આપી રજૂઆત કરાઈ

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨૧

અમરેલીમાં બ્રોડગેજ શરૂ કરવા માટે કામગીરી શરૂ છે ત્યારે આ કામગીરીમાં લાઠી રોડ ઉપર ઓવરબ્રિજની કામગીરી વહેલી તકે પૂર્ણ કરી અમદાવાદ સુરત અજમેર, દિલ્હી, મુંબઈ સહિતની ટ્રેનો તાત્કાલિક શરૂ કરવા અમરેલી મિશન બ્રોડગેજ સમિતિ તેમજ અમરેલી જિલ્લા વિકાસ સમિતિ દ્વારા સાંસદને આવેદન આપી રજૂઆત કરવામાં આવી.



(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)

અમરેલી જિલ્લામાં નવી બ્રોડગેજ ટ્રેન સુવિધાઓ અને રેલવે ઓવરબ્રિજની કામગીરી સત્વરે પૂર્ણ કરવા અંગે મિશન બ્રોડગેજ સમિતિ દ્વારા ભાજપ સાંસદને આવેદન પત્ર આપી રજૂઆત કરી હતી જેમાં જણાવ્યા અનુસાર

અમરેલી જિલ્લો રેલવે કનેક્ટિવિટીની દૃષ્ટિએ લાંબા સમયથી પછાત રહ્યો છે. હાલમાં જ્યારે બ્રોડગેજ રૂપાંતરની કામગીરી પ્રગતિમાં છે, ત્યારે અમરેલીની જનતાની સુખાકારી અને આર્થિક વિકાસ માટે 'મિશન બ્રોડગેજ સમિતિ -અમરેલી' દ્વારા નીચે મુજબની પાયાની માંગણીઓ આપની સમક્ષ રજૂ કરવામાં આવે છે.અમરેલીમાં બ્રોડગેજની કામગીરી પૂર્ણ થતાની સાથે જ અમરેલીથી વાયા ધંધુકા થઈને સીધી મુંબઈ, અમદાવાદ, સુરત, અજમેર, જયપુર, દિલ્હી અને હરિદ્વાર માટેની ટ્રેનો અગાઉથી મંજૂર કરવામાં આવે. જેથી ટ્રેક કાર્યરત થતા જ જનતાને આ સુવિધાનો લાભ મળી શકે. અમરેલી-અમદાવાદ રૂટ પર સમયપત્રકમાં સુધારો (રાજુલા, સાવરકુંડલા, લીલીયા રૂટ)હાલના સમયપત્રક મુજબ અમદાવાદ જવા માટેની ટ્રેનો જનતાને અનુકૂળ નથી. અમારી માંગ છે કે મુસાફરો સવારે અમદાવાદ જઈ સાંજે પરત ફરી શકે તેવી 'ઈન્ટરસિટી' સુવિધા શરૂ કરવી અથવા રાત્રિ દરમિયાન મુસાફરી કરી વહેલી સવારે અમદાવાદ પહોંચાય અને વળતી મુસાફરીમાં રાત્રે ઉપડી સવારે અમરેલી જિલ્લામાં પરત આવી શકાય તેવી ટ્રેન શરૂ કરવી ઢસા-જેતલસર ટ્રેકનો મહત્તમ ઉપયોગ (ચિત્તલ, લાઠી રૂટ)આ ટ્રેક બ્રોડગેજ થયા બાદ માત્ર વારાણસીની એક ટ્રેન ફાળવવામાં આવી છે. આ રૂટના લોકોને સુરત અને અમદાવાદ સાથે જોડવા માટે નવી ટ્રેનો શરૂ કરવી અત્યંત અનિવાર્ય છે, જેથી સ્થાનિક વેપાર અને મુસાફરોને સાચો લાભ મળે મીટર ગેજ ટ્રેન પુનઃ શરૂ કરવા બાબત સોમનાથ, વેરાવળ અને જૂનાગઢ તરફ જતી મીટર ગેજ ટ્રેન સેવાઓ જે હાલ બંધ છે, તેને જનતાની સુવિધા અર્થે તાત્કાલિક અસરથી પુનઃ ચાલુ કરવામાં આવે લાઠી રોડ ઓવરબ્રિજની કામગીરી બ્રોડગેજ ટ્રેનોનું પૂર્ણ સંચાલન શરૂ થાય તે પહેલાં લાઠી રોડ પરના ઓવરબ્રિજનું કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવે ભવિષ્યમાં ટ્રેનોની સંખ્યા વધતા ફાટક બંધ રહેવાને કારણે સર્જાતી ટ્રાફિકની ગંભીર સમસ્યા નિવારી શકાય.

અમરેલી જિલ્લાના હિતમાં અને લોકોની હાલાકી દૂર કરવા માટે આપ શ્રી સરકાર અને રેલવે બોર્ડ સમક્ષ આ પ્રશ્નોની મજબૂત રજૂઆત કરશો તેવી અમરેલીની જનતાને પૂરી શ્રદ્ધા છે તેમ આવેદનમાં જણાવ્યું હતું.

# થાનના અમરાપર ગૌશાળા અને મંદિરના નામે ૩ કરોડ ૯ લાખની છેતરપિંડી કરનાર મહંત સહિત પાંચ આરોપીને બે દિવસના રિમાન્ડ

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૧

સુરેન્દ્રનગર જિલ્લામાં છેતરપિંડીની ઘટનાઓ સતત વધતી જઈ રહી છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના અમરાપર ગામમાં આવેલી કૃષ્ણ ગૌશાળાના લાભાર્થે તેમ જ મંદિરના લાભાર્થે ટિકિટનું વેચાણ કરી અને ગેરકાયદેસર અને અનઅધિકૃત રીતે ડ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ આયોજકો દ્વારા ટિકિટનું વેચાણ કર્યા બાદ ડ્રોનું આયોજન કરવામાં આવવાનું હતું પરંતુ આયોજન દ્વારા કોઈ પણ પ્રકારનો ડ્રો યોજ્યો જ નહીં ડ્રોમાં ૫૫૫ જેટલા ઈનામોની જાહેરાત કરવામાં આવી હતી અને પ્રત્યેક ટિકિટની કિંમત ૫૦૦ રૂપિયા રાખવામાં આવી હતી. અલગ-અલગ આજુબાજુના વિસ્તારના લોકોને આ ટિકિટોનું વેચાણ કરવામાં આવ્યું હતું અને ૩ કરોડ અને ૯૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું હતું. આ અંગે સાત લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં મંદિરના મહંત સામે પણ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ અંગે પોલીસ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો આ મુદ્દે ડ્રોના નામે છેતરપિંડી કરનાર અને ગૌશાળા અને મંદિરના નામે છેતરપિંડી કરનારા પાંચ જેટલા ઈસમોને પોલીસે ઝડપી લીધા હતા અને કોર્ટમાં હાજર કરવામાં આવતા પાંચ આરોપીના બે દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે જેમાં રામદાસ બાપુ લગધીર કારેલીયા સુરેશ ઝરવરીયા મેરા ડાભી અને નરેશ સોલંકી નામના ઈસમોની રૂપિયાની ઉચાપત કરવામાં આવી છે.

હવે આ મુદ્દે પોલીસ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે હજુ પણ રમેશ જેજરીયા અને હીરા ગામભાડિયા પોલીસ પકડથી દૂર છે. તેની પણ શોધખોળ શરૂ કરવામાં આવી છે. આ સમગ્ર ગૌશાળા અને મંદિરના લાભાર્થે કરવામાં આવેલા ડ્રોની જાહેરાત છેતરપિંડી કરવા માટે જ કરવામાં



(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

અટકાયત કરવામાં આવી છે આ તમામ લોકો દ્વારા મંદિર અને ગૌશાળાના નામે છેતરપિંડી કરી અને ૩ કરોડ અને ૯૦ લાખ આવી હોવાનું સામે આવતા હવે પોલીસે પણ આ મુદ્દે કડક કાર્યવાહી કરી છે અને વધુ તપાસ શરૂ કરી છે.

# સિનિયર નેશનલ રેસલિંગ ચેમ્પિ.માં કેબીએસ કોલેજના અમન સિંહે કાંસ્ય ચંદ્રક જીત્યો

(સંવાદદાતા દ્વારા)

વાપી, તા.૨૧

વાપીની કેબીએસ કોલેજના બી.કોમના પ્રથમ વર્ષના વિદ્યાર્થી અમન સિંહે વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, નારણપુરા, અમદાવાદ, ગુજરાત ખાતે ગુજરાત રાજ્ય રેસલિંગ એસોસીએસન દ્વારા આયોજિત સિનિયર નેશનલ રેશલીંગ ચેમ્પિયનશીપ ૨૦૨૫માં રાષ્ટ્રીય કક્ષાની કુસ્તીમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. રાષ્ટ્રીય સ્તરની યોજાયેલી કુસ્તીમાં સમગ્ર દેશમાંથી કુસ્તીબાજોએ ભાગ લીધો હતો. જેમાં અમન સિંહે ઉત્કૃષ્ટ દેખાવ કરી કાંસ્ય ચંદ્રક મેળવીને ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરતા કોલેજ અને ગુજરાત રાજ્ય માટે ખૂબ જ ગર્વની ક્ષણ છે. જે મહત્ત્વાકાંક્ષી ખેલાડીઓ માટે એક નોંધપાત્ર ઉદાહરણ સ્થાપિત કરે છે. અમન સિંહને



(તસવીર : શકીલ સૈયદ,વાપી)

સમગ્ર તાલીમ તેમજ માર્ગદર્શન સદર કોલેજના પ્રોફેસર ડો. મયુર પટેલ તેમજ મદદ નીસ રોહિત સિંહ દ્વારા પૂરૂં પાડવામાં આવ્યું હતું. કોલેજ મેનેજમેન્ટ, ફેકલ્ટી અને સાથી વિદ્યાર્થીઓએ અને તેમના ભવિષ્યના પ્રયાસોમાં તેમને સતત સફળતા મળે તેવી શુભેચ્છા પાઠવી છે. આમ વાપી, ગુજરાત રાજ્ય અને સમગ્ર ભારત દેશમાં કોલેજનું નામ રોશન કરવા બદલ કોલેજના આચાર્ય ડો. પૂનમ બી.ચૌહાણ તેમજ ટ્રસ્ટી ગણ અમન સિંહને ભવિષ્યમાં પણ કોલેજ અને દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# અમરેલી : આવાસ યોજનામાં વિસંગતતા દૂર કરવા સરપંચની મંત્રી કૌશિક વેકરિયાને રજૂઆત

(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૨૧

ગુજરાત રાજ્ય આવાસ યોજનામાં વિસંગગતા દૂર કરવા બાબતે ઉર્જા પેટ્રોકેમિકલ કાયદો અને સંસદીય બાબતોના મંત્રી કૌશિક વેકરિયાને અમરેલીના દેવળિયા ગામના સરપંચ ભાવનાબેન નાથાલાલ સુખડિયા દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું કે, તા.૨૯/૬/૨૦૧૫ના ગુજરાત સરકારના સામાન્ય ન્યાય અને અધિકારીતા વિભાગ ઠરાવ ક્રમાંક અબડ/૧૦૨૦/૦૩ /૧૩૦૩/હ/ સચિવાલય-ગાંધીનગર તા.૨૯/૦૬/૨૦૧૫ના પત્રથી લાભાર્થી પોતાનું મકાન બનાવવા માટે જે વ્યકિતના નામે હાલમાં ભોય તળીયે મકાન હોય તેના પ્રથમ માળ ઉપર તેમના પુખ્ત વયના પુત્ર તથા ભાઈને જમીન મકાન માલિકીની સંમતિથી ઉપરના માળે બાંધે તો તેને પણ આ યોજના હેઠળ લાભ આપી શકાય છે. તો કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની પ્રધાન મંત્રી આવાસ યોજના તેમજ પંડિત દિનદયાળ આવાસ યોજનામાં આવા નિયમોની સ્પષ્ટતા ન હોવાના કારણે પ્લોટ વિહોણા તેમજ ઉપરોક્ત આંબેડકર આવાસ યોજનાની સમસ્થિતિના કારણે લોકોને આ બંને યોજનામાં આવાસ બનાવવાનો લાભ મળી શકતો નથી. જેને કારણે ગરીબનું આશાનું કિરણ ઘરનું ઘર બનાવી શક્તા નથી અને અનેક લાભાર્થીઓના મંજૂર થયેલા પ્રધાન મંત્રી આવાસ તેમજ પંડિત. દિનદયાળ આવાસ મંજૂર થયેલા બનાવી શકાતા નથી અને આ યોજનામાં માળ ઉપર મકાન નિર્માણ આંબેડકર આવાસ યોજનાની જેમ બનાવી શકે તેમ સ્પષ્ટી કરણ નથી. જેના કારણે દવળીયા ગામના તેમજ જિલ્લાના અનેક આવા ગરીબોને ઘરના ઘરનું સંપનું સાકાર થતું નથી. તો આ બાબતે સત્વરે ઘટતુ કરી યોગ્ય કરવા દેવળિયા ગામના સરપંચ ભાવનાબેન સુખડિયા દ્વારા મંત્રીએ રજૂઆત કરાઈ હતી.

# વાપી હાઈવે નં.૪૮ પર ટ્રક કાર ઉપર પલટી



(તસવીર : શકીલ સૈયદ, વાપી)

(સંવાદદાતા દ્વારા)

વાપી, તા.૨૧

વાપી નજીક નેશનલ હાઈવે ન. ૪૮ ઉપર સ્ક્રેપ ભરીને જતી એક આઈસર ટેમ્પો એક્સ.યુ.વી કાર ઉપર પલટી પ્રાપ્ત અહેવાલ મુજબ આજ રોજ વાપી નજીક નેશનલ હાઈવે નં.૪૮ ઉપર મુંબઈથી સુરત તરફ સ્ક્રેપ ભરીને જતી એક આઈસર ટેમ્પો નંબર ડી.એન.૦૯.પી.૯૬૩૧એ સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા બાજુમાં પસાર થઈ રહેલી એક એક્સ.યુ.વી કાર નં.જી.જે ૧૫ સી જે ૭૦૨૩ ઉપર પલટાઈ જતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત બાદ એક્સ.યુ.વી ચાલકને સામાન્ય ઈજાઓ થતા એમને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા તો આ અકસ્માત બાદ સુરત તરફ જતા રસ્તા ઉપર ટ્રાફિકજામ સર્જાયો હતો. જે બાદ ટ્રાફિક પોલીસે આવીને બંને વાહનો સાઈડ કરી ટ્રાફિક ખૂલ્લો કર્યો હતો.

# અંજારના મેઘપર બોરીચીની લૂંટના ચાર આરોપી ઝડપાયા



(સંવાદદાતા દ્વારા)

અંજાર, તા.૨૧

અંજારના મેઘપર બોરીચી ખાતે રાત્રિના સમયે હાઈવે રોડ પર કરેલ લૂંટના ગુનાના ચાર આરોપીઓને મુદ્દામાલ સાથે અંજાર પોલીસે ઝડપી પાડ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર અંજાર પોલીસ સ્ટેશનના પો. ઈ. એ.આર. ગોહિલે અંજાર હાઈવેના લૂંટના બનતા ગુના અટકાવવા તેમજ નોંધાયેલ ગુનાઓનો શોધી કાઢવા સૂચના આપેલ. જે અન્વયે અંજાર પોલીસ સ્ટાફની ટીમ દ્વારા જરૂરી તપાસ કરી આરોપીઓ શોધી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. જેમાં પકડાયેલ આરોપીઓ (૧) ખુશાલ રમેશગર ગૌસ્વામી (ઉ.વ. ૩૨ રહે. લખુબાપાનગર, મેઘપર બોરીચી) (૨) દેવાંગ દિલીપભાઈ ચાવડા (ઉ.વ. ૨૭ રહે. જન્મોત્રી સોસાયટી અંજાર કચ્છ) (૩) કિશોર ઉર્ફે રામ નાનુગર બાવા (ઉ.વ. ૨૧ રહે. કોર્ટની પાછળ પંજોરાપીર રોડ, અંજાર) (૪) ધર્મેશ ઉર્ફે ધમો ડાયાભાઈ પરમાર (ઉ.વ. ૨૨ રહે. ઈન્દીરાવાસ મેઘપર બોરીચી)ને ઝડપી લેવાયા છે. જે તમામ ગુનાહિત ભૂતકાળ ધરાવે છે.

# સુરતમાં વેપારી સાથે મેનેજરે ૧.૮૮ કરોડની છેતરપિંડી આચરી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૧

શહેરના સારોલી વિસ્તારમાં આવેલ કુબેરજી ડેક માર્કેટમાં દુકાન ધરાવતા વેપારીને તેમના જ મેનેજરએ રૂપિયા ૧.૮૮ કરોડનો ચૂનો ચોપડયો છે. મેનેજર તરીકે કારભાર સંભાળતા યુવકે વેપારીના વિશ્વાસનો લાભ ઉઠાવી અલગ-અલગ વેપારીઓ પાસેથી આવેલા રૂપિયા પોતાના બેંકના પર્સનલ ખાતામાં તથા અન્ય ખાતામાં નાખી કુલ રૂપિયા ૧.૮૮ કરોડની ઉચાપત કરી લીધી હતી. બનાવની વિગત એવી છે કે મૂળ રાજસ્થાનના વતની અને સુરતના ઉધના મગદલ્લા રોડ પર આવેલ રૂદ્રાક્ષ ભવનમાં રહેતા પવનકુમાર ચુનીલાલજી જૈસનસરીયા કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા છે. સરોલી વિસ્તારમાં આવેલ કુબેરજી વલ્ડની બાજુમાં કુબેરજી ડેક ટેક્સટાઈલ માર્કેટમાં તેમની પવનસુત પ્રિન્ટ્સ નામની દુકાન આવેલી છે. છેલ્લા ત્રણ વર્ષથી તેમની દુકાનમાં વિનોદભાઈ મદનલાલ અગ્રવાલ (કંદોઈ) મેનેજર તરીકે નોકરી કરી દુકાનનો તમામ કારભાર સંભાળતો હતો. આ દરમિયાન તારીખ ૧/૪/૨૦૨૩થી તારીખ ૩૦/૬/૨૦૨૫ના સમયગાળાની અંદર વિનોદ અગ્રવાલએ પવન કુમારની દુકાનમાંથી આપવામાં આવતા માલસમાનના પૈસા વેપારીઓ પાસેથી ઉઘરાણી કરી પોતાના બેંક એકાઉન્ટમાં તેમજ અન્ય બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી કુલ રૂપિયા ૧.૮૮ કરોડ ચાઉં કરી લીધા હતા. જો કે, બાદમાં પવન કુમારને આ વાતની જાણ થતા તેમણે વિનોદભાઈ પાસે આ પૈસાનો હિસાબ-કિતાબ માંગ્યો હતો. જો કે, વિનોદ એ સંતોષકારક જવાબ નહીં આપતા પવન કુમારે અવારનવાર તેમની પાસે પૈસાની માગણી કરી અને હિસાબની માગણી કરી હતી. જેથી આખરે ઉશ્કેરાયેલા વિનોદ એ તને ખબર નથી હું કોણ છું. તારા જેવા કેટલાયના પૈસા આપ્યા નથી. તારે જે અરજી કે ફરિયાદ કરવાની હોય કરી દેજે. કોઈ પોલીસ વાળો મારો વાળ વાંકો કરે તેમ નથી. કોઈ મારૂં કોઈ બગાડી શકે તેમ નથી. તેમ કહીને બીભસ્ત ગાળો આપી હતી અને દુકાનમાંથી જતો રહ્યો હતો. પવન કુમારે આ મામલે સારોલી પોલીસ મથકમાં અરજી કરી હતી. જેથી તેમણે ૧૫ દિવસમાં તમામ હિસાબ ચૂકવી આપવાની લેખિતમાં બાહેધરી આપી હતી અને નોટરી પણ કરી આપી હતી. જો કે, ત્યારબાદ પણ વિનોદે એક પણ રૂપિયો નહી આપી બાદમાં વેપારીને પોતે સ્યુસાઈડ કરી લઈશ તેવા અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતો હતો. જેથી આખરે પવન કુમારની ફરિયાદને આધારે સારોલી પોલીસે વિનોદ સામે રૂપિયા ૧.૮૮ કરોડની છેતરપિંડીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મુંબઈમાં મેમન સમાજે આપી હિન્દુ-મુસ્લિમ એકતાની મિસાલ ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકરની મુલાકાતે મેમન સમાજના અગ્રણીઓ




મુંબઈ, તા.૨૧

ઓલ ઈન્ડિયા મેમન જમાત ફેડરેશનની ડેલિગેશન ટીમે આજે ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મુંબઈમાં આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના સ્થાપક ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકર સાથે મુલાકાત કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ મુલાકાત દરમિયાન, માનવતાની સેવા માટેના તેમના અવિરત પ્રયત્નો, વિશ્વ શાંતિ માટેનું યોગદાન અને સામ્પ્રદાયિક સૌહાર્દ મજબૂત બનાવવા માટે કરેલા કાર્યને માન્યતા આપતા, ઓલ ઈન્ડિયા મેમન જમાત ફેડરેશન પ્રમુખ ઈકબાલ મેમન ઓફિસર, સેક્રેટરી અબ્દુલ અઝીઝભાઈ મચ્છીવાલા, યુથ વિંગ ચેરમેન ઈમરાન ફ્રુટવાલા, જોઈંટ સેક્રેટરી યુસુફ ભાઈ મલકાની, ડોક્ટર સના મેમન, અમીન મેમન, અનવર પિશોરી, નુર મોહમ્મદ પટેલ, અબ્દુલ લતીફ બાટલીવાલા, વગેરે આગેવાનો હાજર રહ્યા હતા અને ઓલ ઈન્ડિયા મેમન જમાત ફેડરેશન તરફથી ૧૫ લાખ મેમન સમાજ તથા ૫૦૦ મેમન જમાતોની તરફથી ગુરૂદેવ શ્રી રવિશંકરને શોલ પહેરાવી "ફખ્ર-એ-ઈન્સાનિયત" એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકર માનવ કલ્યાણ માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહ્યા છે અને સમાજમાં શાંતિ, પ્રેમ અને એકતાનો સંદેશ ફેલાવી રહ્યા છે. તેમ મેમણ સમાજની એક અખબારી યાદી દ્વારા જણાવ્યું છે.

# પૂર્વ મંત્રી અને બિલ્ડરને સોશિયલ મીડિયામાં બદનામ કરનાર વિશાલ કણસાગરા અને તેના સાગરિતના રિમાન્ડ પૂરા થતાં જેલમાં ધકેલાયા

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૨૧

જામનગર ગ્રામ્યના ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના પૂર્વ કૃષિ મંત્રી રાઘવજીભાઈ તેમજ જામનગરના અગ્રણી બિલ્ડર પિતા-પુત્રને સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરનાર વિશાલ કણસાગરા અને તેના એક સાગરીતને જામનગર સાયબર પોલીસે ઝડપી લીધા બાદ રિમાન્ડ પર લીધા હતા, જે બન્નેની રિમાન્ડની મુદ્દત પૂરી થતાં બંનેને જેલ ભેગા કરી દેવાયા છે. જામનગરના અગ્રણી બિલ્ડર જમનભાઈ ફળદુ અને તેમના પુત્રને સોશિયલ મીડિયામાં બદનામ કરવાનું કાવતરૂં રચવા અંગે બે આઈડી ધારકો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી, ત્યારબાદ રાજ્યના પૂર્વ કૃષિ મંત્રી અને જામનગર ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્ય રાઘવજી પટેલે પણ સાયબર ક્રાઈમ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો અને પોતાને સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરનાર ફેસબુક



અને ઈન્સ્ટાગ્રામની આ.ઈડી.ના ધારક સામે ફરિયાદ નોંધાવી હતી. આ ઉપરાંત જામનગરના અન્ય એક બિલ્ડર સ્મિત પરમારે પણ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં વિશાલ કણસાગરા નામની આઈડીના ધારક સામે પોતાની પાસે ખંડણી માંગવા સંદર્ભે અને સોશિયલ મીડિયામાં બદનામ કરવા અંગેની ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન સાઈબર ક્રાઈમ પોલીસે આ પ્રકરણમાં સૌ પ્રથમ હેમતલાલ કણસાગરા અને પરસોત્તમ પરમાર નામના બે જામનગરના આરોપીઓની અટકાયત કરી લીધી હતી. જે બંનેને રિમાન્ડ પર લીધા બાદ હાલ બંનેને જેલ હવાલે કરી દેવાયા હતા, જ્યારે આ પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર વિશાલ કણસાગરા કે જે અગાઉ પકડાયેલા આરોપી પોતાના પિતા હેમતલાલ કણસાગરાને જામીન પર છોડાવવા માટે ભારતમાં આવીને જામનગર પહોંચ્યો હતો. તે દરમિયાન જામનગર સાઈબર પોલીસ સ્ટેશનની ટીમે તેનું લોકેશન શોધીને ઝડપી લીધો હતો.

# યુનિયનોના હોદ્દેદારોના ધરણા : ખાલી કરાવાયેલી ઓફિસનો કબજો 'માનભેર' પરત આપવાની માગણી

## સુરતના ડેપ્યુટી કમિશનર નિધિ સિવાચને ડેપ્યુટેશન પરથી પરત લેવા અંગે પણ રજૂઆત

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૧

સુરત મહાનગર પાલિકાના ડેપ્યુટી કમિશનર નિધિ સિવાચ દ્વારા સુરત મહાનગર પાલિકાની મુખ્ય કચેરીમાં દાયકાઓથી અડિંગો જમાવીને બેઠેલા વિવિધ યુનિયનોનો એકડો કાઢી નાખવામાં આવ્યો છે. આ સમગ્ર પ્રકરણમાં હવે રઘવાયા બનેલા યુનિયનોના હોદ્દેદારો દ્વારા નિધિ સિવાચે ગેરકાયદેસર રીતે પોતાની ઓફિસોનો કબજો લઈને યુનિયનોની બદનામી કરવામાં આવી રહ્યા હોવાના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે અને જેના ભાગરૂપે આજે પાલિકાના મુખ્ય વહીવટી ભવન બહાર વિવિધ યુનિયનોના હોદ્દેદારો દ્વારા એક દિવસના પ્રતિક ધરણાંનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુગલીસરા ખાતે સુરત મહાનગર પાલિકાનાં મુખ્ય વહીવટી ભવનમાં દાયકાઓથી કબજો જમાવીને બેઠેલાં વિવિધ યુનિયનો વિરૂદ્ધ ડેપ્યુટી કમિશનર નિધિ સિવાચ દ્વારા લાલ આંખ કરવામાં આવી હતી. યુનિયનોની કાયદેસરતા અંગે જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે યુનિયનોના હોદ્દેદારોને હાજર રહેવા માટે ફરમાન કરવામાં આવ્યું હતું. જો કે, પાલિકાની કચેરીમાં અડિંગો જમાવીને બેઠેલા યુનિયનોના હોદ્દેદારો પોતાની માન્યતા પુરવાર કરવામાં ધરાર નિષ્ફળ ગયા હતા અને જેને પગલે નિધિ સિવાચ દ્વારા રાતોરાત આ યુનિયની ઓફિસો ખાલી કરાવી દેવામાં આવી હતી. આ ઘટનાને પગલે યુનિયનોના હોદ્દેદારોના પેટમાં તેલ રેડાયું હતું અને નિધિ સિવાચ વિરૂદ્ધ આક્ષેપબાજીનો દૌર શરૂ કરવામાં આવ્યો હતો. અલબત્ત, આજરોજ વિવિધ યુનિયનોના હોદ્દેદારો દ્વારા મુગલીસરા ખાતે પાલિકાની કચેરી બહાર એક દિવસના પ્રતિક ધરણાંનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન યુનિયનોના હોદ્દેદારો દ્વારા આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, મનપાના ડેપ્યુટી કમિશનર નિધિ સિવાચ દ્વારા ગેરકાયદેસર રીતે યુનિયનની ઓફિસોનો કબજો લઈને યુનિયનોની બદનામી કરવામાં આવી છે. આ સ્થિતિમાં નિધિ સિવાચને ડેપ્યુટેશન પરથી ગુજરાત સરકારમાં તાકિદ પરત બોલાવી લેવાની સાથે - સાથે તમામ ઓફિસોનો તાકિદના ધોરણે યુનિયનોને માનભેર કબજો પરત આપવા માટે પણ રજૂઆત કરી હતી. આ સિવાય યુનિયનોની અનેક માંગણીઓ પડતર છે તે તમામ માંગણીઓનું પણ વહેલી તકે નિરાકરણ કરવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

## રાજપીપળાની દીકરીએ દિલ્હીમાં ગજવ્યું મેદાન

# નેશનલ કુસ્તીમાં સિલ્વર મેડલ જીતનાર દીપિશા વસાવાનું કલેક્ટરના હસ્તે સન્માન

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૨૧

નર્મદા જિલ્લામાં 'બેટી બચાવો બેટી પઢાવો' અભિયાનને સાર્થક કરતી દીકરીઓને પ્રોત્સાહિત કરવા માટે જિલ્લા કલેક્ટર એસ.કે. મોદીની અધ્યક્ષતામાં એક પ્રેરણાદાયી 'કોફી વિથ કલેક્ટર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં શૈક્ષણિક અને રમત-ગમત ક્ષેત્રે ઝળકેલી જિલ્લાની ૩૯ તેજસ્વી દીકરીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માન સમારોહમાં ખાસ આકર્ષણનું કેન્દ્ર રાજપીપલાની જય અંબે ગ્રુપ ઓફ સ્કૂલની તેજસ્વી વિદ્યાર્થિની વસાવા દીપીશા રહી હતી. દીપિશાએ વર્ષ ૨૦૨૬માં દેશની રાજધાની દિલ્હી ખાતે આયોજિત 'નેશનલ ટ્રેડિશનલ રેસલિંગ' (રાષ્ટ્રીય પરંપરાગત કુસ્તી) સ્પર્ધામાં પોતાની અદભૂત




રમતનું પ્રદર્શન કર્યું હતું. આકરી સ્પર્ધા વચ્ચે દીપિશાએ સમગ્ર ભારતમાં બીજો ક્રમ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે. તેની આ રાષ્ટ્રીય કક્ષાની સિદ્ધિ બદલ કલેક્ટરે તેને સન્માનિત કરી હતી.

આ પ્રસંગે ગૌરવની લાગણી વ્યક્ત કરતા જિલ્લા કલેક્ટર એસ.કે. મોદીએ જણાવ્યું હતું કે, દીપિશા જેવી દીકરીઓ અન્ય વિદ્યાર્થિનીઓ માટે પણ પ્રેરણાસ્ત્રોત છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આગામી સમયમાં આ દીકરીઓ માત્ર રાષ્ટ્રીય જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ દેશનું અને નર્મદા જિલ્લાનું નામ રોશન કરશે. જય અંબે ગ્રુપ ઓફ સ્કૂલની વિદ્યાર્થિનીએ રાષ્ટ્રીય સ્તરે મેડલ જીતીને શાળાનું નામ રોશન કરતા શાળા પરિવાર અને વાલીઓમાં ભારે આનંદ જોવા મળી રહ્યો છે.

**Change Of Name**

Old Name : - **SHEKH IRFAN MAHAMMADHANIF**
New Name :- **SHEKH IRFANBHAI MAHAMMADHANIF**
**Add :- Jakshivado Motisha Darwaja At-Patan Dist-Patan**

**Change Of Name**

Old Name : - **PATEL HARDIK VIJAYKUMAR**
New Name :- **PATEL HARDIK VIJAYBHAI**
**Add :- Patel At-Aghar Dist-Patan**

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM **SAJID IKBALBHAI MUSTUFA NEKI** TO NEW FULL NAME **SAJID IQBALBHAI NEKI** & I WILL BE KNOWN AS NEW FULL NAME WHICH PLEASE NOTE.

**ADD :- 2547, GHANCHIWAD PO. JAMBUSAR DIST. BHARUCH 392150 GUJARAT.**

# ખેડા જિલ્લાના ૫૮ લોકો સાથે ઉમરાહના બહાને રૂા.૩૫.૮૫ લાખની ઠગાઈ

## શ્રદ્ધાળુઓને સસ્તામાં ઉમરાહ કરાવવાની લાલચ આપી નાણાં પડાવી લીધા બાદ ટ્રાવેલ્સ સંચાલકોએ હાથ ઊંચા કરી દીધા

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૧

સંધાણા અને આસપાસના ગામના કુલ ૫૮ શ્રદ્ધાળુઓને ઉમરાહની યાત્રાએ લઈ જવાનો વિશ્વાસ આપી અલ ફલાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકોએ કુલ ૩૫,૮૫,૦૦૦ રૂપિયા ઉઘરાવી લીધા હતા. નિયત તારીખે યાત્રાએ ન લઈ જઈ અને નાણાં પરત ન આપી શ્રદ્ધાળુઓ સાથે છેતરપિંડી આચરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ બાબતે માતર પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ માતર તાલુકાના સંધાણા ગામના પીરૂશા દિવાન મસ્જિદમાં સેવા કરે છે તેમને મક્કામાં ઉમરાહ કરવા જવાની ખૂબ જ ઈચ્છા છે જેથી તેઓ કોઈ એજન્ટ મળે તો ઉમરાહ કરવા માટે જવા તૈયાર હતા અને તેઓ આણંદની અલ ફલાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકોના માધ્યમથી ઉમરાહ કરી આવ્યા છે જેથી આ ટ્રાવેલ્સ પર તેમને વિશ્વાસ હતો ગત ૧૫ મે ૨૦૨૫ના રોજ પોતાના ગામમાં હતા ત્યારે આણંદ અને વડોદરાના ટ્રાવેલ્સ સંચાલકો ઉમરાહ યાત્રાની જાહેરાત માટે આવ્યા હતા. અગાઉ પણ આ સંચાલકો ગ્રામજનોને ઉમરાહ કરાવી લાવ્યા હોવાથી લોકોએ તેમના પર વિશ્વાસ મૂક્યો હતો. તેઓએ ગામ લોકોને એવી લાલચ આપી હતી કે જે લોકો ચાર માસ અગાઉ નાણાં ભરશે તેમને ૬૫,૦૦૦ રૂપિયામાં અને ત્યારબાદ નાણાં ભરનારને ૭૫,૦૦૦ રૂપિયામાં ઉમરાહ કરાવાશે. આ વાતોમાં આવીને સંધાણા, મોટી ખડોલ, દંતાલી, રતનપુર, ખંભાલી અને બાકરોલ જેવા ગામોના કુલ ૫૮ શ્રદ્ધાળુઓએ કટકે-કટકે રૂપિયા આપવાનું શરૂ કર્યું હતું. લગભગ રૂા.૩૬,૮૦,૦૦૦ રૂપિયા જેટલી માતબર રકમ પીરૂશા મારફતે આરોપીઓને ચૂકવી હતી. અમુક રકમ બેંક ટ્રાન્સફર અને બાકીની રકમ સાક્ષીઓની હાજરીમાં રોકડા સ્વરૂપે ચૂકવવામાં આવી હતી. ટ્રાવેલ્સ સંચાલકોએ તમામ યાત્રાળુઓને ૧૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ અમદાવાદથી વિમાન માર્ગે ઉમરાહ માટે લઈ જવાનું વચન આપ્યું હતું. જો કે, નક્કી કરેલી તારીખ વીતી જવા છતાં કોઈને યાત્રાએ લઈ જવામાં આવ્યા નહોતા. જયારે શ્રદ્ધાળુઓએ ઉઘરાણી કરી ત્યારે સંચાલકોએ વાયદા કર્યા હતા. પરિસ્થિતિ ગંભીર જણાતા પિરૂશા દિવાલ મુશ્કેલીમાં મૂકાયા હતા જોકે તેમના મારફતે આ રકમ ચૂકવાઈ હોય. પોતાના સગા-સંબંધીઓ પાસેથી ૧૯ લાખ રૂપિયા ઉછીના લાવી ૨૯ યાત્રાળુઓને અન્ય ટ્રાવેલ્સ મારફતે ઉમરાહ મોકલ્યા હતા. આ બાબતે અગાઉ પોલીસમાં તેમણે અરજી આપી હતી જેથી ટ્રાવેલ્સના સંચાલકોએ તમામ લોકોને ઉમરાહ કરવા મોકલશે તેવી બાયધરી આપી હતી એટલું જ નહીં નોટરી લખાણ કરી આપ્યું હતું. યાત્રાળુઓને લઈ જવાની અને નાણાં પરત કરવાની ખાતરી આપી હતી, જેથી જે તે વખતે આ બાબતે ફરિયાદ થઈ ન હતી પરંતુ ત્યારબાદ પણ ઘણી વખત આ બાબતે સંચાલકોને જણાવ્યા છતાં પણ તેમણે ઉમરા કરવા માટેના લઈ જતા આખરે પિરૂશ દીવાને માતર પોલીસમાં ફરિયાદ આપી છે. માતર પોલીસે આ ચારેય શખ્સો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) અને ૫૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# આજે વડોદરાના સયાજીપુરા વિસ્તારમાં પાણી કાપ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

વડોદરા મહાનગર પાલિકા દ્વારા શહેરના આજવા રોડ વિસ્તારમાં પાણી પુરવઠાની વ્યવસ્થાને સુદ્રઢ કરવા માટે નવી પાઈપલાઈનના જોડાણની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ કામગીરીને પગલે ગુરૂવાર, ૨૨ જાન્યુઆરીના રોજ સયાજીપુરા ટાંકી હેઠળના અનેક વિસ્તારોમાં સવારના સમયે પાણી વિતરણ બંધ રહેશે, જ્યારે શુક્રવારે પાણી મોડું અને ઓછા દબાણથી મળવાની શક્યતા છે. પાલિકાના જણાવ્યા અનુસાર, આજવા રોડ પર સરદાર એસ્ટેટથી આજવા ચોકડી તરફ જતાં જમણી બાજુએ ગાયત્રી હોસ્પિટલ પાસે આ કામગીરી કરવામાં આવશે. ત્યાં હાલની ૫૦૦ મીમી વ્યાસની નળીકાને નવી નાખવામાં આવેલી ૩૦૦ મીમી વ્યાસની નળીકા સાથે જોડવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામગીરી ગુરૂવારે સવારથી શરૂ કરવામાં આવશે.વડોદરા મહાનગર પાલિકાના કાર્યપાલક ઈજનેર દ્વારા જાહેર જનતાને આ ફેરફારની નોંધ લેવા અને કામગીરી દરમિયાન સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે. નાગરિકોને અગાઉથી પાણીનો સંગ્રહ કરી લેવા પણ સૂચન છે.

# મુંબઈમાં મેમન સમાજે આપી હિન્દુ-મુસ્લિમ એકતાની મિસાલ ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકરની મુલાકાતે મેમન સમાજના અગ્રણીઓ




મુંબઈ, તા.૨૧

ઓલ ઈન્ડિયા મેમન જમાત ફેડરેશનની ડેલિગેશન ટીમે આજે ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ મુંબઈમાં આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના સ્થાપક ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકર સાથે મુલાકાત કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ મુલાકાત દરમિયાન, માનવતાની સેવા માટેના તેમના અવિરત પ્રયત્નો, વિશ્વ શાંતિ માટેનું યોગદાન અને સામ્પ્રદાયિક સૌહાર્દ મજબૂત બનાવવા માટે કરેલા કાર્યને માન્યતા આપતા, ઓલ ઈન્ડિયા મેમન જમાત ફેડરેશન પ્રમુખ ઈકબાલ મેમન ઓફિસર, સેક્રેટરી અબ્દુલ અઝીઝભાઈ મચ્છીવાલા, યુથ વિંગ ચેરમેન ઈમરાન ફ્રુટવાલા, જોઈંટ સેક્રેટરી યુસુફ ભાઈ મલકાની, ડોક્ટર સના મેમન, અમીન મેમન, અનવર પિશોરી, નુર મોહમ્મદ પટેલ, અબ્દુલ લતીફ બાટલીવાલા, વગેરે આગેવાનો હાજર રહ્યા હતા અને ઓલ ઈન્ડિયા મેમન જમાત ફેડરેશન તરફથી ૧૫ લાખ મેમન સમાજ તથા ૫૦૦ મેમન જમાતોની તરફથી ગુરૂદેવ શ્રી રવિશંકરને શોલ પહેરાવી "ફખ્ર-એ-ઈન્સાનિયત" એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકર માનવ કલ્યાણ માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહ્યા છે અને સમાજમાં શાંતિ, પ્રેમ અને એકતાનો સંદેશ ફેલાવી રહ્યા છે. તેમ મેમણ સમાજની એક અખબારી યાદી દ્વારા જણાવ્યું છે.

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સ્ટાર્ટઅપને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો

## ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલના હસ્તે એવોર્ડ અર્પણ કરાયો




(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૨૧

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી (SDAU)એ રાષ્ટ્રીય કક્ષાની સિદ્ધિ મેળવી છે. યુનિવર્સિટીના 'રૂરલ બિઝનેસ ઈન્ક્યુબેશન સેન્ટર' (RBIC) હેઠળ ઈન્ક્યુબેટ થયેલી સ્ટાર્ટઅપ કંપની 'કુબેરજી પ્રા. લિ.'ને રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી છે. આ પુરસ્કાર નવી દિલ્હીમાં 'રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ'ના કાર્યક્રમમાં એનાયત કરાયો હતો. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલના હસ્તે આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પુરસ્કાર SDAU RBIC દ્વારા નવા સ્ટાર્ટઅપ્સને અપાતા યોગ્ય માર્ગદર્શન, તાલીમ અને સતત સહયોગનું પરિણામ છે. 'કુબેરજી પ્રા. લિ.'ની આ સફળતા ઈન્ક્યુબેશન સેન્ટરની અત્યાર સુધીની સૌથી શ્રેષ્ઠ સિદ્ધિ તરીકે ઉભરી આવી છે. આ રાષ્ટ્રીય સન્માન કૃષિ અને ગ્રામીણ ક્ષેત્રે નવા પ્રયોગો કરવા માંગતા યુવા ઉદ્યોગસાહસિકો માટે પ્રેરણારૂપ સાબિત થશે. નાબાર્ડ અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સંયુક્ત પ્રયાસોને રાષ્ટ્રીય સ્તરે મળેલી આ માન્યતા રાજ્યના કૃષિ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવશે.

# વડોદરાને સ્વચ્છ કરવા કમિશનરનો 'સુપર ૫૦' પ્લાન

## હવે સીધો નાગરિકોને ફોન કરીને લેવાશે સફાઈનો રિપોર્ટ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

વડોદરા શહેરને સ્વચ્છ અને સુવિધાસભર બનાવવાના હેતુથી મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની અધ્યક્ષતામાં મંગળવારે પાલિકા ખાતે સાપ્તાહિક 'સ્વચ્છતા અને સ્વચ્છતા સુરક્ષા' રિવ્યૂ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શહેરના તમામ ઝોનના વોર્ડ ઓફિસરો, સેનેટરી ઈન્સ્પેક્ટરો અને સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સ્વચ્છતાથી લઈને ટ્રાફિક અને પ્રાથમિક સુવિધાઓ અંગે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

બેઠક બાદ મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુ એ જણાવ્યું હતું કે, શહેરની સ્વચ્છતા જાળવવી એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. સફાઈની કામગીરી કાગળ પર નહીં પણ ગ્રાઉન્ડ લેવલ પર ચકાસવા માટે એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. તંત્ર દ્વારા દરેક વોર્ડમાં દરરોજ ૫૦ નાગરિકોને ફોન કોલ કરીને પૂછવામાં આવશે કે તેમના વિસ્તારમાં સફાઈ થાય છે કે નહીં ? તેમજ ડોર-ટુ-ડોર કચરાનું કલેક્શન સમયસર થાય છે કે કેમ ?

ફીડબેકના આધારે જે વોર્ડમાં સફાઈની કામગીરી ઉત્કૃષ્ટ જણાશે ત્યાંના સેનેટરી ઈન્સ્પેક્ટરને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કરવામાં આવશે. જયારે જે વિસ્તારોમાં ફરિયાદોનું પ્રમાણ વધુ હશે અને સફાઈમાં બેદરકારી જણાશે, ત્યાંના અધિકારીઓને તાત્કાલિક કામગીરી સુધારવા માટે કડક સૂચના આપવામાં આવી છે.

મ્યુનિસિપલ કમિશનરે તમામ અધિકારીઓને જવાબદારીપૂર્વક કામ કરી 'સ્વચ્છતા અભિયાન'ને વધુ અસરકારક બનાવવા પર ભાર મૂક્યો હતો.

### શહેરના વિકાસ અને સુવિધા માટે લેવાયેલા મહત્ત્વના નિર્ણયો :

- નવા શૌચાલયોનું નિર્માણ : સ્વચ્છતા અભિયાન હેઠળ શહેરના ચારેય ઝોનમાં ૧૦-૧૦ મળી કુલ ૪૦ નવા જાહેર શૌચાલયો બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.
- રસ્તાનું સમારકામ : ચોમાસા બાદ કે અન્ય કારણોસર રોડ પર પડેલા ખાડાઓને તાત્કાલિક પૂરીને વહેલી તકે કાર્પેટિંગ કરવા માટે તમામ ઝોનલ અધિકારીઓને આદેશ અપાયા છે.
- ટ્રાફિક અને સુરક્ષા : ટ્રાફિક પોલીસના સૂચનો મુજબ શહેરના મુખ્ય જંકશન પર ઝીબ્રા ક્રોસિંગ પેઈન્ટ કરવાની મંજૂરી આપી દેવામાં આવી છે, જેથી ટ્રાફિક નિયમન સરળ બને.
- દબાણ હટાવો ઝુંબેશ : શહેરના માર્ગોને મોકળા કરવા માટે દબાણ શાખા દ્વારા ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી વધુ તેજ બનાવવામાં આવશે.
- સ્ટ્રીટ ડોગ અને આંગણવાડી : રખડતા શ્વાનોને નિયંત્રિત કરવા માટે નવી વ્યવસ્થા ઊભી કરાશે. આ ઉપરાંત, કાર્યરત આંગણવાડીઓનું રિનોવેશન અને જરૂરિયાત મુજબ નવી આંગણવાડીઓ બનાવવાનું આયોજન પણ બેઠકમાં કરવામાં આવ્યું હતું.

# વડોદરા મનપાની ચૂંટણી પૂર્વે વિકાસના કામોના બહાને ઠેર-ઠેર રસ્તા બંધ અને ખાડા ખોદી નાખ્યા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

વડોદરા પાલિકાના પદાધિકારીઓ સત્તા મેળવ્યાના પાંચેક વર્ષ સુધી શહેરના વિકાસની માત્ર વાતો જ કરતા રહ્યા. પરંતુ હવે નવી ચૂંટણીઓ આવવાની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે વિકાસના કામોને કારણે ચારે બાજુએ રોડ રસ્તા ખોદીને જાણે કે શહેરનો રાતોરાત વિકાસ કરી નાખવો હોય એવી રીતે જાહેર અને આંતરિક રસ્તાઓ ખોદવા માંડ્યા છે. ત્યારે કારેલીબાગ એલ એન્ડ ટી મુક્તાનંદ સર્કલ સુધી નવી ડ્રેનેજ લાઈનની કામગીરી તથા વોર્ડ નં.૭માં આનંદ નગર બાપા સીતારામ મંદિરથી ચાર રસ્તા સુધી પૂસિંગ પદ્ધતિથી નવી ડ્રેનેજર નાખવાની કામગીરી અંગે જુદા-જુદા રોડ રસ્તાઓ આજે તા.૨૧ ગુરૂવારથી કામગીરી પૂરી થાય ત્યાં સુધી તમામ પ્રકારના વાહનોની અવરજવર માટે તબક્કાવાર બંધ કરાશે. ઉલ્લેખનિય છે કે, કારેલીબાગ એલ.એન્ડ.ટી સર્કલથી મુક્તાનંદ સર્કલ સુધી નવી ડ્રેનેજ નાખવાની કામગીરી માટે કોન્ટ્રાક્ટર દ્વારા વાપરવાની વિવિધ મશીનરી તથા મજૂરો કારીગરોની હેરફેર અંગે કામગીરીની સરળતા અને જરૂર મુજબ એલ.એન્ડ.ટી સર્કલથી મુક્તાનંદ સર્કલ સુધીના રસ્તા પર જમણી-ડાબી બાજુનો કેરેજ વે આજે તા.૨૧થી કામ પૂરૂં થતાં સુધી તમામ પ્રકારના વાહનવ્યવહાર તેમજ અવરજવર માટે રસ્તો તબક્કાવાર બંધ કરાશે. વિકલ્પરૂપે કામની સ્થળ સ્થિતિ તથા જરૂર મુજબ ડાબી-જમણી બાજુના કેરેજ-વેનો વાહનવ્યવહાર તથા અવરજવર માટે સાવચેતી પૂર્વક ઉપયોગ કરવો.

આ ઉપરાંત વોર્ડ નં.૭માં આનંદ નગર બાપા સીતારામ મંદિરથી આનંદ નગર ચાર રસ્તા સુધી મેન્યુઅલ પૂસિંગ પદ્ધતિથી નવી ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી કરવાની છે. આજથી તા.૨૧ ગુરૂવારથી શરૂ થતી કામગીરી અંગે આનંદ નગર ચાર રસ્તા પાસે આવેલ સરકારી વસાહત પ્રેસ કોલોનીથી આનંદનગર નાકા થઈ બાપાસીતારામ મંદિર સુધીના રસ્તા પર જમણી-ડાબી બાજુના કેરેજ વે કામગીરી પૂરી થતાં સુધી વિકલ્પ રૂપે કામની સ્થળ સ્થિતિ અને જરૂરિયાત મુજબ વાહનવ્યવહાર તેમજ કે અવર-જવર માટે રોડ રસ્તાનો સાવચેતી પૂર્વક ઉપયોગ કરવા ડ્રેનેજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા જણાવાયું છે.

# ડીસામાં હજારો લિટર પીવાના પાણીનો વેડફાટ

ડીસા, તા.૨૧

ડીસાના મહારાણા પ્રતાપ ચોકથી રેલવે સ્ટેશન ચાર રસ્તા તરફ જવાના મુખ્ય માર્ગ પર આવેલ હરિઓમ શાળા પાસે પીવાની પાણીની પાઈપલાઈનમાં મોટું ભંગાણ સર્જાતા હજારો લિટર પાણીનો બગાડ થઈ રહ્યો છે. સ્કૂલ પાસે આવેલા ઢાળમાં પાણી ભરાઈ રહેવાને કારણે સવારના સમયે શાળાએ જતા નાના બાળકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ પાઈપલાઈન છેલ્લા બે દિવસથી લીકેજ છે. આ અંગે નગરપાલિકાના સત્તાધીશોને જાણ હોવા છતાં હજુ સુધી કોઈ જ નક્કર કામગીરી કરવામાં આવી નથી.

# કપડવંજમાં જુગારધામ પર દરોડો : ૧૬ જુગારીઓ ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૨૧

કપડવંજ નગરમાં ડાકોર રોડ પર આવેલ માતરીયા તળાવ વિસ્તારની ખુલ્લી જગ્યામાં જુગાર રમતાં ૧૬ ઈસમોને રોકડા રૂા. ૧,૩૭,૮૦૦ સહિત કુલ રૂા.૪,૦૩,૩૦૦ના મુદા માલ સાથે ઝડપી પાડ્યા છે.

મળતી માહિતી મુજબ કપડવંજ નગરમાં ડાકોર રોડ પર આવેલ માતરીયા તળાવ વિસ્તારની ખુલ્લી જગ્યામાં બાવળની ઝાડીઓની આડશમાં સુરેશ હિંમત પરમાર (રહે. અંકલઈ) અને સજ્જુ ઉર્ફે મુર્તુજા ઈસુબ સૈયદ (રહે. ઈસ્લામપુરા, કપડવંજ)નો જુગારનો અડ્ડો છેલ્લા ઘણા સમયથી ધમધમતો હોવાનું કહેવાય છે બુટલેગર બેલડીના આ જુગારના અડ્ડામાં રોજ કપડવંજ નગર અને બહારથી મોટી સંખ્યામાં રસીકો જુગાર રમવા આવતા હોય છે.દરમિયાન ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ ગઈકાલે બપોરના સમયે કપડવંજ પંથકમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બુટલેગર બેલડીના આ ધમધમતા જુગારના અડ્ડા અંગે એસએમસી પોલીસને બાતમી મળી હતી જેના પગલે ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ પોલીસ ટીમે સ્થાનિક કપડવંજ શહેર પોલીસને અંધારામાં રાખી ત્યાં છાપો માર્યો હતો જેને પગલે જુગાર રમતા જુગારીયામાં નાસભાગ મચી ગઈ હતી.

જો કે પોલીસ ટીમે બુટલેગર બેલડીના ત્રણ સાગરીતો જયેશ સાધુરામ મનવાણી, સાદિક સફી ભઠિયારા અને ફજલ યાકુબ મીર્ઝા (તમામ રહે કપડવંજ) સહિત ૧૬ જુગારીઓને ઝડપી લીધા હતા. જ્યારે ત્યાં જુગાર રમતા પાંચ ઈસમો પોતાના વાહનો મૂકી પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયા હતા.

પોલીસે ત્યાંથી રોકડા રૂપિયા ૧,૩૭,૮૦૦, ૯૫,૫૦૦ રૂપિયાની કિંમતના ૧૫ નંગ મોબાઈલ ફોન, ૧,૪૦,૦૦૦ રૂપિયાની કિંમતના ૧૨ નંગ ટુ-વ્હીલર અને ૩૦,૦૦૦ રૂપિયાની કિંમતની એક સીએનજી રિક્ષા મળી કુલ રૂપિયા ૪,૦૩,૩૦૦નો મુદ્દા માલ કબજે કર્યો હતો. ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ પોલીસે આ અંગે કપડવંજ શહેર પોલીસ મથકે જુગારધારાનો ગુનો નોંધાવી વોન્ટેડ આરોપી જુગારધામની સંચાલક બેલડી શોધખોળ હાથ ધરી છે.

# હિંમતનગરમાં પોન્ઝી સ્કીમનો થયો પર્દાફાશ, લાખો રૂપિયાનું ફેરવ્યું ફુલેકું

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૧

હિંમતનગર આરટીઓ સર્કલ પર આવેલ શાન્તમ ૭ ફરી ચર્ચામાં છે, અહીંયા એ.પી. કન્લ્ટન્સી નામની પેઢીએ દસથી પંદર ટકા ઊંચું વ્યાજ આપવાની લાલચ આપી લાખો રૂપિયાની છેતરપિંડી આચરી છે, તારીખ ૨૩/૮/૨૪થી ડિસેમ્બર ૨૪ સુધી આ પેઢીના માલિક અનિલકુમાર પ્રદીપસિંહ પરમારએ મિતેષકુમાર કાંતિલાલ પટેલ (રહે. તેજપુરા)ને ઊંચા વ્યાજની લાલચ આપી હતી જેની મોહજાળમાં મિતેશકુમાર ફસાઈ ગયા હતા અને ૫૩,૫૮,૦૦૦ જેટલું રોકાણ કર્યું હતું, જેમાંથી ૧૩,૧૩,૦૦૦ જેટલી રકમ પરત આપી વિશ્વાસ જીત્યું હતું બાકીના ૪૦ લાખ ૪૫ હજાર રૂપિયા ચાંઉ કરી ઓફિસની તાળાબંધી કરી દુબઈ પલાયન થઈ ગયા હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે જે મામલે હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાઈ છે, આ પર્દાફાશ બાદ આગામી દિવસોમાં વધુ રોકાણકારો ફરિયાદ કરવા આગળ આવે તો નવાઈ નહીં, ઉલ્લેખનીય છે કે, આ પહેલા શાન્તમ ૭ કોમ્લેક્સ સિકંદર લોઢાના કરોડોના વિઝા કૌભાંડ વખતે ચર્ચામાં આવ્યું હતું. એ.પી. કન્સલ્ટન્સી પોન્ઝી સ્કીમની આગળની તપાસ ગ્રામ્ય પોલીસ ઈન્સ્પેક્ટર એચ.આર. હેરભા ચલાવી રહ્યા છે.

# ઉત્તર ગુજરાત વીજ કંપનીની બેદરકારીથી યુવાનના મોત મામલે પરિવારજનોને વળતર ચૂકવવા કોર્ટનો આદેશ


(સંવાદદાતા દ્વારા) પાટણ, તા.૨૧

પાટણ તાલુકાના બાલીસણા ગામ નજીક બકરા ચરાવવા ગયેલો યુવાન ચારો લેવા ઝાડ ઉપર ચડતા તેની ડાળીઓમાંથી પસાર થતાં જીવંત વીજ વાયરથી કરંટ લાગતા આશાસ્પદ યુવાનનું મોત થયું હતું. આ બનાવમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીની બેદરકારી સામે આવતા પરિવારજનો દ્વારા વળતર મેળવવા કોર્ટમાં દાવો કર્યો હતો. જે ચાલી જતા પાટણના પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ ડી.એમ. ચૌહાણે દાવો અંશતઃ મંજૂર કરી મૃતક યુવાન સમીર યુસુફભાઈ શેખના વાલીઓને રૂપિયા ૭,૬૬,૦૦૦ દાવા તારીખથી ૬ ટકા સાદા વ્યાજ સહિત ચૂકવી આપવા ઉત્તર ગુજરાત વીજ કંપનીને હુકમ કર્યો છે.

બાલીસણા ગામે રહેતો સમીર યુસુફભાઈ શેખ ગત તારીખ ૦૩/૦૪/૨૦૨૫ના રોજ રોજિંદા ક્રમ મુજબ પોતાના બકરા ચરાવવા બાલીસણા ગામે બબાસણા ચાર રસ્તાથી કુડેર ગામ તરફના ખેતરોમાં ગયો હતો ત્યારે લીમડાના ઝાડ ઉપર બકરા માટે ચારો લેવા ચડ્યો હતો. આ ઝાડની ડાળીઓમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીના જીવંત વીજ વાયરો પસાર થતા હતા જેનાથી કરંટ લાગતા સમીરનું મોત થયું હતું. અગાઉ ગામના લોકોએ ઝાડમાંથી પસાર થતાં આ વીજવાયરો જોખમી હોવાની ઉત્તર ગુજરાત વીજ કંપનીના જવાબદાર અધિકારીઓને લેખિત તથા મૌખિક રજૂઆતો કરી હતી છતાં કોઈ જ પગલાં નહીં ભરાતા આ દુર્ઘટના સર્જાઈ હતી અને આશાસ્પદ યુવાનનું મોત થયાનું ફલિત થયું હતું.

મૃતક સમીરના પિતા યુસુફ હુસેનભાઈ શેખ સહિતના તેના પરિવારજનોએ ઉત્તર ગુજરાત વીજ કંપનીની બેદરકારી અને નિષ્ક્રિયતાના કારણે સમીરનું મોત થયાનું જણાવી રૂપિયા ૩૫,૬૨૦૦૦નું વળતર મેળવવા પાટણના પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ પાટણની કોર્ટમાં સ્પેશિયલ દાવાનો મુકદમો દાખલ કર્યો હતો. જે કેસ ચાલી જતા વીજ કંપનીની નિષ્કાળજીને લીધે ઝાડમાંથી પસાર થતાં વીજ તારનું તાત્કાલિક મેન્ટેઈન નહીં કરાવાના કારણે યુવાન સમીરનું મોત થતાં વાલીઓ વળતર મેળવવા હકદાર હોવાનું ઠરાવી દાવો અંશત મંજૂર કરી નુકસાન વળતર પેટે રૂપિયા ૭,૬૬,૦૦૦ પુરા દાવા તારીખથી ૬ ટકા સાદા વ્યાજ સહિત ચૂકવવા વીજ કંપનીને હુકમ કર્યો છે.

# ભિલોડા તાલુકાના ટોરડા ગામે રક્તદાન કેમ્પ યોજાયો



(સંવાદદાતા દ્વારા) ભિલોડા, તા.૨૧

ભિલોડા તાલુકાના ટોરડા ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ટોરડા ખાતે આજરોજ જનરલ હોસ્પિટલ હિંમતનગરના સહયોગથી 'સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ' યોજાયો હતો. જેમાં કુલ ૨૫ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કર્યું હતું. આ એક મહાસફળ ઉમદા કાર્યમાં ટોરડાગામ ગામના મેડિકલ ઓફીસર સિરીસ તેમજ સ્ટાફ સહભાગી બન્યા જે અંતર્ગત આયોજન કરનાર, પ્રચાર-પ્રસાર કરનાર, પ્રત્યક્ષ-પરોક્ષ રીતે મદદ કરનાર સેવા આપનાર તમામનો આભાર તથા તમામ રક્તદાતાઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# સાંતલપુરના પીપરાળા ગામે ચશ્મા પહેરવા જેવી સામાન્ય બાબતે યુવક પર હુમલો

(સંવાદદાતા દ્વારા)

પાટણ, તા.૨૧

પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના પીપરાળા ગામે ચશ્મા પહેરવા જેવી સામાન્ય બાબતે અનુસૂચિત જાતિના યુવક પર હુમલો થયો છે. ત્રણ શખ્સોએ યુવકને લાકડીઓ અને ગડદાપાટુ વડે માર મારી જાતિ વિષયક અપમાનિત કર્યા હતા.

પીપરાળા ગામના ૨૬ વર્ષીય તુલસીભાઈ વેલાભાઈ સોલંકીએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ સાંજે ગામમાં હનુમાનજી મંદિર પાસે ચશ્મા પહેરીને ઊભા હતા. તે સમયે ગામનો દેવશી માંડણ કોળી ત્યાં આવ્યો અને તુલસીભાઈ પાસે ચશ્મા માંગ્યા. તુલસીભાઈએ ચશ્મા આપવાની ના પાડતા દેવશી ઉશ્કેરાઈ ગયો અને ગાળો બોલી બોલાચાલી કરી હતી.

આ ઘટનાના લગભગ અડધા કલાક બાદ એટલે કે સાડા સાત વાગ્યાના અરસામાં દેવશી કોળી અને ભીખુ સગુ કોળી મોટરસાયકલ પર તુલસીભાઈના ઘરના ઝાંપા પાસે આવ્યા. તેઓએ જાતિ વિષયક અપશબ્દો બોલી ગાળાગાળી શરૂ કરી. તુલસીભાઈના માતા-પિતા તેમને સમજાવવા બહાર આવ્યા ત્યારે માંડણ ધીંગા કોળી પણ લાકડી સાથે ત્યાં પહોંચ્યો. તેણે તુલસીભાઈને ખભા અને પગે લાકડીના ફટકા માર્યા. ત્રણેય શખ્સોએ તુલસીભાઈને ગડદાપાટુનો માર માર્યો હતો.

ઈજાગ્રસ્ત તુલસીભાઈને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સાંતલપુર સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ધારપુર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા. સાંતલપુર પોલીસે દેવશી માંડણ કોળી, ભીખુ સગુ કોળી અને માંડણ ધીંગા કોળી વિરૂદ્ધ બી.એન.એસ.ની વિવિધ કલમો તેમજ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી નાયબ પોલીસ અધિક્ષકે તપાસ હાથ ધરી છે.

## વડોદરાના કૃત્રિમ તળાવમાંથી વિસર્જિત મૂર્તિઓ ભેદી રીતે લઈ જવાતા લાગણી દુભાઈ

વડોદરા, તા.૨૧

વડોદરા શહેરના દક્ષિણ છેવાડે મકરપુરા ગામના રસ્તે પાલિકા દ્વારા બનાવાયેલા કૃત્રિમ તળાવમાં વિસર્જન કરાયેલી ગણેશજી સહિતની મૂર્તિઓ બુલડોઝરથી બહાર કાઢી, પડદાથી ઢાંકી દઈ તોડી નંખાયા બાદ ડમ્પરમાં રાતના અંધારામાં ભેદી રીતે લઈ જવાથી હોવાની ઘટનાથી ધર્મ પ્રેમીઓની લાગણી દુભાઈ હોવાનો વીડિયો વાયરલ થતા ચકચાર મચી હતી. ઘટના સ્થળે પાલિકાનો કોઈ કર્મી તે અધિકારી પણ ન હતો. જન રક્ષક ૧૧૨ની આવી પહોંચેલી પોલીસે ડમ્પરમાં છુપાયેલ ડ્રાઈવરની પૂછપરછ કરતા ઉટપટાંગ જવાબ આપતો હતો.

# વડોદરાના ભાયલીની ઈરા ઈન્ટરનેશનલ સ્કૂલને ૩૦,૦૦૦નો દંડ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૧

વડોદરા શહેરના ભાયલી વિસ્તારમાં આવેલી ઈરા ઈન્ટરનેશન સ્કૂલને ડીઈઓ કચેરી દ્વારા ૩૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ઈન્ચાર્જ ડીઈઓ મહેશ પાંડેએ કહ્યું હતું કે, સ્કૂલના પ્રાથમિક વિભાગમાં ભણતી એક બાળકીના વાલીએ ડીઈઓ કચેરીમાં ચાર મહિના પહેલા ફરિયાદ કરી હતી કે, બાળકીને તેની સાથે ક્લાસમાં ભણતા અન્ય બાળકે ખોટી રીતે સ્પર્શ કર્યો હતો. જેની તપાસ બાદ બાળકીને અને તેના વાલીને થયેલી માનસિક સતામણી બદલ ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો.

સાથે સાથે તેમણે કહ્યું હતુ કે, તપાસ દરમિયાન સીસીટીવી કેમેરા નહીં હોવા બદલ તેમજ સ્કૂલમાં શિક્ષકોની નિમણૂકમાં નિયમોનું પાલન નહીં થયું હોવા બદલ બીજા ૨૦૦૦૦ રૂપિયાનો એમ કુલ ૩૦૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ દંડની રકમ સ્કૂલે એક સપ્તાહમાં જમા કરાવવાની રહેશે. જો અન્ય સ્કૂલ પણ નિયમોનું પાલન નહીં કરે તો તેમની સામે પણ કાર્યવાહી કરાશે.

**Change Of Name**

Old Name : - **SHEKH IRFAN MAHAMMADHANIF**
New Name :- **SHEKH IRFANBHAI MAHAMMADHANIF**
**Add :- Jakshivado Motisha Darwaja At-Patan Dist-Patan**

**Change Of Name**

Old Name : - **PATEL HARDIK VIJAYKUMAR**
New Name :- **PATEL HARDIK VIJAYBHAI**
**Add :- Patel At-Aghar Dist-Patan**

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM **SAJID IKBALBHAI MUSTUFA NEKI** TO NEW FULL NAME **SAJID IQBALBHAI NEKI** & I WILL BE KNOWN AS NEW FULL NAME WHICH PLEASE NOTE.
**ADD :- 2547, GHANCHIWAD PO. JAMBUSAR DIST. BHARUCH 392150 GUJARAT.**

### ફૂટપાથ, યુટિલિટીને પાર્કિંગ બનાવી રોડ નાનો કર્યો

# નવરંગપુરામાં AMC દ્વારા ૧૮ મીટરના રોડને ૯ મીટરનો બનાવી દેવાયો, સ્ટેન્ડિંગ ચેરમેને કામગીરી બંધ કરાવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ શહેરના નવરંગપુરા વિસ્તારમાં સરદાર પટેલ સેવા સમાજ પાસે રોડ બનાવવાની કામગીરીને લઈ વિવાદ સામે આવ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના પદાધિકારીઓએ આજે (૨૧ જાન્યુઆરી) ઘટનાસ્થળે પહોંચી રોડ પ્રોજેક્ટ વિભાગના અધિકારીઓને ખખડાવ્યા છે. ભાજપના સત્તાધીશોએ મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા ૧૮ મીટરના રોડને ફૂટપાથ અને પાર્કિંગ વગેરે કરી ૯ મીટર જેટલો રોડ બની જાય અને ટ્રાફિકની સમસ્યા ઉદભવે એવા રોડ બનાવવાની કામગીરી કરતા ભાજપના પદાધિકારીઓ દ્વારા રોડ બનાવવાની કામગીરીને બંધ કરાવવામાં આવી છે. આ સમગ્ર મામલે કમિશનર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને સ્થળ પર નિરીક્ષણ કરી હયાત રોડ પર ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તેને લઈ કામગીરી કરવા સૂચના આપી છે.



સીજી રોડ અને લો-ગાર્ડનને જોડતા વિસ્તારોને ડેવલોપમેન્ટ કરવા માટે રૂા.૧૦૦ કરોડનો કોન્ટ્રાક્ટ સ્કાય વે ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ નામના કોન્ટ્રાક્ટરને આપવામાં આવ્યો છે. મીઠાખળીથી ગિરીશ કોલ્ડ્રિંકસ તરફ ૫૦૦ મીટરનો રોડ જે છે તેને ડેવલપમેન્ટ કરવા માટે ૬.૫ કરોડનો ખર્ચ થશે. આ રોડ ડેવલોપમેન્ટ થતા તેમાં ૯ મીટરનો ટ્રાફિક માટેનો રોડ રહેશે.

મીઠાખળી છ રસ્તાથી સીજી રોડ તરફ જવાનો ૧૮ મીટરનો રોડ છે. જેમાં ફૂટપાથ ત્યારબાદ ગટરની ડક અને પાર્કિંગ બનાવતા રોડ ખૂબ નાનો થઈ ગયો છે. કોન્ટ્રાક્ટર અને પીએમસી તેમજ અધિકારીઓ દ્વારા બનાવવામાં આવેલી આ સમગ્ર ડિઝાઈનને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી ઘટનાસ્થળ પર પહોંચ્યા હતા અને તાત્કાલિક ધોરણે રોડ પ્રોજેક્ટ વિભાગના અધિકારીઓને આ સમગ્ર મામલે મ્યુનિસિપલ કમિશનર અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને જાણ કરી છે હાલ તાત્કાલિક ધોરણે રોડ બનાવવાની કામગીરી બંધ કરાવવામાં આવી છે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે ડેપ્યુટી મેયર જતીન પટેલની સાથે સીજી રોડ નજીક આવેલા ગિરીશ કોલ્ડ્રિકસ પાસેથી મીઠાખળી તરફ જતા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા સ્માર્ટ રોડ બનાવવાની કામગીરી ચાલી રહી હતી જેમાં હાલ હયાત ૧૮ મીટરનો રોડ છે ત્યાં જે કામગીરી ચાલી રહી હતી તેનું નિરીક્ષણ કર્યું હતું. અત્યારે હાલમાં ટ્રાફિકની સમસ્યા ઉદ્ભવી રહી છે ત્યારે રોડ બનાવવાની કામગીરી ચાલી રહી છે જેમાં ફૂટપાથ અને પાર્કિંગ માટે પેવર બ્લોક નાખવામાં આવ્યા છે જેથી હયાત રોડ ૧૮ મીટરની જગ્યાએ અડધો એટલે કે ૯ મીટર જેવો થઈ જતો હતો.

## તંત્રના અધિકારીઓને માત્ર કામોમાં મલાઈ ખાવામાં જ રસ : વિપક્ષ

આ મામલે એએમસીના અધિકારીઓ પર આકરા પ્રહારો કરતા વિપક્ષ નેતા શહેઝાદખાન પઠાણે કહ્યું કે, રાહદારીઓ સુરક્ષિત રીતે રસ્તા ઓળંગી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ તે અંતર્ગત મ્યુ. કોર્પો.ના રોડ ખાતાના અધિકારીઓ દ્વારા માત્ર એ.સી. કેબીનમાં બેસીને કામોની ડિઝાઈન બનાવવામાં આવી હતી જેમાં ફુટપાથ મોટી બનાવતા રોડ સાંકડા થઈ જવા પામ્યા જેને કારણે ટ્રાફિકની સમસ્યા હળવી થવાને બદલે વકરવા પામી છે. આ કામમાં રોડ પહોળા કરવાની જગ્યાએ ફુટપાથ મોટી બનાઈ દેવાયેલ છે અને રોડ સાંકડા બનાવી દીધા છે ખરેખર મ્યુ. તંત્રના અધિકારીઓએ સ્થળ પર જઈને વિવિધ મુદ્દાને ધ્યાનમાં લઈને ડીઝાઈન બનાવવી જોઈએ પરંતુ તંત્રના અધિકારીઓ તથા સત્તાધીશોને માત્ર કામોમાં મલાઈ ખાવામાં જ રસ છે પ્રજાની મુશ્કેલીઓ તથા હયાત સમસ્યા બાબતે જરાય સંવેદનશીલ કે ચિંતિત નથી પરિણામે સમસ્યાનો ઉકેલ આવવાને બદલે વકરવા પામે છે માટે કોઈપણ કામ હાથ પર લેતા પહેલા અધિકારીઓએ એ.સી. કેબિનમાં બેસીને કે માત્ર કન્સલટન્ટ ઉપર આધાર નહી રાખીને રૂબરૂ સ્થળ પર જઈને વિવિધ મુદ્દાને ધ્યાનમાં લીધા બાદ જ જે તે કામની ડીઝાઈન બનાવવા કોંગ્રેસ પક્ષની માગણી છે.

### રાજ્યમાં બ્રિજ તથા જાહેર માર્ગોના બાંધકામને લઈ ઊઠતી ફરિયાદો મુદ્દે કેબિનેટમાં નિર્દેશો

# રાજ્યમાં વિકાસ માટે કરવામાં આવતા બાંધકામની ગુણવત્તામાં કોઈ બાંધછોડ ન કરવા કડક તાકીદ

### ૨૦૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલ મહેમદાબાદ-મહુધા માર્ગ ખરાબ થવા મામલે મુખ્યમંત્રી દ્વારા સૂચના જારી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૧

રાજ્યમાં બ્રિજ તથા જાહેર માર્ગના બાંધકામને લઈ ઉઠી રહેલી ફરિયાદોને લઈ આવા બાંધકામ વગેરેની કામગીરી માટે સરકાર તરફથી કડક નિર્દેશો જારી કરાયા છે. રાજ્યના વિકાસ માટે કરવામાં મુખ્યમંત્રીએ વિવિધ વિભાગોને સૂચના આપી છે પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ આ અંગે કહ્યું હતું કે, મહેમદાબાદથી મહુધા માર્ગ રૂા.૨૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો હતો. રાજ્યના નાગરિકોને સરળતા અને પરિવહન વ્યવસ્થા સુલભ કરાવવા મુખ્યમંત્રી દ્વારા અપાયેલ સૂચના અનુસાર તમામ બાંધકામો પર ગુણવત્તાને કેન્દ્રમાં રાખીને કામગીરી કરવામાં આવી રહી છે. આમ છતાં કયાંક ક્ષતિ રહી જતી હોય તો જનતાના હિતમાં તાત્કાલિક અસરથી દુરસ્ત કરવા અને ગંભીર ક્ષતિના કિસ્સામાં તાકીદ કરી છે કે ગ્રાન્ટના અભાવે કોઈ કામ અટકવું ન જોઈએ. વધુમાં ગ્રાન્ટના અભાવે કોઈ કામ ન અટકે તેની કાળજી અગાઉથી સંબંધિત અધિકારીઓએ સ્વયં લેવી જોઈએ અને જો ગ્રાન્ટ પૂર્ણ થવા આવી હોય તો અગાઉથી જ યોગ્ય વ્યવસ્થા કરીને પહેલેથી

### ગ્રાન્ટના અભાવે કોઈ કામ અટકવું ન જોઈએ તેવી કડક સૂચના આપતા મુખ્યમંત્રી

આવતા બાંધકામ કામોની ગુણવત્તા અંગે કોઈપણ પ્રકારની બાંધછોડ ન કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે કેબિનેટ બેઠકમાં સબંધિત વિભાગોના વડાઓને કડક તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યની જનતાના હિતમાં વિકાસ કામો માટે ગ્રાન્ટના અભાવે કોઈ કામ અટકવું ન જોઈએ તે અંગે પણ માટે તૈયાર થયેલો આ માર્ગ ૧ વર્ષમાં ખરાબ થયો હોવાની ફરિયાદ સરકારને મળી હતી. આ બાબતને ગંભીરતાથી લઈ મુખ્યમંત્રી દ્વારા માર્ગ અને મકાન વિભાગના સચિવને આ માર્ગ તાત્કાલિક અસરથી વ્યવસ્થિત તૈયાર કરાવવા સૂચના આપીને સંબંધિતો સામે તપાસ પણ સોંપવામાં આવી છે. કસૂરવા સામે કડક પગલા ભરવા સૂચના આપવામાં આવી છે. રાજ્ય સરકારને ધ્યાનમાં આવ્યું છે કે કેટલીક વાર નાગરિકોને ગ્રાન્ટ ના હોવાનું કહીને કામો કરવામાં આવતા નથી. મુખ્યમંત્રીએ નાગરિકોની સંવેદનાને સમજીને આ બાબત પર કડકાઈથી તમામ વિભાગોના ઉચ્ચ અધિકારીઓને તેની માંગણી કરી લેવી જરૂરી છે. નાગરિકોનું કામ વહિવટી બાબતોના કારણે કયાંય અટકવું ન જોઈએ. તે ઉપરાંત તમામ વિભાગોએ પોતાને ફાળવેલા બજેટ માર્ચ મહિનાના અંત સુધીમાં યોગ્ય રીતે વાપરવા પણ મુખ્યમંત્રી દ્વારા જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

### મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને સ્ટેટ વાઈલ્ડ લાઈફ બોર્ડની બેઠકમાં અપાઈ જાણકારી

# બનાસકાંઠાના જેસોર રીંછ અભ્યારણ્યનો સંવર્ધનના રાષ્ટ્રીય કાર્યક્રમમાં સમાવેશ

### પ્રોટેક્ટેડ વન-વિસ્તારમાં પ્રવાસીઓની પોલિસી ગાઈડલાઈન બનાવવા નિર્દેશ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં મળેલી સ્ટેટ વાઈલ્ડ લાઈફ બોર્ડની ૨૬મી બેઠકમાં જાણકારી આપવામાં આવી હતી કે, બનાસકાંઠાના જેસોર રીંછ અભયારણ્યનો રીંછ સંવર્ધનના રાષ્ટ્રીય કાર્યક્રમમાં ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા સમાવેશ કરવામાં આવ્યો છે. વન પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રી સમક્ષ પ્રસ્તુત કરવામાં આવેલી વિગતોમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, રતનમહાલ અભયારણ્યમાં વાઘની હાજરી જોવા મળી છે અને ત્યાં તે સ્થાયી થવાની પૂરી સંભાવનાઓ છે. આ સંદર્ભમાં NTCAની સહભાગીતાથી આ વિસ્તારમાં વાઘ સંરક્ષણ-જતન માટેની કોમ્યુનિટી પાર્ટીશિપેશન તાલીમ સ્થાનિક લોકોને આપવાનું આયોજન કરવાની પણ આ બેઠકમાં ફળદાયી ચર્ચાઓ હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રી રાજ્યના પ્રોટેક્ટેડ ફોરેસ્ટ એરિયામાં પ્રવાસીઓ-વિઝીટર્સની વધતી જતી સંખ્યાને પરિણામે વન્યજીવ સૃષ્ટિને કોઈ નુકસાન કે ખલેલ ન થાય એની પણ કાળજી લેવા વન વિભાગને સૂચનો કર્યા હતા. તેમણે આ હેતુસર ઈકો ટુરિઝમને વેગ આપવા સાથે વિઝીટર્સ પોલિસી ગાઈડલાઈન્સ તૈયાર કરવાના દિશાનિર્દેશો બેઠકમાં આપ્યા હતા. ગુજરાતમાં દીપડાઓની વધતી જતી સંખ્યા અને રેસ્ક્યુ થયેલા દીપડા સહિતના દીપડાઓ માટે અભયારણ્યનું સ્થળ નજીકના ભવિષ્યમાં સુનિશ્ચિત કરવાના આયોજનની પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી વગેરે સમક્ષ અભયારણ્ય/નેશનલ પાર્કમાં રોડ-રસ્તા, પાણી પુરવઠા, ઓપ્ટિકલ ફાઈબર, રિન્યૂએબલ એનર્જી, પાવર માટે ટ્રાન્સમિશન લાઈન વગેરે બાબતોની ૧૮ જેટલી વિવિધ દરખાસ્તો આ બેઠકમાં મંજૂરી માટે મૂકવામાં આવી હતી.

### ખાનગી ક્ષેત્રની અગ્રણી બેન્ક સ્ટાર્ટ-અપ્સને ૨૦ કરોડ રૂપિયાની સહાય આપશે


અમદાવાદ, તા.૨૧

ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક, એચડીએફસી બેંક દ્વારા પરિવર્તન સ્ટાર્ટ-અપ ગ્રાન્ટ્સ કાર્યક્રમની નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ની આવૃત્તિ લૉન્ચ કરવાની જાહેરાત કરવામાં આવી હતી, જે સામાજિક પ્રભાવ આધારિત નવીનીકરણોને સમર્થન આપતી તેની મુખ્ય પહેલ છે. અગાઉના વર્ષોના અનુભવોને આધારે, આ કાર્યક્રમ ક્લાઈમેટ ઈનોવેશન, કૃષિ અને સ્થાયી આજીવિકા, ઉત્પાદન અને એમએસએમઈ નવીનીકરણ, નાણાકીય સમાવેશ અને જેન્ડર ડાઈવર્સિટી તથા સમાવેશ જેવા અગ્રતા ધરાવતા ક્ષેત્રોની સાથે એઆઈ અને ડીપ ટેકનોલોજી સહિતના ઉભરતા ક્ષેત્રોમાં ૧૦ વ્યૂહાત્મક પહેલને સમર્થન પૂરૂં પાડશે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં, એચડીએફસી બેંક પરિવર્તન નોન-ડાઈલ્યુટિવ ગ્રાન્ટ્સ મારફતે ૨૦ કરોડ રૂપિયાની ફાળવણી કરશે, જે સામાન્ય રીતે પાઈલટ પ્રોજેક્ટ્સ, વેલિડેશન અને પ્રારંભિક તબક્કાના સ્કેલ-અપને સક્ષમ બનાવશે.

### ખોટી રીતે ફોર્મ નં.૭ ભરી મત અધિકાર છીનવાના કૃત્ય સામે કોંગી MLA ખેડાવાલા તથા પૂર્વ MLA ગ્યાસુદીન શેખની ઝૂંબેશ

# રાજ્યમાં મુસ્લિમ સમાજ સહિતના ૧૪ લાખ મતો રદ કરવાના ભાજપના કાવતરા સામે જાગૃત થવા અપીલ

### ધાર્મિક-સામાજિક સંસ્થાઓ, સામાજિક કાર્યકરો, પેશ ઈમામો તથા સમાજના લોકો જાગૃત થઈ FIR કરે



અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં SIR ઝુંબેશ, અંતર્ગત પ્રસિદ્ધ થયેલ ડ્રાફ્ટ મતદારયાદીમાં સુધારા-વધારા કરવાની અંતિમ તારીખ સુધીમાં ૧૪ લાખ જેટલા મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજ તથા અન્ય દલિત વગેરે સમાજના મતો ખોટી રીતે ફોર્મ નં.૭ રજૂ કરી રદ કરવાના ભાજપ દ્વારા આચરાયેલ કાવતરા સામે સમગ્ર રાજ્યના મુસ્લિમ સમાજના લોકો, ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓ, સમાજ સેવકો-કાર્યકરો વગેરેને કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા તથા પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદીન શેખે જાગૃત થઈ લોકોને જાગૃત કરવાની અપીલ કરી છે.

અપીલ કરતાં તેમણે જણાવ્યું છે કે, ગુજરાતના કોંગ્રેસ તેમજ તમામ સેક્યુલર પાર્ટીઓને સમર્થન કરનારા તમામ લોકો તેમજ વિશેષ કરીને મુસ્લિમ સમાજના ૧૪ લાખ મતોને SIR પ્રક્રિયા અંતર્ગત ડીલીટ કરવાનું-રદ કરવાનું કાર્ય ભારતીય જનતા પાર્ટીની કહેરવાદી ભગની સંસ્થાઓએ શરુ કરેલ છે તેની વિરૂદ્ધ આજે સંયુક્તરૂપે સમગ્ર ગુજરાતના મુસ્લિમ સમાજને અપીલ કરીએછીએ કેતમારી વિરૂદ્ધ અન્ય કોઈપણ વ્યક્તિએ ફોર્મ નં.૭ ભરીને ખોટી રીતે અરજી કરેલ છે. BLO તમારી પાસે તે અરજી લઈને આવે તો તુરંત જ તમો તેનો ફોટો પાડી લેશો અને તમારી વિરૂદ્ધ ખોટી રીતે ફોર્મ નં.૭ ભરનાર સામે FIR દાખલ કરાવવાની રહેશે. આ સાથે જમિયતે ઉલમાએ હિન્દ, જમાતે ઈસ્લામી, ગુજરાત મુસ્લિમ હિત રક્ષક સમિતિ કે દાવતે ઈસ્લામી સહિતની અન્ય તમામ મુસ્લિમ સંસ્થાઓ તેમજ સામાજિક સંસ્થાઓ, મુસ્લિમ એડવોકેટ, નિવૃત્ત સરકારી અધિકારી આ તમામની જવાબદારી છે કે સમગ્ર ગુજરાતમાંથી ૧૪ લાખ કરતાં વધુ લોકોના નામને રદ કરવાનું જે હિન કૃત્ય ભાજપ દ્વારા કરવામાં આવ્યું છે તે ધીમે ધીમ NRC તરફ લઈ જવાની દિશા છે. તમામ લોકો રાજકીય પાર્ટીઓને દરકિનાર કરે, આ બાબત રાજકીય નથી પરંતુ આ આપણું અને આપણા બાળકોના ભવિષ્યનો સવાલ છે. આપણે થાકવાનું કે પરેશાન થવાની જરુર નથી. જો BLO તમને ચાર વખત બોલાવે છે તો આપણે તમામ પુરાવા BLO સમક્ષ પ્રસ્તુત કરવા જોઈએ. ખોટી રીતે ફોર્મ નં.૭ ભરનારને ૧ વર્ષની કેદની સજા અથવા રૂા.૧ લાખનો દંડ તેમજ બંને સજા થઈ શકે છે. કારણકે ભાજપાની કટ્ટરવાદી ભગીની સંસ્થાઓએ સેન્ટ્રલમાં કમલમમાં બેસીને જ ફોર્મ નં. ૭ ભર્યા છે. ત્યારે સમગ્ર ગુજરાતના ઉલમાએ-ઈકરામ અને પેશ ઈમામોને પણ ગુજારીશ છે કે આવનાર જુમ્માના ખુત્બામાં પણ આ વાત મૂકવામાં આવે તેમજ સમગ્ર ગુજરાતની મસ્જીદોમાંથી પણ આ અંગે જાગૃતિ ફેલાવવામાં આવે. આ સાથે અન્ય સામાજિક સંસ્થાઓ કે જે શાળા, કોલેજ અને હોસ્પિટલનું સંચાલન કરી રહી છે તે તમામ સિવીલ સોસાયટીના સભ્યો અને સંસ્થાઓ પોતાની સામાજિક જવાબદારી સમજી આ અંગે લોકોને જાગૃત કરે એવી ગ્યાસુદ્દીન શેખ, ઈમરાન ખેડાવાલા, પ્રદેશ આગેવાનો જુનેદ શેખ અને મુબીન કાદરી વગેરેએ નમ્ર અપીલ કરી છે.

### આસપાસના વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાતા અફરાતફરી મચી

# સુરતમાં ઉદ્‌ઘાટન પહેલા રૂા.૨૧ કરોડના ખર્ચે બનેલી પાણીની ટાંકી ધરાશાયી : ત્રણ ઈજાગ્રસ્ત

- **મુખ્યમંત્રીની સૂચના પર રાજ્ય સરકારે ત્રણ ઈજનેરોને કર્યા સસ્પેન્ડ; કોન્ટ્રાક્ટરો બ્લેકલિસ્ટ**
- **પાણીની ટાંકી ૩૩ ગામોને પાણી પૂરું પાડવાની હતી, જે પહેલા દિવસે જ તૂટી પડી**

સુરત, તા.૨૧

સુરતના તડકેશ્વર ગામમાં ૨૧ કરોડ રૂપિયાના ખર્ચે બનેલી ઓવરહેડ પાણીની ટાંકી પરીક્ષણ દરમિયાન ધારાશાયી થતાં એક બાળક સહિત ત્રણ મહિલાઓ ઘાયલ થઈ હતી. આ દુર્ઘટના મામલે ગુજરાત સરકારે ત્રણ એન્જિનિયરોને સસ્પેન્ડ કર્યા છે, તેમજ કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરી ટેક્નિકલ તપાસ શરૂ કરાઈ છે. સોમવારે, ટાંકીની માળખાકીય મજબૂતાઈ ચકાસવા માટે ટાંકીમાં આશરે ૯૦૦,૦૦૦ લિટર પાણી ભરવામાં આવ્યું હતું. બપોરના સુમારે, આખું માળખું અચાનક તૂટી પડ્યું, જેના કારણે આસપાસના વિસ્તારમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામમાં 'ગયાપગલા ગ્રુપ વોટર સપ્લાય સ્કીમ' હેઠળ બાંધવામાં આવેલી ઓવરહેડ પાણીની ટાંકી પરીક્ષણ દરમિયાન તૂટી પડવાથી રાજ્ય સરકારની કામગીરી અને બાંધકામની ગુણવત્તા પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. અહેવાલો અનુસાર, આશરે રૂા.૨૧ કરોડના ખર્ચે બનેલી ટાંકી તેની સંપૂર્ણ ક્ષમતા સુધી ભરાયાના થોડીવારમાં જ તૂટી પડી. આ અકસ્માતમાં એક સગીર છોકરી સહિત ત્રણ મહિલાઓ ઘાયલ થઈ હતી. પાણીના જોરદાર પ્રવાહને કારણે લોકોને ઘરમાંથી બહાર દોડી આવવાની ફરજ પડી હતી. ઘાયલોની ઓળખ કાલીબેન ઓછરિયા (૨૦), અંગુરીબેન ઓરડ (૩૭) અને તેમની ત્રણ વર્ષની પુત્રી અંજલી તરીકે થઈ છે, જેમને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.



વિવિધ સત્તાવાર આંકડાઓ અનુસાર, ૧૫ મીટર ઉંચી ટાંકી લગભગ ત્રણ વર્ષમાં પૂર્ણ થઈ હતી અને તેનો હેતુ સુરત જિલ્લાના ૩૩થી ૩૫ ગામોને પીવાનું પાણી પૂરૂં પાડવાનો હતો. જો કે, તેના ઉદ્‌ઘાટન પહેલા જ તેના તૂટી પડવાથી પ્રોજેક્ટને મોટો ફટકો પડ્યો છે. અધિકારીઓનું કહેવું છે કે જો ટાંકી કાર્યરત થયા પછી અકસ્માત થયો હોત, તો નોંધપાત્ર જાનહાનિ થઈ શકી હોત. આ ઘટના બાદ, મુખ્યમંત્રીની સૂચના પર, રાજ્ય સરકારે માર્ગ અને મકાન વિભાગ અને પાણી પુરવઠા વિભાગના ત્રણ ઈજનેરોને સસ્પેન્ડ કર્યા છે. સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓમાં સુપરિન્ટેન્ડેન્ટ એન્જિનિયર અંકિત ગરાસિયા, એક્ઝિક્યુટિવ એન્જિનિયર રજનીકાંત ચૌધરી અને ડેપ્યુટી એક્ઝિક્યુટિવ/ડેપ્યુટી એન્જિનિયર જય ચૌધરીનો સમાવેશ થાય છે. બાંધકામ કાર્યમાં સામેલ ખાનગી કંપનીઓને તમામ ચૂકવણી અટકાવી દેવામાં આવી છે. બાંધકામ કોન્ટ્રાક્ટર, મહેસાણા સ્થિત જયંતિ સુપર કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ અને કોન્ટ્રાક્ટર બાબુભાઈ પટેલને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ (PMC), માર્સ પ્લાનિંગ એન્ડ એન્જિનિયરિંગ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદને પણ નોટિસ જારી કરવામાં આવી છે. પોલીસે માંડવી પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવવાની પ્રક્રિયા પણ શરૂ કરી છે. ગુજરાત એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GERI)ના એન્જિનિયરો અને સુરતના સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (SVNIT)ના સિવિલ એન્જિનિયરિંગ વિભાગના પ્રોફેસરોની એક ટીમ ટેકનિકલ તપાસ માટે ઘટનાસ્થળે પહોંચી હતી. ટિમે કાટમાળના નમૂના એકત્રિત કર્યા હતા અને બાંધકામ સામગ્રીની ગુણવત્તા અને ટાંકીની ડિઝાઈનમાં ખામીઓનું મૂલ્યાંકન કરવા માટે તેમને પ્રયોગશાળા પરીક્ષણ માટે મોકલ્યા છે. સ્થાનિકો અને વિપક્ષોએ બાંધકામમાં હલકી ગુણવત્તાવાળા સામગ્રીનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. ઘટનાસ્થળે પહોંચેલા કોંગ્રેસના ધારાસભ્ય આનંદ ચૌધરીએ જણાવ્યું હતું કે, ટાંકીના બાંધકામમાં હલકી ગુણવત્તાવાળા પદાર્થોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેની સંપૂર્ણ તપાસ થવી જોઈએ અને દોષિતો સામે કડક પગલાં લેવા જોઈએ. ગ્રામજનો કહે છે કે ત્રણ વર્ષ રાહ જોયા પછી પણ તેમને પાણી મળ્યું નથી અને આ ઘટના ભ્રષ્ટાચાર તરફ ઈશારો કરે છે. પોલીસ અને વહીવટીતંત્ર કહે છે કે તપાસ ચાલુ છે અને ટેકનિકલ રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

### કમોસમી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓના ખેડૂતોને મળ્યો લાભ

# રાજ્યના ૩૨ લાખ ખેડૂતોને કૃષિ રાહત પેકેજ હેઠળ ૯૪૬૬ કરોડની સહાય

### જમીન સુધારણા અંગે ૩૧ હજાર ખેડૂતોને ૧૦૪ કરોડની સહાય અપાઈ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૧

આજે કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીએ કૃષિ રાહત પેકેજની પ્રગતિની સમીક્ષા કરી હતી. જેમાં કૃષિ રાહત પેકેજ હેઠળ ખેડૂતોને સહાય આપવા માટે અત્યારસુધીમાં ૩૨ લાખથી વધુ ખેડૂતોના કુલ રૂા.૯૫૧૬ કરોડના ઓનલાઈન બિલો તૈયાર કરવામાં આવ્યા છે. જે પૈકી આજની સ્થિતિએ કુલ ૩૨.૪૯ લાખ ખેડૂતોને કુલ રૂા. ૯૪૬૬ કરોડથી વધુની સહાય સીધી તેમના બેંક ખાતામાં ચૂકવવામાં આવી છે.

આ બાબતે વિગતો માહિતી આપતાં પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું હતું કે, ઓકટોબર ૨૦૨૫માં થયેલા કમોસમી વરસાદ સંદર્ભે ૩૩ જિલ્લાઓમાંથી ૩૦,૦૬,૮૬૫ લાભાર્થીના રૂા.૮,૬૧૦ કરોડના ઓનલાઈન બિલો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં આજની સ્થિતિએ ૨૯,૯૩,૬૮૯ ખેડૂતોને કુલ રૂા. ૮,૫૭૧ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં થયેલા ભારે વરસાદથી અસરગ્રસ્ત પાંચ જિલ્લાઓમાંથી ૨,૩૪,૩૮૬ લાભાર્થીના કુલ રૂા.૭૯૨ કરોડના ઓનલાઈન બિલો તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં આજની સ્થિતિએ ૨,૩૩,૭૭૭ ખેડૂતોને કુલ રૂા.૭૯૧.૧૯ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

જમીન સુધારણા અંગે માહિતી આપતાં મંત્રીએ કહ્યું હતું કે, આ અંગે કુલ ૪૧,૭૭૭ ખેડૂતોની અરજી મળી હતી. જેમાંથી ૩૪,૬૧૫ લાભાર્થીઓના રૂા.૧૧૩.૦૧ કરોડના ઓનલાઈન બિલો તૈયાર કરાયા છે. મંજૂર કરેલા કુલ ૩૧,૯૫૮ ખેડૂતોને કુલ રૂા.૧૦૪.૩૭ કરોડની સહાયની ચૂકવણી કરવામાં આવી હતી.

### મહિન્દ્રાએ બે વાહનોના નવા વર્ઝન કર્યા લોન્ચ

મુંબઈ, તા.૨૧

ભારતમાં બોલેરો પિક-અપના નિર્માતા મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે આજે બોલેરો કેમ્પર અને બોલેરો પિક-અપ રેન્જના નવા વર્ઝન લોંચ કર્યા. આ અપડેટમાં નવી અને વધુ મજબૂત ફ્રન્ટ ડિઝાઈન, પ્રેક્ટિકલ ફીચર્સનો સમાવેશ થાય છે, જે આરામ અને સુવિધામાં વધારો કરે છે તેમજ પસંદગીના વેરિઅન્ટ્સમાં IMAX ટેકનોલોજીનો ઉમેરો પણ કરવામાં આવ્યો છે. બોલેરો કેમ્પરમાં અદ્યતન iMAX ટેલિમેટિક્સ સોલ્યુશન સાથે કનેક્ટેડ ટેકનોલોજી છે, જે રીઅલ-ટાઈમ વ્હીકલ સંબંધિત માહિતી પૂરી પાડે છે. ગ્રાહકોને વધુ મૂલ્ય પૂરૂં પાડવા માટે મહિન્દ્રાએ તમામ વેરિઅન્ટ્સમાં ઘણી સુવિધાઓ ઉપલબ્ધ બનાવી છે, જેમાં હેડરેસ્ટ સાથે રિક્લાઈનિંગ ડ્રાઈવર સીટ અને વધારાના આરામ માટે પહોળી કો-ડ્રાઈવર સીટનો સમાવેશ થાય છે. બોલેરો પિક-અપમાં હવે નવો ફ્રન્ટ એન્ડ છે.


**નામ બદલેલ છે**

જૂનું નામ : મારી પુત્રીનું જૂનું નામ
**શેખ હબીબાનૂરબાનુ મોહમ્મદઆદિલ**
નવું નામ : - મારા પુત્રીનું નવું નામ
**હબીબાનૂર આદિલ શેખ**
સરનામું : ૧૬ રોનક પાર્ક
એપીએમસી માર્કેટ પાસે, મકતમપુરા
અમદાવાદ-૩૮૦૦૫૫

**નામ બદલેલ છે**

જૂનું નામ : મારા પુત્રનું જૂનું નામ
**શેખ મોહમ્મદઆમીન આદિલભાઈ**
નવું નામ : - મારા પુત્રનું નવું નામ
**આમીન આદિલ શેખ**
સરનામું : ૧૬ રોનક પાર્ક
એપીએમસી માર્કેટ પાસે, મકતમપુરા
અમદાવાદ-૩૮૦૦૫૫

**Change of Name**

I LOHIYA MANSUR IDRISHBHAI
Changed my name to
MEMON MANSURBHAI IDRISHBHAI
add : Khurshid Hights
Danilimda Near
Sarkari Godowon
Ahmedabad-380028

**નામ બદલેલ છે**

જૂનું નામ :
**બુખારી તફસીલ ઝાહરા** હતું
તે બદલીને મારું નવું નામ :
**બુખારી તફસીલઝેહરા નોશાદઅલી**
કરેલ છે.
સરનામું : 871-B, દરગાહ રોડ,
પોસ્ટ ઓફિસ પાસે, વટવા,
અમદાવાદ-૩૮૨૪૪૦

**OPEN INTERVIEW**

Ramabai Shramjivi Sarvajanik Education Trust Sanchalit
Mahatma Gandhi Physiotherapy College Ahmedabad

| Designation | Posts | Qualification |
|---|---|---|
| Professor | 1 | MPT (in any specialization) |
| Assistant Professor | 9 | MPT (in any specialization) |
| Clinical therapists | 11 | BPT |

Qualification & Experience: As per (UGC/Gujarat University/GSAHC Norms)

INTRESTED CANDIDATE MAY APPEAR WITH RESUME, ORIGINAL DOCUMENTS AND PHOTOCOPIES

REPORTING TIME: 09:00 - 10:30 AM (24/01/2026)

(No application will be accepted after the given reporting time)

INTERVIEW ON 24/01/2026,10:00 AM ON WARDS

Address: Opp,G.D. High School,Memco Naroda Road,Ahmedabad-382345 M: 7436078970

# SIR અંગે સુપ્રીમ કોર્ટના આદેશોને પગલે વહીવટી કામગીરીની અવગણના ન થાય એ સુનિશ્ચિત કરવા તમામ ડીએમને મમતા સરકારનો આદેશ

(એજન્સી) કોલકાતા, તા.૨૧

એસઆઈઆરની હાલ ચાલુ રહેલી કવાયત અંગે પશ્ચિમ બંગાળની સરકાર અને ચૂંટણી પંચ વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ હજુ યથાવત છે ત્યારે મમતા સરકારે તમામ ડીસ્ટ્રીક મેજિસ્ટ્રેટને વહીવટી કામની અવગણના ના થાય એ સુનિશ્ચિત કરવા માટે આદેશ આપ્યો હતો. તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ જે બધા જિલ્લા ચૂંટણી અધિકારી પણ છે એ તમામને ચોક્કસ આદેશો મમતા સરકારે આપ્યા છે. મુખ્ય સચિવ નંદીની ચક્રવર્તીએ બોલાવેલી ખાસ બેઠકમાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ પણ અચાનક ૧૦થી ૧૫ મિનિટ સુધી હાજરી આપી હતી અને તમામ ડિસ્ટ્રીક મેજિસ્ટ્રેટને સૂચનાઓ આપી હતી.



સૂત્રોએ જણાવ્યા મુજબ પહેલી સૂચના એ અપાઈ હતી કે તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જે જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે પણ કાર્ય કરી રહ્યા છે એમણે પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલી એસઆઈઆર અંગે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને આપેલી અનેક સૂચનાઓ અને દિશા નિર્દેશો મુજબ મતદાર યાદી રિવિઝનની કવાયત અંગે પોતાને સોંપાયેલી કામગીરી કરવાની છે અને નવી દિલ્હીથી ચૂંટણી પંચના ઉચ્ચ સત્તા તંત્ર દ્વારા બંગાળના અધિકારીઓ ઉપર લાદવામાં આવેલી એક તરફી સૂચનાઓ અને નિર્ણયનું આંધળું અનુકરણ કરવાનું નથી તેના બદલે સુપ્રીમ કોર્ટે જે ચૂંટણી પંચે તે ઢગલાબંધ સૂચનાઓ આપી છે એ મુજબ જ કામગીરી કરવાની રહેશે. આ અંગે ડિસ્ટ્રીક મેજિસ્ટ્રેટોને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી તેમ સૂત્રો જણાવે છે.

# ચૂંટણી પંચ વિરૂદ્ધ મમતા બેનરજી : મતદાન સંસ્થાએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી પર મતદાર યાદી વિવાદ અંગે દુશ્મનાવટ ફેલાવવાનો આરોપ મૂક્યો

(એજન્સી) તા.૨૧

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓના વિશેષ સઘન સુધારા (SIR)ને કારણે બંધારણીય વિવાદ ચાલુ છે, જેમાં ભારતના ચૂંટણી પંચ (ECI)એ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી પર દખલ કરવાનો અને ચૂંટણી અધિકારીઓ માટે પ્રતિકૂળ વાતાવરણ બનાવવાનો આરોપ લગાવ્યો છે. સુપ્રીમ કોર્ટમાં આપેલા કડક શબ્દોમાં લખાયેલા સોગંદનામામાં, કમિશને હિંસા અને ધાકધમકીને મુખ્યમંત્રીની જાહેર ટિપ્પણીઓને કારણ ગણાવી હતી. આ વિવાદના કેન્દ્રમાં SIR કવાયત છે, મતદાર યાદીનું વિગતવાર સંશોધન, જેનો હેતુ ડુપ્લિકેટ એન્ટ્રીઓ દૂર કરવા, ભૂલો સુધારવા અને લાયક મતદારોની નોંધણી સુનિશ્ચિત કરવાનો છે. પશ્ચિમ બંગાળમાં, આ કવાયત તૃણમૂલ કોંગ્રેસના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર અને બંધારણીય અધિકારીઓ વચ્ચે વિવાદનો મુદ્દો બની ગઈ છે.

**ચૂંટણી પંચે શું આરોપ લગાવ્યો છે**

સુપ્રીમ કોર્ટમાં આપેલા સોગંદનામામાં, ECIએ દાવો કર્યો હતો કે પશ્ચિમ બંગાળમાં SIR પ્રક્રિયા હિંસા અને રોલ વેરિફિકેશન માટે તૈનાત ચૂંટણી કર્મચારીઓ માટે ભયજનક વાતાવરણ છે. કમિશનની રજૂઆત સૂચવે છે કે ખોટી માહિતીના કથિત અભિયાન દ્વારા ચૂંટણી કાર્ય અવરોધિત થઈ રહ્યું છે જેણે રાજ્યને અધિકારીઓ માટે પ્રતિકૂળ બનાવ્યું છે. સોગંદનામામાં મુખ્ય નામ મમતા બેનરજીનું છે. ECI એ મુખ્યમંત્રી પર ઉશ્કેરણીજનક ભાષણો આપવા અને SIR વિશે ભ્રામક દાવાઓ ફેલાવવાનો આરોપ લગાવ્યો છે, જેનાથી આ કવાયત સામે જાહેર શંકા ઉભી થાય છે.

ECએ મુખ્યમંત્રી પર ભય ફેલાવવાનો પણ આરોપ લગાવ્યો છે, જે મતદારોમાં ઈરાદાપૂર્વક ગભરાટ ફેલાવવાનો સંકેત છે. કમિશનના મૂલ્યાંકનમાં, આવા સંદેશાઓ તણાવમાં વધારો કરે છે, જે ફિલ્ડવર્ક દરમિયાન ચૂંટણી અધિકારીઓ માટે ધમકીઓ અને અવરોધોમાં પરિણમે છે. સોગંદનામામાં દાવો કરવામાં આવ્યો છે કે માઈક્રો-ઓબ્ઝર્વર્સ, મોનિટરિંગ માટેના ચૂંટણી કર્મચારીઓ મમતા બેનરજીની જાહેર ટિપ્પણીઓથી ભય હેઠળ કામ કરી રહ્યા છે.

**મમતા સરકારનો વળતો આરોપ**

પશ્ચિમ બંગાળ સરકારનો પ્રતિભાવ તીક્ષ્ણ રહ્યો છે અને તે મતાધિકારથી વંચિત રાખવાની કવાયત કહે છે. મમતા બેનરજી અને તૃણમૂલ કોંગ્રેસ માટે, SIRએ તટસ્થ વહીવટી સુધારણા કવાયત નથી. તેઓએ તેને રાજકીય કામગીરી તરીકે રજૂ કર્યું છે જે સાચા મતદારોને લક્ષ્ય બનાવે છે, ખાસ કરીને ગરીબો, સ્થળાંતર કરનારાઓ, લઘુમતીઓ અને અન્ય સંવેદનશીલ સમુદાયોમાં, જેમની પાસે સંપૂર્ણ દસ્તાવેજીકરણ અથવા સ્થિર સરનામાં ન હોય. રાજ્યનો દાવો છે કે મતદાર યાદી ચકાસણી ઝુંબેશ, નાગરિકોને તેમના મતદાન અધિકારોથી વંચિત કરી શકે છે.

**સુપ્રીમ કોર્ટની ભૂમિકા હવે કેમ મહત્ત્વપૂર્ણ છે**

સુપ્રીમ કોર્ટનો હસ્તક્ષેપ એ વાત પર ભાર મૂકે છે કે આ વિવાદ બંધારણીય સંતુલનનો પ્રશ્ન બની ગયો છે : ચૂંટણી પંચની સ્વાયત્તતાનું રક્ષણ કેવી રીતે કરવું અને તેના અધિકારીઓ માટે સલામત કાર્યકારી પરિસ્થિતિઓ કેવી રીતે સુનિશ્ચિત કરવી અને સાથે સાથે સાચા મતદારોને ખોટી રીતે કાઢી નાખવાથી કેવી રીતે અટકાવવા એ મુખ્ય મુદ્દાઓ છે. કોર્ટની ચકાસણી બે મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે : પ્રથમ, શું ECIની પ્રક્રિયા પારદર્શક અને ન્યાયી છે. બીજું, શું રાજ્ય સરકારે ટીકા અને અવરોધ ઊભો કરવા માટેની મર્યાદા ઓળંગી છે.

# કોંગ્રેસે મુખ્યમંત્રી હિમંત બિસ્વા સર્મા પર નિશાન સાધ્યું અને ૨૦૨૬ વિધાનસભા ચૂંટણી પહેલા આસામમાં વિપક્ષની એકતા માટે આહ્‌વાન કર્યું

**૨૦૨૬ આસામ વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસે ગુવાહાટીથી તેનું 'નટુનબોરઅસોમ અભિયાન' શરૂ કર્યું છે, જેમાં મુખ્યમંત્રી હિમંત સર્મા અને તેમની પત્ની પર જંગી સંપત્તિ એકઠી કરવાનો અને હિટલરની જેમ રાજ્ય ચલાવવાનો આરોપ લગાવ્યો છે. નેતાઓએ કથિત ભ્રષ્ટાચારનો આરોપ લગાવ્યો અને પાયાના સ્તરે એકત્રીકરણ પર ભાર મૂક્યો છે અને મતદારો સાથે જોડાવા માટે એક ઝુંબેશ મ્યુઝિક વીડિયો અને દિવાલ-લેખન પહેલ સાથે વિપક્ષી એકતાનો સંકેત આપ્યો છે**

(એજન્સી) ગુવાહાટી, તા.૨૧

૨૦૨૬ આસામ વિધાનસભા ચૂંટણી પહેલા તેના રાજકીય આક્રમણમાં કોંગ્રેસે મંગળવારે ગુવાહાટીથી 'નટુનબોરઅસોમ અભિયાન' શરૂ કર્યું છે, આ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્મા પર તીવ્ર હુમલો કર્યો અને ભાજપ સામે વ્યાપક વિપક્ષી એકતાનો સંકેત આપ્યો છે. છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અને આસામના કોંગ્રેસના ચૂંટણી નિરીક્ષક ભૂપેશ બાઘેલે માનવેન્દ્ર શર્મા સંકુલ ખાતે એક પત્રકાર પરિષદમાં તેઓએ શર્મા અને તેમની પત્ની રિંકીભુયાન શર્મા પર 'સંપત્તિ કરવાનો આરોપ લગાવ્યો અને તેને 'આસામના લોકો માટે દુર્ભાગ્ય' ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે, આસામ તેના ચાના બગીચાઓ, એક શિંગડાવાળા ગેંડા, બ્રહ્મપુત્ર, મા કામાખ્યા, ભૂપેન હજારિકા અને ઝુબીન ગર્ગ માટે જાણીતું છે. કમનસીબે, આજે તે એક અસંસ્કારી અને ભ્રષ્ટ મુખ્યમંત્રી તરીકે પણ જાણીતું છે. ચૂંટણી પંચને સુપરત કરાયેલા સોગંદનામાનો ઉલ્લેખ કરતા, બાઘેલે કહ્યું કે સરમાની જાહેર કરેલી સંપત્તિ ૨૦૦૬માં લગભગ રૂા.૧ કરોડથી વધીને રૂા.૨૦૧૧માં રૂા.૩ કરોડ, ૨૦૧૬માં રૂા.૬ કરોડ થઈ ગઈ છે અને હવે રૂા.૧૭ કરોડ સુધી પહોંચી ગઈ છે. તેમણે દાવો કર્યો કે, આ આંકડા પોતે જ બોલે છે અને ભ્રષ્ટાચાર અને ગંભીર અનિયમિતતાઓ દર્શાવે છે. બઘેલે એ પણ કહ્યું કે ૨૦૧૪માં, ભાજપે પોતે હિમંત બિશ્વા શર્માને આસામના સૌથી ભ્રષ્ટ નેતાઓમાંના એક તરીકે ગણાવ્યા હતા. આ જ નેતા ભાજપની 'વોશિંગ મશીન'માં પ્રવેશ્યા અને સ્વચ્છ બહાર આવ્યા હતા. જ્યારે કોંગ્રેસ ૨૦૨૬માં સત્તામાં આવશે, ત્યારે 'ભ્રષ્ટાચારના દરેક કૃત્યનો હિસાબ લેવામાં આવશે.' કોંગ્રેસના અન્ય એક ચૂંટણી નિરીક્ષક, બંધુ તિર્કીએ પણ એટલી જ તીક્ષ્ણ ટિપ્પણી કરતા આરોપ લગાવ્યો કે શર્મા 'હિટલરની જેમ





આસામ પર શાસન કરી રહ્યા છે.' ગુવાહાટી પહોંચ્યા પછી તરત જ લોકો સાથેની તેમની વાતચીત શેર કરતા, તિર્કીએ કહ્યું કે સરકાર સામે જાહેર ગુસ્સો સ્પષ્ટ છે. આ ચૂંટણી આસામના લોકો માટે કરો યા મરોની લડાઈ છે. તે તેમના અસ્તિત્વ વિશે છે. આસામ પ્રદેશ કોંગ્રેસ સમિતિ (APCC)ના પ્રમુખ ગૌરવ ગોગોઈએ જોડાણો અંગેના પ્રશ્નોના જવાબ આપતા ભારપૂર્વક જણાવ્યું કે વિપક્ષી એકતા અનિવાર્ય છે. ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં વિપક્ષી પક્ષો વચ્ચે ચોક્કસપણે જોડાણ થશે. ભાજપ પોતાના જોડાણો વિશે મૂંઝવણમાં દેખાય છે. ભાજપ હજુ સુધી એ નક્કી કરી શક્યું નથી કે તે ગઠબંધન ઈચ્છે છે કે નહીં, તે બીટીસીમાં હગ્રામા મોહિલરી કે પ્રમોદબોરો સાથે રહેશે કે પછી એજીપી સાથેના તેના સંબંધોને કેવી રીતે મેનેજ કરવા તે પણ નક્કી કરી શક્યું નથી.

તેમણે ભાજપમાં આંતરિક જૂથવાદનો પણ આરોપ લગાવ્યો. ખાલી થયેલી રાજ્યસભા બેઠક પર, ગોગોઈએ કહ્યું કે કોંગ્રેસ હાલમાં તેને પ્રાથમિકતા આપી રહી નથી. તે બેઠક જીતવા માટે AIUDF સાથે ગઠબંધનની જરૂર પડશે અને અમે સ્પષ્ટ કરી દીધું છે કે કોઈ પણ સંજોગોમાં કોંગ્રેસ AIUDF સાથે જોડાણ કરશે નહીં. ઓપિનિયન પોલ્સને ફગાવી દેતા, ગોગોઈએ કહ્યું કે પાર્ટી ફક્ત 'લોકોના સર્વે' પર વિશ્વાસ કરે છે. તેમણે યાદ કર્યું કે જોરહાટ લોકસભા ચૂંટણી દરમિયાન થયેલા સર્વેમાં તેમની હારનો અંદાજ મોટા માર્જિનથી દર્શાવવામાં આવ્યો હતો અને બધાએ જોયું કે આખરે તે સર્વેનું શું થયું. કાઝીરંગા એલિવેટેડ કોરિડોરના વિવાદ પર, ગોગોઈએ સ્પષ્ટતા કરી કે તેઓ વિકાસના વિરોધી નથી પરંતુ ટકાઉપણાની જરૂરિયાત પર ભાર મૂક્યો. જો યોગ્ય પર્યાવરણીય અભ્યાસ વિના બાંધકામ હાથ ધરવામાં આવે છે, તો તેના પરિણામો વિપરીત હોઈ શકે છે. તેમણે આરોપ લગાવ્યો કે આ પ્રોજેક્ટથી મુખ્યમંત્રીને આર્થિક ફાયદો થશે. ગોગોઈએ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન એક સરકારી પત્ર પણ બહાર પાડ્યો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તે પ્રચારમાં ચાલાકી અને મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસો દર્શાવે છે. તેમણે ચૂંટણી પંચને અપીલ કરી કે કોઈ પણ લાયક મતદાતા તેમના મતદાન અધિકારોથી વંચિત ન રહે તેની ખાતરી કરવામાં આવે.

# બરેલીના આ ગામમાં મસ્જિદ કે મંદિર નથી : એક ઘરની અંદર નમાઝ પઢવાની ઘટના બાદ વિરોધ અને તણાવ

(એજન્સી) તા.૨૧

જિલ્લા મુખ્યાલયથી લગભગ ૩૫ કિલોમીટર દૂર અને બિશરતગંજ પોલીસ સ્ટેશનની હદ હેઠળ આવેલું બરેલી જિલ્લાનું મોહમ્મદગંજ ગામ ધાર્મિક પ્રથાઓ પર દાયકાઓ જૂના વિવાદ સાથે જોડાયેલા તણાવ વચ્ચે ફરીથી ચર્ચામાં આવ્યું છે. આઝાદી પહેલા અસ્તિત્વમાં આવેલું આ ગામ લાંબા સમયથી તેના સાંપ્રદાયિક સંતુલન માટે જાણીતું છે. મોહમ્મદગંજમાં મંદિર કે મસ્જિદ નથી, આ એક એવી પરિસ્થિતિ છે જે અંગે રહેવાસીઓ કહે છે કે, અહી દાયકાઓથી સુમેળ છે, હિન્દુ અને મુસ્લિમ બંને પરિવારો પૂજા માટે પડોશી ગામોમાં જતા રહે છે. જો કે, એક ખાનગી ઘરમાં શુક્રવારની નમાઝ અદા કરવા બદલ ૧૨ મુસ્લિમ પુરૂષોની અટકાયત બાદ લગભગ ૩૦ વર્ષ જૂનો વિવાદ ફરી ઉભો થયો છે.

મોહમ્મદગંજ ઐતિહાસિક રીતે તેની અસામાન્ય વ્યવસ્થા માટે જાણીતું છે : ગામમાં મંદિર કે મસ્જિદ નથી. વૃદ્ધ રહેવાસીઓ કહે છે કે, ધાર્મિક વિવાદો ટાળવા માટે આ સંતુલન જાળવવામાં આવ્યું હતું. આ સમજૂતી ૧૫ જુલાઈ, ૧૯૯૫ના રોજ થયેલા લેખિત કરારમાં ઔપચારિક રીતે રજૂ કરવામાં આવી હતી, જેની એક નકલ હવે ઘરોમાં નમાઝનો વિરોધ કરતા ફરિયાદીઓ દ્વારા ટાંકવામાં આવી રહી છે. બંને સમુદાયોના ગ્રામજનો દ્વારા સહી કરાયેલ આ દસ્તાવેજમાં શાંતિ જાળવવા માટે ગામમાં કોઈપણ મસ્જિદ કે મંદિરના નિર્માણને રોકવાનો સામૂહિક નિર્ણય નોંધવામાં આવ્યો છે. જો કે, મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, આ કરાર ઘરોમાં ખાનગી પ્રાર્થના પર પ્રતિબંધ મૂકતો નથી, કે તે બિન-કાયમી જગ્યાઓમાં સામૂહિક અથવા સામૂહિક પૂજા પર પ્રતિબંધ મૂકતો નથી. સિત્તેર વર્ષીય હિન્દુ નિવાસી તુલારામ જણાવ્યું હતું કે, મુસ્લિમો અગાઉ નજીકના ગામોમાં પ્રાર્થના માટે જતા હતા. હવે ગામના ઘરોમાં નમાઝ શરૂ થઈ ગઈ છે, જે ખોટું છે. હિન્દુઓ પણ પાડોશી ગામોમાં મંદિરોમાં જાય છે. અહીં ન તો મંદિર છે કે ન તો મસ્જિદ. તે એક સમજૂતી છે. એવું નથી કે તેઓ કરાર તોડી રહ્યા છે. આ મંતવ્યને સમર્થન આપતા એક યુવાન રહેવાસી જયપાલે કહ્યું કે, તે પૂજા માટે દેવસ્થાનમાં લગભગ ૧.૫ કિલોમીટર ચાલીને જાય છે. અમે ગામમાં ઘરોમાં ધાર્મિક પ્રવૃત્તિઓ કરતા નથી. ફરિયાદી તેજપાલ વર્માએ આરોપ લગાવ્યો કે, મદ્રેસાના બાંધકામ અંગેના વિવાદ બાદ લગભગ ૩૦ વર્ષ પહેલાં એક લેખિત કરાર થયો હતો અને સ્પષ્ટપણે નક્કી કરવામાં આવ્યું હતું કે અહીં ન તો મસ્જિદ બનાવવામાં આવશે કે ન તો મંદિર. વર્માએ દાવો કર્યો હતો કે, રમઝાન દરમિયાન એકવાર પરવાનગી માંગ્યા પછી નમાઝ નિયમિતપણે ચાલુ રહી હતી. મેં લેખિત ફરિયાદ આપી છે. અમે કોઈપણ કિંમતે ગામમાં નમાઝ પઢવાની મંજૂરી આપીશું નહીં.

ગામમાં કોઈ પણ બાંધકામ અથવા મસ્જિદની સ્થાપનાના દાવાઓને નકારતા મુસ્લિમોએ કહ્યું કે, વિસ્તારમાં કોઈ મસ્જિદ ન હોવાથી સામૂહિક નમાઝ ક્યારેક જરૂરી બની જાય છે, જો કે, તે નિયમિત પ્રથા નથી. તેમણે કહ્યું કે, મુસ્લિમો ક્યારેક શુક્રવારની નમાઝ પઢવા માટે ભેગા થાય છે કારણ કે, વૃદ્ધ લોકો અને બાળકો દૂર સ્થિત મસ્જિદમાં નમાઝ પઢવા માટે લાંબા અંતર સુધી ચાલી શકતા નથી.

તારીકા ખાને કહ્યું કે, જ્યારે બીજા સમુદાયના સભ્યો આવ્યા અને ફિલ્માંકન કરવાનું શરૂ કર્યું ત્યારે હસીન ખાનના ઘરે શુક્રવારની નમાઝ પઢવામાં આવી રહી હતી. ૩૦ વર્ષથી અહીં કોઈ મોટો વિવાદ થયો નથી. સૌથી નજીકની મસ્જિદ લગભગ ત્રણ કિલોમીટર દૂર હોવાથી લોકો ખાસ કરીને વૃદ્ધો ક્યારેક જરૂરિયાત મુજબ બંધ ઘરોમાં નમાઝ પઢે છે. જે ઘરમાં નમાઝ પઢવામાં આવતી હતી તેના માલિક રેશમે જણાવ્યું કે, તેના પતિ હસીન ખાનનું ઘણા વર્ષો પહેલા અવસાન થયું હતું અને તેના બાળકો





રાજ્યની બહાર મજૂરી કરે છે. લોકોએ નમાઝ માટે મારી પરવાનગી માંગી અને મેં મંજૂરી આપી. કોઈ મસ્જિદ ન હોવા છતાં આ મુદ્દાને બિનજરૂરી રીતે આગળ વધારવામાં આવી રહ્યો છે. અન્ય રહેવાસી ફૈઝલએ કહ્યું કે, ઘરોમાં શુક્રવારની નમાઝ પઢવી એ નવી વાત નથી. આ ૩૦ વર્ષથી કોઈ થઈ રહ્યું છે, આ અચાનક વિરોધ અને ફરિયાદોએ અમને આઘાત પહોંચાડ્યો છે. ગયા શુક્રવારે સોશિયલ મીડિયા પર એક ઘરની અંદર નમાઝ પઢવામાં આવતી દર્શાવતો વીડિયો વાયરલ થયા બાદ પરિસ્થિતિ વધુ વણસી ગઈ હતી. ફરિયાદના આધારે કાર્યવાહી કરતા પોલીસે શાંતિ ભંગની આશંકાના આધારે ૧૨ પુરૂષોની અટકાયત કરી. બાદમાં તેમને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા અને ૧૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. ગામલોકોએ એમ પણ કહ્યું કે, બંને સમુદાયો પરંપરાગત રીતે ઈદ, હોળી અને અન્ય તહેવારો દરમિયાન શુભેચ્છાઓનું આદાનપ્રદાન કરે છે. તાજેતરની ઘટનાઓને કારણે સામાજિક માળખામાં તિરાડ પડી છે, પરંતુ બંને પક્ષના રહેવાસીઓએ આશા વ્યક્ત કરી છે કે શાંતિ થઈ જશે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રે મોહમ્મદગંજમાં પોલીસ કર્મચારીઓ તૈનાત કર્યા છે અને શાંતિની અપીલ કરી છે. હાલ પૂરતું, ગામ શાંત છે પરંતુ લોકો અસ્વસ્થ છે, કારણ કે, રહેવાસીઓ એવા ઉકેલની રાહ જોઈ રહ્યા છે જે તેના લાંબા સમયથી ચાલતા સહઅસ્તિત્વને પુનઃસ્થાપિત કરી શકે.

# ઉત્તરાખંડમાં બાળકોને પવિત્ર કુર્આન શરીફની તાલીમ આપનાર મૌલાનાએ હેરાનગતિ અને સતામણી થઈ રહ્યાનો આરોપ મૂક્યો

## બિહારથી આવેલા મૌલાનાને હિન્દુ સંગઠનો તરફથી ઋષિકેશમાં ધમકીઓ અપાઈ રહી છે અને હેરાન કરવામાં આવી રહ્યા છે

(એજન્સી) દેહરાદૂન, તા.૨૧

ઉત્તરાખંડના ઋષિકેશમાં બાળકોને પવિત્ર કુર્આન શરીફની તાલીમ આપી રહેલ બિહારથી આવેલા એક મૌલાનાને હિન્દુ સંગઠનો તરફથી હેરાનગતિ થઈ રહ્યાનો અને એમને ધમકી અપાઈ રહ્યાનો મૌલાનાએ આરોપ મૂક્યો છે. બિહારના આ મૌલાના કનોમ ગામમાં જે પુરી જિલ્લામાં છે ત્યાં મુસ્લિમ વિદ્યાર્થીઓને કુર્આન શરીફની તાલીમ આપી રહ્યા છે પરંતુ હિન્દુ સંગઠનોએ તેની સામે વાંધો લીધો હતો અને એમની હેરાનગતિ ચાલુ કરી અને એમને ધમકીઓ આપી હતી જેના કારણે મુસ્લિમ સમાજમાં તણાવનું વાતાવરણ ઊભું થયું હતું અને પરસ્પરના દાવાઓની તપાસ માટે પોલીસે કાર્યવાહી શરૂ કરવી પડી હતી. સ્થાનિક મુસ્લિમો કહે છે કે, ઘણા લાંબા સમયથી મૌલાના પાડોશના મુસ્લિમ પરિવારોના બાળકોને પવિત્ર કુર્આન શરીફની તાલીમ આપી રહ્યા છે અને એક નાનકડી દુકાનમાં તેઓ બેસીને તાલીમ આપે છે અને અહીં કોઈ વિદેશી નથી માત્ર ઔપચારિક રીતે ઘરેલુ પ્રકારે તેઓ તાલીમ આપતા રહ્યા છે. આવું હોવા છતાં વિશ્વ હિન્દુ પરિષદ શક્તિ સંગઠન અને બજરંગ દળના સભ્યોએ મૌલાના તાલીમ આપે તેની સામે વાંધો ઉઠાવ્યો હતો અને એવું કહ્યું હતું કે, એમની પ્રવૃત્તિઓ ગેરકાયદે છે. તેમણે મૌલાનાની ઓળખ અંગે પણ સવાલ ઉઠાવ્યો હતો અને દાવો કર્યો હતો કે, એમના આધારકાર્ડમાં પૂરતી સ્થાનિક ચકાસણી થઈ નથી અને એ શંકાસ્પદ દેખાય છે. હિન્દુ સંગઠનોએ એવી દલીલ કરી હતી કે ગામનો જે અગાઉનો મદ્રેસો હતો એ કોર્ટના હુકમથી બંધ કરી દેવામાં આવ્યો છે એટલે આવી દુકાનમાં આવી જ તાલીમ ચાલુ રાખી શકાય નહીં. શક્તિ સંગઠનના રઘુવેન્દ્ર ભટનાગર એવું કહે છે કે, આધાર કાર્ડમાં દર્શાવિલ નામ તથા સરનામું અને જન્મ તારીખ પણ શંકાસ્પદ દેખાય છે એટલે અમે એ જાણવા માંગીએ છીએ કે આ વ્યક્તિ કોણ છે અને અહીં શું કામ આવી છે. તો બજરંગ દળનો નરેશ ઉનિયાલ કહે છે કે આવી રીતે વર્ગો ચલાવવાથી જોખમ ઊભું થાય છે અને તેની પરવાનગી આપી શકાય નહીં. મૌલાનાએ કંઈ પણ ખોટું થઈ રહ્યાનો કે ખોટું કરવાનું સ્પષ્ટ રીતે ઈન્કાર કર્યો છે અને તેમણે કહ્યું છે કે, હું બિહારથી આવું છું અને ૧૫ વર્ષથી ઉત્તરાખંડમાં રહું છું. હું અહીં કોઈ



મદ્રેસા ચલાવતો નથી અને માત્ર આસપાસના જે બાળકો છે એમને ઘરેલુ લીધે પવિત્ર ધર્મગ્રંથની તાલીમ આપી રહ્યો છું. કોઈ મારી પાસે આવીને સન્માન સાથે પૂછશે તો હું તમામ દસ્તાવેજો બતાવીશ પરંતુ અહીં એક ટોળું આવ્યું હતું અને મને ધમકી આપતા હતા અને મને પાકિસ્તાની કહી મને અપમાનિત કર્યો હતો. મુસ્લિમ બાળકોને પવિત્ર કુર્આનની તાલીમ આપવી એ કોઈ ગુનો નથી. એ ટોળું આવ્યું ત્યારે ગરમા-ગરમ દલીલબાજી પણ મૌલાના સાથે થઈ હતી અને થોડી અથડામણ જેવું પણ થયું હતું પણ ત્યારબાદ પોલીસ આવી ગઈ હતી. કાનૂની નિષ્ણાતો કહે છે કે, ધાર્મિક શિક્ષણ આપવાની બંધારણની કલમ ૨૫માં પૂરેપૂરી આઝાદી અને સ્વતંત્રતા છે અને પવિત્ર ધર્મગ્રંથની તાલીમ આપવા માટે કોઈ ચોક્કસ પહેલેથી મંજૂરી લેવાની જરૂર હોતી નથી. લક્ષ્મણ જુલ્લા પોલીસ સ્ટેશન વિસ્તારના અધિકારી કહે છે કે બંને તરફથી ફરિયાદો મળી છે એટલે પોલીસ તપાસ ચાલુ છે પરંતુ દસ્તાવેજો અને હકીકતોની ચકાસણી થઈ રહી છે પણ કોઈએ કાયદો હાથમાં લેવો જોઈએ નહીં.

# પશ્ચિમ બંગાળમાં SIR વિવાદમાં TMCના ધારાસભ્ય મનીરૂલ ઈસ્લામે ચૂંટણી પંચના અધિકારીઓને ધમકી આપતા કહ્યું : 'ભૂગર્ભમાં રહીને તેમનો શિકાર કરીશું અને પાઠ ભણાવીશું'; આ અંગે ભાજપની પ્રતિક્રિયા

**પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા પર ચાલી રહેલા વિવાદ વચ્ચે તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય મનીરૂલ ઈસ્લામે ચૂંટણી પંચના અધિકારીઓને કથિત રીતે ધમકી આપ્યા બાદ વિવાદ ઉભો કર્યો છે, તેમની આ ટિપ્પણીની ભાજપે તીવ્ર ટીકા કરી છે, જેમાં TMC પર ગેરકાયદેસર ઘૂસણખોરોનું રક્ષણ આપવાનો આરોપ લગાવવામાં આવ્યો છે, કેન્દ્ર અને મમતા બેનરજી સરકાર વચ્ચે SIR પર તણાવ છે**

(એજન્સી) કોલકાતા, તા.૨૧

તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના નેતા મનીરુલ ઈસ્લામે બુધવારે ચૂંટણી પંચ (EC)ના અધિકારીઓને કથિત રીતે ધમકી આપ્યા બાદ વિવાદ ઉભો કર્યો છે. એક રેલીને સંબોધિત કરતી વખતે, ફરક્કાના ધારાસભ્યએ કહ્યું કે ચૂંટણી પંચના અધિકારીઓને ભૂગર્ભમાંથી ''શિકાર'' કરવામાં આવશે અને તેમને પાઠ ભણાવવામાં આવશે. ઈસ્લામની આ ટિપ્પણીનો એક વીડિયો પણ ઓનલાઈન સામે આવ્યો છે. ભારતીય જનતા પાર્ટી (BJP)એ ઈસ્લામની વિવાદાસ્પદ ટિપ્પણીઓ પર બેનરજી અને તેમના પક્ષની ટીકા કરી છે. ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ TMC પર ''ગેરકાયદેસર ઘુસણખોરોને રક્ષણ'' આપવાનો આરોપ લગાવ્યો છે. ફરક્કામાં BDO ઓફિસમાં તોડફોડ કર્યાના થોડા દિવસો પછી,



ફરક્કાના TMC ધારાસભ્ય મણિરુલ ઈસ્લામે હવે ECIને પાઠ ભણાવવાની ધમકી આપી છે. ભંડારીએ તેમના X એકાઉન્ટ પર લખ્યું કે, EC વિરૂદ્ધ ભીડને ઉશ્કેરવા માટે ખુલ્લેઆમ અપીલ : TMCના વર્તમાન ધારાસભ્ય મણિરુલ ઈસ્લામે ભારતના ચૂંટણી પંચને ખુલ્લેઆમ ધમકી આપી છે કે તેમને 'પાઠ શીખવવામાં આવશે' અને 'ભૂગર્ભમાંથી શિકાર કરવામાં આવશે' ગૃહમંત્રી તરીકે મમતા બેનરજી તેમના ધારાસભ્યને અધિકારીઓને ડરાવવા માટે કહી રહ્યા છે ! ટીએમસી ગેરકાયદેસર ઘુસણખોરોને રક્ષણ આપે છે. આ પહેલી વાર નથી કે ઈસ્લામ વિવાદમાં ફસાયા હોય. ગયા અઠવાડિયે, તેમણે ફરક્કા મતવિસ્તારમાં બ્લોક ડેવલપમેન્ટ ઓફિસ (બીડીઓ) વિરૂદ્ધ ટોળાનું નેતૃત્વ કર્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. બીડીઓ ઓફિસમાં તોડફોડ કરવામાં આવી હતી અને ઘણા અધિકારીઓ ઘાયલ થયા હતા. આ ઘટના પછી, ભાજપના ધારાસભ્ય ગૌરી શંકરે હુમલા માટે ઈસ્લામને દોષી ગણ્યા હતા. ઉલ્લેખનીય છે કે, એસઆઈઆર એ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર અને પશ્ચિમ બંગાળ સરકાર વચ્ચે મુખ્ય તણાવ છે.

# હરિયાણાના યમુનાનગરમાં કાશ્મીરી શાલ વેચનારાને જય શ્રી રામના સૂત્રો પોકારવાની ફરજ પાડવામાં આવ્યાનો વીડિયો વાયરલ

**યમુનાનગરના કાલાવડ ગામમાં કાશ્મીરથી શાલ વેચવા માટે આવેલા બે વેપારીઓને સ્થાનિક લોકોના એક ટોળાએ ધાર્મિક સૂત્રો બોલવા માટે ફરજ પાડી હતી જેનો વીડિયો અને એ લોકોને ધમકાવી રહ્યાનો વીડિયો પણ વાયરલ થયો હતો જેની ઓનલાઈન ભારે ટીકા થઈ રહી છે, પોલીસ કહે છે કે કોઈ ફરિયાદ નોંધાવી નથી પરંતુ આવા બનાવો અગાઉ હરિયાણાના કઈથલ વિસ્તારમાં પણ બન્યા છે**

(એજન્સી) યમુનાનગર, તા.૨૧

હરિયાણાના યમુનાનગર જિલ્લામાં આવેલા છાપર પોલીસ મથક તાબાના કાલાવડ ગામમાં કાશ્મીરથી શાલ વેચવા માટે આવેલા બે યુવાનોને સ્થાનિક લોકો હેરાનગતિ કરીને ધાર્મિક સૂત્રો બોલવાની ફરજ પાડી હોવાનો વીડિયો વાયરલ થયો છે. નજીર અહમદ ખ્વાજા અને ઈમ્તિયાઝ અહેમદ બંને કાશ્મીરથી શાલ વેચવા એ ગામમાં ફરી રહ્યા હતા. ગરમ શાલ અને ગરમ ધાબળાનું વેચાણ કરી રહ્યા હતા ત્યારે સ્થાનિક લોકોએ એમની ઓળખ પૂછી હતી અને વાંધાજનક વિધાનો એમના વિશે કર્યા હતા. મળતી માહિતી અનુસાર બંને યુવાનોને ભારત માતાકી જય તથા



જય શ્રી રામના સૂત્રો પોકારવાની ફરજ પાડવામાં આવી હતી અને દબાણ કરવામાં આવ્યું હતું. ત્યાં હાજર એક સ્થાનિક યુવાન બંનેને ધમકી આપતો હતો અને કહેતો હતો કે જો ફરીથી ગામમાં આવ્યા તો તમારી પાસેના તમામ કપડાં છીનવી લેશું. કાશ્મીર યુવાનો કહેતા રહ્યા હતા કે ભાઈ અમે ભારતીય છીએ પરંતુ કોઈએ વાત સાંભળી નહોતી. કાશ્મીરી યુવાનોએ સૂત્રો બોલવાનો ઈન્કાર કર્યો હતો. આ ઘટનાથી ગામમાં થોડો સમય તણાવ ઊભો થયો હતો પણ બીજા કેટલાક લોકોએ દરમિયાનગીરી કરી અને મામલો થાળે પાડ્યો હતો તે પછી બંને યુવાનો એમનો સરસામાન લઈને ગામ છોડી ગયા હતા. અશરફ હુસેન નામની એક વ્યક્તિએ વીડિયો વાયરલ કર્યો હતો અને કહ્યું હતું કે આવી રીતે ગરીબ વિક્રેતાઓને અને ધંધાર્થીઓને નિશાન બનાવવામાં આવે એ ખોટું છે. છાપરની પોલીસ કહે છે કે અમને આ ઘટનાની માહિતી મળી છે પણ વિધિસર કોઈ ફરિયાદ થઈ નથી એટલે કોઈ પગલું લેવાયું નથી.

# માંગરોળના ચાખવા ગામે બોગસ તત્વો દ્વારા ૩૦૦ જેટલા મતદારોના મતાધિકાર છીનવી લેવાનો હીન પ્રયાસ

(સંવાદદાતા દ્વારા)

માંગરોળ, તા.૨૧

માંગરોળના ચાખવા ગામે બોગસ તત્વો દ્વારા ખોટી રીતે ફોર્મ ૭ રજૂ કરી ૩૦૦ જેટલા મતદારોના મતાધિકાર છીનવી લેવાનો કારશો રચાયો હોવાનું બહાર આવ્યું છે. લઘૂમતિ સમાજના લોકોને જ ટાર્ગેટ કરી અંદાજે ૩૦૦ જેટલા મતદારોના મતદાર યાદીમાથી નામ



અસામાજિક તત્વોની મુરાદો બર ના આવતા છેવટે ખોટી રીતે ફોર્મ નંબર ૭ ભરીને સાચા મતદારોના નામ દૂર કરવાની હલકી માનસિકતા છતી કરી છે. આ બાબતે જૂનાગઢ જિલ્લા જમીયતના જનરલ સેક્રેટરી યુસુફભાઈ ચુડલીએ વહીવટી તંત્ર, સામાજિક સંસ્થાઓ અને બીએલઓની સરહાનિય કામગીરીને બદનામ

**માંગરોળ વિધાનસભા મતવિસ્તારોમાં ૩૦૦૦૦ જેટલા બોગસ ફોર્મ ભરાયા હોવાની આશંકા : ખોટી રીતે એકપણ મતદારનું નામ રદ કરવામાં નહી આવે : માંગરોળ મામલતદારની બાહેંધરી**

**વહીવટી તંત્ર, બીએલઓ અને સામાજિક સંસ્થાઓની સરાહનિય કામગીરીને બદનામ કરનાર તત્વો વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવે : જમીયત**

દૂર કરવા ફોર્મ નંબર ૭ ભરવામાં આવ્યા છે. આ ફોર્મ કેશોદ તાલુકાના સોંદરડા ગામના એક વ્યક્તિના ઈપીક નંબર અને નામ સાથે ભરાયા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. જે એક રીતે મતદારોના મતાધિકાર છીનવી લેવાની ગુનાહિત પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. આવી હલકી માનસિકતા ધરાવતા બોગસ તત્વોને આખરે કોણ પ્રોત્સાહિત કરી રહ્યું છે..? કોઈ મતદારનું નામ દૂર કરવા અજાણ્યા વ્યક્તિને ફોર્મ ૭ ભરવાનો અધિકાર કોણે આપ્યો..? અથવા તો આ ફોર્મ કોણે સબમિટ કર્યાપ ? ઠેર-ઠેર આવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ કરવા પાછળ કોણ ભૂંડી ભૂમિકા ભજવી રહ્યું છે..? આવી ગુનાહિત પ્રવૃત્તિઓ કરનારા તત્વો વિરુદ્ધ લોકોમાં રોષ ફેલાયો છે આવા નઠારા તત્વો વિરૂદ્ધ (FIR) ગુનો દાખલ કરી કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. આ બાબતે જૂનાગઢ જિલ્લા જમિયતે તાત્કાલિક અસરથી ચાખવા ગામના આગેવાનોનો સંપર્ક કરી કાયદાકીય લડત ચલાવવા માર્ગદર્શન આપ્યું હતું. જેના પરિણામે બુધવારે સવારે ચાખવા ગામના આગેવાનો અને ચાખવા મુસ્લિમ સમાજના પ્રમુખ નબીરખાન બેલીમ, ઉપપ્રમુખ મજીદખાન બેલીમ, માજી સરપંચ બાદરખાન બેલીમ, આગેવાન અનવરખાન બેલીમ, હબીબખાન, હાજી મુહમ્મદ ખાન એ માંગરોળ મુસ્લિમ સમાજના પ્રમુખ મુહમ્મદહુસેન ઝાલા, જમીયત ઉલ્મા જુનાગઢ જિલ્લા સેક્રેટરી યુસુફભાઈ ચુડલી, માંગરોળ શહેર કોંગ્રેસ સમિતિને વાલભાઈ ખેર, કાસીબભાઈ શમા, સુલેમાનભાઈ પટેલ આમ આદમી પાર્ટીના ઈસ્માઈલભાઈ કાલવાતને સાથે રાખીને માંગરોળ મામલતદારને રૂબરૂ આવેદન પત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. જેમા ચાખવા ગામના ૩૦૦ જેટલા મતદારો સામે જે વાંધા અરજીઓ આવી છે તે નામો કમી કરવા પહેલા વાંધો ઉઠાવનાર વ્યક્તિઓને રૂબરૂ બોલાવવામાં આવે અને તેમની પાસે પાકા પૂરાવા માંગવામાં આવે. બીએલઓ અને વહીવટી તંત્રની સારી કામગીરીને બદનામ કરી તંત્રને ખોટી રીતે હેરાન કરનાર તત્વો વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવા માંગ કરી હતી. એકતરફ SIRની પારદર્શક પ્રક્રિયા માટે માંગરોળ વિધાનસભા વિસ્તારમાં માંગરોળ વહીવટી તંત્ર સાથે બૈયતુમાલ ફંડ અને જમીયત ઉલ્માએ હીન્દ જેવી અનેક સામાજિક સંસ્થાઓ અને બીએલઓ એ રાતદિવસ એક કરી ખૂબ જ સરહાનિય કામગીરી કરી દરેક સાચા મતદારોના નામ મતદાર યાદીમાં ચડાવવામાં સફળ થયા હતા. જેમા ખુદ માંગરોળ મામલતદારશ્રી વૈભવીબા મોરી પણ અડધી રાત સુધી રાઉન્ડમાં રહેતા હતા. પરંતુ કેટલાક કરતા તત્વો વિરૂદ્ધ કાયદાકીય પગલા ભરવા અને ચુંટણી પંચ અને વહીવટી તંત્રને ગેરમાર્ગે દોરનાર શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કરવા માંગ કરી હતી. આ બાબતે માંગરોળ મામલતદાર વૈભવીબા મોરીએ એવી બહેંધરી આપી હતી કે, ખોટી રીતે એકપણ મતદારનું નામ રદ કરવામાં નહી આવે. આ સાથે માંગરોળ મતવિસ્તારમાથી ૩૦,૦૦૦ જેટલા બોગસ ફોર્મ ભરાયા હોવાનું આંતરિક સુત્રોમાથી જાણવા મળ્યું છે. જેની ગંભીરતા લઈને જૂનાગઢ કોંગ્રેસ સમિતિએ છેલ્લા ત્રણ દિવસમા રજૂ થનાર ફોર્મ નંબર સાતના નમુના અને તેને સંબંધિત કચેરીઓના સીસીટીવી ફૂટેજ મેળવવાની માંગ કરી છે. ત્યારે હવે ચુંટણી પંચને ગેરમાર્ગે દોરી ખોટી રીતે મતદારોના નામ દૂર કરવાની હીન પ્રવૃતિ કરનારાઓ વિરૂદ્ધ ચૂંટણી પંચ અને પ્રશાસન શું પગલા ભરે છે તે જોવાનું રહ્યું.

# ખોટી રીતે ફોર્મ નં.૭ ભરી મત અધિકાર છીનવાના કૃત્ય સામે કોંગી MLA ખેડાવાલા તથા પૂર્વ MLA ગ્યાસુદીન શેખની ઝુંબેશ

# રાજ્યમાં મુસ્લિમોના ૧૪ લાખ મતો રદ કરવાના ભાજપના કાવતરા સામે જાગૃત થવા અપીલ

## ધાર્મિક-સામાજિક સંસ્થાઓ, સામાજિક કાર્યકરો, પેશ ઈમામો તથા સમાજના લોકો જાગૃત થઈ FIR કરે

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં SIR ઝુંબેશ, અંતર્ગત પ્રસિદ્ધ થયેલ ડ્રાફ્ટ મતદારયાદીમાં સુધારા-વધારા કરવાની અંતિમ તારીખ સુધીમાં ૧૪ લાખ જેટલા મુસ્લિમ સમાજના મતો ખોટી રીતે ફોર્મ નં.૭ રજૂ કરી રદ કરવાના ભાજપ દ્વારા આચરાયેલ કાવતરા સામે સમગ્ર રાજ્યના મુસ્લિમ સમાજના લોકો, ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓ, સમાજ સેવકો-કાર્યકરો વગેરેને કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા તથા પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે જાગૃત થઈ લોકોને જાગૃત કરવાની અપીલ કરી છે.

અપીલ કરતાં તેમણે જણાવ્યું છે કે, ગુજરાતના કોગ્રેસ તેમજ તમામ સેક્યુલર પાર્ટીઓને સમર્થન કરનારા તમામ લોકો તેમજ વિશેષ કરીને મુસ્લિમ સમાજના ૧૪ લાખ મતોને SIR પ્રક્રિયા અંતર્ગત ડીલીટ કરવાનું-રદ કરવાનું કાર્ય ભારતીય જનતા પાર્ટીની કહેરવાદી ભગની સંસ્થાઓએ શરુ કરેલ છે તેની વિરૂદ્ધ આજે સંયુક્તરૂપે સમગ્ર ગુજરાતના મુસ્લિમ સમાજને અપીલ કરીએ છીએ કે તમારી વિરૂદ્ધ અન્ય કોઈપણ વ્યક્તિએ ફોર્મ નં.૭ ભરીને ખોટી રીતે અરજી કરેલ છે. BLO તમારી પાસે તે અરજી લઈને આવે તો તુરંત જ તમો તેનો ફોટો પાડી લેશો અને તમારી વિરૂદ્ધ ખોટી રીતે ફોર્મ નં.૭ ભરનાર સામે FIR દાખલ કરાવવાની રહેશે. આ સાથે જમિયતે ઉલમાએ હિન્દ, જમાતે ઈસ્લામી, ગુજરાત મુસ્લિમ હિત રક્ષક સમિતિ કે દાવતે ઈસ્લામી સહિતની અન્ય તમામ મુસ્લિમ સંસ્થાઓ તેમજ સામાજિક સંસ્થાઓ, મુસ્લિમ એડવોકેટ, નિવૃત્ત સરકારી અધિકારી આ તમામની જવાબદારી છે કે સમગ્ર ગુજરાતમાંથી ૧૪ લાખ કરતાં વધુ મુસ્લિમ લોકોના નામને રદ કરવાનું જે હિન કૃત્ય ભાજપ દ્વારા કરવામાં આવ્યું છે તે ધીમે ધીમ NRC તરફ લઈ જવાની દિશા છે. તમામ લોકો રાજકીય પાર્ટીઓને દરકિનાર કરે, આ બાબત રાજકીય નથી પરંતુ આ આપણું અને આપણા બાળકોના ભવિષ્યનો સવાલ છે. આપણે થાકવાનું કે પરેશાન થવાની જરુર નથી. જો BLO તમને ચાર વખત બોલાવે છે તો આપણે તમામ પુરાવા BLO સમક્ષ પ્રસ્તુત કરવા જોઈએ. ખોટી રીતે ફોર્મ નં.૭ ભરનારને ૧ વર્ષની કેદની સજા અથવા રૂ.૧ લાખનો દંડ તેમજ બંને સજા થઈ શકે છે. કારણકે ભાજપાની કટ્ટરવાદી ભગીની સંસ્થાઓએ સેન્ટ્રલમાં કમલમમાં બેસીને જ ફોર્મ નં. ૭ ભર્યાછે. ત્યારેસમગ્ર ગુજરાતના ઉલમાએ-ઈકરામ અને પેશ ઈમામોને પણ ગુજારીશ છે કે આવનાર જુમ્માના ખુત્બામાં પણ આ વાત મૂકવામાં આવે તેમજ સમગ્ર ગુજરાતની મસ્જીદોમાંથી પણ આ અંગે જાગૃતિ ફેલાવવામાં આવે. આ સાથે અન્ય સામાજિક સંસ્થાઓ કે જે શાળા, કોલેજ અને હોસ્પિટલનું સંચાલન કરી રહી છે તે તમામ સિવીલ સોસાયટીના સભ્યોઅને સંસ્થાઓ પોતાની સામાજિક જવાબદારી સમજી આ અંગે લોકોને જાગૃત કરે એવી ગ્યાસુદ્દીન શેખ, ઈમરાન ખેડાવાલા, પ્રદેશ આગેવાનો જુનેદ શેખ અને મુબીન કાદરી વગેરેએ નમ્ર અપીલ કરી છે.

> પ્રતિ,
> પોલીસ ઈન્સ્પેક્ટર સાહેબ,
> ............................................................
> પોલીસ સ્ટેશનનું નામ ......................................
> શહેર ................../જિલ્લો ............................
>
> **વિષય: મતદાર યાદીમાં ફોર્મ નં. ૭ દ્વારા ખોટી માહિતી આપી નામ કમી કરાવવા અંગે ફરિયાદ**
>
> મહેરબાન સાહેબ,
> સવિનય જણાવવાનું કે,
> હું ............................................................ (તમારું નામ)
> રહેવાસી ..................................................... (તમારું પૂરું સરનામું) રહુ છું.)
> તારીખ ...................... ના રોજ મારા જાણવામાં આવ્યું છે કે ..........................
> ફોર્મ નં. ૭ ભરનારનું નામ) દ્વારા જાણી જોઈને મારા નામની સામે ખોટી રીતે ફોર્મ નં. ૭ ભરીને મતદાર યાદીમાંથી મારું નામ કમી કરવા માટે ખોટા પુરાવા રજૂ કર્યા છે.
> હું છેલ્લા ઘણા વર્ષોથી આ જ સરનામે રહું છું અને મેં ક્યારેય પણ અહીંથી નામ કમી કરાવવા માટે અરજી કરી નથી. આ વ્યક્તિ દ્વારા કાવતરું રચીને મને મતદાનના હકથી વંચિત રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.
> આથી, આ વ્યક્તિ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી (FIR) કરવા વિનંતી.
>
> આપનો વિશ્વાસુ,
>
> તમારી સહી ...............................................
> તમારું નામ ...............................................
> તમારો મોબાઈલ નંબર ..................................
> તારીખ ......................................................

# અંકલેશ્વરના ચૂંટાયેલા સભ્યો તથા અગ્રણીઓના SIR પ્રક્રિયા દરમિયાન નામો કમી કરવાનો પ્રયાસ

**SDMને આવેદનપત્ર પાઠવી કાર્યવાહી કરવા રજૂઆત કરાઈ**

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વર શહેરના તથા તાલુકામાં લગભગ ૧૨,૦૦૦ જેટલા જીવંત મતદારોના નામો કમી કરવાનો એક ચોક્કસ રાજકીય પાર્ટીના બીએલએ દ્વારા પ્રયાસ કરાયો હોવાનું જાણવા મળતા ખાસ કરીને લાધુમતી સમાજના નામો કમી કરાયા હોવાનું જાણવા મળતા સમાજમાં રોષ ભભૂકી ઊઠ્યો છે.



જેમાં અંકલેશ્વર નગરપાલિકાના વિપક્ષના નેતા તેઓ છેલ્લા ૭ ટર્મથી કસ્માબીતીવાડ, કાગદીવાડનો પ્રતિનિધિત્વ કરતાં હોય છે જ્યારે ભરૂચ જિલ્લા કોંગ્રેસના અગ્રણી અને પ્રવકતા નાઝૂ ફાડવાલા વર્ષોથી આગેવાન છે. જ્યારે સ્ટેશન વિસ્તારમાંથી રફીક ઝઘડિયાવાલાનો નામ કમી કરવા અંગે ફોર્મ નં. ૭ ભરાયો હતો. આ અંગે ફોર્મ નં. ૭નો દુરૂપયોગ કોઈ ચોક્કસ પાર્ટી દ્વારા કર્યા હોવાનો આક્ષેપ પણ કરાયો છે. આ બાબતે શહેર પ્રાંત અધિકારીને કસુરવાર સામે પગલાં લેવા અંગેની લેખિતમાં માંગ કરી હોવાનું જાણવા મળ્યું છે.

# આસપાસના વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાતા અફરાતફરી મચી

# સુરતમાં ઉદ્‌ઘાટન પહેલા રૂા.૨૧ કરોડના ખર્ચે બનેલી પાણીની ટાંકી ધરાશાયી : ત્રણ ઈજાગ્રસ્ત

- મુખ્યમંત્રીની સૂચના પર રાજ્ય સરકારે ત્રણ ઈજનેરોને કર્યા સસ્પેન્ડ; કોન્ટ્રાક્ટરો બ્લેકલિસ્ટ
- પાણીની ટાંકી ૩૩ ગામોને પાણી પૂરું પાડવાની હતી, જે પહેલા દિવસે જ તૂટી પડી

સુરત, તા.૨૧

સુરતના તડકેશ્વર ગામમાં ૨૧ કરોડ રૂપિયાના ખર્ચે બનેલી ઓવરહેડ પાણીની ટાંકી પરીક્ષણ દરમિયાન ધારાશાયી થતાં એક બાળક સહિત ત્રણ મહિલાઓ ઘાયલ થઈ હતી. આ દુર્ઘટના મામલે ગુજરાત સરકારે ત્રણ એન્જિનિયરોને સસ્પેન્ડ કર્યા છે, તેમજ કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરી ટેક્નિકલ તપાસ શરૂ કરાઈ છે. સોમવારે, ટાંકીની માળખાકીય મજબૂતાઈ ચકાસવા માટે ટાંકીમાં આશરે ૯૦૦,૦૦૦ લિટર પાણી ભરવામાં આવ્યું હતું. બપોરના સુમારે, આખું માળખું અચાનક તૂટી પડ્યું, જેના કારણે આસપાસના વિસ્તારમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામમાં 'ગયાપગલા ગ્રુપ વોટર સપ્લાય સ્કીમ' હેઠળ બાંધવામાં આવેલી ઓવરહેડ પાણીની ટાંકી પરીક્ષણ દરમિયાન તૂટી પડવાથી રાજ્ય સરકારની કામગીરી અને બાંધકામની ગુણવત્તા પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. અહેવાલો અનુસાર, આશરે રૂા.૨૧ કરોડના ખર્ચે બનેલી ટાંકી તેની સંપૂર્ણ ક્ષમતા સુધી ભરાયાના થોડીવારમાં જ તૂટી પડી. આ અકસ્માતમાં એક સગીર છોકરી સહિત ત્રણ મહિલાઓ ઘાયલ થઈ હતી. પાણીના જોરદાર પ્રવાહને કારણે લોકોને ઘરમાંથી બહાર દોડી આવવાની ફરજ પડી હતી. ઘાયલોની ઓળખ કાલીબેન ઓઢરિયા (૨૦), અંગુરીબેન ઓરડ (૩૭) અને તેમની ત્રણ વર્ષની પુત્રી અંજલી તરીકે થઈ છે, જેમને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. વિવિધ સત્તાવાર આંકડાઓ અનુસાર, ૧૫ મીટર ઉંચી ટાંકી લગભગ ત્રણ વર્ષમાં પૂર્ણ થઈ હતી અને તેનો હેતુ સુરત જિલ્લાના ૩૩થી ૩૫ ગામોને પીવાનું પાણી પૂરૂં પાડવાનો હતો. જો કે, તેના ઉદ્‌ઘાટન પહેલા જ



તેના તૂટી પડવાથી પ્રોજેક્ટને મોટો ફટકો પડ્યો છે. અધિકારીઓનું કહેવું છે કે જો ટાંકી કાર્યરત થયા પછી અકસ્માત થયો હોત, તો નોંધપાત્ર જાનહાનિ થઈ શકી હોત. આ ઘટના બાદ, મુખ્યમંત્રીની સૂચના પર, રાજ્ય સરકારે માર્ગ અને મકાન વિભાગ અને પાણી પુરવઠા વિભાગના ત્રણ ઈજનેરોને સસ્પેન્ડ કર્યા છે. સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓમાં સુપરિન્ટેન્ડેન્ટ એન્જિનિયર અંકિત ગરાસિયા, એક્ઝિક્યુટિવ એન્જિનિયર રજનીકાંત ચૌધરી અને ડેપ્યુટી એક્ઝિક્યુટિવ/ડેપ્યુટી એન્જિનિયર જય ચૌધરીનો સમાવેશ થાય છે. બાંધકામ કાર્યમાં સામેલ ખાનગી કંપનીઓને તમામ ચૂકવણી અટકાવી દેવામાં આવી છે. બાંધકામ કોન્ટ્રાક્ટર, મહેસાણા સ્થિત જયંતિ સુપર કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ અને કોન્ટ્રાક્ટર બાબુભાઈ પટેલને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ (PMC), માર્સ પ્લાનિંગ એન્ડ એન્જિનિયરિંગ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદને પણ નોટિસ જારી કરવામાં આવી છે. પોલીસે માંડવી પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવવાની પ્રક્રિયા પણ શરૂ કરી છે. ગુજરાત એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GERI)ના એન્જિનિયરો અને સુરતના સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (SVNIT)ના સિવિલ એન્જિનિયરિંગ વિભાગના પ્રોફેસરોની એક ટીમ ટેકનિકલ તપાસ માટે ઘટનાસ્થળે પહોંચી હતી. ટિમે કાટમાળના નમૂના એકત્રિત કર્યા હતા અને બાંધકામ સામગ્રીની ગુણવત્તા અને ટાંકીની ડિઝાઈનમાં ખામીઓનું મૂલ્યાંકન કરવા માટે તેમને પ્રયોગશાળા પરીક્ષણ માટે મોકલ્યા છે. સ્થાનિકો અને વિપક્ષોએ બાંધકામમાં હલકી ગુણવત્તાવાળા સામગ્રીનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. ઘટનાસ્થળે પહોંચેલા કોંગ્રેસના ધારાસભ્ય આનંદ ચૌધરીએ જણાવ્યું હતું કે, ટાંકીના બાંધકામમાં હલકી ગુણવત્તાવાળા પદાર્થોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેની સંપૂર્ણ તપાસ થવી જોઈએ અને દોષિતો સામે કડક પગલાં લેવા જોઈએ. ગ્રામજનો કહે છે કે ત્રણ વર્ષ રાહ જોયા પછી પણ તેમને પાણી મળ્યું નથી અને આ ઘટના ભ્રષ્ટાચાર તરફ ઈશારો કરે છે. પોલીસ અને વહીવટીતંત્ર કહે છે કે તપાસ ચાલુ છે અને ટેકનિકલ રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.



પ્રસ્તુત તસવીર ભારતીય જનતા પક્ષમાં જ શક્ય બને તેમ જણાવતાં ગુજરાત સરકારના પૂર્વમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, સૌથી જુનિયર એક નાના કાર્યકરને મોટી જવાબદારી આપી મોટી ખુરશી ઉપર બેસાડી, ચાર-ચાર પૂર્વ પ્રમુખો ખુદ પ્રધાનમંત્રી અને સંગઠનમાં મહત્ત્વનું પદ ધરાવતા મહામંત્રી ઊભા રહીને નવા અધ્યક્ષને માન સન્માન આપી રહ્યા છે. નવી પેઢીને આગળ લાવવાનો ચહેરા ઉપર સંતોષ અનુભવી રહ્યા છે. ભૂપેન્દ્રસિંહે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

# સુરતમાં બ્લૂ ડ્રગ્સ કેસમાં માસ્ટરમાઈન્ડ જનક જાગાણી સામે SOG દ્વારા 'લુક આઉટ નોટિસ'

## રત્ન કલાકારનો પુત્ર સ્ટુડન્ટ વિઝા પર લંડન ગયો, પરવટ પાટિયાની લેબમાં ડ્રગ્સ બનાવવાનું ષડયંત્ર

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૧

સુરતના ચર્ચિત બ્લૂ ડ્રગ્સ કેસમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા આખરે આકરી કાર્યવાહી કરવામાં આવી છે. આ સમગ્ર રેકેટના માસ્ટરમાઈન્ડ ગણાતા જનક વિઠ્ઠલ જાગાણી સામે પોલીસે હવે 'લુક આઉટ નોટિસ' જાહેર કરવા માટેની કાયદેસરની પ્રક્રિયા હાથ ધરી છે. જનક હાલમાં લંડન ખાતે હોવાનું તપાસમાં સામે આવ્યું છે, જેના કારણે તેને ભારત પરત લાવવા અને કાયદાના સકંજામાં લેવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે તપાસ માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. દોઢ વર્ષ પહેલાં જ સ્ટુડન્ટ વિઝા મેળવીને ઉચ્ચ અભ્યાસના બહાને લંડન ગયો હતો જેથી તે વિદેશમાં અન્ય કોઈ દેશમાં નાસી નહીં જાય. જનક જાગાણીના પારિવારિક પૃષ્ઠભૂમિની વાત કરીએ તો તે સુરતના અમરોલી છાપરાભાઠા વિસ્તારનો રહેવાસી છે. તેના પિતા હીરાના કારખાનામાં મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. એક મધ્યમવર્ગીય હીરા મજૂરનો પુત્ર હોવા છતાં જનક ડ્રગ્સના કાળા કારોબારમાં કઈ રીતે સંકળાયો તે તપાસનો વિષય છે. જનક આશરે દોઢ વર્ષ પહેલાં જ સ્ટુડન્ટ વિઝા મેળવીને ઉચ્ચ અભ્યાસના બહાને લંડન ગયો હતો, પરંતુ ત્યાંથી તેણે સુરતમાં ડ્રગ્સનું નેટવર્ક ચલાવવાનું શરૂ કરી દીધું હોવાનું બહાર આવ્યું છે.

# ઉધનાની રહેણાંક સોસાયટીમાં ચાલતા દેહવ્યાપારનો પર્દાફાશ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૧

શહેરના ઉધના વિસ્તારમાં આવેલા ખરવરનગર સોસાયટીમાં એક રહેણાંક મકાનમાં ચાલતા દેહવ્યાપારના નેટવર્કને પોલીસે ઝડપી પાડ્યું છે. પોલીસની સર્વેલન્સ ટીમને બાતમી મળી હતી કે,એક ઈસમ પોતાના ભોગવટાના મકાનમાં બહારથી સ્ત્રીઓને બોલાવી દેહવ્યાપાર કરાવી રહ્યો છે. આ બાતમીના આધારે ઉધના પોલીસ ઈન્સ્પેક્ટરે તાત્કાલિક એક રેડિંગ ટીમ તૈયાર કરી દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી, જેમાં આરોપી પોતાના જ ઘરમાં અનૈતિક પ્રવૃત્તિ કરતા રંગેહાથ ઝડપાયો હતો. બનાવની વિગત એવી છે કે, ૬૪ વર્ષીય આરોપી હરીશભાઈ રહે, ખરવરનગર બિલ્ડિંગ નંબર-૨૨ના રૂમ નંબર-A/1 ગ્રાહકો મેળવવા માટે વોટ્સએપનો સહારો લેતો હતો. તે પોતાના સંપર્કમાં રહેલા ગ્રાહકોને અલગ-અલગ મહિલાઓના ફોટા વોટ્સએપ પર મોકલી આપતો હતો. ગ્રાહક દ્વારા પસંદગી કરવામાં આવ્યા બાદ તેમને સોદો નક્કી કરવા માટે પોતાના મકાને બોલાવતો હતો. પોલીસ તપાસ દરમિયાન આરોપીના મોબાઈલ ફોનમાંથી અનેક મહિલાઓના ફોટા અને વાંધાજનક ચેટ મળી આવી છે, આરોપી હરીશભાઈ રૂગનાથવાલા આ વ્યવસાયમાં વચેટિયા તરીકે કામ કરી કમિશન પેટે મોટી રકમ મેળવતો હતો. તે બહારથી સ્ત્રીઓને બોલાવતો અને ગ્રાહકો પાસેથી મળેલા નાણાંમાંથી પોતાનો હિસ્સો રાખી બાકીના રૂપિયા સ્ત્રીઓને આપતો હતો. પોલીસ દરોડા દરમિયાન આરોપીના મકાનમાંથી રૂા.૨,૭૯,૬૦૦ની માતબર રોકડ રકમ મળી આવી છે. આટલી મોટી રોકડ રકમ તેની દેહવ્યાપારની કમાણી હોવાનું મનાઈ રહ્યું છે. પોલીસ જ્યારે દરોડો પાડ્યો ત્યારે મકાનમાંથી ગ્રાહક ૩૨ વર્ષિય સાગર ભૂપેન્દ્ર માવાપુરી પણ મળી આવ્યો હતો. પોલીસે મુખ્ય સંચાલક હરીશભાઈ અને ગ્રાહક સાગર બંનેની ધરપકડ કરી છે. આ સાથે જ સ્થળ પર હાજર એક પીડિત મહિલાને મુક્ત કરાવી તેને સુરક્ષિત સ્થળે મોકલી આપવામાં આવી છે.

# શ્રાવસ્તિના મદ્રેસાને ૨૪ કલાકમાં ફરીથી ખોલવાનો અલ્હાબાદ હાઈકોર્ટનો આદેશ, યુપીમાં યોગી સરકારની મોટી પીછેહટ

(એજન્સી) લખનૌ, તા.૨૧

ઉત્તરપ્રદેશના શ્રાવસ્તિ જિલ્લામાં આવેલા મદ્રેસા અહ-લે-સુન્નત ઈમામ અહેમદ રજાને ૨૪ કલાકમાં ફરીથી ખોલી નાખવાનો અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. હાઈકોર્ટના આ હુકમને ઉત્તરપ્રદેશમાં યોગી આદિત્યનાથના વડપણ હેઠળથી સરકાર માટે મોટી પીછેહઠ માનવામાં આવે છે. આ મદ્રેસાને રાજ્ય સરકાર દ્વારા સીલ મારી દેવામાં આવ્યો હતો. પરંતુ તેને ૨૪ કલાકમાં ખોલી નાખવાની સૂચના અદાલતે આપી છે. ગત તારીખ પહેલી મે ૨૦૨૫ના રોજ જિલ્લા લઘુમતી કલ્યાણ અધિકારી દ્વારા મદ્રેસાને સીલ મારવામાં આવ્યા હતા અને કારણ એવું અપાયું હતું કે સત્તાવાર રીતે તેને માન્યતા અપાયેલી નથી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની નીતિઓ મદ્રેસા શિક્ષણની વિરૂદ્ધમાં જ રહી હોવાથી રાજ્યના અનેક મદ્રેસા બંધ કરી દેવામાં આવ્યા છે અને આ મદ્રેસા પણ તેમાંનો એક હતો. જસ્ટિસ સુભાષ વિદ્યાર્થીએ મદ્રેસા ખોલવાનો આદેશ આપતા ચુકાદામાં જણાવ્યું હતું કે આવા મદ્રેસાઓને કોઈ સરકારી ગ્રાન્ટ મળવાને પાત્ર રહેતી નથી અને તેમના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાઓમાં હાજર રહેવા દેવા માટે મદ્રેસા શિક્ષણ બોર્ડને ફરજ પણ પાડવામાં આવશે નહીં. આવા મદ્રેસાઓમાંથી મેળવવામાં આવતી ડિગ્રી કે કે લાયકાત રાજ્ય સરકારની કોઈપણ યોજનાઓના લાભ અપાવી શકશે નહીં એટલે હવે રાજ્ય સરકારે સ્થાપિત કરેલા નીતિ નિયમો અને પરિમાણોને અમલમાં મુકવાની જવાબદારી મદ્રેસા મેનેજમેન્ટની રહેશે અને નિયમોનું પાલન કરીને વિદ્યાર્થીઓનું ભવિષ્ય ન બગડે એ માટે સરકાર પાસેથી માન્યતા મેળવી લેવાની રહેશે. રાજ્ય સરકાર તરફથી એવી દલીલ થઈ હતી કે અમન્ય મદ્રેસાઓ ચાલુ રાખવાથી ભવિષ્યમાં વિદ્યાર્થીઓ માટે સમસ્યાઓ ઊભી થઈ શકે છે પરંતુ અદાલતે રાજ્ય સરકારની દલીલ નકારી કાઢી હતી અને ૨૪ કલાકમાં મદ્રેસાનું સીલ ખોલી નાખવાનો આદેશ આપ્યો હતો. અદાલતનો આદેશ યોગી સરકાર માટે ખૂબ જ મોટી પીછેહઠ ગણવામાં આવે છે કેમકે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ મદ્રેસા શિક્ષણના જબરા વિરોધી રહ્યા છે અને એમની નીતિઓને કારણે જ અનેક મદ્રેસા રાજ્યમાં બંધ કરી દેવામાં આવ્યા છે. રાજ્ય સરકાર હંમેશા મદ્રેસા બંધ કરવા માટે એવી દલીલ કરતી આવી છે કે તેમાં અભ્યાસ કરતા બાળકો રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થઈ જાય છે એટલે મદ્રેસાનું શિક્ષણ ચાલુ રહેવું ન જોઈએ. મુખ્યમંત્રી આવા અનેક નિવેદન કર્યા છે અને આવા દાવાઓને આધારે ૨૦૨૫માં આવા અનેક મદ્રેસાને સીલ મારી દેવામાં આવ્યા છે અને જાહેરમાં કારણો એવો અપાય છે કે એમણે માન્યતા મેળવી નથી. હવે અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા શ્રાવસ્તી મદ્રેસાને ખોલવાનો આદેશ અપાયો છે એટલે મદ્રેસા શિક્ષણ તરફ રાજ્ય સરકારનો જે અભિગમ રહ્યો છે તે પણ પ્રકાશમાં આવી ગયો છે. ચુકાદાથી રાજ્ય સરકાર સ્તબ્ધ બની છે એટલે કોઈ પ્રતિક્રિયા હજુ સુધી આપી નથી અને આ અંગે હજુ મૌન છે. જમિયત ઉલેબમાં હિન્દ દ્વારા હાઈકોર્ટના ચુકાદાને વ્યાપક આવકાર આપવામાં આવ્યો છે. સંસ્થાના પ્રમુખ મૌલાના મહેમુદ મદનીએ જણાવ્યું હતું કે આ ચુકાદો અમારા માટે મોટા વિજય સમાન છે અને હું તેને આવકાર આપું છું. હાઈકોર્ટના ચુકાદાથી મઝહબી મદ્રેસા અને મક્કમને બંધ કરાવી રહેલા સરકારના અધિકારીઓ અને સરકારને એક સ્પષ્ટ સંદેશો મળી ગયો છે કેમકે સરકાર અને તેના અધિકારીઓ આવી ધાર્મિક સંસ્થાઓને બંધ કરવાની કામગીરીને એક સિદ્ધિ ગણાવતા રહ્યા છે. પરંતુ એમની આ કાર્યવાહી ગેર બંધારણીય તો છે જ પરંતુ સમાજ માટે મુશ્કેલી ઊભી કરે છે અને આવા જ ગેર બંધારણીય કામને કારણે હવે રાજ્ય સરકાર અને તેનું તંત્ર મૂંઝવણમાં મુકાઈ ગયા છે.

# રાજપીપળામાં સરગવાની સીંગો તોડવા ઝાડ પર ચઢેલા યુવકનું પડી જતાં મોત

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૨૧

રાજપીપળાના માછીવાડ વિસ્તારમાં રહેતા એક ખેડૂત પરિવાર પર આભ તૂટી પડ્યું છે. પોતાના ખેતરના શેઢે સરગવાની સીંગો તોડવા ચઢેલા જીતેન્દ્રભાઈ માછીનું ઝાડ પરથી નીચે પટકાતાં કરૂણ મોત નિપજ્યું છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ રાજપીપળાના નવા ફળિયા, માછીવાડમાં રહેતા જીતેન્દ્ર રમણભાઈ માછી (ઉ.વ. ૪૩) ખેતીકામ કરીને ઘર ચલાવતા હતા. તેઓ રાજપીપળાની સીમમાં કાળી ભોય વિસ્તારમાં આવેલી ચિત્રાવાડી માઈનોર કેનાલ પાસે પોતાના ખેતરે ગયા હતા. ખેતરના શેઢે ઉગેલા સરગવાના ઝાડ પર સીંગો જોઈને તેઓ તે તોડવા માટે ઝાડ પર ચઢ્યા હતા. ત્યારે અચાનક ઝાડની ડાળી તૂટી ગઈ હતી. જેથી જમીન પર પટકાયા હતા. તેનું સ્થળ પર જ મોત થયું હતું. આ બનાવ અંગે મૃતકના પત્ની ભાવના જીતેન્દ્ર માછીએ રાજપીપળા પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઘરના મોભીના અચાનક નિધનથી માછીવાડ વિસ્તારના રહીશો પણ સ્તબ્ધ થઈ ગયા છે અને પરિવારમાં ભારે શોક જોવા મળી રહ્યો છે.

# નવસારીના પડઘા ગામે વૃક્ષારોપણ





(સંવાદદાતા દ્વારા)

નવસારી, તા.૨૧

પર્યાવરણ સંરક્ષણ અને જાગૃતિના હેતુથી નવસારીના પડઘા ગામમાં નિર્માણાધીન બુલેટ ટ્રેન પ્રોજેક્ટના ફેક્ટરી પરિસરમાં બુધવાર, ૨૧/૧/૨૦૨૬ના રોજ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન L&T કન્સ્ટ્રક્શન (TIIC) દ્વારા કરવામાં આવ્યું હતું. ફેક્ટરી ઈન્ચાર્જ મણિકંદન આરજી મુખ્ય સલામતી અને પર્યાવરણ અધિકારી પુલકેશ સામંતા અને અધિકારીઓ તથા કર્મચારીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમ અંતર્ગત વિવિધ પ્રજાતિઓના ૫૫૦ છોડ રોપવામાં આવ્યા હતા. નેશનલ હાઈ સ્પીડ રેલવેના વરિષ્ઠ પર્યાવરણ અને સલામતી અધિકારીએ પણ એક છોડ રોપીને કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું હતું. પર્યાવરણ સંરક્ષણ અને પ્રકૃતિના સંવર્ધનના ઉદ્દેશ્ય સાથે L&T કંપની સમયાંતરે આવા કાર્યક્રમોનું આયોજન કરે છે.

### રાજ્યમાં બ્રિજ તથા જાહેર માર્ગોના બાંધકામને લઇ ઊઠતી ફરિયાદો મુદ્દે કેબિનેટમાં નિર્દેશો

# રાજ્યમાં વિકાસ માટે કરવામાં આવતા બાંધકામની ગુણવત્તામાં કોઇ બાંધછોડ ન કરવા કડક તાકીદ

### ૨૦૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલ મહેમદાબાદ-મહુધા માર્ગ ખરાબ થવા મામલે મુખ્યમંત્રી દ્વારા સૂચના જારી

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨૧

રાજ્યમાં બ્રિજ તથા જાહેર માર્ગના બાંધકામને લઇ ઉઠી રહેલી ફરિયાદોને લઇ આવા બાંધકામ વગેરેની કામગીરી માટે સરકાર તરફથી કડક નિર્દેશો જારી કરાયા છે. રાજ્યના વિકાસ માટે કરવામાં આવતા બાંધકામ કામોની ગુણવત્તા અંગે કોઇપણ પ્રકારની બાંધછોડ ન કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે કેબિનેટ બેઠકમાં સબંધિત વિભાગોના વડાઓને કડક તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યની જનતાના હિતમાં વિકાસ કામો માટે ગ્રાન્ટના અભાવે કોઈ કામ અટકવું ન જોઈએ તે અંગે પણ મુખ્યમંત્રીએ વિવિધ વિભાગોને સૂચના આપી છે પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ આ અંગે કહ્યું હતું કે, મહેમદાબાદથી મહુધા માર્ગ રૂા.૨૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો હતો. રાજ્યના નાગરિકોને સરળતા અને પરિવહન વ્યવસ્થા સુલભ કરાવવા માટે તૈયાર થયેલો આ માર્ગ ૧ વર્ષમાં ખરાબ થયો હોવાની ફરિયાદ સરકારને મળી હતી. આ બાબતને ગંભીરતાથી લઇ મુખ્યમંત્રી દ્વારા માર્ગ અને મકાન વિભાગના સચિવને આ માર્ગ તાત્કાલિક અસરથી વ્યવસ્થિત તૈયાર કરાવવા સૂચના આપીને સંબંધિતો સામે તપાસ પણ સોંપવામાં આવી છે. મુખ્યમંત્રી દ્વારા અપાયેલ સૂચના અનુસાર તમામ બાંધકામો પર ગુણવત્તાને કેન્દ્રમાં રાખીને કામગીરી કરવામાં આવી રહી છે. આમ છતાં કયાંક ક્ષતિ રહી જતી હોય તો જનતાના હિતમાં તાત્કાલિક અસરથી દુરસ્ત કરવા અને ગંભીર ક્ષતિના કિસ્સામાં કસૂરવા સામે કડક પગલા ભરવા સૂચના આપવામાં આવી છે. રાજ્ય સરકારને ધ્યાનમાં આવ્યું છે કે કેટલીક વાર નાગરિકોને ગ્રાન્ટ ના હોવાનું કહીને કામો કરવામાં આવતા નથી. મુખ્યમંત્રીએ નાગરિકોની સંવેદનાને સમજીને આ બાબત પર કડકાઈથી તમામ વિભાગોના ઉચ્ચ અધિકારીઓને તાકીદ કરી છે કે ગ્રાન્ટના અભાવે કોઇ કામ અટકવું ન જોઈએ. વધુમાં ગ્રાન્ટના અભાવે કોઇ કામ ન અટકે તેની કાળજી અગાઉથી સંબંધિત અધિકારીઓએ સ્વયં લેવી જોઈએ અને જો ગ્રાન્ટ પૂર્ણ થવા આવી હોય તો અગાઉથી જ યોગ્ય વ્યવસ્થા કરીને પહેલેથી તેની માંગણી કરી લેવી જરૂરી છે. નાગરિકોનું કામ વહિવટી બાબતોના કારણે કયાંય અટકવું ન જોઇએ. તે ઉપરાંત તમામ વિભાગોએ પોતાને ફાળવેલા બજેટ માર્ચ મહિનાના અંત સુધીમાં યોગ્ય રીતે વાપરવા પણ મુખ્યમંત્રી દ્વારા જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે.

### ગ્રાન્ટના અભાવે કોઈ કામ અટકવું ન જોઈએ તેવી કડક સૂચના આપતા મુખ્યમંત્રી

# બહુચર્ચિત વીજ ચોરી કૌભાંડમાં આખરે વિજિલન્સ ઈજનેરે નોંધાવી ફરિયાદ

### ● દાહોદમાં MGVCLને રૂા.૧૪.૬૭ કરોડનો આર્થિક નુકસાન, MGVCL ખાનગી એજન્સીની સંડોવણીનો ભાંડાફોડ.! ● MGVCL દ્વારા જપ્ત કરાયેલા ૧૬૫૯ મીટરોમાંથી ૯૨૬ મીટરોમાં છેડછાડનો ખુલાસો

(સંવાદદાતા દ્વારા) દાહોદ, તા.૨૧

દાહોદ જિલ્લામાં થોડા સમય પહેલા વીજચોરીનો મોટું કૌભાંડ સામે આવ્યું છે. જેમાં એમજીવીસીએલના કર્મચારીઓ તેમજ સ્માર્ટ મીટર લગાવનાર કંપનીના માણસોની મિલીભગતથી એમજીવીસીએલને રૂપિયા ૧૪.૭૬ કરોડનું આર્થિક નુકસાન થયું છે. ઉપરોક્ત પ્રકરણમાં વીજમીટરોની સીલ તોડી રજિસ્ટર લગાવી છેડછાડ કરી હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર પ્રકરણમાં વીજ વપરાશની સામે ગ્રાહકોના બિલ ઓછા આવતા એમજીવીસીએલ ચોકી ગયું હતું અને એક ખાનગી બાતમી બાદ એમજીવીસીએલ દ્વારા તપાસ કરાતાં આ પ્રકારની ગેરરીતિ સામે આવી હતી. ત્યારબાદ સમગ્ર જિલ્લામાં અલગ-અલગ ટીમો બનાવી રેડ કરવામાં આવતા આ સમગ્ર કૌભાંડ સામે આવતા હવે એમજીવીસીએલ વિજિલન્સ વિભાગના વિશેષ મુખ્ય ઈજનેર તરીકે ફરજ બજાવતા વેચાત નાથાભાઈ રાઠવા દ્વારા આ મામલે સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. દાહોદ જિલ્લા સહિત દાહોદ શહેર, દાહોદ ગ્રામ્ય, ઝાલોદ, લીમડી, લીમખેડા તથા દેવગઢ બારિયા વિસ્તારોમાં વીજ મીટરોમાં ચેડાં કરી વીજ વપરાશ ઓછો દર્શાવવામાં આવતો હોવાની બાતમીના આધારે તા. ૧૮/૦૮/૨૦૨૫થી ૧૮/૧૧/૨૦૨૫ દરમિયાન વિશાળ સ્તરે રેઈડ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન એમજીવીસીએલની અલગઅલગ ટીમો દ્વારા ૩૩,૭૯૯ વીજ મીટરોની ચકાસણી કરવામાં આવી હતી, જેમાંથી ૧,૬૦૯ વીજ મીટરોના સીલ તૂટેલા હોવાનું સામે આવતા શંકાસ્પદ મીટરોને સીલબંધ કરી MGVCL દાહોદ ડિવિજનની લેબોરેટરીમાં તાંત્રિક ચકાસણી માટે મોકલવામાં આવ્યા હતા. જેમાં લેબ રિપોર્ટ મુજબ ૮,૮૮ વીજ મીટરોમાં વીજ અવરોધક વસ્તુ એટલે કે રેજિસ્ટર લગાવી વીજ ચોરી કરવામાં આવતી હોવાનું સ્પષ્ટ થયું છે. GERC દ્વારા નક્કી કરાયેલા ALHAF ફોર્મ્યુલા મુજબ ગણતરી કરતાં અંદાજે રૂા.૧૦.૭૧ કરોડની વીજ ચોરી થવાની હકીકત બહાર આવી છે. આ ઉપરાંત, સ્માર્ટ મીટર બદલવાની પ્રક્રિયા દરમિયાન પણ ગંભીર અનિયમિતતા સામે આવી છે. જેમાં ઈન્ટેલી સ્માર્ટ એજન્સી દ્વારા ૮૧ વીજ મીટરો બદલી નાખવામાં આવ્યા હતા, જેમાંથી ૫૦ મીટરોની તપાસ કરાતા ૩૮ મીટરોમાં પણ રેજિસ્ટર લગાવી વીજ ચોરી કરાયાનું બહાર આવ્યું છે. આ મામલે અંદાજે રૂા.૪.૦૪૮ કરોડનું નુકસાન થયાનું નોંધાયું છે. આ રીતે કુલ મળીને રૂા.૧૪.૭૬ કરોડનું આર્થિક નુકસાન MGVCLને થયું હોવાનું સામે આવ્યું છે. વીજ મીટરના સીલ તોડવા તથા તેમાં ચેડાં કરવું ગુનાહિત કૃત્ય હોવા છતાં વીજ કંપની સાથે સંકળાયેલા કેટલાક ઈસમો તથા એજન્સીના અધિકારી-કર્મચારીઓએ ગુનાહિત કાવતરૂં રચી છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. આ સમગ્ર મામલે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૩૧૮(૪) તથા ૬૧(૨)(એ) હેઠળ કાયદેસર તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. હવે આ ગંભીર કૌભાંડમાં તપાસ એજન્સીઓ શું કાર્યવાહી કરે છે તે જોવાનું રહેશે.

# વીમા પોલિસીને લગતા પુરાવા સાબિત કરવાની જવાબદારી વીમા કંપનીની હોય, ભોગ બનનારના પરિવારની નહીં : હાઈકોર્ટ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૧

ગુજરાત હાઈકોર્ટે વાહન અકસ્માતના એક કેસમાં વીમા કંપનીની આકરી ઝાટકણી કાઢતા સ્પષ્ટ કર્યું છે કે વીમા પોલિસીનો રેકોર્ડ કે તેના પુરાવા રજૂ કરવાની જવાબદારી વીમા કંપનીની છે, મૃતકના આશ્રિતોની નહીં. જસ્ટિસ મૂળચંદ ત્યાગીએ આ કેસમાં વીમા કંપની દ્વારા જવાબદારીમાંથી છટકવા માટે અપનાવવામાં આવતા બહાનાઓ સામે લાલ આંખ કરી હતી. અગાઉ મોટર વાહન અકસ્માત ટ્રિબ્યુનલે આ કેસમાં જે ક્ષતિઓ કરી હતી તેને સુધારીને હાઈકોર્ટે મૃતકના પરિવારને મળતા વળતરમાં મોટો વધારો કર્યો છે. આ કેસ સાબરકાંઠા જિલ્લાના ચિત્રોડા પાસે સર્જાયેલા અકસ્માતનો છે, જેમાં કમલેશ જશુભાઇ પટેલ નામના યુવકનું મોત થયું હતું. ટ્રિબ્યુનલે અગાઉ મૃતકની ૨૦ ટકા બેદરકારી ગણાવી માત્ર રૂા.૩.૫૬ લાખનું વળતર મંજૂર કર્યું હતું. જો કે, હાઈકોર્ટે ટ્રિબ્યુનલના આ તર્કને ફગાવતા ઠરાવ્યું હતું કે અકસ્માત માટે સંપૂર્ણપણે જીપ ચાલક જ જવાબદાર હતો. અદાલતે એ બાબતની પણ ગંભીર નોંધ લીધી હતી કે ટ્રિબ્યુનલે મૃતકની સેલેરી સ્લીપ અને સુપરવાઈઝરી આવકના પુરાવાઓને અવગણીને વળતર નક્કી કરવામાં મોટી ભૂલ કરી હતી. દાવેદારો વતી એડવોકેટએ દલીલ કરી હતી કે વીમા કંપનીએ વળતર ટાળવા માટે જાણીજોઈને રેકોર્ડ છુપાવ્યો હતો અને પુરાવાની જવાબદારી આશ્રિતો પર નાખી હતી. હાઈકોર્ટે આ દલીલો ગ્રાહ્ય રાખીને ટ્રિબ્યુનલના વળતરના હુકમમાં સુધારો કર્યો છે અને હવે મૃતકના આશ્રિતોને કુલ રૂા.૩૮.૧૮ લાખથી વધુનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ કોર્ટે યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપનીને આ રકમ છ સપ્તાહની અંદર ટ્રિબ્યુનલ સમક્ષ જમા કરાવી દેવા કડક સૂચના આપી છે.

# અંકલેશ્વરના ચૂંટાયેલા સભ્યો તથા અગ્રણીઓના SIR પ્રક્રિયા દરમિયાન નામો કમી કરવાનો પ્રયાસ

### SDMને આવેદનપત્ર પાઠવી કાર્યવાહી કરવા રજૂઆત કરાઈ



(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વર શહેરના તથા તાલુકામાં લગભગ ૧૨,૦૦૦ જેટલા જીવંત મતદારોના નામો કમી કરવાનો એક ચોક્કસ રાજકીય પાર્ટીના બીએલએ દ્વારા પ્રયાસ કરાયો હોવાનું જાણવા મળતા ખાસ કરીને લાઘુમતી સમાજના નામો કમી કરાયા હોવાનું જાણવા મળતા સમાજમાં રોષ ભભૂકી ઊઠ્યો છે. જેમાં અંકલેશ્વર નગરપાલિકાના વિપક્ષના નેતા તેઓ છેલ્લા ૭ ટર્મથી કસ્માબીતીવાડ, કાગદીવાડનો પ્રતિનિધિત્વ કરતાં હોય છે જ્યારે ભરૂચ જિલ્લા કોંગ્રેસના અગ્રણી અને પ્રવકતા નાઝૂ ફાડવાલા વર્ષોથી આગેવાન છે. જ્યારે સ્ટેશન વિસ્તારમાંથી રફીક ઝઘડિયાવાલાનો નામ કમી કરવા અંગે ફોર્મ નં. ૭ ભરાયો હતો. આ અંગે ફોર્મ નં. ૭નો દુરૂપયોગ કોઈ ચોક્કસ પાર્ટી દ્વારા કર્યા હોવાનો આક્ષેપ પણ કરાયો છે. આ બાબતે શહેર પ્રાંત અધિકારીને કસુરવાર સામે પગલાં લેવા અંગેની લેખિતમાં માંગ કરી હોવાનું જાણવા મળ્યું છે.

# શ્રાવસ્તિના મદ્રેસાને ૨૪ કલાકમાં ફરીથી ખોલવાનો અલ્હાબાદ હાઈકોર્ટનો આદેશ, યુપીમાં યોગી સરકારની મોટી પીછેહટ

(એજન્સી) લખનૌ, તા.૨૧

ઉત્તરપ્રદેશના શ્રાવસ્તિ જિલ્લામાં આવેલા મદ્રેસા અહ-લે-સુન્નત ઈમામ અહેમદ રજાને ૨૪ કલાકમાં ફરીથી ખોલી નાખવાનો અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. હાઈકોર્ટના આ હુકમને ઉત્તરપ્રદેશમાં યોગી આદિત્યનાથના વડપણ હેઠળથી સરકાર માટે મોટી પીછેહઠ માનવામાં આવે છે. આ મદ્રેસાને રાજ્ય સરકાર દ્વારા સીલ મારી દેવામાં આવ્યો હતો. પરંતુ તેને ૨૪ કલાકમાં ખોલી નાખવાની સૂચના અદાલતે આપી છે. ગત તારીખ પહેલી મે ૨૦૨૫ના રોજ જિલ્લા લઘુમતી કલ્યાણ અધિકારી દ્વારા મદ્રેસાને સીલ મારવામાં આવ્યા હતા અને કારણ એવું અપાયું હતું કે સત્તાવાર રીતે તેને માન્યતા અપાયેલી નથી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની નીતિઓ મદ્રેસા શિક્ષણની વિરૂદ્ધમાં જ રહી હોવાથી રાજ્યના અનેક મદ્રેસા બંધ કરી દેવામાં આવ્યા છે અને આ મદ્રેસા પણ તેમાંનો એક હતો. જસ્ટિસ સુભાષ વિદ્યાર્થીએ મદ્રેસા ખોલવાનો આદેશ આપતા ચુકાદામાં જણાવ્યું હતું કે આવા મદ્રેસાઓને કોઈ સરકારી ગ્રાન્ટ મળવાને પાત્ર રહેતી નથી અને તેમના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાઓમાં હાજર રહેવા દેવા માટે મદ્રેસા શિક્ષણ બોર્ડને ફરજ પણ પાડવામાં આવશે નહીં. આવા મદ્રેસાઓમાંથી મેળવવામાં આવતી ડિગ્રી કે કે લાયકાત રાજ્ય સરકારની કોઈપણ યોજનાઓના લાભ અપાવી શકશે નહીં એટલે હવે રાજ્ય સરકારે સ્થાપિત કરેલા નીતિ નિયમો અને પરિમાણોને અમલમાં મુકવાની જવાબદારી મદ્રેસા મેનેજમેન્ટની રહેશે અને નિયમોનું પાલન કરીને વિદ્યાર્થીઓનું ભવિષ્ય ન બગડે એ માટે સરકાર પાસેથી માન્યતા મેળવી લેવાની રહેશે. રાજ્ય સરકાર તરફથી એવી દલીલ થઈ હતી કે અમન્ય મદ્રેસાઓ ચાલુ રાખવાથી ભવિષ્યમાં વિદ્યાર્થીઓ માટે સમસ્યાઓ ઊભી થઈ શકે છે પરંતુ અદાલતે રાજ્ય સરકારની દલીલ નકારી કાઢી હતી અને ૨૪ કલાકમાં મદ્રેસાનું સીલ ખોલી નાખવાનો આદેશ આપ્યો હતો. અદાલતનો આદેશ યોગી સરકાર માટે ખૂબ જ મોટી પીછેહઠ ગણવામાં આવે છે કેમકે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ મદ્રેસા શિક્ષણના જબરા વિરોધી રહ્યા છે અને એમની નીતિઓને કારણે જ અનેક મદ્રેસા રાજ્યમાં બંધ કરી દેવામાં આવ્યા છે. રાજ્ય સરકાર હંમેશા મદ્રેસા બંધ કરવા માટે એવી દલીલ કરતી આવી છે કે તેમાં અભ્યાસ કરતા બાળકો રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થઈ જાય છે એટલે મદ્રેસાનું શિક્ષણ ચાલુ રહેવું ન જોઈએ. મુખ્યમંત્રી આવા અનેક નિવેદન કર્યા છે અને આવા દાવાઓને આધારે ૨૦૨૫માં આવા અનેક મદ્રેસાને સીલ મારી દેવામાં આવ્યા છે અને જાહેરમાં કારણો એવો અપાય છે કે એમણે માન્યતા મેળવી નથી. હવે અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા શ્રાવસ્તી મદ્રેસાને ખોલવાનો આદેશ અપાયો છે એટલે મદ્રેસા શિક્ષણ તરફ રાજ્ય સરકારનો જે અભિગમ રહ્યો છે તે પણ પ્રકાશમાં આવી ગયો છે. ચુકાદાથી રાજ્ય સરકાર સ્તબ્ધ બની છે એટલે કોઈ પ્રતિક્રિયા હજુ સુધી આપી નથી અને આ અંગે હજુ મૌન છે. જમિયત ઉલેબમાં હિન્દ દ્વારા હાઈકોર્ટના ચુકાદાને વ્યાપક આવકાર આપવામાં આવ્યો છે. સંસ્થાના પ્રમુખ મૌલાના મહેમુદ મદનીએ જણાવ્યું હતું કે આ ચુકાદો અમારા માટે મોટા વિજય સમાન છે અને હું તેને આવકાર આપું છું. હાઈકોર્ટના ચુકાદાથી મઝહબી મદ્રેસા અને મક્કમને બંધ કરાવી રહેલા સરકારના અધિકારીઓ અને સરકારને એક સ્પષ્ટ સંદેશો મળી ગયો છે કેમકે સરકાર અને તેના અધિકારીઓ આવી ધાર્મિક સંસ્થાઓને બંધ કરવાની કામગીરીને એક સિદ્ધિ ગણાવતા રહ્યા છે. પરંતુ એમની આ કાર્યવાહી ગેર બંધારણીય તો છે જ પરંતુ સમાજ માટે મુશ્કેલી ઊભી કરે છે અને આવા જ ગેર બંધારણીય કામને કારણે હવે રાજ્ય સરકાર અને તેનું તંત્ર મૂંઝવણમાં મુકાઈ ગયા છે.

### ખોટી રીતે ફોર્મ નં.૭ ભરી મત અધિકાર છીનવાના કૃત્ય સામે કોંગી MLA ખેડાવાલા તથા પૂર્વ MLA ગ્યાસુદીન શેખની ઝૂંબેશ

# રાજ્યમાં મુસ્લિમ સમાજ સહિતના ૧૪ લાખ મતો રદ કરવાના ભાજપના કાવતરા સામે જાગૃત થવા અપીલ

### ધાર્મિક-સામાજિક સંસ્થાઓ, સામાજિક કાર્યકરો, પેશ ઈમામો તથા સમાજના લોકો જાગૃત થઈ FIR કરે

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં SIR ઝુંબેશ, અંતર્ગત પ્રસિદ્ધ થયેલ ડ્રાફ્ટ મતદારયાદીમાં સુધારા-વધારા કરવાની અંતિમ તારીખ સુધીમાં ૧૪ લાખ જેટલા મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજ તથા અન્ય દલિત વગેરે સમાજના મતો ખોટી રીતે ફોર્મ નં.૭ રજૂ કરી રદ કરવાના ભાજપ દ્વારા આચરાયેલ કાવતરા સામે સમગ્ર રાજ્યના મુસ્લિમ સમાજના લોકો, ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓ, સમાજ સેવકો-કાર્યકરો વગેરેને કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા તથા પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે જાગૃત થઈ લોકોને જાગૃત કરવાની અપીલ કરી છે.

અપીલ કરતાં તેમણે જણાવ્યું છે કે, ગુજરાતના કોંગ્રેસ તેમજ તમામ સેક્યુલર પાર્ટીઓને સમર્થન કરનારા તમામ લોકો તેમજ વિશેષ કરીને મુસ્લિમ સમાજના ૧૪ લાખ મતોને SIR પ્રક્રિયા અંતર્ગત ડીલીટ કરવાનું-રદ કરવાનું કાર્ય ભારતીય જનતા પાર્ટીની કહેરવાદી ભગની સંસ્થાઓએ શરુ કરેલ છે તેની વિરૂદ્ધ આજે સંયુક્તરૂપે સમગ્ર ગુજરાતના મુસ્લિમ સમાજને અપીલ કરીએ છીએ કે તમારી વિરૂદ્ધ અન્ય કોઈપણ વ્યક્તિએ ફોર્મ નં.૭ ભરીને ખોટી રીતે અરજી કરેલ છે. BLO તમારી પાસે તે અરજી લઈને આવે તો તુરંત જ તમો તેનો ફોટો પાડી લેશો અને તમારી વિરૂદ્ધ ખોટી રીતે ફોર્મ નં.૭ ભરનાર સામે FIR દાખલ કરાવવાની રહેશે. આ સાથે જમિયતે ઉલમાએ હિન્દ, જમાતે ઈસ્લામી, ગુજરાત મુસ્લિમ હિત રક્ષક સમિતિ કે દાવતે ઈસ્લામી સહિતની અન્ય તમામ મુસ્લિમ સંસ્થાઓ તેમજ સામાજિક સંસ્થાઓ, મુસ્લિમ એડવોકેટ, નિવૃત્ત સરકારી અધિકારી આ તમામની જવાબદારી છે કે સમગ્ર ગુજરાતમાંથી ૧૪ લાખ કરતાં વધુ લોકોના નામને રદ કરવાનું જે હિન કૃત્ય ભાજપ દ્વારા કરવામાં આવ્યું છે તે ધીમે ધીમ NRC તરફ લઈ જવાની દિશા છે. તમામ લોકો રાજકીય પાર્ટીઓને દરકિનાર કરે, આ બાબત રાજકીય નથી પરંતુ આ આપણું અને આપણા બાળકોના ભવિષ્યનો સવાલ છે. આપણે થાકવાનું કે પરેશાન થવાની જરુર નથી. જો BLO તમને ચાર વખત બોલાવે છે તો આપણે તમામ પુરાવા BLO સમક્ષ પ્રસ્તુત કરવા જોઈએ. ખોટી રીતે ફોર્મ નં.૭ ભરનારને ૧ વર્ષની કેદની સજા અથવા રૂા.૧ લાખનો દંડ તેમજ બંને સજા થઈ શકે છે. કારણકે ભાજપાની કટ્ટરવાદી ભગીની સંસ્થાઓએ સેન્ટ્રલમાં કમલમમાં બેસીને જ ફોર્મ નં. ૭ ભર્યા છે. ત્યારે સમગ્ર ગુજરાતના ઉલમાએ-ઈકરામ અને પેશ ઈમામોને પણ ગુજારીશ છે કે આવનાર જુમ્માના ખુત્બામાં પણ આ વાત મૂકવામાં આવે તેમજ સમગ્ર ગુજરાતની મસ્જીદોમાંથી પણ આ અંગે જાગૃતિ ફેલાવવામાં આવે. આ સાથે અન્ય સામાજિક સંસ્થાઓ કે જે શાળા, કોલેજ અને હોસ્પિટલનું સંચાલન કરી રહી છે તે તમામ સિવીલ સોસાયટીના સભ્યો અને સંસ્થાઓ પોતાની સામાજિક જવાબદારી સમજી આ અંગે લોકોને જાગૃત કરે એવી ગ્યાસુદ્દીન શેખ, ઈમરાન ખેડાવાલા, પ્રદેશ આગેવાનો જુનેદ શેખ અને મુબીન કાદરી વગેરેએ નમ્ર અપીલ કરી છે.

પ્રતિ,
પોલીસ ઈન્સ્પેક્ટર સાહેબ,
........................................................
પોલીસ સ્ટેશનનું નામ ..................................
શહેર ................ / જિલ્લો ..........................

**વિષયઃ મતદાર યાદીમાં ફોર્મ નં. ૭ દ્વારા ખોટી માહિતી આપી નામ કમી કરાવવા અંગે ફરિયાદ**

મહેરબાન સાહેબ,
સવિનય જણાવવાનું કે,
હું .................................................................................... (તમારું નામ)
રહેવાસી ........................................................... (તમારું પૂરું સરનામું) રહુ છું.)
તારીખ .................... ના રોજ મારા જાણવામાં આવ્યું છે કે ..........................................
ફોર્મ નં. ૭ ભરનારનું નામ) દ્વારા જાણી જોઈને મારા નામની સામે ખોટી રીતે ફોર્મ નં. ૭ ભરીને મતદાર યાદીમાંથી મારું નામ કમી કરવા માટે ખોટા પુરાવા રજૂ કર્યા છે.
હું છેલ્લા ઘણા વર્ષોથી આ જ સરનામે રહું છું અને મેં ક્યારેય પણ અહીંથી નામ કમી કરાવવા માટે અરજી કરી નથી. આ વ્યક્તિ દ્વારા કાવતરું રચીને મને મતદાનના હકથી વંચિત રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.
આથી, આ વ્યક્તિ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી (FIR) કરવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

તમારી સહી ...........................................
તમારું નામ ...........................................
તમારો મોબાઈલ નંબર ...............................
તારીખ .................................................

### આસપાસના વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાતા અફરાતફરી મચી

# સુરતમાં ઉદ્‌ઘાટન પહેલા રૂા. ૨૧ કરોડના ખર્ચે બનેલી પાણીની ટાંકી ધરાશાયી : ત્રણ ઈજાગ્રસ્ત

### ● મુખ્યમંત્રીની સૂચના પર રાજ્ય સરકારે ત્રણ ઈજનેરોને કર્યા સસ્પેન્ડ; કોન્ટ્રાક્ટરો બ્લેકલિસ્ટ ● પાણીની ટાંકી ૩૩ ગામોને પાણી પૂરું પાડવાની હતી, જે પહેલા દિવસે જ તૂટી પડી

સુરત, તા.૨૧

સુરતના તડકેશ્વર ગામમાં ૨૧ કરોડ રૂપિયાના ખર્ચે બનેલી ઓવરહેડ પાણીની ટાંકી પરીક્ષણ દરમિયાન ધારાશાયી થતાં એક બાળક સહિત ત્રણ મહિલાઓ ઘાયલ થઈ હતી. આ દુર્ઘટના મામલે ગુજરાત સરકારે ત્રણ એન્જિનિયરોને સસ્પેન્ડ કર્યા છે, તેમજ કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરી ટેક્નિકલ તપાસ શરૂ કરાઈ છે. સોમવારે, ટાંકીની માળખાકીય મજબૂતાઈ ચકાસવા માટે ટાંકીમાં આશરે ૯૦૦,૦૦૦ લિટર પાણી ભરવામાં આવ્યું હતું. બપોરના સુમારે, આખું માળખું અચાનક તૂટી પડ્યું, જેના કારણે આસપાસના વિસ્તારમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. પ્રાપ્ત માહિતી મુજબ સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામમાં 'ગયાપગલા ગ્રુપ વોટર સપ્લાય સ્કીમ' હેઠળ બાંધવામાં આવેલી ઓવરહેડ પાણીની ટાંકી પરીક્ષણ દરમિયાન તૂટી પડવાથી રાજ્ય સરકારની કામગીરી અને બાંધકામની ગુણવત્તા પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. અહેવાલો અનુસાર, આશરે રૂા.૨૧ કરોડના ખર્ચે બનેલી ટાંકી તેની સંપૂર્ણ ક્ષમતા સુધી ભરાયાના થોડીવારમાં જ તૂટી પડી. આ અકસ્માતમાં એક સગીર છોકરી સહિત ત્રણ મહિલાઓ ઘાયલ થઈ હતી. પાણીના જોરદાર પ્રવાહને કારણે લોકોને ઘરમાંથી બહાર દોડી આવવાની ફરજ પડી હતી. ઘાયલોની ઓળખ કાલીબેન ઓછરિયા (૨૦), અંગુરીબેન ઓરડ (૩૭) અને તેમની ત્રણ વર્ષની પુત્રી અંજલી તરીકે થઈ છે,



જેમને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. વિવિધ સત્તાવાર આંકડાઓ અનુસાર, ૧૫ મીટર ઉંચી ટાંકી લગભગ ત્રણ વર્ષમાં પૂર્ણ થઈ હતી અને તેનો હેતુ સુરત જિલ્લાના ૩૩થી ૩૫ ગામોને પીવાનું પાણી પૂરૂં પાડવાનો હતો. જો કે, તેના ઉદ્‌ઘાટન પહેલા જ તેના તૂટી પડવાથી પ્રોજેક્ટને મોટો ફટકો પડ્યો છે. અધિકારીઓનું કહેવું છે કે જો ટાંકી કાર્યરત થયા પછી અકસ્માત થયો હોત, તો નોંધપાત્ર જાનહાનિ થઈ શકી હોત. આ ઘટના બાદ, મુખ્યમંત્રીની સૂચના પર, રાજ્ય સરકારે માર્ગ અને મકાન વિભાગ અને પાણી પુરવઠા વિભાગના ત્રણ ઈજનેરોને સસ્પેન્ડ કર્યા છે. સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓમાં સુપરિન્ટેન્ડેન્ટ એન્જિનિયર અંકિત ગરાસિયા, એક્ઝિક્યુટિવ એન્જિનિયર રજનીકાંત ચૌધરી અને ડેપ્યુટી એક્ઝિક્યુટિવ/ડેપ્યુટી એન્જિનિયર જય ચૌધરીનો સમાવેશ થાય છે. બાંધકામ કાર્યમાં સામેલ ખાનગી કંપનીઓને તમામ ચૂકવણી અટકાવી દેવામાં આવી છે. બાંધકામ કોન્ટ્રાક્ટર, મહેસાણા સ્થિત જયંતિ સુપર કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ અને કોન્ટ્રાક્ટર બાબુભાઈ પટેલને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ (PMC), માર્સ પ્લાનિંગ એન્ડ એન્જિનિયરિંગ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદને પણ નોટિસ જારી કરવામાં આવી છે. પોલીસે માંડવી પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવવાની પ્રક્રિયા પણ શરૂ કરી છે. ગુજરાત એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GERI)ના એન્જિનિયરો અને સુરતના સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (SVNIT)ના સિવિલ એન્જિનિયરિંગ વિભાગના પ્રોફેસરોની એક ટીમ ટેકનિકલ તપાસ માટે ઘટનાસ્થળે પહોંચી હતી. ટિમે કાટમાળના નમૂના એકત્રિત કર્યા હતા અને બાંધકામ સામગ્રીની ગુણવત્તા અને ટાંકીની ડિઝાઈનમાં ખામીઓનું મૂલ્યાંકન કરવા માટે તેમને પ્રયોગશાળા પરીક્ષણ માટે મોકલ્યા છે. સ્થાનિકો અને વિપક્ષોએ બાંધકામમાં હલકી ગુણવત્તાવાળા સામગ્રીનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. ઘટનાસ્થળે પહોંચેલા કોંગ્રેસના ધારાસભ્ય આનંદ ચૌધરીએ જણાવ્યું હતું કે, ટાંકીના બાંધકામમાં હલકી ગુણવત્તાવાળા પદાર્થોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેની સંપૂર્ણ તપાસ થવી જોઈએ અને દોષિતો સામે કડક પગલાં લેવા જોઈએ. ગ્રામજનો કહે છે કે ત્રણ વર્ષ રાહ જોયા પછી પણ તેમને પાણી મળ્યું નથી અને આ ઘટના ભ્રષ્ટાચાર તરફ ઈશારો કરે છે. પોલીસ અને વહીવટીતંત્ર કહે છે કે તપાસ ચાલુ છે અને ટેકનિકલ રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.



પ્રસ્તુત તસવીર ભારતીય જનતા પક્ષમાં જ શક્ય બને તેમ જણાવતાં ગુજરાત સરકારના પૂર્વમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, સૌથી જુનિયર એક નાના કાર્યકરને મોટી જવાબદારી આપી મોટી ખુરશી ઉપર બેસાડી, ચાર-ચાર પૂર્વ પ્રમુખો ખુદ પ્રધાનમંત્રી અને સંગઠનમાં મહત્ત્વનું પદ ધરાવતા મહામંત્રી ઊભા રહીને નવા અધ્યક્ષને માન સન્માન આપી રહ્યા છે. નવી પેઢીને આગળ લાવવાનો ચહેરા ઉપર સંતોષ અનુભવી રહ્યા છે. ભૂપેન્દ્રસિંહે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

# શંકરાચાર્યજીના અપમાન મામલે ડીસામાં ભારે આક્રોશ

### મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ માફી માંગે તેવી માંગ



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૧

પ્રયાગરાજમાં મૌની અમાસના પર્વ પર જ્યોતિષ્પીઠાધીશ્વર જગદગુરૂ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી મહારાજ અને તેમના અનુયાયીઓ સાથે પોલીસ દ્વારા કરવામાં આવેલા દુર્વ્યવહારના વિરોધમાં ડીસા ખાતે પત્રકાર પરિષદ યોજાઈ હતી. શાસ્ત્રી કિશોરભાઈ દવે અને ગાર્ગી પંડિતની આગેવાનીમાં યોજાયેલી આ બેઠકમાં ઉત્તર પ્રદેશ સરકાર અને પ્રશાસન સામે આકરા પ્રહારો કરવામાં આવ્યા હતા. તેઓએ જણાવ્યું કે, મૌની અમાસ પર સ્નાન માટે જઈ રહેલા શંકરાચાર્યજીને રોકી, તેમના શિષ્યો અને સ્વામીઓ સહિત ૪૦થી વધુ લોકોની કોઈપણ કારણ વગર ગેરકાયદેસર અટકાયત કરવામાં આવી હતી. તેમજ શંકરાચાર્યજીના શિષ્યોને પોલીસ દ્વારા ઢોર માર મારવામાં આવ્યો હતો. આટલું જ નહીં, મહિલા સાધ્વીઓ પર પણ અત્યાચાર ગુજારી માનવાધિકારોનું ઉલ્લંઘન કરાયું હોવાનો આક્ષેપ કરાયો છે. પત્રકાર પરિષદમાં ઉપસ્થિત મહાનુભાવોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, આ કૃત્યથી સમગ્ર હિન્દુ સમાજમાં ભારે રોષ છે. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ વ્યક્તિગત રીતે શંકરાચાર્યજીની સમક્ષ જઈ પ્રશાસનના આ કૃત્ય બદલ ક્ષમા યાચના કરવી જોઈએ. શંકરાચાર્યના પદ અને પ્રતિષ્ઠાને અનુરૂપ તેમને સન્માનપૂર્વક ગંગાસ્નાન કરાવી સરકારે આ ભૂલનું પ્રાયશ્ચિત કરવું જોઈએ.?' શાસ્ત્રી કિશોરભાઈ, ગાર્ગી પંડિત સહિત આ પત્રકાર પરિષદમાં દંડી સ્વામી જ્યોતિર્મયાનંદ, મુકુંદાનંદજી, અનુરાગ શર્મા, દેવેન્દ્ર પાંડે સહિતના અનેક આગેવાનો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા અને ન્યાય ન મળે ત્યાં સુધી વિરોધ ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારી હતી.

# ગુજરાત હાઈકોર્ટમાં સરકારનું સોગંદનામું : બે મહિનામાં ૪૮ ગેરકાયદે ધાર્મિક દબાણો દૂર કરાયા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં જાહેર માર્ગો અને સરકારી જગ્યાઓ પર ખડકાયેલા ગેરકાયદે ધાર્મિક દબાણો મુદ્દે ચાલી રહેલી સુઓમોટો રિટ અરજીમાં રાજ્યના ગૃહ વિભાગે હાઈકોર્ટમાં મહત્વનું સોગંદનામું રજૂ કર્યું છે. સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડાઓ મુજબ, રાજ્યમાં દબાણ હટાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ગૃહ વિભાગે અદાલતને જણાવ્યું હતું કે, ૧ નવેમ્બર ૨૦૨૫થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધીના ટૂંકા ગાળામાં સમગ્ર રાજ્યમાં નડતરરૂપ એવા ૪૮ ધાર્મિક સ્થાનોને દૂર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ૩૮ સ્થાનોને અન્ય જગ્યાએ રિલોકેટ (સ્થળાંતરિત) કરવામાં આવ્યા છે, જ્યારે ૩૦થી વધુ ધાર્મિક સ્થાનોના દબાણોને નિયમો અનુસાર રેગ્યુલરાઈઝ કરવામાં આવ્યા છે. સરકારે હાઈકોર્ટમાં સ્પષ્ટતા કરી હતી કે આ કામગીરી સુપ્રીમ કોર્ટના દિશા-નિર્દેશો મુજબ કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં વિવિધ જિલ્લાઓમાં ૪૬૮ ધાર્મિક સ્થાનોને કાયદેસરની નોટિસો પાઠવવામાં આવી છે અને ૯૭ કિસ્સાઓમાં અખબારોમાં જાહેર નોટિસ આપીને જાણ કરવામાં આવી છે. ધાર્મિક લાગણીઓ ન દુભાય અને શાંતિ જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા સ્થાનિક ધાર્મિક આગેવાનો સાથે ૯૭ જેટલી બેઠકો પણ યોજવામાં આવી હતી. આ બેઠકોના સકારાત્મક પરિણામ સ્વરૂપે અનેક જગ્યાએ વિવાદ વગર દબાણો દૂર કરી શકાયા છે. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે એપ્રિલથી જુલાઈ દરમિયાન પણ ૨૬૧ જેટલા દબાણો હટાવી દેવામાં આવ્યા હતા. આ કામગીરીના સુપરવિઝન માટે જિલ્લા કક્ષાની સમિતિઓ સતત કાર્યરત છે. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રેની ખંડપીઠે આ વિગતોને રેકોર્ડ પર લીધી છે અને હવે આ મામલે આગામી સુનાવણી માર્ચ મહિનામાં હાથ ધરવામાં આવશે.

### માર્ચમાં વધુ સુનાવણી

# ૫૦,૦૦૦૦થી વધુ આદિવાસી ખેડૂતોએ ચારોટીથી પાલઘર સુધી કૂચ કરી : જમીનના અધિકારો માટે અનિશ્ચિત સમય માટે ધરણા

## મહારાષ્ટ્રમાં ચારોટીથી પાલઘર સુધીની સીપીઆઈ (એમ)ની આગેવાની હેઠળની વિશાળ લાંબી કૂચ પાલઘરમાં કલેક્ટર કચેરી ખાતે ધરણા સાથે સમાપ્ત થઈ હતી

(એજન્સી) તા.૨૧

વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ હેઠળ સમુદાયના માલિકી હકો અને મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર કાર્યક્રમ (મનરેગા)ની પુનઃસ્થાપનાની માંગણી સાથે, ૫૦,૦૦૦ મહિલા આદિવાસી અને અન્ય ખેડૂતો તેમની માંગણીઓ સાથે મહારાષ્ટ્રના ચારોટીથી પાલઘર સુધી કૂચ કરી રહ્યા છે. આ કૂચની મુખ્ય માંગણીઓ નીચે મુજબ છે : વન અધિકાર અધિનિયમનો કડક અમલ; મનરેગાની પુનઃસ્થાપના; સ્માર્ટ મીટર યોજના રદ કરવી; પેસાનો અમલ; શ્રમ સંહિતા રદ કરવી; દહાણુ દરિયાકાંઠાના પ્રદેશમાં વાધવાન અને મુર્બે બંદરો રદ કરવા; પીવા અને સિંચાઈ માટે પાણી; શિક્ષણ, રોજગાર, રાશન, આરોગ્ય અને અન્ય સુવિધાઓમાં વધારો કરવો સામેલ છે.

પ્રદર્શનકારીઓ મોટાભાગે પાલઘર જિલ્લાના આદિવાસી સમુદાયોના છે. તેમણે જમીન અધિકારોના વધુ સારા અમલીકરણ, મનરેગા પુનઃસ્થાપિત કરવા, વાધવન બંદર રદ કરવા અને પીવા અને સિંચાઈના હેતુઓ માટે પાણીની ઉપલબ્ધતા સહિતની માંગણીઓ સાથે કલેક્ટર કચેરી તરફની યાત્રા શરૂ કરી હતી. માઈક્રોફોન પર વિરોધ ગીતો સાથે, સીપીઆઈ-એમના ધ્વજ અને બેનરો સાથે હેતુપૂર્વક આગળ વધતા, સૂત્રોચ્ચાર કરતા, વિરોધીઓ ૨૦ જાન્યુઆરીની સાંજે પાલઘરની કલેક્ટર કચેરી પહોંચ્યા, જ્યાં તેઓ તેમની માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી કેમ્પ કરવાની યોજના ધરાવે છે. આદિવાસી સદીઓથી જંગલ અને ચરાણની જમીન ખેડી રહ્યા છે પરંતુ હજુ પણ તેઓ જે પ્લોટ ખેતી કરે છે તેના માલિક નથી.

વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬, અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓને જંગલ જમીન અને સંસાધન અધિકારો આપે છે જેઓ પેઢીઓથી આવા વિસ્તારોમાં રહે છે. ગ્રામ સભાઓ દાવાઓ શરૂ કરે છે, પેટા-વિભાગીય અને જિલ્લા સમિતિઓ દ્વારા ચકાસવામાં આવે છે, રહેવાસીઓને તેમના અધિકારોનું સમાધાન ન થાય ત્યાં સુધી સ્થાન ખાલી કરાવવાથી બચાવે છે. પરંતુ રેલીમાં હાજર મોટાભાગના આદિવાસી ખેડૂતોના દાવાઓ મંજૂર થયા નથી. ઓલ ઈન્ડિયા કિસાન સભા (AIKS), સેન્ટર ઓફ ઈન્ડિયન ટ્રેડ યુનિયન્સ (CITU), ઓલ ઈન્ડિયા ડેમોક્રેટિક વિમેન્સ



એસોસિએશન (AIDWA), ડેમોક્રેટિક યુથ ફેડરેશન ઓફ ઈન્ડિયા (DYFI) અને સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SFI) અને આદિવાસી અધિકાર રાષ્ટ્રીય મંચ (AARM) પણ આ માર્ચમાં મોટી સંખ્યામાં જોડાયા છે. ૧૯ જાન્યુઆરીએ લાંબી પદયાત્રા શરૂ કરીને, માર્ચ કરનારાઓ પાલઘર કલેક્ટરેટ પહોંચ્યા છે જ્યાં તેમને કલેક્ટરેટની અંદર ધરણા માટે પરવાનગી ન આપવામાં આવી હતી. નિરાશ થઈને તેઓએ બહાર અનિશ્ચિત સમય માટે વિરોધ પ્રદર્શન શરૂ કર્યા છે. આ કૂચનું નેતૃત્વ સીપીઆઈ (એમ) પોલિટ બ્યુરોના સભ્ય અને એઆઈકેએસના રાષ્ટ્રીય પ્રમુખ ડૉ. અશોક ધવલે, પોલિટ બ્યુરોના સભ્ય અને એઆઈડીડબલ્યુએના રાષ્ટ્રીય મહાસચિવ મરિયમ ધવલે, સેન્ટ્રલ કમિટીના સભ્ય, સ્ટેટ સેક્રેટરી અને એઆઈકેએસના રાષ્ટ્રીય સંયુક્ત સચિવ ડૉ.અજિત નાવલે, સેન્ટ્રલ કમિટીના સભ્ય અને સીઆઈટીયુના રાજ્ય સચિવ વિનોદ નિકોલ, દહાણુના બે ટર્મના ધારાસભ્ય, સ્ટેટ સેક્રેટરીએટ સભ્ય અને એએઆરએમના રાજ્ય સંયોજક કિરણ ગહલા અને અન્ય ઘણા લોકો કરી રહ્યા છે. બાદમાં સીપીઆઈ (એમ) પોલિટ બ્યુરોના સભ્ય અને એઆઈકેએસના રાષ્ટ્રીય મહાસચિવ વિજૂ કૃષ્ણન પણ કૂચમાં જોડાયા હતા.

પાલઘર પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, લગભગ ૩૦,૦૦૦ વિરોધીઓ લાંબી કૂચમાં જોડાયા હતા. તેમની માંગણીઓમાં વન અધિકાર કાયદાનો સંપૂર્ણ અમલ, પંચાયતોને અનુસૂચિત ક્ષેત્રોમાં વિસ્તરણ અધિનિયમ PESA, કામ પૂરૂં પાડવા માટે જળ જીવન મિશન યોજનાનું પુનર્જીવિતકરણ, સ્માર્ટ મીટર યોજના રદ કરવી, પાલઘર જિલ્લાની સરકારી સેવામાં બધી ખાલી જગ્યાઓ પર નિમણૂક કરવી, ઘરકુલ યોજનાના લાભો પૂરા પાડવા અને વઢવાણ અને મુર્બે બંદરોના વિકાસને રદ કરવાનો સમાવેશ થાય છે.

સીપીઆઈ (એમ)ના મહિલા પાંખના રાજ્ય સચિવ પ્રાચીહાટીવલેકરે જણાવ્યું હતું કે, "આ સંઘર્ષ વર્ષો જૂનો છે, બંધુઆ મજૂરીથી શરૂ કરીને હવે જમીન માલિકી ટ્રાન્સફરના લાંબા સમયથી પડતર મુદ્દા માટે છે. કેન્દ્ર સરકાર વન અધિકાર કાયદાને નબળા પાડવાનો પ્રયાસ કરી રહી છે."

મીડિયા અહેવાલો દર્શાવે છે કે, વિરોધીઓ સ્માર્ટ મીટર સામે પણ અવાજ ઉઠાવી રહ્યા છે. તેઓ ઈચ્છે છે કે સરકાર જૂના મીટર ફરીથી ઈન્સ્ટોલ કરે અને તેમના અધિકારીઓને સ્માર્ટ મીટર લાદવા ન દેવાની સૂચના આપે. મહારાષ્ટ્ર રાજ્ય વીજળી વિતરણ કંપની લિમિટેડ (MSEDCL)એ ૨૦૨૧માં સ્માર્ટ મીટર શરૂ કર્યા, જે આપમેળે રીઅલ-ટાઈમ વીજ વપરાશ રેકોર્ડ કરે છે અને વીજળી વિતરણ કંપનીને ડેટા મોકલે છે. જોકે, બિલમાં વધારો, ઈન્સ્ટોલેશન માટે સંમતિ ન હોવા અને ટેરિફ ફેરફારો વિશે જાગૃતિ ન હોવા માટે આ ઉપકરણની ટીકા કરવામાં આવી છે. આ વિરોધ આદિવાસી સમુદાયોમાં જમીન માલિકી, જિલ્લામાં મોટા માળખાકીય પ્રોજેક્ટ્સ અને મનરેગામાં ફેરફારો અંગે અસંતોષ દર્શાવે છે. બધા વિરોધીઓએ સર્વાનુમતે કહ્યું કે જ્યાં સુધી અમારા બધા કાગળો પર સ્ટેમ્પ નહીં લગાવવામાં આવે ત્યાં સુધી અમે ઘરે જઈશું નહીં.

# ભારત અને યુરોપ વચ્ચે ટૂંક સમયમાં એક ભવ્ય કરાર થશે : ટ્રમ્પની ટેરિફ ધમકીઓ વચ્ચે EU વડાનો દાવો

## યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને જણાવ્યું છે કે, ભારત-EU મુક્ત વેપાર કરાર તેના અંતિમ તબક્કામાં છે, આ કરાર EUને ભારત જેવા ઝડપથી વિકસતા બજારમાં વ્યૂહાત્મક લાભ આપશે, ટ્રમ્પ વહીવટીતંત્રની તાજેતરની નીતિઓ વચ્ચે બંને પક્ષો કરારને ઝડપથી અંતિમ સ્વરૂપ આપવા માંગે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને મંગળવારે જણાવ્યું હતું કે, યુરોપિયન યુનિયન અને ભારત વચ્ચે પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે. તેમના મતે આ કરાર ૨૭ સભ્યોના યુરોપિયન યુનિયનને ભારત જેવા ઝડપથી વિકસતા બજારમાં ફાયદો આપશે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે પ્રસ્તાવિત વેપાર કરાર અનિશ્ચિત છે. વધુમાં યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા EU પર વધુ ટેરિફ લાદવાની ધમકીઓ અને ઓગસ્ટ ૨૦૨૫થી ભારતીય માલ પર ૫૦ ટકા ડ્યુટી લાદવાની ચેતવણીઓએ વૈશ્વિક વેપાર વાતાવરણને વધુ જટિલ બનાવ્યું છે.

દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં તેમના ભાષણમાં ઉર્સુલા વોન ડેર લેયેને જાહેરાત કરી હતી કે, તેઓ દાવોસ પછી તરત જ ભારતની મુલાકાત લેશે. તેમણે કહ્યું કે, કેટલાક મુદ્દાઓ પર કામ કરવાનું બાકી છે પરંતુ અમે એક ઐતિહાસિક વેપાર કરારની ખૂબ નજીક છીએ. તેમના મતે આ કરાર લગભગ બે અબજ લોકોનું એક સામાન્ય બજાર બનાવશે અને વૈશ્વિક GDPના લગભગ એક ક્વાર્ટરને આવરી લેશે.

તેમણે કહ્યું કે, આ કરાર યુરોપને વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અને ગતિશીલ પ્રદેશો પૈકી એકમાં વ્યૂહાત્મક લાભ આપશે. અમેરિકાની સંરક્ષણવાદી વેપાર નીતિઓ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, યુરોપ આ સદીના 'વૃદ્ધિ કેન્દ્રો' સાથે વેપાર કરવા માંગે છે પછી ભલે તે લેટિન



અમેરિકા હોય કે ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર હોય. 'યુરોપ હંમેશા વિશ્વને પસંદ કરશે અને વિશ્વ યુરોપને પસંદ કરવા માટે તૈયાર છે.'

ઉર્સુલા વોન ડેર લેયન અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો લુઈસ સાન્તોસ દા કોસ્ટા આવતા અઠવાડિયે ભારતના પ્રજાસત્તાક દિવસના સમારોહમાં મુખ્ય મહેમાનો તરીકે હાજરી આપશે. બંને નેતાઓ ૨૭ જાન્યુઆરીએ ૧૬મા ભારત-EU સમિટનું સહ-અધ્યક્ષતાપદ પણ કરશે. ભારત સરકાર પણ આ કરાર અંગે આશાવાદી છે. ગયા અઠવાડિયે કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે ભારત-EU વેપાર કરારને 'બધા કરારોની માતા' ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ કરાર વ્યાપક હશે અને બંને પક્ષોના હિતો અને સંવેદનશીલતાઓને સંતુલિત કરશે. સરકાર ૨૬ જાન્યુઆરીની આસપાસ તેના પર હસ્તાક્ષર કરવાની આશા રાખે છે. ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેનો આ વેપાર કરાર વર્ષોથી વાટાઘાટો હેઠળ છે. તે ૨૦૦૭માં શરૂ થયો હતો પરંતુ ૨૦૧૩માં વાટાઘાટો અટકી ગઈ હતી. ત્યારબાદ જુલાઈ ૨૦૨૨માં વાટાઘાટો ફરી શરૂ થઈ હતી અને હવે બંને પક્ષો નક્કર પરિણામની નજીક પહોંચી ગયા છે. આ વાટાઘાટો તાજેતરના મહિનાઓમાં વધી છે કારણ કે, ટ્રમ્પ વહીવટીતંત્રે યુએસ વેપાર નીતિઓને વધુ સંરક્ષણવાદી દિશા આપી છે, જેના કારણે ઘણા દેશોને વૈકલ્પિક બજારો અને નવા વેપાર ભાગીદારો શોધવાની ફરજ પડી છે. આ કરારમાં ચીન વિશેની સામાન્ય ચિંતાઓ પણ એક મુખ્ય પરિબળ છે. ભારતીય ઉદ્યોગો, ખાસ કરીને સૌર ઉર્જા જેવા ક્ષેત્રોમાં ચીની ઉત્પાદનો તરફથી તીવ્ર ભાવ સ્પર્ધાનો સામનો કરી રહ્યા છે. EU મહત્વપૂર્ણ તકનીકોમાં ચીનના વધતા પ્રભુત્વ અંગે પણ ચિંતિત છે કારણ કે, આ તેની સપ્લાય ચેઈન અને વ્યૂહાત્મક સ્વાયત્તતા માટે જોખમ ઊભું કરી શકે છે. વેપાર હિતોની વાત કરીએ તો ભારત કાપડ, ફૂટવેર, રત્નો અને ઘરેણાં જેવા શ્રમ-સઘન ક્ષેત્રોમાં યુરોપિયન બજારમાં વધુ સારી પહોંચ ઈચ્છે છે. દરમિયાન EU ભારતીય બજારમાં તેના ઓટોમોબાઈલ અને પીણા ઉદ્યોગો માટે વધુ તકો પર નજર રાખી રહ્યું છે. વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે તાજેતરમાં જણાવ્યું હતું કે, બંને પક્ષો વચ્ચેની વાટાઘાટોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. અત્યાર સુધીમાં ૨૪માંથી ૨૦ પ્રકરણો પર સંમતિ થઈ ગઈ છે અને આ મહિનાના અંતમાં EU નેતાઓની ભારત મુલાકાત પહેલાં કરારને અંતિમ સ્વરૂપ આપવાનો ઉદ્દેશ્ય છે.

# કેરળની મહિલા પ્રભાવક શિમજીતા મુસ્તફાની દીપક નામના પુરૂષની આત્મહત્યા માટે જવાબદાર ગણવાના આરોપમાં ધરપકડ

## શિમજીતા મુસ્તફાએ એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે દીપક દ્વારા તેણીને હેરાન કરવામાં આવી હતી

(એજન્સી) તા.૨૨

કેરળમાં બસમાં ૪૨ વર્ષીય પુરૂષ પર જાતીય સતામણીનો આરોપ લગાવનાર ૩૫ વર્ષીય મહિલા પ્રભાવકની ધરપકડ કરવામાં આવી છે કારણ કે, આ પુરૂષે આત્મહત્યા કરી હતી. શિમજીતા મુસ્તફા અને દીપક ગયા અઠવાડિયે એક જ બસમાં મુસાફરી કરી રહ્યા હતા. પ્રભાવક મુસ્તફાએ એક વીડિયો રેકોર્ડ કર્યો હતો જેમાં જણાવ્યું હતું કે દીપક દ્વારા તેણીની જાતીય સતામણી કરવામાં આવી હતી અને પછી તેને તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર અપલોડ કરવામાં આવી હતી. આ વીડિયો વાયરલ થયો હતો અને તેને ૨૦ લાખથી વધુ વ્યૂઝ મળ્યા હતા. મુસ્તફાએ વીડિયોમાં કહ્યું હતું કે, ગઈકાલે, મેં એક જાહેર બસમાંથી એક વીડિયો શેર કર્યો હતો જેમાં એક પુરૂષે મારી સંમતિ વિના મને જાણી જોઈને સ્પર્શ કર્યો હતો. આ કોઈ અકસ્માત કે ગેરસમજ નહોતી. તે મારી જાતીય સીમાઓનું સ્પષ્ટ ઉલ્લંઘન હતું. મારી સામે એક મહિલાને અસ્વસ્થતા અનુભવતા મેં રેકોર્ડિંગ શરૂ કર્યું. રેકોર્ડિંગ થઈ રહ્યું છે તે જાણ્યા પછી પણ તે માણસે આગળ વધીને મને સ્પર્શ કર્યો. આ ઈરાદાપૂર્વકનું કૃત્ય, સહાનુભૂતિનો અભાવ અને કોઈ પરિણામ ભોગવવું નહીં પડે તેવી માન્યતા દર્શાવે છે. વીડિયો રેકોર્ડ થયાના બે દિવસ પછી રવિવારે, દીપકના માતા-પિતાને કોઝિકોડમાં તેમના ઘરે તેમના એકમાત્ર પુત્ર લટકતો મળી આવ્યો હતો. તેમણે કહ્યું કે, ૪૨ વર્ષીય તેમનો પુત્ર નિર્દોષ હતો અને ખૂબ જ અપમાનિત અનુભવતો હતો. વીડિયો વાયરલ થયા પછી તેણે બે દિવસ - શનિવાર, (તેના જન્મદિવસ સહિત) ખાધું પણ ન હતું. મારૂં બાળક આપમાં સહન કરી શક્યું નહીં. તેના પર ક્યારેય કોઈ ખોટા આરોપ મૂકવામાં આવ્યા નથી. મુસ્તફાએ વીડિયો ડિલીટ કરી નાખ્યો અને પછી પોતાનો બચાવ કરતી બીજી ક્લિપ અપલોડ કરી. આ વીડિયો પણ પાછળથી પ્રાઈવેટ કરવામાં આવ્યો હતો. સોમવારે પોલીસે આ પ્રભાવશાળી મહિલા સામે આત્મહત્યા માટે ઉશ્કેરણીનો કેસ નોંધ્યો હતો. કેરળ રાજ્ય માનવ અધિકાર પંચે પણ આ ઘટનાની પોલીસ તપાસનો આદેશ આપ્યો હતો અને ઉત્તર ઝોનના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ (ડીઆઈજી) ઓફ પોલીસને એક અઠવાડિયામાં રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

# જામિયા મિલિયા ઈસ્લામિયા : જાતિવાદી અપશબ્દો સાથે કર્મચારી પર હુમલો; શિક્ષક સામે FIR દાખલ કરવામાં આવી

## જામિયા મિલિયા ઈસ્લામિયા પોલિટેકનિકના એક શિક્ષક પર કારકુન પર હુમલો કરવાનો અને જાતિવાદી અપશબ્દોનો ઉપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે, આ વાયરલ વીડિયો અને કર્મચારીની ફરિયાદના આધારે દિલ્હી પોલીસે SC/ST એક્ટ અને BNS એક્ટ હેઠળ FIR નોંધી છે અને તપાસ શરૂ કરી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧

જામિયા મિલિયા ઈસ્લામિયા પોલિટેકનિકમાં કથિત હુમલો અને જાતિવાદી અપશબ્દોનો કેસ સામે આવ્યો છે. દિલ્હી પોલીસે તપાસ શરૂ કરી છે. સોશિયલ મીડિયા પર સામે આવેલા એક વીડિયો અને પીડિતાની ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે. આ ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે પોલિટેક્નિક ઈન્સ્ટિટ્યૂટના એક શિક્ષકે વર્ગખંડમાં એક વ્યક્તિ પર હુમલો કર્યો હતો.

દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, પોલિટેક્નિક ઈન્સ્ટિટ્યૂટના ઉચ્ચ વિભાગના ક્લાર્ક રામ ફૂલ મીણાની ફરિયાદના આધારે સિવિલ એન્જિનિયરિંગ વિભાગના એસોસિયેટ પ્રોફેસર રિયાઝુદ્દીન સામે કેસ નોંધવામાં આવ્યો છે. જામિયા નગર પોલીસ સ્ટેશનમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ની કલમ ૩(૧)(r) અને ભારતીય દંડ સંહિતા (BNS), ૨૦૨૩ની કલમ ૧૧૫(૨) હેઠળ FIR દાખલ કરવામાં આવી હતી.

મંગળવારે મોડી રાત્રે જારી કરાયેલા એક નિવેદનમાં દક્ષિણ-પૂર્વ દિલ્હીના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ હેમંત તિવારીએ જણાવ્યું હતું કે કલમ ૩(૧)(r) જાહેર સ્થળે અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના વ્યક્તિનું ઈરાદાપૂર્વક અપમાન અથવા અપમાન કરવા સાથે સંબંધિત છે, જ્યારે BNSની કલમ ૧૧૫ સ્વેચ્છાએ નુકસાન પહોંચાડવા સાથે સંબંધિત છે. પોલીસના જણાવ્યા અનુસાર ફરિયાદ ૧૯ જાન્યુઆરીએ દાખલ કરવામાં આવી હતી, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે પીડિત પર હુમલો કરવામાં આવ્યો હતો અને જાતિવાદી અપમાન કરવામાં આવ્યું હતું. આ કથિત ઘટના ૧૬ જાન્યુઆરીના રોજ બની હોવાનું જાણવા મળ્યું છે.

દિલ્હી પોલીસે એ પણ સ્પષ્ટતા કરી છે કે, ફરિયાદીએ બળજબરીથી ધર્મ પરિવર્તનનો કોઈ પ્રયાસ કર્યાનો આરોપ લગાવ્યો નથી. પોલીસના જણાવ્યા અનુસાર સોશિયલ મીડિયા પર અથવા કેટલાક અહેવાલોમાં ધર્મ પરિવર્તન સંબંધિત કોઈપણ દાવાઓ હકીકતમાં ખોટા અને પાયાવિહોણા છે. આ દરમિયાન, જામિયા મિલિયા ઈસ્લામિયાના સત્તાવાર પ્રવક્તાએ સમાચાર એજન્સી પીટીઆઈને જણાવ્યું હતું કે યુનિવર્સિટીને હજુ સુધી તેના કોઈપણ કર્મચારી તરફથી કોઈપણ શારીરિક ઝઘડા અથવા જાતિ આધારિત ઘટના અંગે કોઈ ઔપચારિક ફરિયાદ મળી નથી. પોલીસે કહ્યું છે કે આ મામલાની તપાસ ચાલુ છે અને તથ્યોના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# સોનાનો ભાવ રૂા.૧.૬૦ લાખ/૧૦ ગ્રામની નજીક; વૈશ્વિક ખરીદીમાં વધારા સાથે ચાંદીનો ભાવ રૂા.૩.૩૪ લાખ/કિલોગ્રામના રેકોર્ડ સ્તરે

## મંગળવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાએ પ્રથમ વખત રૂા.૧.૫ લાખ-પ્રતિ-૧૦ ગ્રામનો મહત્વપૂર્ણ સીમાચિહ્ન પાર કર્યો છે

(એજન્સી) તા.૨૧

સોના અને ચાંદીમાં તેજી આગળ વધી રહી છે અને બુધવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ રૂા.૧.૬૦ લાખ પ્રતિ ૧૦ ગ્રામની નજીક નવી ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ચાંદીએ રૂા.૩.૩૪ લાખ પ્રતિ કિલોગ્રામની નવી ટોચ પર પહોંચી હતી. ઓલ ઈન્ડિયા સરાફ એસોસિએશનના જણાવ્યા અનુસાર ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતી કિંમતી ધાતુ સોનું ૬,૫૦૦ રૂપિયા અથવા ૪.૨૪ ટકા વધીને ૧,૫૯,૭૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ (બધા કર સહિત) થઈ ગયું છે. રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાએ પહેલી વાર ૧૦ ગ્રામ દીઠ ૧.૫ લાખ રૂપિયાનો મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન પાર કર્યો. ચાંદીના ભાવમાં પણ સતત નવમા દિવસે તેજી ચાલુ રહી અને સ્થાનિક બુલિયન બજારમાં નવો રેકોર્ડ બનાવ્યો છે. બુધવારે ચાંદી ૧૧,૩૦૦ રૂપિયા વધીને ૩,૩૪,૩૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ (બધા કર સહિત) થઈ ગઈ છે. પાછલા બજાર સત્રમાં આ ધાતુ ૨૦,૪૦૦ રૂપિયા વધીને ૩,૨૩,૦૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર બંધ થઈ હતી. HDFC સિક્યોરિટીઝના સિનિયર એનાલિસ્ટ - કોમોડિટીઝ સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે, બુધવારે સોના અને ચાંદીના ભાવ નવા રેકોર્ડ સ્તરે પહોંચ્યા છે, જેમાં સોના અને ચાંદીના ભાવમાં રેકોર્ડબ્રેક તેજી જોવા મળી છે, જે સતત સલામત માંગ અને સોના અને ચાંદી સમર્થિત એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સમાં પ્રવાહને કારણે પ્રેરિત હતી. પુરવઠાની સ્થિતિ, મજબૂત રોકાણની માંગ અને નબળા રૂપિયાને કારણે આંતરરાષ્ટ્રીય ભાવોની તુલનામાં સ્થાનિક બજારમાં બંને ધાતુઓનો વેપાર નોંધપાત્ર પ્રીમિયમ પર થયો હતો. આ પરિબળોને કારણે વૈશ્વિક બેન્ચમાર્કની તુલનામાં સ્થાનિક ભાવ ઊંચા રહ્યા છે. ટ્રેડિંગ પ્લેટફોર્મ FOREX.com અનુસાર આંતરરાષ્ટ્રીય બજારોમાં સોનાનો ભાવ પહેલીવાર USD ૪,૮૦૦ પ્રતિ ઔંસ સ્તરને પાર કરી ગયો છે, જેમાં હાજર ભાવ USD ૧૨૪.૯૭ અથવા ૨.૬૨ ટકા વધીને USD ૪,૮૮૮.૪૬ પ્રતિ ઔંસ થયા છે. ગ્રીનલેન્ડ પર યુએસ અને યુરોપિયન યુનિયન વચ્ચે વધતા તણાવ અને રાજકોષીય અને ફુગાવાની ચિંતાઓને લીધે વૈશ્વિક ઉપજમાં વધારો થવાને કારણે વૈશ્વિક બજારોમાં સ્પોટ ગોલ્ડ ૨ ટકાથી વધુ વધ્યો છે. વિદેશી વેપારમાં સ્પોટ સિલ્વર મજબૂત રીતે ટ્રેડ થઈ રહ્યો હતો, બુધવારે ભાવ ૦.૩૩ ટકા વધીને USD ૯૪.૯૧ પ્રતિ ઔંસ થયા હતા, જે અગાઉના સત્રમાં USD ૯૫.૮૯ પ્રતિ ઔંસના રેકોર્ડને સ્પર્શ્યા હતા. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, બુલિયનના ભાવમાં તેજી ચાલુ ભૂરાજકીય વિક્ષેપો અને આર્થિક અવરોધોને કારણે છે, જે સલામત સંપત્તિની માંગને દર્શાવે છે. રોકાણકારો ટેરિફ ધમકી પ્રત્યે યુરોપના પ્રતિભાવ તેમજ દાવોસના વિકાસ પર નજર રાખી રહ્યા છે, જ્યાં ટ્રમ્પ વૈશ્વિક નેતાઓ સાથે આ મુદ્દા પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે. નાટો સાથીઓ પ્રત્યે અમેરિકાના વલણથી વૈશ્વિક બજારો અસ્વસ્થ થઈ રહ્યા છે. વધતા જતાં ભૂરાજકીય જોખમ અને મેક્રો અનિશ્ચિતતાની વચ્ચે, સોનાની માંગમાં તીવ્ર વધારો થયો છે, અને આ કિંમતો પ્રતિ ઔંસ ૫૦૦૦ ડોલર સુધી વધવાની શક્યતા છે.

# શ્રાવસ્તિના મદ્રેસાને ૨૪ કલાકમાં ફરીથી ખોલવાનો અલ્હાબાદ હાઈકોર્ટનો આદેશ, યુપીમાં યોગી સરકારની મોટી પીછેહટ

(એજન્સી) લખનૌ, તા.૨૧

ઉત્તરપ્રદેશના શ્રાવસ્તિ જિલ્લામાં આવેલા મદ્રેસા અહ-લે-સુન્નત ઈમામ અહેમદ રજાને ૨૪ કલાકમાં ફરીથી ખોલી નાખવાનો અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. હાઈકોર્ટના આ હુકમને ઉત્તરપ્રદેશમાં યોગી આદિત્યનાથના વડપણ હેઠળથી સરકાર માટે મોટી પીછેહઠ માનવામાં આવે છે. આ મદ્રેસાને રાજ્ય સરકાર દ્વારા સીલ મારી દેવામાં આવ્યો હતો. પરંતુ તેને ૨૪ કલાકમાં ખોલી નાખવાની સૂચના અદાલતે આપી છે. ગત તારીખ પહેલી મે ૨૦૨૫ના રોજ જિલ્લા લઘુમતી કલ્યાણ અધિકારી દ્વારા મદ્રેસાને સીલ મારવામાં આવ્યા હતા અને કારણ એવું અપાયું હતું કે સત્તાવાર રીતે તેને માન્યતા અપાયેલી નથી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની નીતિઓ મદ્રેસા શિક્ષણની વિરૂદ્ધમાં જ રહી હોવાથી રાજ્યના અનેક મદ્રેસા બંધ કરી દેવામાં આવ્યા છે અને આ મદ્રેસા પણ તેમાંનો એક હતો. જસ્ટિસ સુભાષ વિદ્યાર્થીએ મદ્રેસા ખોલવાનો આદેશ આપતા ચુકાદામાં જણાવ્યું હતું કે આવા મદ્રેસાઓને કોઈ સરકારી ગ્રાન્ટ મળવાને પાત્ર રહેતી નથી અને તેમના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાઓમાં હાજર રહેવા દેવા માટે મદ્રેસા શિક્ષણ બોર્ડને ફરજ પણ પાડવામાં આવશે નહીં. આવા મદ્રેસાઓમાંથી મેળવવામાં આવતી ડિગ્રી કે કે લાયકાત રાજ્ય સરકારની કોઈપણ યોજનાઓના લાભ અપાવી શકશે નહીં એટલે હવે રાજ્ય સરકારે સ્થાપિત કરેલા નીતિ નિયમો અને પરિમાણોને અમલમાં મુકવાની જવાબદારી મદ્રેસા મેનેજમેન્ટની રહેશે અને નિયમોનું પાલન કરીને વિદ્યાર્થીઓનું ભવિષ્ય ન બગડે એ માટે સરકાર પાસેથી માન્યતા મેળવી લેવાની રહેશે. રાજ્ય સરકાર તરફથી એવી દલીલ થઈ હતી કે અમન્ય મદ્રેસાઓ ચાલુ રાખવાથી ભવિષ્યમાં વિદ્યાર્થીઓ માટે સમસ્યાઓ ઊભી થઈ શકે છે પરંતુ અદાલતે રાજ્ય સરકારની દલીલ નકારી કાઢી હતી અને ૨૪ કલાકમાં મદ્રેસાનું સીલ ખોલી નાખવાનો આદેશ આપ્યો હતો. અદાલતનો આદેશ યોગી સરકાર માટે ખૂબ જ મોટી પીછેહઠ ગણવામાં આવે છે કેમકે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ મદ્રેસા શિક્ષણના જબરા વિરોધી રહ્યા છે અને એમની નીતિઓને કારણે જ અનેક મદ્રેસા રાજ્યમાં બંધ કરી દેવામાં આવ્યા છે. રાજ્ય સરકાર હંમેશા મદ્રેસા બંધ કરવા માટે એવી દલીલ કરતી આવી છે કે તેમાં અભ્યાસ કરતા બાળકો રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થઈ જાય છે એટલે મદ્રેસાનું શિક્ષણ ચાલુ રહેવું ન જોઈએ. મુખ્યમંત્રી આવા અનેક નિવેદન કર્યા છે અને આવા દાવાઓને આધારે ૨૦૨૫માં આવા અનેક મદ્રેસાને સીલ મારી દેવામાં આવ્યા છે અને જાહેરમાં કારણો એવો અપાય છે કે એમણે માન્યતા મેળવી નથી. હવે અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા શ્રાવસ્તી મદ્રેસાને ખોલવાનો આદેશ અપાયો છે એટલે મદ્રેસા શિક્ષણ તરફ રાજ્ય સરકારનો જે અભિગમ રહ્યો છે તે પણ પ્રકાશમાં આવી ગયો છે. ચુકાદાથી રાજ્ય સરકાર સ્તબ્ધ બની છે એટલે કોઈ પ્રતિક્રિયા હજુ સુધી આપી નથી અને આ અંગે હજુ મૌન છે. જમિયત ઉલેમા-એ-હિન્દ દ્વારા હાઈકોર્ટના ચુકાદાને વ્યાપક આવકાર આપવામાં આવ્યો છે. સંસ્થાના પ્રમુખ મૌલાના મહેમુદ મદનીએ જણાવ્યું હતું કે આ ચુકાદો અમારા માટે મોટા વિજય સમાન છે અને હું તેને આવકાર આપું છું. હાઈકોર્ટના ચુકાદાથી મઝહબી મદ્રેસા અને મક્કમને બંધ કરાવી રહેલા સરકારના અધિકારીઓ અને સરકારને એક સ્પષ્ટ સંદેશો મળી ગયો છે કેમકે સરકાર અને તેના અધિકારીઓ આવી ધાર્મિક સંસ્થાઓને બંધ કરવાની કામગીરીને એક સિદ્ધિ ગણાવતા રહ્યા છે. પરંતુ એમની આ કાર્યવાહી ગેર બંધારણીય તો છે જ પરંતુ સમાજ માટે મુશ્કેલી ઊભી કરે છે અને આવા જ ગેર બંધારણીય કામને કારણે હવે રાજ્ય સરકાર અને તેનું તંત્ર મૂંઝવણમાં મુકાઈ ગયા છે.

# ઠાકરે ભાઈઓના પુનઃમિલનના એક મહિના પછી, રાજ ઠાકરેના પક્ષે કલ્યાણ મ્યુ.કોર્પોરેશનમાં શિંદેસેનાને ટેકો આપ્યો

(એજન્સી) તા.૨૧

એક આશ્ચર્યજનક પગલામાં, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના કલ્યાણ ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના નવા ચૂંટાયેલા કોર્પોરેટરો સાથે જોડાણ કરવાની યોજના બનાવી રહી છે. રાજ ઠાકરેએ તેમના પિતરાઈ ભાઈ અને શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરે સાથે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની ચૂંટણી સાથે લડ્યાના થોડા સમય પછી આ સંબંધો તોડી નાખ્યા છે. BMC ચૂંટણીમાં ભાજપ અને શિંદેસેનાના ગઠબંધને જોરદાર પ્રદર્શન કર્યું હતું, પરંતુ બંને સાથી પક્ષો મેયર પદ માટે ખેંચતાણમાં છે.

કલ્યાણ ડોંબિવલી ચૂંટણીમાં, શિવસેના અને ભાજપે અનુક્રમે ૫૩ અને ૫૦ બેઠકો જીતી છે. આ ૬૨ના બહુમતી આંકડા કરતાં ઘણી ઓછા છે, પરંતુ બંને સાથી પક્ષોએ મેયર પદનો દાવો કર્યો હોવાનું જાણવા મળે છે. અહીં પાંચ મનસે કોર્પોરેટરો છે. જો શિંદેસેના આ પાંચ કોર્પોરેટરો સાથે ગઠબંધન કરે છે, તો આ આંકડો ૫૮ થઈ જાય છે, જે બહુમતીથી ચાર ઓછા છે. શિવસેનાના નેતાઓ શ્રીકાંત શિંદે (જે એકનાથ શિંદેના પુત્ર છે) અને નરેશ મ્હસ્કે અને મનસે નેતા રાજુ પાટીલ વચ્ચેની બેઠકથી ચર્ચા શરૂ થઈ છે. મ્હસ્કેએ એ દાવાઓને નકારી કાઢ્યા હતા કે આ રાજકીય પુનર્ગઠન મહાયુતિમાં વિભાજન તરફ ઈશારો કરે છે. તેમણે કહ્યું કે, અમે કલ્યાણ ડોમ્બિવલી મ્યુનિસિપલ ચૂંટણી શિવસેના-ભાજપ મહાયુતિ તરીકે લડ્યા હતા અને અમે મહાયુતિ તરીકે સત્તા સંભાળીશું.

MNS સાથે ગઠબંધનની જરૂરિયાત વિશે પૂછવામાં આવતા, તેમણે જવાબ આપ્યો કે, 'જો બધા વિકાસ માટે સાથે આવી રહ્યા છે, તો અમે તેમનું સ્વાગત કરીશું. MNS એ કોઈ AIMIM નથી. આ શહેર સ્તરે વિકાસની રાજનીતિ છે. જો તેઓ અમારી સાથે આવવા માંગે છે, તો અમે તેમનું સ્વાગત કરીશું.

૧૦૭ વોર્ડવાળી કલ્યાણ ડોંબિવલી ચૂંટણીમાં, ભાજપે ૫૦, શિંદેસેનાએ ૫૩, મનસેએ પાંચ, શિવસેના (યુબીટી)એ ૧૧, એનસીપી (એસપી)એ એક અને કોંગ્રેસે બે બેઠકો જીતી હતી. મનસેના નેતા રાજુ પાટીલે જણાવ્યું હતું કે પાર્ટીનો નિર્ણય નાગરિક સંસ્થામાં 'સ્થિરતા' સુનિશ્ચિત કરવાનો છે. ભાજપ અને શિવસેના સાથે લડી રહ્યા છે. તેથી તેમને ટેકો આપીને, અમે તેમની સાથે ચાલી રહ્યા છીએ. જો આ વ્યવસ્થા સફળ થાય તો એક સામાન્ય લઘુત્તમ કાર્યક્રમ તૈયાર કરવામાં આવશે. પાટીલે કહ્યું કે મનસેના વડા રાજ ઠાકરેએ સ્થાનિક નેતૃત્વને પ્રાદેશિક રાજકીય વાસ્તવિકતાઓના આધારે સ્વતંત્ર નિર્ણયો લેવાની સત્તા આપી છે.

પાટીલે જણાવ્યું હતું કે મનસે 'હોદ્દાઓ માટે સોદાબાજી' કરી રહી નથી. તેના બદલે, પાર્ટી સતત 'ટગ-ઓફ-વોર'ને સમાપ્ત કરવાનો પ્રયાસ કરે છે. શિંદે જૂથને ટેકો આપીને, MNS એક કાર્યાત્મક વહીવટ બનાવવાનો હેતુ ધરાવે છે જે સ્થાનિક સરકારની અખંડિતતાનું રક્ષણ કરશે.

શ્રીકાંત શિંદેએ MNSના સમર્થનને 'સ્થિરતા અને વિકાસ' માટેનો વિજય પણ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, રાજુ પાટિલ મારા નજીકના મિત્ર છે, અને આ સમર્થન કલ્યાણ-ડોમ્બિવલીની પ્રગતિ માટે છે. મેયર અને ડેપ્યુટી મેયર પદ એકનાથ શિંદેજી અને ભાજપ નેતૃત્વ દ્વારા નક્કી કરવામાં આવશે, અને આ સ્થિર વહીવટ સુનિશ્ચિત કરશે.

શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉતે આ ઘટનાક્રમ પર કડક પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, જેઓ મહારાષ્ટ્ર સાથે દગો કરે છે તેઓ દેશદ્રોહી છે, અને જેઓ તેમની સાથે જાય છે તેઓ પણ આ જ વર્ણનને પાત્ર છે. ફક્ત એટલા માટે કે કોઈને સત્તા મળી નથી કે કંઈ મળ્યું નથી, તેના માટે આ રીતે અપ્રમાણિક વર્તન કરવાથી મહારાષ્ટ્ર તેઓને માફ નહીં કરે. તમારી પાસે વ્યક્તિગત કારણો હોઈ શકે છે, પરંતુ તે વ્યક્તિગત રહેવા જોઈએ. કલ્યાણ-ડોંબિવલી મુદ્દાથી ઉદ્ધવ ઠાકરે ગુસ્સે છે. તેમણે કહ્યું કે તેમણે રાજ સાહેબ સાથે વાત કરી છે, જેમણે નિર્દેશ કર્યો હતો કે જે લોકો આ રીતે પક્ષ બદલે છે તેઓ રાજકીય મનોરોગી છે. રાઉતે કહ્યું કે મનસે નેતૃત્વએ વલણ અપનાવવું જોઈએ. શિવસેના અને મનસે સાથે છે. તેઓએ સાથે મળીને ચૂંટણી લડી હતી. આવા સમયે, જો કોઈ પ્રતીક પર ચૂંટાય છે અને પછી તેનો દગો કરે છે, તો પક્ષ અને તેના નેતૃત્વએ વલણ અપનાવવું જોઈએ.

### SIR ઝુંબેશના વિવાદ બાદ હવે ફોર્મ નં.-૭નું કમઠાણ !

# રાજ્યમાં ભાજપ દ્વારા ચૂંટણી પંચના મેળાપીપણામાં મતદાન અધિકાર છીનવાનું કાવતરૂં : લાખો ફોર્મ જમા

## આવા ફોર્મની વિગતો જાહેર નહીં કરાય તો આંદોલન, સુપ્રીમમાં જવાની પણ કોંગ્રેસની ચીમકી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં SIR ઝૂંબેશ અંતર્ગત ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ થયા બાદ સુધારા-વધારા વગેરે માટેની અંતિમ તારીખ પૂર્ણ થતાં જ વધુ એક વિવાદ બિહાર આવ્યો છે. અંતિમ તા.૧૮ જાન્યુ. સુધીમાં મતદારોના નામ કરવા ફોર્મ નં.-૭ને લઇ કમઠાણ શરૂ થયું છે. ગુજરાત કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે, SIR કામગીરીમાં ફોર્મ ૭નો દુરુપયોગ કરવામાં આવ્યો છે. એક સંગઠિત પ્લાનિંગ સાથે ભાજપ ચૂંટણીપંચના મેળાપીપણા મતનો અધિકાર ખતમ કરવા માંગતો હોય તેમ લાખો ખોટા ફોર્મ ભરવામાં આવ્યા છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું કે, આવતીકાલ સુધી ચૂંટણીપંચ વાંધા અરજી આપનારની વિગતો રજૂ નહીં કરે તો કોંગ્રેસ રાજ્યભરમાં આંદોલન કરશે. મતદારોને સાથે લઈ તમામ કલેક્ટર કચેરીનો ઘેરાવ કરશે. તેમ છતાં યોગ્ય પગલા નહીં લેવાય તો સુપ્રીમ કોર્ટમાં જઈશું. તેવી ચીમકી પણ તેમણે ઉચ્ચારી છે.

પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, લોકોના કિંમતી મતનો અધિકાર છીનવવાનો પ્રયાસ ભાજપ સરકાર કરી રહી છે. જે ઓર્ગેનાઇઝ છે એટલે કે જે નેક્સેસ ચાલતું હતું એ વોટચોરીના મુદ્દે રાહુલ ગાંધીએ પહેલી વખત ઓગસ્ટ ૨૦૨૫માં ખુલ્લું પાડ્યું. SIRથી ગુજરાતમાં પણ નવેમ્બર ૨૦૨૫થી આવી શરૂઆત થઈ અને ચૂંટણીપંચે ખૂબ ઢોલ વગાડીને કીધું કે મતદાર યાદી શુદ્ધ બનાવી રહ્યા છીએ. એક પણ ખોટો મતદાર નહીં હોય કોઈનો પણ મતનો અધિકાર નહીં છીનવવામાં આવે. અમે ઘરે ઘરે જઈને ડોર ટુ ડોર જઈને કામગીરી કરી રહ્યા છીએ તેવો દાવો કરવામાં આવ્યો હતો. લોકોના મતના અધિકારની રક્ષા માટે અને BLOની પ્રક્રિયામાં મહેનત કરી. BLOને સરકારી તંત્ર અને ચૂંટણી પંચ દ્વારા જ માનસિક ત્રાસ આપવામાં આવે છે. જેને લઇને BLO જિંદગી ટૂંકાવી આત્મહત્યા કરે છે. તેવી સ્થિતિ બાદ હવે ફોર્મ નં.-૭નું કમઠાણ જાહેર થયું છે. જેમાં ૧૯ ડિસેમ્બરે મતદાર યાદી જાહેર કરવામાં આવી હતી એમાં જોગવાઈ છે કે કોઈને વિરોધ હોય તો ફોર્મ નંબર ૭ ભરી શકે છે. કોઈના નામ રહી ગયા હોય તો ફોર્મ નંબર ૬ ભરી શકે છે અને કોઈ સુધારો કરવો હોય તો તે અન્ય ફોર્મ ભરી શકે છે. ફોર્મ નંબર ૭ એટલે કે મતદાર યાદીમાં જેનું નામ હોય એની સામે કોઈને પણ વાંધો હોય તો અરજદાર પૂરતા પુરાવા સાથે ફોર્મ નંબર ૭ સાથે વાંધો આપી શકે છે.

તેમણે ઉમેર્યું કે, કચેરીના CCTV જોઈએ તો પણ ખબર પડે કે કોણ અને કેટલા ફોર્મ લઈને આવ્યા છે. જેથી ચૂંટણી અધિકારીને પત્ર લખવામાં આવ્યો છે કે નામ કમી કરવા માટે કાવતરું રચવામાં આવ્યું છે. રાજકીય પાર્ટીના આગેવાન અને અધિકારીઓ આમાં સંડોવાયેલા છે. ફોર્મનો સ્વીકાર કરી હજારો સંખ્યામાં ફોર્મ નંબર ૭ ભરાયા છે. અમે માહિતી માંગી તો અમને વિગતો આપવામાં આવી નહીં. જેથી ચૂંટણી પંચ પણ આ કાવતરામાં સંડોવાયેલું છે. ભાજપના નેતાઓ ફોર્મ ભરવા માટે આવે છે અને કચેરીમાં જમા કરાવે છે. ત્યારે ખોટું કરવાવાળા સામે પગલાં લઈ અમને માહિતી આપવો જોઈએ તેવી અમે માંગ કરી છે. પરંતુ કોઈ માહિતી રાજકીય પક્ષોને આપવામાં આવતી નથી. પબ્લિક ડોમેઇન પણ મૂકવામાં આવી નથી. ૧૮ તારીખ સુધીમાં ૧૦ લાખ કરતા વધારે ફોર્મ નંબર ૭ કચેરીમાં જમા થઈ ગયા છે. જે દરમિયાન કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના એક BLOએ કહ્યું હતું કે મારા બુથ નંબર ભાગ નંબર ૨૫૩ના ૮૮ જેટલા ફોર્મ નંબર ૭ આવ્યા છે. રાત દિવસ મહેનત કરી છે અને કોઈ ષડયંત્રના ભાગરૂપે આવી રીતે ફોર્મ નંબર ૭ ભરી અને લોકશાહીમાં જે જનતાને મતનો અધિકાર મળ્યો છે તેને છીનવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

FIRની માંગ સાથે અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ખાસ કરીને લોક પ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ મુજબ કોઈ અધિકારી કર્મચારી આ પ્રક્રિયા દરમિયાન ખોટુ કરે તો તેની સામે પણ કાર્યવાહીની જોગવાઈ છે. ખોટી માહિતી આપે અને આ ફોર્મ-૭ ભરાયું છે. જો તમે ખોટો વાયદો ખોટી માહિતી આપો કે ખોટો એકરાર કરો તો FIR થાય છે. જેમાં એક વર્ષ સુધીની સજા અને દંડની જોગવાઈ છે. જેથી ફરિયાદ કરવા માટે એક પ્રમાણિક BLOએ ચૂંટણી અધિકારીને મોકલી છે. જુદા જુદા ફોર્મની અમે ચકાસણી કરી તો સામે આવ્યું કે મતદાનની વિગતો કમ્પ્યૂટરના આધારે લખવામાં આવી છે. તમામ ફોર્મમાં મતદારની માહિતી લખેલું ફોર્મ એક સમાન જોવા મળી રહ્યું છે. ફોર્મ નંબર ૭માં મોબાઇલ નંબર પણ ખોટા લખવામાં આવ્યા છે.

ખોટી રીતે ફોર્મ ભરીને કોઈના નામ કમી ન થાય તે માટે ગુજરાતમાં દરેક બૂથમાં જેટલા પણ ફોર્મ નંબર ૭ અને ૬ આવ્યા છે, તેની માહિતી રાજકીય પક્ષને આપો અને તેને પબ્લિક ડોમેઇન પર મૂકવામાં આવે તેમજ જો ખોટું કર્યું છે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવે તેવી અમારી માંગ છે. કઈ તારીખે ક્યા વ્યક્તિ દ્વારા ફોર્મ આપવામાં આવ્યા છે તેના CCTV વીડિયો પણ જાહેર કરવામાં આવે.

કલેક્ટર કચેરીનો ઘેરાવ કરવાની ચીમકી સાથે અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ખોટા વાંધાની ચકાસણી કરીને તપાસ થાય તો તેમના મત કપાતા અટકી જાય, જો પુરાવા હોય તો BLOને ચોક્કસ નોટિસ આપીને અને ખોટો મતદાર હોય તો તે રદ કરો તેનો અમને કોઈ વાંધો નથી. અરજદાર પુરાવા ન આપે તો કાયદાની જોગવાઈ મુજબ ચૂંટણી અધિકારીઓએ ફરિયાદ નોંધવી જોઈએ. જેથી કરીને ષડયંત્ર કરવાનો કોઈ પ્રયાસ ન કરે તેવી અમારી માંગણી છે.

ગુજરાતમાં ભાજપના નેતાઓ તમારા વોટના અધિકારને છીનવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જેથી તમામ લોકો ૩૦ તારીખ પહેલા મતદાન મથક પર જઈને મતદારયાદી ચેક કરી લેજો. જો એક દિવસમાં કાર્યવાહી નહીં થાય તો કલેક્ટર કચેરીએ, તાલુકા પંચાયતમાં જઈને ધરણા પ્રદર્શન કરીશું. તેમજ ચૂંટણી પંચ અને સુપ્રીમ કોર્ટમાં જઈને એક પણ વોટ રદ થવા નહીં દઈએ. તેવી ચીમકી પણ તેમણે ઉચ્ચારી હતી.

### ભાજપ સરકારના રાજમાં પક્ષના જ નેતાઓની ગુનાહિત પ્રવૃત્તિઓ જારી

# રૂા.૧૨૩ કરોડના ચર્ચાસ્પદ એવા 'નલ સે જલ' કૌભાંડમાં ભાજપના વધુ એક નેતાની ધરપકડ

## ભાજપના કુલ ત્રણ નેતા પોલીસ સકંજામાં : રૂા.૧.૭૬ કરોડની રિકવરી બાકી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં ભાજપ સરકારના રાજમાં તેમના જ પક્ષના નેતાઓ-અગ્રણીઓ વિવિધ પ્રકારના કૌભાંડ તથા ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ હોવાના બનાવો વારંવાર બની રહ્યા છે. જેમાં હવે વધુ એક નેતાની સંડોવણી બહાર આવતાં રાજકારણ ગરમાયું છે.

મહિસાગર જિલ્લામાં ગાજેલા કરોડો રૂપિયાના 'નલ સે જલ' યોજનાના કૌભાંડમાં CID ક્રાઈમે સપાટો બોલાવતા વધુ એક રાજકીય માથું ઝડપાયું છે. વડોદરા શહેર અનુસૂચિત જાતિ (SC) મોરચાના પ્રભારી અને મહિસાગર ભાજપના પાયાના કાર્યકર મુકેશ શ્રીમાળીની ધરપકડ કરવામાં આવી છે. આ સાથે જ આ કૌભાંડમાં અત્યાર સુધીમાં ભાજપ સાથે જોડાયેલા કુલ ત્રણ નેતાઓ પોલીસના સકંજામાં આવ્યા છે. તપાસનીશ એજન્સીના જણાવ્યા અનુસાર, મુકેશ શ્રીમાળી પાસેથી સરકારને કુલ રૂા.૧,૭૬,૯૭,૧૬૯.૨૫ની રકમ રિકવર કરવાની બાકી નીકળે છે. અગાઉ આ જ કેસમાં જિલ્લા યુવા મોરચાના પ્રમુખ ચિરાગ પટેલ અને ખાનપુર તાલુકાના પૂર્વ મહામંત્રી ડી.પી. માલીવાડની પણ ધરપકડ કરવામાં આવી હતી. રાજકીય ઓથ હેઠળ આચરવામાં આવેલા આ કૌભાંડમાં એક પછી એક નેતાઓના નામ ખૂલતા ખળભળાટ મચી ગયો છે. વાસ્મો (WASMO) યુનિટ મેનેજર ગિરીશ અગોલાએ ૨૨ જૂને વડોદરા CID ક્રાઈમમાં નોંધાવેલી ફરિયાદ બાદ તપાસનો ધમધમાટ તેજ બન્યો છે. તત્કાલીન ૧૨ કર્મચારીઓ પૈકી ૪ અને ફરિયાદમાં નામ ન હોય તેવા અન્ય ૪ મળી કુલ ૮ કર્મચારીઓની ધરપકડ કરાઈ છે. જ્યારે કુલ ૧૧૧ ઈજારદારોમાંથી અત્યાર સુધીમાં ૧૫ કોન્ટ્રાક્ટરોની ધરપકડ કરી છે. ૨૦ આરોપીઓએ આગોતરા જામીન માંગ્યા હતા, જેમાંથી કોર્ટે ૧૮ની અરજી ફગાવી દીધી છે, જ્યારે ૨ને હાઈકોર્ટે શરતી જામીન આપ્યા છે. આ સમગ્ર કેસમાં એક ચર્ચાએ જોર પકડ્યું છે કે તંત્ર દ્વારા નાની રકમની ગેરરીતિ કરનારા કોન્ટ્રાક્ટરોને ઝડપી લેવામાં આવ્યા છે, પરંતુ કરોડો રૂપિયાની રિકવરી જેમની પાસે બાકી છે તેવા 'મોટા' કોન્ટ્રાક્ટરો હજુ પણ પોલીસ પકડથી દૂર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મહિસાગર જિલ્લાના કુલ ૭૧૪ ગામોમાંથી ૬૨૦ ગામોમાં આ યોજના હેઠળ ગેરરીતિ થઈ હોવાની વિગતો સપાટી પર આવી છે. કૌભાંડીઓએ સરકારી નાણાંનો અંગત સ્વાર્થ માટે ઉપયોગ કરી લીધો, પરંતુ પાયાનો પ્રશ્ન એ છે કે ગ્રામીણ જનતાને ઘરે-ઘરે પીવાનું પાણી ક્યારે મળશે ? સરકાર આ કૌભાંડીઓ પાસેથી નાણાં વસૂલ કરી નવી કામગીરી ક્યારે શરૂ કરશે તેવી લાગણીને માગણી વિસ્તારના લોકોમાં ઉઠી રહી છે.

# 'આરોપીના વિદેશ જવાના અધિકાર પર નિર્ણય લેવાની સત્તા પાસપોર્ટ અધિકારીઓને નથી' : હાઈકોર્ટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૧

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં પાસપોર્ટ ઈશ્યુ કરવાના મામલે એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી પેન્ડિંગ હોય, તો તે વ્યક્તિને વિદેશ પ્રવાસનો અધિકાર છે કે નહીં તે નક્કી કરવાની સત્તા પાસપોર્ટ સત્તાવાળાઓ પાસે નથી. અદાલતે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ સત્તા માત્ર ટ્રાયલ કોર્ટ (નિચલી અદાલત) પાસે છે, જે વિદેશ પ્રવાસની મંજૂરી આપતી વખતે જરૂરી શરતો લાદી શકે છે.

આ કેસની વિગતો મુજબ, એક અરજદારે હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા કારણ કે તેની સામે આઈપીસીની કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬ અને ૧૧૪ હેઠળ એફઆઈઆર નોંધાયેલી હતી. આ મામલે તપાસ અધિકારીએ 'બી-સમરી' રિપોર્ટ (ગુનો ન બન્યો હોવાનો અહેવાલ) ફાઈલ કર્યો હતો, જેને મેજિસ્ટ્રેટ કોર્ટે સ્વીકારી લીધો હતો. જોકે, આ નિર્ણયને સેશન્સ કોર્ટમાં પડકારવામાં આવતા રિવિઝન અરજી મંજૂર કરવામાં આવી હતી. હાલમાં આ મામલો હાઈકોર્ટ સમક્ષ પેન્ડિંગ છે. આ દરમિયાન, અરજદારે પાસપોર્ટ માટે અરજી કરી હતી, પરંતુ પ્રાદેશિક પાસપોર્ટ અધિકારીના વકીલે દલીલ કરી હતી કે જે નાગરિકો સામે ફોજદારી કેસ ચાલી રહ્યા હોય, તેમણે પાસપોર્ટ માટે સંબંધિત કોર્ટમાંથી વિદેશ જવાની પરવાનગી મેળવવી અનિવાર્ય છે.

જસ્ટિસ અનિરૂદ્ધ પી. માયીએ આ કેસની સુનાવણી દરમિયાન મહત્વનું અવલોકન કર્યું હતું કે પાસપોર્ટ અધિકારીઓ એ નક્કી કરી શકતા નથી કે આરોપીને વિદેશ જવાનો હક છે કે નહીં. અદાલતે મુંબઈ હાઈકોર્ટના અગાઉના નિર્દેશોનો હવાલો આપીને જણાવ્યું હતું કે પાસપોર્ટ સત્તાવાળાઓ કાયદા અને નિયમો મુજબ ૧૦ વર્ષના સમયગાળા માટે પાસપોર્ટ ઈશ્યુ કરવા બંધાયેલા છે. વિદેશ પ્રવાસ માટેની પરવાનગી આપવાનું કામ સક્ષમ અદાલતનું છે, પાસપોર્ટ ઓફિસનું નહીં.

અદાલતે આદેશ આપ્યો હતો કે અરજદારની પાસપોર્ટ અરજી પર ચાર અઠવાડિયામાં નિર્ણય લેવામાં આવે અને તેને ૧૦ વર્ષની માન્યતા ધરાવતો પાસપોર્ટ ઈશ્યુ કરવામાં આવે. જોકે, હાઈકોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે અરજદારે જ્યારે પણ વિદેશ પ્રવાસ કરવો હોય, ત્યારે તેણે સંબંધિત ટ્રાયલ કોર્ટની પરવાનગી લેવી પડશે, જે પ્રવાસ માટે યોગ્ય શરતો લાદી શકે છે. આ ચુકાદાથી એવા અનેક લોકોને રાહત મળશે જેમના પાસપોર્ટ માત્ર પેન્ડિંગ કેસના કારણે રોકી રાખવામાં આવતા હતા.

### દેશની વર્તમાન સ્થિતિમાં લોકશાહીના સ્તંભ-મીડિયા, ન્યાયતંત્ર, વહીવટીતંત્ર-બ્યૂરોક્રેટ્સ અંગે મુંબઈના પત્રકાર સોહિત મિશ્રાએ કરી છણાવટ

# "વર્લ્ડ પ્રેસ ફ્રિડમ"ના ઈન્ડેક્ષમાં વિશ્વભરના દેશોમાં આપણું ભારત છેક ૧૫૧મા સ્થાને !

## દેશમાં આજે બળાત્કારીને છોડી દેવાય છે તો વાંગ્ચૂક જેવા જેલમાં બંધ છે : સોહિત મિશ્રા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૦

આજના સમયમાં દેશના બંધારણને બાજુએ મૂકી દેવા સાથે લોકશાહીના ચાર સ્તંભ નામ માત્ર રહ્યા છે જેમાં મીડિયાની સ્થિતિ સૌની સામે છે. વર્લ્ડ પ્રેસ ફ્રિડમ ઈન્ડેક્ષમાં ભારત વિશ્વભરના દેશોમાં છેક નીચે એટલે કે તળીયે છે વાણી-સ્વાતંત્ર્યના અધિકારનો દુરૂપયોગ કરવામાં આવી રહ્યો છે તેમ જણાવતા મુંબઈના પત્રકાર અને એક સમયના NDTVના બ્યુરો ચીફ સોહિત મિશ્રાએ દેશમાં મીડિયા, ન્યાયતંત્ર, વહીવટી તંત્રની સ્થિતિ રજૂ કરવા સાથે તેની પર



હતા અને તે બધા અનામત બેઠક પર નહોતા આવ્યા પરંતુ પોતાના ટેલેન્ટ પર મેરીટથી આવ્યા હતા. તેમ છતાં વિરોધ પ્રદર્શનો બાદ આખરે કોલેજ બંધ કરી દેવાની જાહેરાત કરાઈ તેમ જણાવતા તેમણે કહ્યું કે, તમે અબ્દુલને (મુસ્લિમ)ને ટાઈટ કરવા જશો તો તેનાથી તમે પોતે પણ ટાઈટ થશો. મોદી મુસ્લિમોથી નફરત કરતા નથી તેઓ ગરીબ મુસ્લિમોથી નફરત કરે છે. મુસ્લિમ કોઈ બોલે તો તરત એકશન અને હિન્દુ કહે, ગમે તેવું નિવેદન આપે તો કોઈ કાર્યવાહી નહીં. આ બધી હકીકત છે જે દેશમાં બની રહેલ છે.

## દિલ્હીની હવા ખરાબ છે તે હિન્દુ-મુસ્લિમને લડાવવાથી નહીં સુધરે તેના માટે પ્રયાસો કરવા પડશે

આકરા પ્રહારો પણ કર્યા હતા.

"ગુજરાત ટુડે" દૈનિકની મુલાકાતે આવેલ સોહિત મિશ્રાએ તેમના કાર્યકાળની પ્રજાલક્ષી કેટલીક ઘટનાઓ તથા તેમની મીડિયાના જુઠ્ઠાણા સામે સત્ય બહાર લાવવાની રોજિંદી કામગીરીની વિગતો જણાવી દેશની વર્તમાન સ્થિતિની છણાવટ કરી હતી તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વર્લ્ડ પ્રેસ ફ્રિડમ નામની વિશ્વની અગ્રણી મીડિયા જગતની સંસ્થા દ્વારા વિશ્વભરના મીડિયા જગત માટે જે તે દેશમાં ફ્રિડમ વગેરેને લઈ જાહેર કરાયેલ ઈન્ડેક્ષમાં ભારત દેશ બહુ જ પાછળ છે. વિશ્વમાં ૧૫૧મું સ્થાન ભારત ધરાવે છે. હદ તો ત્યાં થાય છે કે આપણા કરતા નાના પાડોશી દેશો બાંગ્લાદેશ, શ્રીલંકા, સોમાલીયાની પણ આપણા કરતા સારી સ્થિતિ છે. જેમાં બાંગ્લાદેશનું ૧૪૯મું સ્થાન છે. આ દર્શાવે છે કે ભારતમાં મીડિયા જગત કેટલું સ્વતંત્ર છે. તેમણે જણાવ્યું કે, લોકશાહીના ચાર સ્તંભમાંથી મીડિયા તૂટી ચૂક્યું છે. ન્યાયતંત્રમાં પણ કામ નથી થતું. ધારાકીય સંસ્થાના નેતાઓની સ્થિતિ બધાની સામે છે, બ્યુરોક્રેટસ પણ નેતાઓની ચાપલૂસી કરે છે. માત્ર પૈસા કમાવવા બધુ થઈ રહ્યું છે. પ્રમાણિકતાથી કયાંય કામ નથી થતું. આવી સ્થિતિમાં આપણે સૌએ સાથે રહીને કામ કરવું પડશે. લોકો સમક્ષ બધી હકીકતો મૂકીએ જેથી સૌ હકીકતને જાણવા સાથે કોઈક કામ કરી રહેલ છે તેનો ખ્યાલ આવે.

તેમણે કહ્યું કે, આ એ દેશ છે કે જ્યાં ગોબર (છાણ) અને ગૌ-મૂત્રથી કેન્સરની દવા શોધવા માટે ૩.૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું કે, કોરોના વખતે સરકાર પર કોઈ આંગળી ના ચીંધે તેને લઈને તબલીગ જમાતના માથે બધું ઢોળી દેવાયું હતું. દિલ્હીમાં પ્રદૂષણને લઈ હવા ખરાબ છે તો તેના માટે વિવિધ પગલા લેવા પડશે, હિન્દુ-મુસ્લિમને લડાવવાથી હવા નહીં સુધરે. પ્રદૂષણ એટલે કે ખરાબ હવાનો ઝેર દરેક સુધી પહોંચશે. આજે નહીં તો મોડેથી ૧૦ વર્ષે પણ પહોંચશે. તે માત્ર મુસ્લિમને નુકસાન પહોંચાડશે એવું નથી તેનાથી તેઓ પોતે પણ બચી નહીં શકે. ઝેર જેટલું જૂનું થશે તેટલું ખતરનાક થશે. આ સાથે તેમણે કહ્યું કે, વૈષ્ણોદેવી મેડિકલ કોલેજ તાજતેરમાં બંધ કરી દેવામાં આવી. તેને બંધ એટલા માટે કરાઈ કે તેમાં ૫૦માંથી ૪૨ સ્ટુડન્ટ મુસ્લિમ

દેશના માહોલ વિશે વાત કરતાં સોહિત મિશ્રાએ જણાવ્યું હતું કે, ૨૦૨૫ના વર્ષમાં દેશભરમાં ૧૩૧૮ હેટસ્પીચ અપાઈ હતી. જે દર્શાવે છે કે રોજની ચાર હેટ સ્પીચ દેશમાં કયાંકને કયાંક સંભળાવવામાં આવી. આ હેટ સ્પીચનું પ્રમાણ વધી રહ્યું છે કેમ કે ૨૦૨૪ કરતાં ૧૩ ટકા વધુ હેટ સ્પીચ ૨૦૨૫માં આપવામાં આવી હતી. તેમણે ન્યાયતંત્ર પર કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે, આજે દેશમાં બળાત્કાર કરનારાઓને પેરોલ-જામીન મળે છે, છોડવામાં આવે છે જ્યારે કે, લોકોના હિત માટે લડતા વાંગ્ચૂક જેવા સાયન્ટીસ્ટને જેલમાં રાખવામાં આવે છે. ઉમર ખાલીદ જેવાને હજુ સુધી જામીન પણ મળી શકયા નથી. તેમ તેમણે અંતમાં ઉમેર્યું હતું.

### મતદારોના ગેરકાયદેસર રીતે ફોર્મ નં-૭ રજૂ કરી દેવાયા હોવાનો આક્ષેપ

# અંકલેશ્વરમાં મુસ્લિમ, આદિવાસી અને દલિત સમાજના ૧૨,૦૦૦ જીવિત મતદારોનો મતાધિકાર છીનવી લેવાનું ષડ્યંત્ર !

## ૮૦થી ૮૫ ટકા મુસ્લિમ સમાજના નામો કમી કરવાનું કાવતરૂં

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૧

એસઆઈઆર પ્રક્રિયા દરમિયાન અંકલેશ્વર વિધાનસભામાં આશરે ૧૨૦૦૦ જેટલા જીવિત મતદારોના ગેરકાયદેસર રીતે ફોર્મ ૭ રજૂ કરીને મતાધિકારથી વંચિત રાખવાના ષડ્યંત્ર બાબતે મુસ્લિમ અગ્રણીઓ દ્વારા અંકલેશ્વરના એસડીએમને



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

## મુસ્લિમ સમાજના અગ્રણીઓ દ્વારા SDMને આવેદન પાઠવી જરૂરી કાર્યવાહી કરવા માંગ

રજૂઆત કરાઈ હતી. અંકલેશ્વર વિધાનસભા મતવિસ્તારના સમસ્ત મુસ્લિમ સમાજના ૮૦થી ૮૫ ટકા નામો તથા આદિવાસી તથા દલિતોના ૧૫થી ૨૦ ટકા જેટલા નામોનો ૭ નંબરનો ફોર્મ મોકલીને નામો કમી કરવાની સાજિશ કરાઇ છે. એસઆઈઆરની પ્રક્રિયા દરમિયાન એક ચોક્કસ પાર્ટી સાથે સંકળાયેલા કેટલાક બીએલએ ૨ દ્વારા ફોર્મ ૭નો દુરૂપયોગ કરીને ૧૨૦૦૦ જેટલા જીવિત કાયદેસરના મતદારો વિરૂદ્ધ ખોટા બનાવટી અને ગેરકાયદેસર વાંધો રજૂ કરવામાં આવ્યા છે જે સમગ્ર રીતે ચૂંટણી કાયદા, લોકશાહી મૂલ્યો અને ભારતીય મૂળભૂત અધિકારોનો ભંગ કરે છે. તેવા આક્ષેપો કરવામાં આવ્યા છે. જ્યારે સમગ્ર મુસ્લિમ સમાજના મતદારોએ એસઆઈઆરની પ્રક્રિયા દરમિયાન ચૂંટણીપંચ દ્વારા માંગવામાં આવેલા તમામ જરૂરી દસ્તાવેજો આધાર પુરાવા, રહેણાક પુરાવા વગેરે સમયસર અને કાયદેસર રજૂ કર્યા છે. એસઆઈઆરની પ્રક્રિયા દરમિયાન કાયદેસર નોંધ થયેલા મતદારોની નોંધ બીએલએ કરાવી છે તેવા મતદારોના ફોર્મ એક ચોક્કસ પાર્ટી દ્વારા નિમાયેલા બીએલએ દ્વારા ડ્રાફ્ટ યાદી તૈયાર થયા પછી ફોર્મ નં.૭ રજૂ કરેલ છે જે પૂર્વ નિયોજીત ષડ્યંત્રના ભાગરૂપે એકજ જગ્યા પરથી સરખા રીતે પ્રીત થયેલા ફોર્મ નં. ૭ મોટા પાયે રજૂ કરવામાં આવ્યા છે. જેમાં ફોર્મની તમામ વિગતો છાપેલી છે ફક્ત અરજદારના નામ અથવા થોડી માહિતી બોલપેનથી લખવામાં આવેલ છે આથી સ્પષ્ટ થાય છે કે આમાં ખાસ પ્રિંટિંગ દ્વારા બનાવટી રીતે તૈયાર કરવામાં આવ્યા છે. તેમ પણ સમાજના લોકોએ જણાવ્યું છે. આક્ષેપો મુજબ, આ તમામ ફોર્મ એક સાથે એસડીએમ કચેરીમાં અમુક વ્યક્તિઓ રજૂ કરીને ત્યાથી જતાં રહ્યા જે બાબતના ડિજિટલ પુરાવારૂપે એસડીએમ કચેરીમાં લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ અત્યંત મહત્ત્વપૂર્ણ પૂરાવા તરીકે સુરક્ષિત રાખવા અગ્રણીઓ દ્વારા અપીલ કરાઈ છે. વધુમાં આ ફોર્મ પર દર્શાવાયેલા અનેક બીએલએ ૨ પોતે રૂબરૂમાં તથા ટેલીફોનિક રીતે કબૂલાત કરે છે કે આ ફોર્મ પર કરેલ સહી તેમની નથી. મે કોઈ પણ ફોર્મ નં.૭ પર સહી કરેલ નથી જયારે સહી જ અસલી નથી ત્યારે આ તમામ ફોર્મ ષડ્યંત્રથી તૈયાર કર્યા હોય તેવું સ્પષ્ટ થાય છે. આ સમગ્ર કૃત્યનો ઉદેશ્ય એક વિશેષ સમુદાય મુસ્લિમ સમાજ તથા કેટલાક વિસ્તારના આદિવાસી સમાજના મતાધિકારને નાબૂદ કરવાનો ચૂંટણી પ્રક્રિયામાં અડચણ ઊભી કરવાનો અને સમાજિક અશાંતિ ફેલાવવાનો હોય શકે તેવું આવેદન પત્રમાં જણાવ્યું હતું. તમામ શંકાસ્પદ ગેરકાયદેસર ફોર્મ ૭ તાત્કાલિક રદ કરવામાં આવે, એસડીએમ કચેરીના સીસીટીવી ફૂટેજ સુરક્ષિત રાખવામાં આવે, જે વ્યક્તિઓ દ્વારા ફોર્મ રજૂ કરવામાં આવ્યા છે તેમની સામે આઇપીસી મુજબ ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવે અને સમસ્ત મુસ્લિમ સમાજ તથા કેટલાક વિસ્તારના આદિવાસી સમાજના મતાધિકારનું સંપૂર્ણ રક્ષક કરવામાં આવે કોઈપણ મતદારનું નામ ગેરકાયદેસર રીતે કાઢી નાખવામાં ન આવે અને તમામ ષડયંત્ર વિરૂદ્ધ ભારતીય ન્યાય સંવિધાનની ધારાઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી આ તમામ ફોર્મ નં.૭ની અરજીઓ રદ કરીને ઓનલાઈન આવેલ અરજીઓની પણ ચકાસણી કરવામાં આવે તેવી આવેદનપત્રમાં માંગણી કરવામાં આવી છે. અંકલેશ્વર મુસ્લિમ સમાજના અગ્રણીઓ મ્યુ. સભ્ય બખ્તિયાર ખાન પટેલ, શરીફ કાનુગા, હાજી જહાંગીર ખાન પઠાણ, રફીક ઝગડિયાવાળા, શાહીલ રફીક શેખ, ફારૂક શેખ એડવોકેટ, ઈકબાલ ગોરી, હનીફ ભરૂચિ, શબ્બીર હુશેન પપ્પુ, વિનય વસાવા, નુરૂ કુરેશી, સિકંદર કડીવાળા, આ. કાદિર ઘંટીવાળા, જેકમુલ્લા, અનિસ કુરેશી અલહાસમી, તારિક શેખ સહિતના મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના અગ્રણીઓએ હાજર રહીને શહેરના એસડીએમ ભવદીપ સિંહ જાડેજાને આવેદનપત્ર પાઠવ્યું હતું.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS